# Educational Research Monograph

# શૈક્ષણિક સંશોધન સારાંશ

# (2023-25)




**હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ**

**સંલગ્ન**

## શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુર

**NAAC- B ગ્રેડ** **કોલેજ કોડ- 280**

**શ્રી બનાસકાંઠા કડવા પાટીદાર સંસ્કાર મંડળ, પાલનપુર**

**ગોબરી રોડ, કરણાવત શાળા સંકુલ, જિ. બનાસકાંઠા, ગુજરાત-385001**

**ટે.નં- 02742-257322, મો – 9408057410**

**Web - www.bkkpsm.org E-mail – bkpsrkdmed@gmail.com**

# EDUCATIONAL RESEARCH MONOGRAPH

(2023-25)

CHIEF EDITOR

Dr. Pinakshiben B. Patel (Professor& Head)

SUB EDITORS

Dr. Chhayaben M.Trivedi(Princpial)

Mr. Piyushkumar K. Pancholi (Asst. Professor)

Mr. Jayantibhai V. Patel (Asst. Professor)

Dr. Jyotsanaben L. Barad (Asst. Professor)

Mr. Chetankumar J. Raval (Asst. Professor)

Mrs. Rajuben J. Patel (Asst. Professor)

**SMT. R.K.D. KHANUSHIYA M.ED. COLLEGE, PALANPUR**

**Affiliated with**

**HEMCHANDRA ACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN**

**Managed By**

SHRI BANASKANTHA KADVA PATIDAR SANSKAR MANDAL, PALANPUR

Copyright @ RKDMED

**Composed By:**
Smt. R.K.D. Khanushiya M.Ed. College, Palanpur
Karnavat School Campus,
Gobri Road, Palanpur-385001
Dist. – Banaskantha (Gujarat)

**Printer:**
Network Print
1, Old Market Yard,
Palanpur-385001
M: 9426004741

**Publisher:**
Shri BKKPSM TRUST,
Karnavat School Campus,
Gobri Road, Palanpur-385001
Dist. – Banaskantha (Gujarat)

**Edition: Sixth (6, October 2025)**

**ISBN NO: 978-93-342-8168-2**
**Price: Rs. 250/-**

राष्ट्रीय मूल्यांकन एवं प्रत्यायन परिषद

विश्वविद्यालय अनुदान आयोग का स्वायत्त संस्थान

**NATIONAL ASSESSMENT AND ACCREDITATION COUNCIL**

*An Autonomous Institution of the University Grants Commission*

# Certificate of Accreditation

The Executive Committee of the
National Assessment and Accreditation Council
on the recommendation of the duly appointed
Peer Team is pleased to declare the
Matrushree S. S. Govinda and Shrimati
R. K. D. Khanushiya College of Education
Palanpur, Dist. Banaskantha,
affiliated to Hemchandracharya North Gujarat University, Gujarat as
Accredited
with CGPA of 2.16 on four point scale
at B grade
valid up to April 30, 2020

Date : May 01, 2015

Director



# <u>પ્રમુખશ્રીનો સંદેશ</u>

શ્રી બનાસકાંઠા કડવા પાટીદાર સંસ્કાર મંડળ પાલનપુર સંચાલિત શ્રીમતી આર.કે.ડી.ખણુસિયા એમ.એડ્. કોલેજના અધ્યાપકો દ્વારા સંપાદિત **શૈક્ષણિક સંશોધનોનો સારાંશ (2023-2025)** નામક સંશોધન સારાંશનું પુસ્તક પ્રકાશિત થઈ રહ્યું છે તે જાણીને ગૌરવ અનુભવું છું.

એમ.એડ્. વિભાગના અધ્યાપકો અધ્યાપન ઉપરાંત અધ્યયનના પરિપાક સ્વરૂપે થયેલા સંશોધનોને સમાજ ઉપયોગી બનાવવા માટે જે પ્રયાસ કરી રહ્યા છે તે ખુબ જ સરાહનીય છે. વર્તમાન સમયમાં જ્યારે શિક્ષા ક્ષેત્રનો વ્યાપ વધતો જાય છે ત્યારે તેના નવા આયામ તરફ પણ લક્ષ્ય આપવું જરૂરી છે. શિક્ષણ પદ્ધતિમાં નવી ટેકનોલોજીની સંરચનાઓ અને શિક્ષણ દરમિયાન લેવાનારી પરીક્ષા અને મૂલ્યાંકન જેવી બાબતો સમયાંતરે પરિવર્તન માગે છે પરંતુ આ પરિવર્તન પણ ભારતીય તત્વજ્ઞાનના મૂલાધાર અને ભારતીય સામાજિક મનોવિજ્ઞાનના પરિપ્રેક્ષ્યમાં હોવું ઘટે.

મને એ વાતનો આનંદ છે કે એમ.એડ્. વિભાગના પ્રોફેસર એન્ડ હેડ ડૉ. પિનાક્ષીબેન પટેલ, બી.એડ્. કોલેજના આચાર્યા ડૉ. છાયાબેન ત્રિવેદી અને એમ.એડ્. વિભાગના અધ્યાપકશ્રીઓ શ્રી પિયુષકુમાર પંચોલી, શ્રી જયંતિભાઈ પટેલ, ડૉ. જ્યોત્સનાબેન બારડ, શ્રી ચેતનકુમાર રાવલ અને શ્રી રાજુબેન પટેલ જેવા પરિવર્તનના પ્રહરી આ ભગીરથ કાર્યમાં સહયોગી બન્યા છે. મને લાગે છે કે શૈક્ષણિક સંશોધન એ માત્ર ઉપાધિ મેળવવાનો ઉપક્રમ નથી પરંતુ તે રાજ્યના શૈક્ષણિક, સામાજિક અને સાંસ્કૃતિક વિકાસના ઘડતરમાં ઉપયોગી બને તો જ શિક્ષણ સંસ્થાનું ખરું પ્રદાન ગણાય.

શ્રી બનાસકાંઠા કડવા પાટીદાર સંસ્કાર મંડળના પ્રમુખ તરીકે આ પ્રયાસને બિરદાવતાં મને હર્ષની લાગણી અનુભવાય છે અને સમગ્ર મંડળ આ કાર્યને કારણે વધુ પ્રતિષ્ઠિત થશે તેવી મને ખાતરી છે. આ પ્રકાશનના સર્વ યશભાગી વ્યક્તિઓને અભિનંદન અને શુભેચ્છા.

**શ્રી ઈશ્વરભાઈ એ. કરણાવત**
**પ્રમુખ**
**શ્રી બ.કાં.ક.પા.સંસ્કાર મંડળ,પાલનપુર**



# <u>આચાર્યશ્રીનું આવકાર નિવેદન</u>

શ્રી બનાસકાંઠા કડવા પાટીદાર સંસ્કાર મંડળ, પાલનપુર સંચાલિત એમ.એડ્ વિભાગ દ્વારા **શૈક્ષણિક સંશોધનોનો સારાંશ (2023-25)** નું અત્યંત મૂલ્યવાન પ્રકાશન થવા જઈ રહ્યું છે. જે અત્યંત પ્રસન્નતા અને ગૌરવપૂર્ણ બાબત છે. આ મુજબના શૈક્ષણિક પ્રકાશન માટે સતત કાર્યરત અને જાગૃત એમ.એડ્. વિભાગનો પરિવાર વિશેષ અભિનંદનને પાત્ર છે.

શૈક્ષણિક ક્ષેત્રમાં શિક્ષણ વિદ્યાશાખાનું સ્થાન કેન્દ્રનું છે. આ વિદ્યાશાખાના માધ્યમથી સંશોધનાત્મક પદ્ધતિઓ, અભિગમ, તેના વિવિધ આયામો, આંતર વિદ્યાશાખાકીય સંબંધો વગેરેથી માંડીને સંશોધનના વિવિધ ક્ષેત્રોના વિશાળ વ્યાપ પર ઝીણવટભર્યું અને અભ્યાસપૂર્ણ સંશોધન તથા તેના ફળ સ્વરૂપ તારણ એ માત્ર એક જ વિદ્યાશાખાને નહીં પરંતુ શૈક્ષણિક ક્ષેત્રોની અનેક વિદ્યાશાખા માટે ઉપયોગી બની શકે તે સ્વાભાવિક છે.

એમ.એડ્. વિભાગની 15 વર્ષની અવિરત સંશોધન યાત્રા અંતર્ગત 7 વર્ષના એક વર્ષીય અભ્યાસક્રમમાં 195 શિક્ષણ અનુસ્નાતક અભ્યાસક્રમના લઘુશોધ નિબંધો થઈ ચૂક્યા છે, જે પૈકી વર્ષ **2023-2025** માં તૈયાર થયેલા લઘુશોધ નિબંધોના સમગ્રતયા વિશ્લેષણાત્મક અભિગમ સાથે જે સારાંશ તૈયાર કરવામાં આવેલ છે તેનું પ્રકાશન થવા જઈ રહ્યું છે. તે માત્ર એમ.એડ્. વિભાગ માટે જ નહીં પરંતુ સમગ્ર સંસ્થા માટે સીમાચિન્હ રૂપ ઘટના છે. સંશોધનાત્મક ક્ષેત્રની ગૌરવગાથાની રચના અને તેના પ્રત્યક્ષીકરણ માટે એમ.એડ્ કોલેજના બધા જ અધ્યાપકો અભિનંદનને પાત્ર છે. આ ભગીરથ કાર્યો માટે તે તમામને સવિશેષ ધન્યવાદ પાઠવું છું.

સમગ્ર પ્રકલ્પની સફળતા માટે હાર્દિક શુભેચ્છાઓ.

**ડૉ. પિનાક્ષીબેન બી. પટેલ**
**પ્રોફેસર એન્ડ હેડ**
**શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા.**
**એમ.એડ્. કોલેજ, પાલનપુર**

# <u>સંપાદકીય</u>

શિક્ષણ, સંશોધન, માર્ગદર્શન અને વિસ્તરણ એ અનુસ્નાતક શિક્ષણ કક્ષાએ અધ્યયન-અધ્યાપન માટેનાં મુખ્ય ચાર ધ્રુવ છે. જેમાથી માર્ગદર્શન અને વિસ્તરણ એ એમ.એડ્.ના સંશોધન આધારિત લઘુશોધ નિબંધ માટે અનિવાર્ય બની રહે છે.

સંશોધનો હાથ ધરાય, તેનાં અહેવાલો લખાય, તાલીમાર્થીઓ ડિગ્રી મેળવી લે અને અહેવાલો ગ્રંથાલયનાં કબાટમાં કેદ થઈ જાય તેનાથી ભાવિ તાલીમાર્થીઓને કંઈ જ ફાયદો ન થાય. આથી, એમ.એડ્. વિભાગનાં અધ્યાપકોએ વિચાર કર્યો કે અગાઉનાં વર્ષ એટલે કે **વર્ષ 2023-25** નાં તાલીમાર્થીઓ દ્વારા હાથ ધરાયેલાં અમુલ્ય સંશોધનો સાચા ઉપભોક્તા- શિક્ષકો અને ભાવિ સંશોધકો સુધી સરળતાથી પહોંચે તેવું કંઇક કરવું જોઇએ.

આ કંઇક નવું કરવાના સદ્-વિચારથી પ્રેરાઇને સંપાદક સમિતિએ **વર્ષ 2023-25** દરમિયાન પૂર્ણ કરેલ તમામ સંશોધન સારાંશોને એક પુસ્તક રૂપે **શૈક્ષણિક સંશોધનોનો સારાંશ વર્ષ 2023-25** શીર્ષક હેઠળ પ્રકાશિત કરવાનું નક્કી કર્યું. આ પુસ્તકમાં **વર્ષ 2023-25** માં હાથ ધરાયેલા તમામ સંશોધનોને સંશોધન ક્ષેત્રોમાં વર્ગીકૃત કરી દરેકને એક પ્રકરણ સ્વરૂપે રજૂ કર્યા છે. આ ભગીરથ કાર્યને પાર પાડવામાં નિષ્ણાત, કાર્યક્ષમ અને મહેનતું એવા એમ.એડ વિભાગના તમામ અધ્યાપક મિત્રોનો ફાળો અનન્ય રહ્યો છે

. આ પુસ્તકના પ્રકાશન કાર્યમાં જરૂરી પ્રોત્સાહન અને મંજૂરી આપવા માટે શ્રીમતી આર.કે.ડી. ખણુસિયા એમ.એડ્. કોલેજના આદરણીય પ્રોફેસર અને અધ્યક્ષ ડૉ.પિનાક્ષીબેન પટેલનાં ઋણી છીએ. સન્માનનીય પ્રમુખ શ્રી ઈશ્વરભાઈ કરણાવતના આભારી છીએ.

**શ્રી પિયુષકુમાર કે. પંચોલી**
**સંપાદક સમિતિ વતી**
**શ્રીમતી આર.કે.ડી.ખણુંસિયા**
**એમ.એડ્. કોલેજ, પાલનપુર**

**તારીખ- 6/10/2025**
**સ્થળ- પાલનપુર**

## ૨૦૨૩-૨૫ સંશોધન સમીક્ષાત્મક પરિચય

શ્રીમતી રેવાબેન કરશનભાઈ દેવાભાઈ ખણુંસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુરની સ્થાપના ૨૦૦૮ માં  થઈ ત્યારથી શિક્ષણ અનુસ્નાતક અભ્યાસક્રમના ૫૦૧ લઘુશોધ નિબંધો થઈ ગયા છે. જે પૈકી વર્ષ ૨૦૨૩-૨૫ માં હાથ ધરાયેલાં લઘુશોધ નિબંધોનો સમાવેશ કરવામાં આવેલ છે. NCERT દ્વારા પ્રકાશિત – Fifth Survey of Education Research Volume first & Sixth Survey of Educational Research (1993-2000) Volume – 2 માં કુલ ૩૯ સંશોધન ક્ષેત્રો દર્શાવ્યા છે. એમ.એડ્. વિભાગ દ્વારા વર્ષ ૨૦૨૩-૨૫ માં નીચે પ્રમાણે સંશોધન ક્ષેત્રો આવરેલા છે.

### સંશોધન ક્ષેત્રો અનુસાર વર્ગીકરણ

| ક્રમ | સંશોધન ક્ષેત્ર | સારાંશ ક્રમ | કુલ સારાંશ | રીમાર્ક |
|---|---|---|---|---|
| ૧ | શિક્ષણનું તત્વજ્ઞાન | ૧૪ | ૧ | |
| ૨ | શિક્ષણનું મનોવિજ્ઞાન | ૯, ૧૭, ૨૩, ૩૦, ૩૨, ૪૩, ૪૪ | ૭ | |
| ૩ | શૈક્ષણિક માપન અને મૂલ્યાંકન | ૫, ૮, ૧૬, ૨૬ | ૪ | |
| ૪ | શૈક્ષણિક ટેકનોલોજી | ૧૦, ૧૮, ૨૯, ૩૬, ૩૯, ૪૬ | ૬ | |
| ૫ | તુલનાત્મક શિક્ષણ | ૨૭, ૩૮ | ૨ | |
| ૬ | અનુસૂચિત જાતિ, અનુ.જન જાતિ અને લઘુમતીનું શિક્ષણ | ૧૫ | ૧ | |
| ૭ | માર્ગદર્શન અને સલાહ દર્શન | ૨૮, ૩૧, ૪૭ | ૩ | |
| ૮ | શારીરિક શિક્ષણ, આરોગ્ય શિક્ષણ | ૪૫ | ૧ | |
| ૯ | ગણિત-વિજ્ઞાન શિક્ષણ, ભાષા શિક્ષણ | ૪, ૧૧, ૨૧, ૨૪, ૩૪, ૩૭ | ૬ | |
| ૧૦ | શિક્ષણનું સંગઠન, વહીવટ અને સંચાલન | ૩ | ૧ | |
| ૧૧ | શિક્ષણનું સમાજશાસ્ત્ર | ૧, ૬, ૧૯, ૪૮ | ૪ | |
| ૧૨ | પ્રાથમિક, માધ્યમિક અને શિક્ષક-પ્રશિક્ષણ | ૨, ૭, ૧૨, ૧૩, ૨૦, ૨૨, ૨૫, ૩૩, ૩૫, ૪૦, ૪૧, ૪૨, ૪૯ | ૧૩ | |
| ૧૩ | કન્યા અને સ્ત્રીઓ માટેનું શિક્ષણ | ૫૦ | ૧ | |
| | **કુલ સંશોધન** | | **૫૦** | |

<u>અનુક્રમણિકા</u>

| ક્રમ | સંશોધકનું નામ | ક્ષેત્ર | સંશોધન વિષય |
|---|---|---|---|
| ૧ | Amin Harshkumar Ashokbhai (Dr.P.B.Patel) | શિક્ષણનું સમાજશાસ્ત્ર | મહાત્મા જ્યોતિબા ફૂલેનું શિક્ષણદર્શન એક અભ્યાસ<br>A Study of The Educational Philosophy of Mahatma Jyotiba Phule |
| ૨ | Asari Kalabhai Bharathabhai (Mr.C.J.Raval) | પ્રાથમિક, માધ્યમિક અને શિક્ષક-પ્રશિક્ષણ | દાંતા તાલુકાના આદિવાસી વિસ્તારમાં અભ્યાસ કરતાં બાળકોની શિક્ષણ વિષયક સમસ્યાઓ<br>A Study of Education Problems of Students of Danta Taluka Tribal Area |
| ૩ | Bagada Sanjaybhai Mohanbhai (Mr.P.K Pancholi) | શૈક્ષણિક સંચાલન | માધ્યમિક શાળાના બિનશૈક્ષણિક કર્મચારીઓનો કાર્ય સંતોષ<br>A Work Satisfaction of Non-Teaching Staff of Secondary School |
| ૪ | Bambhania Nimisha Bhupatbhai (Dr.J.L.Barad) | ભાષા શિક્ષણ | ધોરણ-૪ ના હિન્દી વિષયમાં વિદ્યાર્થીઓ માટે વાંચન અર્થગ્રહણ, કસોટીની રચના અને અજમાયશ<br>Construction and Try-out of Reading Comprehension Test Hindi for Students of Std 8 |
| ૫ | Bhatiya Ranjanbahen Virabhai (Dr.C.M.Trivedi) | શૈક્ષણિક માપન અને મૂલ્યાંકન | વડગામ તાલુકાની માધ્યમિક શાળાના વિધાર્થીઓને અવેજી તાસ દરમિયાન કરાવવામાં આવતી પ્રવુતિઓનો અભ્યાસ<br>A Study of the Activities Conducted During Substitute Period to Secondary School Students of Vadgam Taluka. |
| ૬ | Chaudhary Leelaben Jeshangbhai (Dr.P.B.Patel) | શિક્ષણનું સમાજશાસ્ત્ર | બી.એડ્.ના પ્રશિક્ષણાર્થીઓમાં બંધારણીય સભાનતાનો અભ્યાસ<br>A Study of The Constitutional Awareness Among Teacher Trainee of B.Ed. |
| ૭ | Chaudhary Manishkumar Ranabhai (Mr.C.J.Raval) | ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ | ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની અધ્યયન ટેવોનો કેટલાક ચલોના સંદર્ભમાં અભ્યાસ<br>A Study of Higher Secondary School Students Learning Styles With Reference to Certain Variables |
| ૮ | Chauhan Hiralkumari Virabhai (Mr.P.K Pancholi) | શૈક્ષણિક માપન અને મૂલ્યાંકન | સ્પર્ધાત્મક પરીક્ષાઓ પ્રત્યે વિદ્યાર્થીઓ અને વાલીઓના વલણોનો અભ્યાસ<br>A Study of The Attitude of Students and Parents Toward Competitive Examinations |
| ૯ | Chauhan Pratikshaben Chehrabhai (Dr.C.M.Trivedi) | શૈક્ષણિક મનોવિજ્ઞાન | છાપી ગામની ઉચ્ચત્તર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની અધ્યયન શૈલીનો અભ્યાસ<br>A Study on Style of Higher Secondary School Students of Chhapi Village |
| ૧૦ | Damor Sonalben Bhemabhai (Dr.P.B.Patel) | શૈક્ષણિક ટેકનોલોજી | મોબાઈલના ઉપયોગથી વિદ્યાર્થીઓની જીવનશૈલી પર પડતી અસરોનો અભ્યાસ<br>A Study of Effect of Use of Mobile on Lifestyle of The Students |

| ક્રમ | સંશોધકનું નામ | ક્ષેત્ર | સંશોધન વિષય |
|---|---|---|---|
| ૧૧ | Deriya Milankumar Sunilbhai (Mr.C.J.Raval) | ગણિત શિક્ષણ | પાલનપુર તાલુકાના બી.એડ્‌ના પ્રશિક્ષણાર્થીઓની ગાણિતિક તર્કશકિતનો કેટલાક ચલોના સંદર્ભમાં અભ્યાસ.<br>A Study of the Mathematical Reasoning ability of Trainees of B.Ed. with Reference to contain variable of Palanpur Taluka |
| ૧૨ | Dhrangi Jagdishkumar Popatbhai (Mr.P.K Pancholi) | પ્રાથમિક શિક્ષણ | પાલનપુર તાલુકાની પ્રાથમિક શાળાના શિક્ષકોમાં કમ્પ્યૂટર જાણકારીનો અભ્યાસ<br>A Study on Computer Knowledge of Primary School Teachers in Palanpur Taluka |
| ૧૩ | Fagudariya Kirankumar Jayntilal (Dr.J.L.Barad) | શિક્ષક-પ્રશિક્ષણ | પાલનપુર તાલુકાના બી.એડ્.ના પ્રશિક્ષણાર્થીઓની સમસ્યાઓનો અભ્યાસ<br>A Study of Problem the B.Ed. Trainees of the Palanpur Taluka |
| ૧૪ | Gamar Harshaben Naranbhai (Dr.C.M.Trivedi) | શિક્ષણનું તત્વજ્ઞાન | ધોરણ-10 ના હિન્દી વિષયના પાઠ્યપુસ્તક માંથી નિષ્પન્ન થતાં મૂલ્યોનો અભ્યાસ<br>A Study of Values to be Derived from Textbook in Hindi Subject of Standard 10th |
| ૧૫ | Gamar Vikrambhai Nanabhai (Dr.J.L.Barad) | અનુસુચિત જાતિ, અનુ.જન જાતિ અને લઘુમતીનું શિક્ષણ | થરાદ તાલુકાના અનુસૂચિત જાતિની છાત્રાલયમાં નિવાસ કરતાં વિદ્યાર્થીઓની ભૌતિક અને શૈક્ષણિક સમસ્યાનો અભ્યાસ<br>A Study of Physical and Educational Problems of Scheduled Caste Hostel Students of Tharad Taluka |
| ૧૬ | Gayakvad Vedikaben Chintubhai (Dr.P.B.Patel) | શૈક્ષણિક માપન અને મૂલ્યાંકન | તરુણ વિદ્યાર્થીઓની સાંવેગિક બુદ્ધિનો અભ્યાસ<br>A Study of Emotional Intelligence of Adolescent Students |
| ૧૭ | Goswami Meghaben Nimeshkumar (Mr.C.J.Raval) | શિક્ષણનું મનોવિજ્ઞાન | પાલનપુર તાલુકાની માધ્યમિક શાળાનાં ધોરણ-૯માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના ગણિત વિષય પરત્વેના વલણોનો અભ્યાસ<br>A Study of Attitude of Secondary School Students Studying in Standard-9 of Palanpur Taluka towards the subject of mathematics |
| ૧૮ | Jadav Vikramaditya Surendrakumar (Mr.P.K Pancholi) | શૈક્ષણિક ટેકનોલોજી | પ્રાથમિક શાળાઓના અધ્યાપન કાર્યમાં કમ્પ્યૂટરનો વિનિયોગ<br>Use of Computer for Teaching in Primary School |
| ૧૯ | Joshi Binishkumar Dilipbhai (Dr.J.L.Barad) | શિક્ષણનું સમાજશાસ્ત્ર | બી.એડ્.ના પ્રશિક્ષણાર્થીઓના ગ્રાહક સુરક્ષા પ્રત્યેના વિચારોનો અભ્યાસ<br>A Study of Consumer Protection of B.Ed. Trainees |
| ૨૦ | Joshi Dhavalkumar Govindlal (Dr.C.M.Trivedi) | પ્રાથમિક શિક્ષણ | ડીસા તાલુકાની પ્રાથમિક શાળાઓમાં ચાલતી સહઅભ્યાસિક પ્રવૃત્તિઓનો અભ્યાસ |

| ક્રમ | સંશોધકનું નામ | ક્ષેત્ર | સંશોધન વિષય |
|---|---|---|---|
| | | | A Study of Co-Curricular activities Conduct in the Primary Schools of Deesa Taluka |
| ૨૧ | Joshi Ketankumar Ashvinbhai (Dr.J.L.Barad) | ભાષા શિક્ષણ | પ્રાથમિક શાળાઓમાં ધોરણ પાંચના શિક્ષકોને અંગ્રેજી વિષયના અધ્યાપનમાં પડતી મુશ્કેલીઓનો અભ્યાસ<br>A Study of Problems of the Teacher Teaching English Std.5 of Primary School |
| ૨૨ | Katariya Varshabahen Kantilal (Dr.P.B.Patel) | પ્રાથમિક શિક્ષણ | ડીસા તાલુકાની પ્રાથમિક શાળાઓમાં ચાલતી પ્રાર્થના પ્રવૃત્તિઓનો અભ્યાસ<br>A Study of the Prayer Activities in The Primary Schoool of Deesa Taluka |
| ૨૩ | Kateriya Maheshbhai Dababhai (Mr.C.J.Raval) | શિક્ષણનું મનોવિજ્ઞાન | ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની વર્તન સમસ્યાઓ<br>Behavioral Problems and Intelligence Quotient of Students Studying in Higher Secondary Schools |
| ૨૪ | Khanachiya Vidhyaben Galbabhai (Mr.P.K Pancholi) | ભાષા શિક્ષણ | ગુજરાતી માધ્યમનાં વિધાર્થીઓનો અંગ્રેજી વિષય પ્રત્યેનાં રસક્ષેત્રોનો અભ્યાસ<br>A Study on The Areas of Interest of Gujarati Medium Students In The English Subject |
| ૨૫ | Kodarvi Nishaben Mahendrabhai (Dr.J.L.Barad) | માધ્યમિક શિક્ષણ | માધ્યમિક શાળાના શિક્ષકોની વાંચન રૂચિનો અભ્યાસ<br>A Study of Reading Interest of Secondary School Teachers |
| ૨૬ | Makvana Ashaben Laljibhai (Dr.C.M.Trivedi) | મનોવિજ્ઞાન માપન અને મૂલ્યાંકન | ડીસા તાલુકાના ધોરણ-૧૦ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની હતાશાનો અભ્યાસ<br>A Study of Frustration Among Students of Std.10 of Deesa Taluka |
| ૨૭ | Makvana Naresji Pratapji (Dr.P.B.Patel) | તુલનાત્મક શિક્ષણ | શાળાકીય શિક્ષણ પ્રણાલીઓ એક અભ્યાસ<br>A Study of Schooling Systems |
| ૨૮ | Makvana Pinkyben Laljibhai (Dr.P.B.Patel) | માર્ગદર્શન અને સલાહ દર્શન | ડીસા તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની શૈક્ષણિક પ્રવાહ પસંદગીના કારણોનો અભ્યાસ<br>A Study of The Causes To Select The Educational Stream of Higher Secondary School Students of Deesa Taluka |
| ૨૯ | Nayak Mayuriben Shivarambhai (Mrs.R.J.Patel) | શૈક્ષણિક ટેકનોલોજી | ધોરણ નવના સંસ્કૃત વ્યાકરણના પસંદિત એકમો માટે કમ્પ્યૂટરકૃત અભિક્રમિત અધ્યયન સામગ્રીનું નિર્માણ અને અજમાયશ<br>Development and Try-out of Computerised Programmed Learning Material for Selected Units of Sanskrit Grammar of Grade Nine |
| ૩૦ | Nayak Siddharth Ganpatbhai (Mr.P.K Pancholi) | શિક્ષણનું મનોવિજ્ઞાન | ધોરણ-૧૨નાં ઉચ્ચ અને નિમ્ન સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓની ચિંતાનો અભ્યાસ<br>A Study of Anxiety of High and Low Achieving Students of Std. 12th |

| ક્રમ | સંશોધકનું નામ | ક્ષેત્ર | સંશોધન વિષય |
|---|---|---|---|
| ૩૧ | Pandya Piyushkumar Dashrthbhai (Dr.J.L.Barad) | માર્ગદર્શન અને સલાહ દર્શન | પાલનપુર તાલુકાની ઉચ્ચત્તર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ માટે ભ્રષ્ટાચાર મુકિત સભાનતા કાર્યક્રમની રચના અને અજમાયશ<br>Construction and Effectiveness of Corruption Eradication Awareness Programme for Higher Secondary School in Palanpur Taluka |
| ૩૨ | Pargi Akashbhai Bharatbhai (Dr.P.B.Patel) | શિક્ષણનું મનોવિજ્ઞાન | ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની વૈશ્વિક પડકારોની સભાનતાનો અભ્યાસ<br>A Study of The Students of Higher Secondary Schools about their awareness of Universal Challenges |
| 33 | Pargi Alpeshbhai Babubhai (Dr.P.B.Patel) | માધ્યમિક શિક્ષણ | ખેડબ્રહ્મા તાલુકાની ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની રાષ્ટ્રીય ઐકય પરત્વેની સભાનતા<br>A study of Awareness About National Integration Among Students Studying in Higher Secondary Schools of Khedbrahma Taluka |
| ૩૪ | Parmar Ashvinbhai Lalabhai (Dr.J.L.Barad) | ભાષા શિક્ષણ | ધોરણ-૮ ના વિદ્યાર્થીઓ માટે સંસ્કૃત ભાષા વાંચન સુધારણા કાર્યક્રમની સંરચના અને તેની અસરકારકતા<br>Structure and Effectiveness of Sanskrit Language Reading Improvement Programme for the Student of Standard-8 |
| ૩૫ | Parmar Bharatkumar Dharmabhai (Mrs.R.J.Patel) | માધ્યમિક શિક્ષણ | વડગામ તાલુકાની ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની રાષ્ટ્રીય ઐકય પરત્વેની સભાનતા<br>A Study of Awareness About National Integration Among Students Studying in Higher Secondary Schools of Vadgam Taluka |
| ૩૬ | Parmar Bhemabhai Rajabhai (Mr.P.K Pancholi) | શૈક્ષણિક ટેકનોલોજી | ધોરણ-10 ના સામાજિક વિજ્ઞાન વિષયના ભારતઃકૃષિ એકમ પરના વર્કકાર્ડ સાહિત્યની સંરચના અને તેની અસરકારકતા<br>Effectiveness And Making of Work Card Literature on Indian Agriculture Unit of The Std. 10th Social Science |
| ૩૭ | Parmar Nishaben Popatbhai (Dr.C.M.Trivedi) | ભાષા શિક્ષણ | ધોરણ-૭ ના આદિવાસી વિદ્યાર્થીઓ માટે આદિવાસી તળપદી શબ્દ સમજ કાર્યક્રમની અસરકારકતા<br>Effectiveness of Tribal Native Word Understanding Programme For The Triable Students of Standard 7 |
| ૩૮ | Parmar Thavarabhai Venabhai (Dr.J.L.Barad) | તુલનાત્મક શિક્ષણ | માધ્યમિક કક્ષાએ સામાજિક વિજ્ઞાન વિષયમાં જૂથ અધ્યાપન પદ્ધતિના સ્વરૂપોનો તુલનાત્મક અભ્યાસ<br>A Comparative Study of Types of Team Teaching in Social Science Subject At Secondary Level. |
| ૩૯ | Patel Ashavanti Bharatbhai (Mrs.R.J.Patel) | શૈક્ષણિક ટેકનોલોજી | સુપર 30' ફિલ્મનો શૈક્ષણિક દ્રષ્ટિકોણ<br>Educational Perspective of The Movie 'Super 30' |

| ક્રમ | સંશોધકનું નામ | ક્ષેત્ર | સંશોધન વિષય |
|---|---|---|---|
| ૪૦ | Patel Ushabahen Ujamabhai (Mrs.R.J.Patel) | માધ્યમિક શિક્ષણ | પાલનપુર તાલુકાની ગુજરાતી માધ્યમ અને અંગ્રેજી માધ્યમની માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓના વ્યકિતત્વનો તુલનાત્મક અભ્યાસ<br>A Comparative Study of Personality of The Students of Gujarati Medium and English Medium Secondary Schools of Palanpur Taluka |
| ૪૧ | Patel Vidhyaben Baldevbhai (Mr.P.K Pancholi) | શિક્ષક-પ્રશિક્ષણ | બી.એડ્. કોલેજના અભ્યાસક્રમમાં આંતરિક મૂલ્યાંકનથી થતી અસરો અંગે અધ્યાપકો અને પ્રશિક્ષણાર્થીઓના અભિપ્રાયોનો અભ્યાસ<br>A Study of opinion of Teacher’s and Trainees on the Effect of Internal Evaluation In B.Ed. Course |
| ૪૨ | Patel Ysodaben Babulal (Mrs.R.J.Patel) | ભાષા શિક્ષણ | ધોરણ- ૯ માં ભણતા વિદ્યાર્થીઓની અંગ્રેજી વાંચન અર્થગ્રહણ ક્ષમતાનો અભ્યાસ<br>A Study of English Reading Comprehension Ability of Student of Std.-9 |
| ૪૩ | Punadiya Jashodaben Gangaram (Mr.C.J.Raval) | શિક્ષણનું મનોવિજ્ઞાન | બી.એડ્.ના તાલીમાર્થીઓની બુદ્ધિનો તેમની આધ્યાત્મિક બુદ્ધિ અને સાંવેગિક બુદ્ધિના સંદર્ભમાં અભ્યાસ<br>A Study of Intelligence of B.Ed. Trainees in Context to their Spirituala Emotional Intelligence |
| ૪૪ | Punadiya Payalben Shankarbhai (Mr.P.K Pancholi) | શિક્ષણનું મનોવિજ્ઞાન | શૈક્ષણિક સિદ્ધિ પર ગૃહકાર્યની અસરનો અભ્યાસ<br>Study on the Effect of Homework on Educational Achievement |
| ૪૫ | Rathod Keyuriben Girishbhai (Dr.P.B.Patel) | શારીરિક અને સ્વાસ્થ્ય શિક્ષણ | બી.એડ્.ના પ્રશિક્ષણાર્થીઓ માટે બહુમાધ્યમ સ્ત્રી ભૃણ હત્યા જાગૃતિ કાર્યક્રમની સંરચના અને તેની અસરકારકતા<br>Construction And Effectiveness of Multimedia Female Insecticide Awareness Program For B.Ed. Trainees |
| ૪૬ | Raval Nikitaben Bharatkumar (Mr.C.J.Raval) | શૈક્ષણિક ટેકનોલોજી | ધોરણ-૧૨ ના નામાનાં મૂળતત્વો વિષયના 'ભાગીદારીના હિસાબો' એકમના અધ્યાપન માટે કમ્પ્યૂટર આસિસ્ટેડ ઈન્સ્ટ્રકશન (CAI) કાર્યક્રમની સંરચના અને અસરકારકતા<br>Construction and Effectiveness of Computer Assisted Instruction Programme For the Teaching of 66 Partnership Account" of Elements of Account Subject of Std-12 |
| ૪૭ | Sherpura Mayuriben Rakeshbhai (Dr.P.B.Patel) | માર્ગદર્શન અને સલાહ દર્શન | પાલનપુર તાલુકામાં વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતાં વિધાર્થીઓમાં પ્રવર્તમાન અંધશ્રધ્ધાનો અભ્યાસ<br>A Study of Superstition among Students of Science Stream in Palanpur Block |
| ૪૮ | Solanki Prahladbhai Hirabhai (Mrs.R.J.Patel) | શિક્ષણનું સમાજશાસ્ત્ર | બી.એડ્.ના પ્રશિક્ષણાર્થીઓ માટે રકતદાન સભાનતા કાર્યક્રમની રચના અને તેની અસરકારકતા<br>Construction and Effectiveness of Blood Donation Awareness Programme for B.Ed. Trainees |

| ક્રમ | સંશોધકનું નામ | ક્ષેત્ર | સંશોધન વિષય |
|---|---|---|---|
| ૪૯ | Sundhiya Rihenkumar Sureshbhai (Mrs.R.J.Patel) | માધ્યમિક શિક્ષણ | ધોરણ-10 ના વિજ્ઞાન અને ટેક્નોલૉજી વિષયના પસંદિત એકમ પર મોડયૂલ શિક્ષણ પદ્ધતિ ની અસર કારકતા |
| | | | Effectiveness of Module Teaching Method on Selected Unit of the Subject Science and Technology in Standard 10 |
| ૫૦ | Vanik Hiralben Rajeshbhai (Mrs.R.J.Patel) | કન્યા અને સ્ત્રીઓ માટેનું શિક્ષણ | ગ્રામીણ અને શહેરી વિસ્તારના નાગરિકોના કન્યા કેળવણી પ્રત્યેના મંતવ્યોનો તુલનાત્મક અભ્યાસ |
| | | | A Comparative Study of Opinion of Rural and Urban Citizen About Woman Education |

**૧. સંશોધકનું નામ: અમીન હર્ષકુમાર એ.**

**કોલેજનું નામ -** શ્રીમતી આર.કે.ડી. ખણુંસિયા એમ. એડ્. કોલેજ, પાલનપુર

**માર્ગદર્શકનું નામ -** ડૉ. પિનાક્ષીબેન બી. પટેલ

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી -** 2023-25/ H.N.G.U, Patan/ M.Ed

**સમસ્યા શીર્ષક - (ગુજરાતી/અંગ્રેજી)**

મહાત્મા જ્યોતિબા ફૂલેનું શિક્ષણદર્શન એક અભ્યાસ

A Study of the Educational Philosophy of Mahatma Jyotiba Phule

**સંશોધનનું ક્ષેત્ર -** શિક્ષણનું સમાજશાસ્ત્ર

**સંશોધનના હેતુઓ –** ૧. મહાત્મા જ્યોતિબા ફુલેના શૈક્ષણિક વિચારોનો અભ્યાસ કરવો. ૨. મહાત્મા જ્યોતિબા ફુલેના જીવન કવનનો અભ્યાસ કરવો. ૩. મહાત્મા જ્યોતિબા ફુલેના શિક્ષણદર્શન અંગેના વિચારોનો શિક્ષણદર્શનના વિવિધ ઘટકોના સંદર્ભમાં અભ્યાસ કરવો.

**સંશોધન પ્રશ્નો/ઉત્કલ્પનાઓ –** ૧. મહાત્મા જ્યોતિબા ફુલેના શૈક્ષણિક વિચારો કેવા હશે ? ૨. મહાત્મા જ્યોતિબા ફુલેનું જીવન કવન કેવું હશે? ૩. મહાત્મા જ્યોતિબા ફુલેના શિક્ષણદર્શન અંગેના વિચારોનો શિક્ષણદર્શનના વિવિધ ઘટકોના સંદર્ભમાં અભ્યાસ કેવો હશે?

**સંશોધનમાં સમાવિષ્ટ ચલ** ----------

**સંશોધનના પ્રકાર -** વ્યવહારિક સંશોધન

**સંશોધન પદ્ધતિ -** સર્વેક્ષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂના -** પ્રસ્તુત સંશોધનનું વ્યાપવિશ્વ મહાત્મા જ્યોતિબા ફૂલે દ્વારા લખાયેલા દસ પુસ્તકો પ્રસ્તુત સંશોધનનું વ્યાપવિશ્વ છે. સહેતુક નમૂના પસંદગીની રીતનો ઉપયોગ કરી મહાત્મા જ્યોતિબા ફુલે દ્વારા લખાયેલા કુલ દશ પુસ્તકોમાંથી ત્રણ પુસ્તકો નમૂના પાત્ર તરીકે પસંદ કરેલ છે. જેમાં ગુલામગીરી, કિસાન કા કોડા અને જ્યોતિરાવ ફુલેનું સામાજિકદર્શન ત્રણ પુસ્તકની નમૂના તરીકે પસંદગી કરવામાં આવેલ છે.

**ઉપકરણ** --------

**માહિતીની પૃથકકરણની રીત -** અભ્યાસકે માહિતીનું એકત્રીકરણ કર્યા બાદ મહાત્મા જ્યોતિબા ફુલેના શિક્ષણદર્શનમાં વ્યક્ત થતાં શિક્ષણદર્શનના વિવિધ ઘટકોના અભ્યાસ નોંધપાત્ર નમૂનાના આધારે વિશ્લેષણની મદદથી વિશ્લેષણાત્મક અભ્યાસ કરેલ છે.

**સંશોધનના તારણો –** ૧. વ્યક્તિઓ સમાન હોવાને કારણે વધુને વધુ વ્યક્તિઓને સુવિધાઓ પૂરી પાડવી જરૂરી છે અને શિક્ષણમાં ઈજારો બંધ થવો જોઈએ. ૨. વ્યક્તિઓને શિક્ષિત કરતી વખતે ધર્મ, જાતિ, જ્ઞાતિ અને લિંગને ધ્યાનમાં લેવું જોઈએ નહીં. શિક્ષણમાં માનવતાવાદના મૂલ્યો વિકસાવવા જોઈએ. ૩. શિક્ષણના સાર્વત્રિકરણના સિદ્ધાંતનું પાલન કરવું જોઈએ અને એટલી જ હદે શિક્ષણને ફરજિયાત બનાવવું જોઈએ. ૪. મહિલાઓ, ઉપેક્ષિત અને લાંબા સમયથી શિક્ષણથી વંચિત લોકોને શૈક્ષણિક સુવિધાઓમાં સર્વોચ્ચ અગ્રતા આપવી જોઈએ અને આ રીતે સામાજિક ન્યાય સ્થાપિત થવો જોઈએ. ૫. શિક્ષણ સમાનતા પર આધારિત હોવું જોઈએ કારણ કે આવું શિક્ષણ સમાજને એક સાથે બાંધે છે. તે સમાજને નષ્ટ કરતું નથી તેથી તે દેશના કલ્યાણ માટે ફાયદાકારક છે. ૬. મહાત્મા જોતિબા ફુલેએ પ્રાથમિક શિક્ષણ અને પ્રાથમિક શિક્ષક માટે ખૂબ જ ચિંતા વ્યક્ત કરી, તેમનો મત હતો કે પ્રાથમિક શિક્ષક પ્રશિક્ષિત વ્યક્તિ હોવો જોઈએ અને પ્રાથમિક શિક્ષકને પૂરતો પગાર મળવો જોઈએ. ૭. શાળામાં જથ્થાત્મક વૃદ્ધિ મહત્વપૂર્ણ છે પરંતુ તે ગુણાત્મક વૃદ્ધિની

કિંમત પર ન હોવી જોઈએ. ૮. તેમનો મત હતો કે સરકારે જરૂરિયાતમંદ અને લાયક વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિ અને પુરસ્કારોની યોજના ઘડવી જોઈએ.

**સંશોધનના શૈક્ષણિક ફલિતાર્થો** - ૧. પુસ્તકીય જ્ઞાન કરતાં પ્રાયોગિક જ્ઞાન પર વધારે મહત્વ આપવું જોઈએ. ૨. કોઈપણ બાળક શિક્ષણથી વંચિત ન રહે તે માટે ખાસ ધ્યાન રાખવું જોઈએ. ૩. શિક્ષાત્મક પગલાં લેવા જોઈએ નહીં. ૪. પ્રાથમિક શિક્ષણ પર વધુ ભાર શિક્ષકોએ મૂકવો જોઈએ. ૫. કન્યા શિક્ષણના પ્રોત્સાહન માટે વિવિધ યોજનાઓ બનાવી જોઈએ. ૬. બાળકનો સામાજિક વિકાસ થાય તે તરફ વધુ ધ્યાન આપવું જોઈએ.

**ચાવીરૂપ શબ્દો –** મૂલ્ય અને શિક્ષણ

**<u>૨. સંશોધકનું નામ- અસારી કાળાભાઈ ભરતભાઈ</u>**

**કોલેજનું નામ -** શ્રીમતી આર.કે.ડી. ખણુંસિયા એમ. એડ્. કોલેજ, પાલનપુર

**માર્ગદર્શકનું નામ –** ડો. પી.બી. પટેલ

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી -** 2023-25/ H.N.G.U, Patan/ M.Ed

**સમસ્યા શીર્ષક - (ગુજરાતી/અંગ્રેજી)**

દાંતા તાલુકાના આદિવાસી વિસ્તારમાં અભ્યાસ કરતા બાળકોની શિક્ષણ વિષયક સમસ્યાઓનો અભ્યાસ.
A Study of Educational Problems of Students of Danta Taluka Tribal Area.

**સંશોધનનું ક્ષેત્ર –** પ્રાથમિક, માધ્યમિક શિક્ષણ

**સંશોધનના હેતુઓ –** ૧. દાંતા તાલુકાના આદિવાસી વિસ્તારમાં અભ્યાસ કરતા બાળકોની શિક્ષણ વિષયક સમસ્યાઓ જાણવા ઉપકરણની રચના કરવી. ૨. દાંતા તાલુકાના આદિવાસી વિસ્તારમાં અભ્યાસ કરતા બાળકોની શૈક્ષણિક, સામાજિક, આર્થિક, ભૌતિક તેમજ સ્વાસ્થ્યને લગતી સમસ્યાઓ જાણવી.

**સંશોધન પ્રશ્નો/ઉત્કલ્પનાઓ –** ૧. દાંતા તાલુકાના આદિવાસી વિસ્તારમાં અભ્યાસ કરતા બાળકોની શિક્ષણ વિષયક સમસ્યાઓ જાણવા તૈયાર કરેલ ઉપકરણ ઉપકારક નીવડશે? ૨. દાંતા તાલુકાના આદિવાસી વિસ્તારમાં અભ્યાસ કરતા બાળકોની શૈક્ષણિક સમસ્યાઓ કઈ હશે? ૩. દાંતા તાલુકાના આદિવાસી વિસ્તારમાં અભ્યાસ કરતા બાળકોની શિક્ષણના સંદર્ભમાં સામાજિક સમસ્યાઓ કઈ હશે? ૪. દાંતા તાલુકાના આદિવાસી વિસ્તારમાં અભ્યાસ કરતા બાળકોની શિક્ષણના સંદર્ભમાં આર્થિક સમસ્યાઓ કઈ હશે? ૫. દાંતા તાલુકાના આદિવાસી વિસ્તારમાં અભ્યાસ કરતા બાળકોની શિક્ષણના સંદર્ભમાં ભૌતિક સમસ્યાઓ કઈ હશે? ૬. દાંતા તાલુકાના આદિવાસી વિસ્તારમાં અભ્યાસ કરતા બાળકોની સ્વાસ્થ્ય સંબંધી સમસ્યાઓ કઈ હશે?

**સંશોધનમાં સમાવિષ્ટ ચલ** ----------

**સંશોધનના પ્રકાર –** વ્યવહારિક સંશોધન

**સંશોધન પદ્ધતિ** - સર્વેક્ષણાત્મક

**વ્યાપવિશ્વ અને નમૂના –** દાંતા તાલુકાની વિસ્તારની તમામ શાળાઓ

**ઉપકરણ** - સ્વ-રચિત પ્રશ્નાવલિ

**માહિતીની પૃથકકરણની રીત** - સાદી ટકાવારીના આધારે સારણીઓ બનાવીને અર્થઘટન કરવામાં આવ્યું હતું

**સંશોધનના તારણો - ૫.૫.૧ આદિવાસી વિસ્તારમાં અભ્યાસ કરતા બાળકો દ્વારા પ્રાપ્ત માહિતીના તારણો શૈક્ષણિક સમસ્યાઓ અંગેના તારણો –** ૧. ૧૪૦ (૪૬.૬૭%) વિદ્યાર્થીઓને અભ્યાસ માટે પૂરતી સામગ્રી મળી રહે છે અને ૧૬૦ (૫૩.૩૩%) વિદ્યાર્થીઓને અભ્યાસ માટે પૂરતી સામગ્રી મળતી નથી. ૨. ૫૦ (૧૬.૬૭%) વિદ્યાર્થીઓન વાંચન લેખનમાં તકલીફ પડે છે જયારે ૨૫૦ (૮૩.૩૩%) વિદ્યાર્થીઓને વાંચન લેખનમાં તકલીફ

નથી. ૩. ૨૭૦ (૯૦.૦૦%) વિદ્યાર્થીઓને અભ્યાસ માટે પૂરતા પ્રમાણમાં શિક્ષકોનું માર્ગદર્શન મળી રહે છે જયારે ૩૦ (૧૦.૦૦%) વિદ્યાર્થીઓને અભ્યાસ માટે પૂરતા પ્રમાણમાં શિક્ષકોનું માર્ગદર્શન મળતું નથી. ૪. ૭૦ (૨૩.૩૩%) વિદ્યાર્થીઓને તેમના કૌટુંબિક સમસ્યાઓના વાતાવરણની અસર તેમના અભ્યાસ પર પડે છે જયારે ૨૩૦ (૭૬.૬૭%) વિદ્યાર્થીઓને તેમના કૌટુંબિક સમસ્યા ઓના વાતાવરણની અસર તેમના અભ્યાસ પર પડતી નથી. **આર્થિક સમસ્યાઓ અંગેના તારણો –** ૧. ૨૭૬ (૯૨.૦૦%) વિદ્યાર્થીઓને અભ્યાસ માટે તેમનું કટુંબ આર્થિક રીતે સધ્ધરતા ધરાવે છે. જયારે ૦૮ (૮.૦૦%) વિદ્યાર્થીઓના અભ્યાસ માટે તેમનું કુટુંબ આર્થિક રીતે સધ્ધરતા ધરાવતું નથી. ૨. ૨૫૯ (૮૬.૩૩%) વિદ્યાર્થીઓને તેમના અભ્યાસ માટે કોઈની આર્થિક સહાય મળે છે. જયારે ૪૧ (૧૩.૬૭%) વિદ્યાર્થીઓને કોઈની આર્થિક સહાય મળતી નથી. ૩. ૨૭૩ (૯૧.૦૦%) વિદ્યાર્થીઓના માતા-પિતા તેમને પુસ્તક કે અન્ય શૈક્ષણિક સામગ્રી સમયસર પૂરી પાડી શકે છે. જયારે ૨૭(૯.૦૦%) વિદ્યાર્થીઓના માતા-પિતા તેમને પુસ્તક કે અન્ય શૈક્ષણિક સામગ્રી પુરી પાડી શકતા નથી. ૪. ૭૯ (૨૬.૩૩%) વિદ્યાર્થીઓને તેમની આર્થિક સ્થિતિના કારણે તેમના અભ્યાસ પર કોઈ મુશ્કેલી પડે છે. જયારે ૨૨૧ (૭૩.૬૭%) વિદ્યાર્થીઓને તેમની આર્થિક સ્થિતિના કારણે તેમના અભ્યાસ પર કોઈ મુશ્કેલી પડતી નથી. ૫. ૮૩ (૨૭.૬૭%) વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે આર્થિક મદદની જરૂર પડે છે. જયારે ૨૧૭ (૭૨.૩૩%) વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે આર્થિક મદદની જરૂર પડતી નથી. **સામાજિક સમસ્યાઓ અંગેના તારણો –** ૧. ૧૧૦ (૩૬.૬૭%) વિદ્યાર્થીઓનો સમાજ શિક્ષણ પ્રત્યે જાગૃત છે જયારે ૨૯૦ (૬૩.૩૩%) વિદ્યાર્થીઓનો સમાજ શિક્ષણ પ્રત્યે જાગૃત નથી. ૨. ૧૬ (૫.૩૩%) વિદ્યાર્થીઓના સમાજમાં છોકરા-છોકરી વચ્ચેની અસમાનતા જેવી બાબતોના કારણે તેમને અભ્યાસમાં અડચણ પડે છે. જયારે ૨૮૪(૯૪.૬૭%) વિદ્યાર્થીઓને અભ્યાસમાં અડચણ પડતી નથી. ૩. ૨૩૮ (૭૯.૩૩%) વિદ્યાર્થીઓને શિક્ષણના ભોગે સામાજિક કાર્યોમાં ભાગ લેવો પડે છે. જયારે ૬૨ (૨૦.૬૭%) વિદ્યાર્થીઓને શિક્ષણના ભોગે સામાજિક કાર્યોમાં ભાગ લેવો પડતો નથી. **ભૌતિક સમસ્યાઓ અંગેના તારણો – ૧.** ૩૦૦ (૧૦૦%) વિદ્યાર્થીઓને શાળા/કોલેજમાં વર્ગખંડની વ્યવસ્થા છે. ૨. ૨૬૮ (૮૯.૩૩%) વિદ્યાર્થીઓને શાળા/ કોલેજની પ્રયોગશાળામાં પુરતા સાધનો છે. જયારે ૩૨ (૧૦.૬૭%) વિદ્યાર્થીઓને શાળા/કોલેજની પ્રયોગશાળામાં પુરતા સાધનો નથી. ૩. ૨૮૩ (૯૪.૩૩%) વિદ્યાર્થીઓને શાળા / કોલેજની પુસ્તકાલયમાં પુરતા પુસ્તકો છે. જયારે ૧૭(૫.૬૭%) વિદ્યાર્થીઓને શાળા/કોલેજની પુસ્તકાલયમાં પુરતા પુસ્તકો નથી. ૪. ૨૯૩ (૯૭.૬૭%) વિદ્યાર્થીઓને શાળા/કોલેજમાં છોકરા-છોકરીઓ માટે શૌચાલયની અલગ વ્યવસ્થા છે. જયારે ૭ (૨.૩૩%) વિદ્યાર્થીઓને શાળા/કોલેજમાં છોકરા-છોકરી ઓ માટે શૌચાલયની અલગ વ્યવસ્થા નથી. ૫. ૬૭ (૨૨.૩૩%) વિદ્યાર્થીઓની શાળા/કોલેજમાં પુરતા પ્રમાણમાં ભૌતિક સુવિધા પુરતા પ્રમાણમાં કારણે તેમના અભ્યાસમાં કોઈ મુશ્કેલી પડે છે. જયારે ૨૩૩ (૭૭.૬૭%) વિદ્યાર્થીઓને અભ્યાસમાં મુશ્કેલી પડતી નથી. **સ્વાસ્થ્ય સંબંધી સમસ્યાઓ અંગેના તારણો –** ૧. ૧૮૬ (૬૨.૦૦%) વિદ્યાર્થીઓને તેમના સ્વાસ્થ્યને કારણે તેમના અભ્યાસ પર અસર પડે છે. જયારે ૧૧૪ (૩૮.૦૦%) વિદ્યાર્થીઓને તેમના અભ્યાસને કારણે તેમના અભ્યાસ પર કોઈ અસર પડતી નથી. ૨. ૨૨૩ (૭૪.૩૩%) વિદ્યાર્થીઓને શાળામાં પ્રાથમિક સારવાર માટેની સુવિધા છે. જયારે ૭૭ (૨૫.૬૭%) વિદ્યાર્થીઓને શાળામાં પ્રાથમિક સારવાર માટેની સુવિધા નથી. ૩. ૨૦૭ (૬૯.૦૦%) વિદ્યાર્થીઓને શાળામાં વિશેષ રોગો માટેના કેમ્પો યોજવામાં આવે છે. જયારે ૯૩ (૩૧.૦૦%) વિદ્યાર્થીઓને શાળામાં વિશેષ રોગો માટેના કેમ્પો યોજવામાં આવતાં નથી. ૪. ૧૦૯ (૩૬.૩૩%) વિદ્યાર્થીઓના સ્વાસ્થ્યની તેમના પરિણામ પર અસર થાય છે. જયારે ૧૯૧ (૬૩.૬૬%) વિદ્યાર્થીઓના સ્વાસ્થ્યની તેમના પરિણામ પર કોઈજ અસર થતી નથી.

**સંશોધનના શૈક્ષણિક ફલિતાર્થો –** ૧. બાળકોને તેમના અભ્યાસ માટે પુરતી સામગ્રી મળી રહે તેવી વ્યવસ્થા કરવી જોઈએ. ૨. બાળકોને અભ્યાસ માટે પૂરતા પ્રમાણમાં શિક્ષકોનું માર્ગદર્શન જાળી રહે તેવી વ્યવસ્થા

કરવી જોઈએ. ૩. બાળકોના વાલીઓએ પોતાના કુટુંબની સમસ્યાઓના વાતારણની અસર તેમના અભ્યાસ પર ન પડે તે જોવું જોઈએ. ૪. બાળકોના વાલીઓ તેમના ઘરમાં તેમની કન્યાઓના અભ્યાસ માટે યોગ્ય વાતારણ મળી રહે તેવી વ્યવસ્થા કરવી જોઈએ. ૫. બાળકોના વાલીઓએ પોતાની કન્યાઓને ઘરકામના કારણે અભ્યાસમાં મુશ્કેલી ન પડે તે પણ ધ્યાનમાં રાખવુ જોઈએ. ૬. બાળકોના વાલીઓએ પોતાની કે બીજા બાળકોની જવાબદારી પોતાની કન્યાઓની સોંપવી ન જોઈએ. ૭. બાળકો માટે ઘરની શાળા કે કોલેજ જવા માટે સમય ન બગડે એના માટેની વ્યવસ્થા કરવી જોઈએ.

**ચાવીરૂપ શબ્દો –** આદિવાસી, શિક્ષણ

<u>**૩. સંશોધકનું નામ- બગડા સંજયભાઈ એમ.**</u>

**કોલેજનું નામ-** શ્રીમતી આર.કે.ડી. ખણુંસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુર

**માર્ગદર્શકનું નામ-** શ્રી પી. કે. પંચોલી

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી -** 2023-25/ H.N.G.U, Patan/ M.Ed

**સમસ્યા શીર્ષક - (ગુજરાતી/અંગ્રેજી)**

માધ્યમિક શાળાઓના બિનશૈક્ષણિક કર્મચારીઓને કાર્ય સંતોષ

A Work Satisfaction of Non-Teaching Staff Of Secondary School

**સંશોધનનું ક્ષેત્ર-** શૈક્ષણિક સંચાલન

**સંશોધનના હેતુઓ-** ૧. બિન-શૈક્ષણિક કર્મચારીઓ માટે પ્રશ્નાવલિની ઉપકરણ તરીકે સંરચના કરવી. ૨. બિન-શૈક્ષણિક કર્મચારીઓ આર્થિક રીતે સંતુષ્ટ છે કે નહિ તેની માહિતી મેળવવી. ૩. બિન-શૈક્ષણિક કર્મચારીઓના સમય અને પરિસ્થિતિ અંગે માહિતી મેળવવી. ૪. બિન-શૈક્ષણિક કર્મચારીઓના વ્યવસાયિક સ્થાન વિશે માહિતી મેળવવી. ૫. બિન-શૈક્ષણિક કર્મચારીઓના માનવીય પરિસ્થિતિ વિશે માહિતી મેળવવી.

**સંશોધનના પ્રશ્નો-** ૧. બિન-શૈક્ષણિક કર્મચારીઓ આર્થિક રીતે સંતુષ્ટ હશે? ૨. બિન-શૈક્ષણિક કર્મચારીઓ સમય અને પરિસ્થિતિથી સંતુષ્ટ હશે? ૩. બિન-શૈક્ષણિક કર્મચારીઓ વ્યવસાયિક સ્થાનથી સંતુષ્ટ હશે? ૪. બિન-શૈક્ષણિક કર્મચારીઓ માનવીય પરિસ્થિતિથી સંતુષ્ટ હશે?

**સંશોધનના ચલ- ---------------**

**સંશોધનનો પ્રકાર-** વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ પૈકી સર્વેક્ષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂના-** પાલનપુર તાલુકાની ગુજરાતી માધ્યમ સાથે સંકળાયેલ ગુજરાતી માધ્યમની શાળાઓમાં કામ કરતાં કુલ- ૪૦ બિન-શૈક્ષણિક કર્મચારીઓને નમૂના તરીકે લેવામાં આવ્યા હતા.

**ઉપકરણ-** સ્વ-રચિત પ્રશ્નાવલિ

**પૃથક્કરણની રીત-** સાદી ટકાવારી

**સંશોધનના તારણો-** <u>**બિન-શૈક્ષણિક કર્મચારીઓની આર્થિક રીતના તારણો-**</u> ૧. ૩૦ (૩૭.૫૦%) બિન-શૈક્ષણિક કર્મચારીઓ આજ વેતનમાં અન્ય વ્યવસાયમાં જવાનું પસંદ કરે છે. ૫૦ (૬૨.૫૦%) બિન-શૈક્ષણિક કર્મચારીઓ આજ વેતનમાં અન્ય કોઈ વ્યવસાયમાં જવાનું પસંદ કરતા નથી. ૨. ૭૦ (૮૭.૫૦%) બિન-શૈક્ષણિક કર્મચારીઓને તેમના કાર્યના પ્રમાણમાં યોગ્ય વેતન મળે છે. ૪૦ (૫૦.૦૦%) બિન-શૈક્ષણિક કર્મચારીઓ શાળાના તમામ કર્મચારીઓના પગાર કન્સેશન સબંધી માહિતી રાખે છે. ૩. ૪૦ (૫૦.૦૦%) બિન-શૈક્ષણિક કર્મચારીઓ શાળાના તમામ કર્મચારીઓના પગાર કન્સેશન સબંધી માહિતી રાખતા નથી. <u>**બિન-શૈક્ષણિક કર્મચારીઓની સમય અને પરિસ્થિતિ અંગેના તારણો-**</u> ૧. ૫૦ (૬૨.૫૦%) બિન-શૈક્ષણિક કર્મચારીઓને યોગ્ય સમયે તમારા વ્યવસાયમાં તમારી બઢતી થાય છે. ૩૦ (૩૭.૫૦%) બિન-શૈક્ષણિક

કર્મચારીઓને યોગ્ય સમયે તમારા વ્યવસાયમાં તમારી બઢતી થતી નથી. ૨. ૪૫ (૫૬.૨૫%) બિન-શૈક્ષણિક કર્મચારીઓનો વ્યવસાય સંપૂર્ણ રીતે સલામત છે. ૩૫ (૪૩.૭૫%) બિન-શૈક્ષણિક કર્મચારીઓનો વ્યવસાય સંપૂર્ણ રીતે સલામત નથી. ૩. ૪૫ (૫૬.૨૫%) બિન-શૈક્ષણિક કર્મચારીઓ સંસ્થાની સામાન્ય પરિસ્થિતિથી સંતોષ ધરાવતા નથી. ૫૯ (૭૩.૭૫%) બિન-શૈક્ષણિક કર્મચારીઓ સંસ્થા માટે ગૌરવની લાગણી અનુભવે છે. **<u>બિન-શૈક્ષણિક કર્મચારીઓની વ્યવસાયિક સ્થાન અંગેના તારણો-</u>** ૧. ૫૨ (૬૫.૦૦%) બિન-શૈક્ષણિક કર્મચારીઓ વ્યવસાય નિષ્ઠાવાળો વ્યવસાય છે. ૨૮ (૩૫.૦૦%) બિન-શૈક્ષણિક કર્મચારીઓ વ્યવસાયમાં નિષ્ઠા ધરાવતા નથી. ૨. ૫૫ (૬૮.૭૫%) બીજા વ્યવસાય કરતા બિન-શૈક્ષણિક કર્મચારીનો વ્યવસાય શ્રેષ્ઠ છે. ૨૫ (૩૧.૨૫%) બીજા વ્યવસાય કરતા બિન-શૈક્ષણિક કર્મચારીનો વ્યવસાય શ્રેષ્ઠ નથી. ૩. ૫૭ (૭૧.૨૫%) બિન-શૈક્ષણિક કર્મચારીઓના ઉપરી અધિકારી તમારી પ્રગતિમાં રસ ધરાવે છે. ૨૩ (૨૮.૭૫%) બિન-શૈક્ષણિક કર્મચારીઓના ઉપરી અધિકારી તમારી પ્રગતિમાં રસ ધરાવતા નથી. ૩૦ (૩૭.૫૦%) બિન-શૈક્ષણિક કર્મચારીઓ તેમના વ્યવસાયથી ક્ષોભ અનુભવે છે. ૫૦ ( ૬૨.૫૦%) બિન-શૈક્ષણિક કર્મચારીઓ તેમના વ્યવસાયથી ક્ષોભ અનુભવતા નથી. **<u>બિન-શૈક્ષણિક કર્મચારીઓની માનવીય પરિસ્થિતિ અંગેના તારણો-</u>** ૧. ૪૬ (૫૭,૫૦%) બિન-શૈક્ષણિક કર્મચારીઓ તે સ્વભાવથી બિન-શૈક્ષણિક કાર્યને યોગ્ય છે.૩૪ (૪૨.૫૦૪) બિન-શૈક્ષણિક કર્મચારીઓ તે સ્વભાવથી બિન-શૈક્ષણિક કાર્યને યોગ્ય નથી. ૨. ૫૭ ( ૭૧.૨૫%) તે બિન-શૈક્ષણિક કાર્યમાં આનંદની લાગણી અનુભવે છે. ૨૩ (૨૮.૭૫%) તે બિન-શૈક્ષણિક કાર્યમાં આનંદની લાગણી અનુભવતા નથી. ૩. ૪૮ (૬૦.૦૦%) બિન-શૈક્ષણિક કર્મચારીઓ નોકરીમાં પ્રાપ્ત થયેલ પ્રગતિથી સંતોષ છે. ૩૨ (૪૦.૦૦%) બિન-શૈક્ષણિક કર્મચારીઓ નોકરીમાં પ્રાપ્ત થયેલ પ્રગતિથી સંતોષ નથી. ૫૫ (૬૮.૭૫%) બિન-શૈક્ષણિક કર્મચારીઓ શ્રેષ્ઠ કાર્ય કરો છો ત્યારે તમારા ઉપરી અધિકારીઓ તમને પ્રોત્સાહન આપે છે.

**સંશોધનના ફલિતાર્થો-** ૧. બિન-શૈક્ષણિક કર્મચારીઓ વર્તમાન વહીવટી કાર્યથી સંતોષ નથી તેથી તે વહીવટી કાર્યમાં સંતોષ મળે તેવું શાળા કક્ષા આચાર્યશ્રી આયોજન કરવું જોઈએ. બિન-શૈક્ષણિક કર્મચારીઓને પગાર સંબંધિત માહિતી સંગ્રહ કરવો જોઈએ જેથી બધા કર્મચારી ઓને માહિતી મળી રહે. ૨. બિન-શૈક્ષણિક કર્મચારીઓ સામાન્ય પરિસ્થિતિથી સંતોષ ધરાવતા નથી તેથી તેમની સામાન્ય પરિસ્થિતિનું વ્યવસ્થિત આયોજન કરવું જોઈએ. બિન-શૈક્ષણિક કર્મચારીઓ વહીવટી કાર્ય કરવા માટે ઉત્તમ ભૂમિ નથી તેથી તે વહીવટી કાર્ય કરી શકે તેવા રૂમનું આયોજન કરવું જોઈએ. ૩. બિન-શૈક્ષણિક કર્મચારીઓ શાળાઓનું યોગ્ય ગ્રાન્ટ આયોજન કરતા નથી તેથી તે ગ્રાન્ટનું વ્યવસ્થિત ઉપયોગ કરે તેવું શાળાના આચાર્યશ્રી અને સંચાલકશ્રીઓએ આયોજન કરવું. શાળાઓને જરૂર મુજબની ભૌતિક સુવિધા પુરી પાડતા નથી તેથી શાળાઓને જરૂર મુજબની ભૌતિક સુવિધા પુરી પાડે તેવું શાળાના આચાર્યશ્રીએ આયોજન કરવું જોઈએ. ૪. બિન-શૈક્ષણિક કર્મચારીનો વ્યવસાય સ્વીકારી પોતાની જાતને ભાગ્યશાળી માનતા નથી તેમને યોગ્ય રીતે શાળા કક્ષાએ પ્રોત્સાહન આપવું જોઈએ. બિન-શૈક્ષણિક કર્મચારીઓ જે વ્યવસાયની અંદર ક્ષોભ અનુભવતા હોય તેમને શાળાના આચાર્ય બીજા સ્ટાફ દ્વારા તેમને માનસર બોલાવવા જોઈએ તેવું આયોજન કરવું જોઈએ.

**ચાવીરૂપ શબ્દો-** કાર્ય સંતોષ

**<u>૪. સંશોધકનું નામ- બાંભણીયા નિમિષા બી.</u>**

**કોલેજનું નામ-** શ્રીમતી આર.કે.ડી. ખણુંસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુર

**માર્ગદર્શકનું નામ-** ડૉ. જે. એલ. બારડ

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી -** 2023-25/ H.N.G.U, Patan/ M.Ed

**સમસ્યા શીર્ષક - (ગુજરાતી/અંગ્રેજી)**

ધોરણ- ૮ ના હિન્દી વિષયમાં વિદ્યાર્થીઓ માટે વાંચન અર્થગ્રહણ કસોટીની રચના અને અજમાયશ

Construction and Try-out of Reading Comprehension Test Hindi for Students of Std. VIII

**સંશોધનનું ક્ષેત્ર-** ભાષા શિક્ષણ

**સંશોધનના હેતુઓ-** ૧. ધોરણ- ૮ ના વિદ્યાર્થીઓ માટે વાંચન સુધારણા માટે વાંચન અર્થગ્રહણ કસોટીની રચના કરવી. ૨. ધોરણ- ૮ ના વિદ્યાર્થીઓ માટે વાંચન અર્થગ્રહણ પર જાતીયતાની અસર તપાસવી. ૩. ધોરણ- ૮ ના હિન્દી વિષયના વિદ્યાર્થીઓ માટે વાંચન અર્થગ્રહણ કસોટીના કાર્યક્રમની રચના કરવી. ૪. ધોરણ- ૮ ના વિદ્યાર્થીઓ પર વાંચન અર્થગ્રહણ પર ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ શાળાની અસર તપાસવી.

**સંશોધનની ઉત્કલ્પનાઓ-** ૧. ધોરણ- ૮ ના કુમાર અને કન્યાના વાંચન અર્થગ્રહણ કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય. ૨. ધોરણ- ૮ ના ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ શાળાના વિદ્યાર્થીઓના વાંચન અર્થગ્રહણ કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય. ૩. ધોરણ- ૮ ના ગ્રાન્ટેડ શાળાના કુમાર અને કન્યાના વાંચન અર્થગ્રહણ કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય. ૪. ધોરણ- ૮ ના નોન ગ્રાન્ટેડ શાળાના કુમાર અને કન્યાના વાંચન અર્થગ્રહણ કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય. ૫. ધોરણ- ૮ ના ગ્રાન્ટેડ શાળાના કુમાર અને નોન ગ્રાન્ટેડ શાળાના કુમારોની વાંચન અર્થગ્રહણ કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય. ૬. ધોરણ- ૮ ના ગ્રાન્ટેડ શાળાની કન્યાઓ અને નોન ગ્રાન્ટેડ શાળાની કન્યાઓના વાંચન અર્થગ્રહણ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ-** સ્વતંત્ર ચલ- જાતિ, શાળાનો પ્રકાર  પરતંત્ર ચલ- વાંચન અર્થગ્રહણ કસોટીના પ્રાપ્તાંકો અંકુશિત ચલ- ધોરણ

**સંશોધનનો પ્રકાર-** વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ પૈકી સર્વેક્ષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂના-** બનાસકાંઠા જિલ્લાની ગુજરાતી માધ્યમની શાળાના ધોરણ- ૮ ના પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને યાદચ્છિક નમૂના પદ્ધતિ પૈકી ઝૂમખા પદ્ધતિનો ઉપયોગ કરી ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ એમ કુલ ચાર શાળાઓના ૨૮૬ વિદ્યાર્થીઓની પસંદગી કરી હતી.

**ઉપકરણ-** સ્વ-રચિત પ્રશ્નાવલિ

**પૃથક્કરણની રીત-** સરાસરી, પ્રમાણ વિચલન, પ્રમાણ ભૂલ અને ટી-કસોટી

**સંશોધનના તારણો-** ૧. કુલ કુમારો અને કન્યાના વાંચન અર્થગ્રહણ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચેનો તફાવત સાર્થક નથી. આથી કહી શકાય કે કુમાર અને કન્યાઓના વાંચન અર્થગ્રહણની બાબતમાં સમાનતા જોવા મળે છે. આમ, જાતિઓ વાચન અર્થગ્રહણ કસોટી પર અસર કરનાર પરિબળ  નથી. ૨. ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ શાળાના વિદ્યાર્થીઓના વાંચન અર્થગ્રહણ કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચેનો તફાવત સાર્થક છે.એટલે કે ગ્રાન્ટેડ શાળાના વિદ્યાર્થીઓ કરતા નોન ગ્રાન્ટેડ શાળાના વિદ્યાર્થીઓ વાંચન અર્થગ્રહણ ચઢિયાતા છે. આમ, શાળાએ વિદ્યાર્થીઓના વાચન અર્થગ્રહણ પર અસર કરનાર પરિબળ છે. ૩. ગ્રાન્ટેડ શાળાના કુમાર અને કન્યાના વાંચન અર્થગ્રહણ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચેનો તફાવત સાર્થક છે. આથી ગ્રાન્ટેડ શાળાની કન્યાઓએ કુમારો કરતા વાંચન અર્થગ્રહણમાં ચઢિયાતી જોવા મળે છે. આથી, જાતિએ વિદ્યાર્થીઓની વાંચન અર્થગ્રહણ અસર કરનાર પરિબળ છે. ૪. નોન ગ્રાન્ટેડ શાળાના કુમાર અને કન્યાના વાંચન અર્થગ્રહણ કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચેનો તફાવત સાર્થક નથી. આથી, નોન ગ્રાન્ટેડ શાળાના કુમાર અને કન્યાઓની વાંચન અર્થગ્રહણ કસોટીમાં સામ્યતા જોવા મળે છે. આમ, શાળાએ વિ.ઓની

વાંચન અર્થગ્રહણ અસર કરનાર પરિબળ નથી. ગ્રાન્ટેડ શાળાના કુમારો અને નોન ગ્રાન્ટેડ શાળાના કુમારોની વાંચન અર્થગ્રહણ કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે તફાવત સાર્થક છે, આથી ગ્રાન્ટેડ શાળાના કુમારો અને નોન ગ્રાન્ટેડ શાળાના કુમારો કરતા વાંચન અર્થગ્રહણ કસોટીમાં ચઢિયાતા છે. આમ, શાળાના એ વાંચન અર્થગ્રહણ કસોટી પર અસર કરનાર પરિબળ છે. ૫. ગ્રાન્ટેડ શાળાની કન્યાઓ અને નોન ગ્રાન્ટેડ શાળાની કન્યાઓના વાંચન અર્થગ્રહણ કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે તફાવત સાર્થક છે. આથી, ગ્રાન્ટેડ શાળાની કન્યાઓ વાચન અર્થગ્રહણમાં ચઢિયાતી જોવા મળે છે. આમ, શાળાનો પ્રકાર એ વાંચન અર્થગ્રહણ પર અસર કરનાર પરિબળ છે.

**સંશોધનના ફલિતાર્થો-** શિક્ષકે વિદ્યાર્થીઓને પ્રસંગોપાત વિવિધ પ્રકારની સંદર્ભ વાંચન સામગ્રી આપવી જોઈએ. વિદ્યાર્થીઓની વાચન ભૂખ ઉઘડે તે જરૂરી છે. તે માટે વાંચન અર્થગ્રહણ જ જવાબદાર હોઈ આ સંજોગોમાં પ્રસ્તુત અભ્યાસ હેઠળ રચાયેલ વાંચન અર્થગ્રહણના માપન માટેના અસરકારક સાધન તરીકે ઉપયોગ કરી શકાય. વિદ્યાર્થીઓને મૌખિક અભિવ્યકિતની તકો પર્યાપ્ત માત્રામાં પૂરી પાડવી જોઈએ. આમ, કરવાથી વિદ્યાર્થીઓને અભિવ્યકિત માટે વિષયવસ્તુ અને તે માટે અર્થગ્રહણ યુકત વાચન અને તેના ધારણની જરૂરિયાત જણાશે.વાંચન અર્થગ્રહણના વિકાસ માટે ધ્યાન, એકાગ્રતા, અને યોગની તાલીમ ઉપકારક નીવડી શકે. આ માટે સુવિધા ગોઠવવી જોઈએ.

**ચાવીરૂપ શબ્દો-** વાંચન, અર્થગ્રહણ

**<u>૫. સંશોધકનું નામ- ભાટિયા રંજનબેન વી.</u>**

**કોલેજનું નામ-** શ્રીમતી આર.કે.ડી.ખણુંસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુર

**માર્ગદર્શકનું નામ** -ડૉ. સી. એમ. ત્રિવેદી

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી -** 2023-25/ H.N.G.U, Patan/ M.Ed

**સમસ્યા શીર્ષક - (ગુજરાતી/અંગ્રેજી)**

વડગામ તાલુકાની માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને અવેજી તાસ દરમિયાન કરાવવામાં આવતી પ્રવૃત્તિઓનો અભ્યાસ

A Study of the Activities Conducted During Substitute Period to Secondary School Students of Vadgam Taluka

**સંશોધનનું ક્ષેત્ર-** શૈક્ષણિક માપન અને મુલ્યાંકન

**સંશોધનના હેતુઓ-** ૧. વડગામ તાલુકાની માધ્યમિક શાળાઓમાં અવેજી તાસ દરમિયાન કરાવાતી પ્રવૃત્તિઓ અંગે જાણકારી મેળવવા પ્રશ્નાવલિની રચના કરવી. ૨. વડગામ તાલુકાની માધ્યમિક શાળાઓમાં અવેજી તાસ દરમિયાન કરાવાતી પ્રવૃત્તિઓ અંગે વિદ્યાર્થીઓના પ્રતિભાવો જાણવા. ૩. માધ્યમિક શાળાઓમાં અવેજી તાસ દરમિયાન કરાવાતી પ્રવૃત્તિઓ માટેના સ્થળ, સમય, રજૂઆત, આયોજન વાતાવરણ, સંચાલન વિશે જાણવું. ૪. માધ્યમિક શાળાઓમાં અવેજી તાસ દરમિયાન કરાવાતી પ્રવૃત્તિઓના આયોજનમાં પડતી મુશ્કેલીઓ જાણવી અને તેને દૂર કરવાના ઉપાયો સૂચવવા.

**સંશોધનનાં પ્રશ્નો-** ૧. અવેજી તાસ દરમિયાન કરાવાતી પ્રવૃત્તિઓના આયોજનમાં કઈ કઈ મુશ્કેલીઓ પડતી હતી? ૨. અવેજી તાસ દરમિયાન કરાવાતી પ્રવૃત્તિઓના સ્થળ, સમય, રજૂઆત, આયોજન વાતાવરણ અને સંચાલનમાં શું તફાવત હતો? ૩. અવેજી તાસ દરમિયાન કયા પ્રકારની પ્રવૃત્તિઓ થતી હતી.? ૪. અવેજી તાસ દરમિયાન કરાવાતી પ્રવૃત્તિઓમાં ભાગ લેનાર વિદ્યાથીઓને શું પ્રોત્સાહન આપવામાં આવે છે?

**સંશોધનના ચલ-** ---------------------

**સંશોધનનો પ્રકાર-** વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** સર્વેક્ષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો-** વડગામ તાલુકાની ગુજરાતી માધ્યમની અનુદાન લેતી ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓ પૈકી યાદચ્છિક નમૂના પસંદગીની રીતે કુલ બે અનુદાન લેતી ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં કુલ- 270 વિદ્યાર્થીઓને પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ-** સ્વ-રચિત પ્રશ્નાવલિ

**પૃથક્કરણની રીત-** સાદી ટકાવારી

**સંશોધનના તારણો-** ૧. અવેજી તાસ દરમિયાન શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને કઈ પ્રવૃત્તિઓ કરાવવામાં આવી હતી  તે જાણવા મલ્યુ હતું.  ૨. અવેજી તાસમાં વિદ્યાર્થીઓના સમયનો કેટલે અંશે શૈક્ષણિક હિતમાં ઉપયોગ થાય છે.  તે જાણવા મલ્યુ હતું.  ૩. અવેજી તાસનું યોગ્ય આયોજન કરી વિવેક પૂર્ણ ઉપયોગ કરવાથી કયા ફાયદા અને કયા ગેરફાયદા થયા હતા તેની જાણકારી મળી હતી. ૪. અપૂરતા સમયને કારણે મુશ્કેલી દૂર કરવામાં મદદરૂપ થાય એ દ્રષ્ટિએ – સંશોધનનું વિશેષ મહત્વ બની રહ્યા હતા. ૫. પ્રસ્તુત અભ્યાસથી અવેજી તાસ દ્વારા મળતી સફળતા બાબતે વિદ્યાર્થીઓના વિચારો જાણી શકાયા હતા.

**સંશોધનના ફલિતાર્થ-** ૧. અવેજી તાસમાં પ્રવૃત્તિઓ કઈ રીતે કયા શિક્ષકે હાથ ધરવાની હતી. તેનું આયોજન અગાઉથી કર્યું હતું. ૨. અવેજી તાસમાં પ્રવૃત્તિઓ કરાવવાથી વિદ્યાર્થીઓમાં સમયના સદ્-ઉપયોગની સમજ વિકસાવી હતી. ૩. અવેજી તાસમાં પ્રવૃત્તિઓ કરાવવાથી વિદ્યાર્થીઓમાં નૈતિક હિંમત અને સુટેવોનું ઘડતર કરી શકાયુ હતું. ૪. વિદ્યાર્થીઓને કઈ પ્રવૃત્તિમાં રસ હતો તે જાણીને તેઓને તે પ્રવૃત્તિમાં સાંકળ્યા હતા જેથી તેઓને તે પ્રવૃત્તિઓમાં આગળ વધવાની તક મળે. ૫. વિવિધ પ્રવૃત્તિઓ કરાવવા માટે શિક્ષકે સુસજ્જ થવું હતું, તે માટે શિક્ષકે વિવિધ પ્રવૃત્તિઓ વિશેનું જ્ઞાન, સામયિકોનું વાંચન, વિવિધ વિષયોનું ઊંડાણ લક્ષી જ્ઞાન હતું જેથી અવેજી તાસમાં વિવિધ પ્રવૃત્તિઓ કરાવી શકાય તથા માહિતી આપી હતી. ૬. અવેજી તાસમાં શિક્ષકે વર્ગ બહારની પ્રવૃત્તિઓ તથા રચનાત્મક પ્રવૃત્તિઓ, શિસ્ત જોખમાય નહિ તે રીતે કરાવવાની વ્યવસ્થા કરી હતી.

**ચાવીરૂપ શબ્દો-** અવેજી તાસ, શૈક્ષણિક પ્રવૃત્તિઓ

**<u>૬. સંશોધકનું નામ- ચૌધરી લીલાબેન જેસંગભાઈ</u>**

**કોલેજનું નામ-** શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુર

**માર્ગદર્શકનું નામ-** ડૉ. પી. બી. પટેલ

**વર્ષ/ યુનિવર્સીટી/ડીગ્રી-** 2023-25/ H.N.G.U, Patan/ M.Ed

**સંશોધન શીર્ષક – (ગુજરાતી/અંગ્રજી)**

બી.એડ્.ના પ્રશિક્ષણાર્થીઓમાં બંધારણીય સભાનતાનો અભ્યાસ

A Study of the Constitutional Awareness among Teacher Trainee of B.Ed.

**સંશોધનનું ક્ષેત્ર-** શિક્ષણનું સમાજશાસ્ત્ર

**સંશોધનના હેતુઓ-** ૧. બી.એડ્.ના પ્રશિક્ષણાર્થીઓ માટે બંધારણીય સભાનતા કસોટીની રચના કરવી. ૨. બી.એડ્.ના પ્રશિક્ષણાર્થીઓમાં બંધારણીય સભાનતા જાણવી. ૩. જાતિ અનુસાર બી.એડ્.ના પ્રશિક્ષણાર્થીઓની બંધારણીય સભાનતામાં રહેલ તફાવત જાણવો. ૪. વિસ્તાર અનુસાર બી.એડ્.ના પ્રશિક્ષણાર્થીઓની બંધારણીય સભાનતામાં રહેલો તફાવત જાણવો. ૫. બી.એડ્.ની પદ્ધતિ- પ્રવાહ અનુસાર પ્રશિક્ષણાર્થીઓની બંધારણીય સભાનતામાં રહેલો તફાવત જાણવો.

**સંશોધનની ઉત્કલ્પનાઓ-** ૧. બી.એડ્. ના સ્ત્રી અને પુરૂષ પ્રશિક્ષણાર્થીઓની બંધારણીય સભાનતાના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય. ૨. બી.એડ્. ના ગ્રામ્ય તથા શહેરી વિસ્તારના પ્રશિક્ષણાર્થીઓની

બંધારણીય સભાનતા સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય. ૩. બી.એડ્. કક્ષાની પદ્ધતિ- પ્રવાહ તરીકે રાખેલા અલગ- અલગ વિષયોના પ્રશિક્ષણાર્થીઓની બંધારણીય સભાનતા સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ-** સ્વતંત્ર ચલ- વિસ્તાર, જાતિ, બી.એડ્.ની પદ્ધતિ- પ્રવાહ પરતંત્ર ચલ- બંધારણીય સભાનતા

**સંશોધનનો પ્રકાર-** વ્યવહારિક

**સંશોધનની પદ્ધતિ-** સર્વેક્ષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂના-** પાલનપુર તાલુકાની કુલ બી.એડ્. કોલેજોમાંથી પાંચ કોલેજમાથી અભ્યાસ કરતાં કુલ-400 માંથી 224 પ્રશિક્ષણાર્થીઓને સહેતૂક નમૂના પસંદગીથી પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ-** બંધારણીય સભાનતા માપતી વસ્તુલક્ષી કસોટી

**પૃથક્કરણની રીત-** ટી-કસોટી

**સંશોધનના તારણો-** ૧. જાતિના સંદર્ભમાં બી.એડ્.ના સ્ત્રી પ્રશિક્ષણાર્થીઓ અને પુરૂષ પ્રશિક્ષણાર્થીઓની બંધારણીય સભાનતાના પ્રાપ્તાંકોમાં સાર્થક તફાવત જોવા મળે છે તેથી કહી શકાય કે જાતિની અસર પ્રશિક્ષણાર્થીઓની બંધારણીય સભાનતા પર થાય છે. ૨. પુરૂષ પ્રશિક્ષણાર્થીઓની બંધારણીય સભાનતાના પ્રાપ્તાંકો સ્ત્રી પ્રશિક્ષણાર્થીઓની બંધારણીય સભાનતાના પ્રાપ્તાંકો કરતા ઉંચા જોવા મળે છે. તેથી એવું તારણ કાઢી શકાય કે, બી.એડ્.ના પુરૂષ પ્રશિક્ષણાર્થીઓમાં સ્ત્રી પ્રશિક્ષણાર્થીઓ કરતાં બંધારણીય સભાનતા વધુ પ્રમાણમાં છે. ૩. વિસ્તારના સંદર્ભમાં ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારના પ્રશિક્ષણાર્થીઓની બંધારણીય સભાનતાના પ્રાપ્તાંકોમાં સાર્થક તફાવત જોવા મળ્યો છે, શહેરી વિસ્તારના પ્રશિક્ષણાર્થીઓની બંધારણીય સભાનતાના પ્રાપ્તાંકો ગ્રામ્ય વિસ્તારના પ્રશિક્ષણાર્થીઓની બંધારણીય સભાનતાના પ્રાપ્તાંકો કરતાં ઉંચા જોવા મળે છે. તેથી કહી શકાય કે વિસ્તારની અસર બંધારણીય સભાનતા થાય છે. તેથી એવું તારવી શકાય કે, શહેરી વિસ્તારના પ્રશિક્ષણાર્થીઓમાં ગ્રામ્ય વિસ્તારના પ્રશિક્ષણાર્થીઓ કરતાં બંધારણીય સભાનતા વધુ જોવા મળે છે. ૪. ગણિત અને સંસ્કૃત પદ્ધતિના પ્રશિક્ષણાર્થીઓની બંધારણીય સભાનતાના પ્રાપ્તાંકોમાં સાર્થક તફાવત જોવા મળે છે. ગણિત પદ્ધતિના પ્રશિક્ષણાર્થીઓની બંધારણીય સભાનતાના પ્રાપ્તાંકો સંસ્કૃત પદ્ધતિના પ્રશિક્ષણાર્થીઓની બંધારણીય સભાનતાના પ્રાપ્તાંકોની સરખામણીએ ઉંચા છે. આથી એવું તારવી શકાય કે, ગણિત પદ્ધતિના પ્રશિક્ષણાર્થીઓમાં સંસ્કૃત પદ્ધતિના પ્રશિક્ષણાર્થીઓ કરતાં બંધારણીય સભાનતા પ્રમાણમાં વધુ છે.

**સંશોધનના ફલિતાર્થો-** ૧. શિક્ષક એ રાષ્ટ્રનો નિર્માતા છે માટે કેવા પ્રકારના રાષ્ટ્રનું નિર્માણ કરવું તે શિક્ષકના હાથમાં છે. આ ઉત્તરદાયિત્વને વધુ સારી રીતે નિભાવવા શિક્ષકોમાં રાષ્ટ્રીય મૂલ્યોનો વિકાસ થાય તે જરૂરી છે માટે શિક્ષકોમાં રાષ્ટ્રીય મૂલ્યોનો આવિર્ભાવ થાય તે હેતુથી પ્રશિક્ષણના અભ્યાસક્રમમાં બંધારણને ખાસ સ્થાન આપવું જોઈએ. ૨. બંધારણીય શિક્ષણ આપવા માટે શિક્ષણ સંસ્થાઓએ ખાસ ઓપવર્ગો અને અભિસ્થાપન વર્ગોની જોગવાઈ કરવી જોઈએ. ૩. 'કાયદાનું અજ્ઞાન એ બચાવ નથી' એ કહેવત અનુસાર શિક્ષકોમાં માનવ અધિકારો અને ફરજો વિશે સભાનતા આવે તેવા ખાસ કાર્યક્રમોનું આયોજન સરકારે કરવું જોઈએ.શિક્ષકોમાં બંધારણીય સભાનતા લાવવા માટે રાજ્ય અને રાષ્ટ્રકક્ષાએ ખાસ પ્રકારના સેમિનારનું આયોજન વિવિધ યુનિવર્સિટીઓ દ્વારા થવું જોઈએ. ૪. શિક્ષક ભરતી પ્રક્રિયામાં લેવાતી કસોટીઓમાં બંધારણીય સભાનતાના આ ઘટકને પણ ધ્યાનમાં રાખીને શિક્ષકોની પસંદગી કરવી.શિક્ષક પ્રશિક્ષણના બી.એડ્. કક્ષાના અભ્યાસક્રમમાં એન.સી.ટી.ઈ. દ્વારા નિર્દેશિત બંધારણીય મૂલ્યોના શિક્ષણ પર ભાર મૂકવો

જોઈએ અને તે માટે સહઅભ્યાસિક પ્રવૃત્તિઓમાં પણ બંધારણીય સભાનતા પ્રેરક પ્રવૃત્તિઓનો સમાવેશ કરવો જરૂરી જણાય છે.

**ચાવીરૂપ શબ્દો-** બંધારણીય સભાનતા

**૭. સંશોધકનું નામ- ચૌધરી મનિષકુમાર આર.**

**કોલેજનું નામ-** શ્રીમતી આર.કે.ડી. ખણુંસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુર

**માર્ગદર્શકનું નામ-** શ્રી સી. જે. રાવલ

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી -** 2023-25/ H.N.G.U, Patan/ M.Ed

**સમસ્યા શીર્ષક - (ગુજરાતી/અંગ્રેજી)**

ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની અધ્યયન ટેવોનો કેટલાક ચલોના સંદર્ભમાં અભ્યાસ
A Study of Higher Secondary School Students Learning styles With Reference To Certain Variables.

**સંશોધનનું ક્ષેત્ર-** ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ

**સંશોધનના હેતુઓ-** ૧. ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની અધ્યયન ટેવનો અભ્યાસ કરવો. ૨. ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની અધ્યયન ટેવનો જાતીયતાના સંદર્ભે અભ્યાસ કરવો. ૩. ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની અધ્યયન ટેવનો વિસ્તારના સંદર્ભે અભ્યાસ કરવો. ૪. ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની અધ્યયન ટેવનો ધોરણના સંદર્ભે અભ્યાસ કરવો.

**સંશોધનની ઉત્કલ્પનાઓ-** ૧. ઉચ્ચતર માધ્યમિક શાળાના કુમારો અને કન્યાઓએ અભ્યાસ ટેવ સંશોધનિકા પર મેળવેલ સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય. ૨. ઉચ્ચતર માધ્યમિક શાળાના ગ્રામ્ય વિસ્તારના કુમારો અને કન્યાઓએ અભ્યાસ ટેવ સંશોધનિકા પર મેળવેલ સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય. ૩. ઉચ્ચતર માધ્યમિક શાળાના શહેરી વિસ્તારના કુમારો અને કન્યાઓએ અભ્યાસ ટેવ સંશોધનિકા પર મેળવેલ સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય. ૪. ઉચ્ચતર માધ્યમિક શાળાના ધોરણ- ૧૧ અને ધોરણ- ૧૨ ના વિદ્યાર્થીઓના અભ્યાસ ટેવ સંશોધનિકા પર મેળવેલ સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય. ૫. ઉચ્ચતર માધ્યમિક શાળાના ગ્રામ્ય વિસ્તારના ધોરણ -૧૧ અને ધોરણ- ૧૨ ના વિદ્યાર્થીઓના અભ્યાસ ટેવ સંશોધનિકા પર મેળવેલ સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય. ૬. ઉચ્ચતર માધ્યમિક શાળાના શહેરી વિસ્તારના ધોરણ- ૧૧ અને ધોરણ- ૧૨ ના વિદ્યાર્થીઓના અભ્યાસ ટેવ સંશોધનિકા પર મેળવેલ સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

**સંશોધનના ચલ-** સ્વતંત્ર ચલ- જાતિ    પરતંત્ર ચલ- અધ્યયન ટેવ    અંકુશિત ચલ- ધોરણ

**સંશોધનનો પ્રકાર-** વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ પૈકી સર્વેક્ષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂના-** પાલનપુર તાલુકાની ગુજરાતી માધ્યમની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાંથી ગ્રામ્ય વિસ્તારની ૨ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાંથી ૬૦ વિધાર્થીઓ અને શહેરી વિસ્તારની ૨ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાંથી ૬૦ વિદ્યાર્થીઓ એમ કુલ ૧૨૦ વિદ્યાર્થીઓને યાદચ્છિક રીતે પસંદગી કરવામાં આવી હતી.

**ઉપકરણ-** ડૉ. અરવિંદકુમાર એન. ચૌધરી દ્વારા રચેલ અભ્યાસ ટેવ સંશોધનિકા

**પૃથક્કરણની રીત-** સરાસરી, પ્રણાણ વિચલન, પ્રમાણભૂલ અને ટી- કસોટી

**સંશોધનના તારણો-** ૧. ઉચ્ચતર માધ્યમિક શાળાના કુમારો અને કન્યાઓના અભ્યાસ ટેવ સંશોધનિકાના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નથી. કુમાર અને કન્યાઓની અધ્યયન ટેવ સમાન જોવા મળેલ છે. અધ્યયન ટેવની જાતીયતા પર કોઈ સાર્થક અસર જોવા મળેલ નથી. ૨. ઉચ્ચતર માધ્યમિક શાળાના ગ્રામ્ય વિસ્તારના કુમારો અને કન્યાઓના અભ્યાસ ટેવ સંશોધનિકા પર પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક

તફાવત નથી. ગ્રામ્ય વિસ્તારના કુમાર અને કન્યાઓના અધ્યયન ટેવની ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ પર કોઈ અસર જોવા મળેલ નથી. ૩. ઉચ્ચતર માધ્યમિક શાળાના શહેરી વિસ્તારના કુમારો અને કન્યાઓએ અભ્યાસટેવ સંશોધનિકાના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત છે. શહેરી વિસ્તારના કુમાર અને કન્યાઓની અધ્યયન ટેવ એક સરખી જોવા મળેલ નથી. શહેરી વિસ્તારના કુમારો કરતાં કન્યાઓની અધ્યયન ટેવ વધુ સારી જોવા મળે છે. ૪. ઉચ્ચતર માધ્યમિક શાળાના ગ્રામ્ય વિસ્તારના ધોરણ -૧૧ અને ધોરણ - ૧૨ ના વિદ્યાર્થીઓની અભ્યાસટેવ સંશોધનિકાના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નથી. ગ્રામ્ય વિસ્તારના ધોરણ -૧૧ અને ધોરણ – ૧૨ ના વિધાર્થીઓની અધ્યયન ટેવ એકસમાન છે. અધ્યયન ટેવની ગ્રામ્ય વિસ્તારમાં ધોરણ પર કોઈ અસર જોવા મળેલ નથી. ૫. ઉચ્ચતર માધ્યમિક શાળાના શહેરી વિસ્તારના ધોરણ -૧૧ અને ધોરણ - ૧૨ ના વિદ્યાર્થીઓના અભ્યાસ ટેવ સંશોધનિકાના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નથી. શહેરી વિસ્તારના ધોરણ -૧૧ અને ધોરણ ૧૨ ના વિદ્યાર્થીઓની અધ્યયન ટેવ એકસમાન છે. અધ્યયન ટેવની શહેરી વિસ્તારમાં ધોરણ પર કોઈ અસર જોવા મળેલ નથી.

**સંશોધનના ફલિતાર્થો-** ૧. અધ્યયન ટેવ અંગેના ભાવિ સંશોધનો માટે પ્રસ્તુત અભ્યાસ માર્ગદર્શન સમાન બની રહેશે. ૨. વિદ્યાર્થીઓની અધ્યયન ટેવ અંગે જાણી શકાશે. ૩. અધ્યયન ટેવ અંગેના સંશોધનો હાથ ધરી શકાય.

**ચાવીરૂપ શબ્દો-** અધ્યયન ટેવ

**<u>૮. સંશોધકનું નામ- ચૌહાણ હિરલકુમારી વી.</u>**

**કોલેજનું નામ-** શ્રીમતી આર.કે.ડી. ખણુંસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુર

**માર્ગદર્શકનું નામ-** શ્રી પી. કે. પંચોલી

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી -** 2023-25/ H.N.G.U, Patan/ M.Ed

**સમસ્યા શીર્ષક - (ગુજરાતી/અંગ્રેજી)**

સ્પર્ધાત્મક પરીક્ષાઓ પ્રત્યે વિદ્યાર્થીઓ અને વાલીઓના વલણોનો અભ્યાસ

A Study of the Attitude of Students and Parents toward Competitive Examinations

**સંશોધનનું ક્ષેત્ર-** શૈક્ષણિક માપન અને મુલ્યાંકન

**સંશોધનના હેતુઓ-** ૧. સ્પર્ધાત્મક પરીક્ષાઓ પ્રત્યે બી.એડ્. કોલેજના પ્રશિક્ષણાર્થીઓના વલણો જાણવા વલણ માપદંડની રચના કરવી. ૨.સ્પર્ધાત્મક પરીક્ષાઓ પ્રત્યે બી.એડ્. કોલેજના પ્રશિક્ષણાર્થીઓના વલણો જાણવા. ૩.સ્પર્ધાત્મક પરીક્ષાઓ પ્રત્યે વાલીઓના વલણો જાણવા વલણ માપદંડની રચના કરવી. ૪.સ્પર્ધાત્મક પરીક્ષાઓ પ્રત્યે વાલીઓના વલણો જાણવા.

**સંશોધનના પ્રશ્નો-** ૧. સ્પર્ધાત્મક પરીક્ષાઓ પ્રત્યે બી.એડ્. કોલેજના વિદ્યાર્થીઓના વલણો કેવા હશે? ૨. સ્પર્ધાત્મક પરીક્ષાઓ પ્રત્યે વાલીઓના વલણો કેવા હશે?

**સંશોધનના ચલ-** સ્વતંત્ર ચલ- સ્પર્ધાત્મક પરીક્ષા   પરતંત્ર ચલ- વિદ્યાર્થીઓ, વાલીઓ   અંકુશિત ચલ- પાલનપુર તાલુકો

**સંશોધનનો પ્રકાર-** વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ પૈકી સર્વેક્ષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂના-**પાલનપુર તાલુકાની સ્વનિર્ભર બી.એડ્. કોલેજો પૈકી એક બી.એડ્. કોલેજ જે માતૃશ્રી એસ.એસ. ગોવિંદા બી.એડ્. કોલેજ, પાલનપુરમાં અભ્યાસ કરતાં કુલ- 200 પ્રશિક્ષણાર્થીઓ અને તેમના કુલ- 100 વાલીઓને નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ-** સ્વ-રચિત વલણ માપદંડ

**પૃથક્કરણની રીત-** સાદી ટકાવારી

**સંશોધનના તારણો-** ૧.સરકારી નોકરીની પસંદગી માટે સ્પર્ધાત્મક પરીક્ષા અનિવાર્ય છે. નોકરી મેળવવા માટે H.S.C અને સ્નાતકની પદવી અપૂરતી છે. ૨. સ્પર્ધાત્મક પરીક્ષા દ્વારા ગુણવત્તા યુક્ત ઉમેદવારની પસંદગી થશે અને તેના લીધે વ્યવસાયિક અને શૈક્ષણિક સ્તર ઊંચુ આવવાની શક્યતા જોવા મળેલ છે. ૩.સ્પર્ધાત્મક પરીક્ષા પાસ થયેલ ઉમેદવારો સારી રીતે કામ કરી શકશે અને વધુ યોગ્યતા ધરાવતા છે. મોટા ભાગના વિદ્યાર્થીઓ સ્પર્ધાત્મક પરીક્ષાના પ્રયત્નોની અને વય મર્યાદા હોવી ન જોઈએ એવું માને છે. ૪. વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષાનું માળખું અને અભ્યાસક્રમ યોગ્ય લાગે છે. સ્પર્ધાત્મક પરીક્ષા પાસ ન થવાથી નોકરીમાંથી વંચિત રહી જવાનો ભય લાગે છે તેને લીધે શિક્ષણ ક્ષેત્રે મેળવેલ ડિગ્રી વ્યર્થ બની ગઈ એવું લાગે છે. ૫. વિદ્યાર્થીઓ એવુ માને છે કે સ્પર્ધાત્મક પરીક્ષામાં પૂંછાતા પ્રશ્નોએ ઉમેદવારની વ્યવસાયિક યોગ્યતાને અસંગત હોય છે. ૬. સ્પર્ધાત્મક પરીક્ષાઓને કારણે ભ્રષ્ટાચારનું પ્રમાણ ઘટ્યું નથી અને સરકારી તીજોરી ભરવાની નિતી હોય તેવું લાગે છે. સ્પર્ધાત્મક પરીક્ષાઓ આપવા માટે પરીવહન ખર્ચ વધુ થાય છે એવું લાગે છે. <u>**સ્પર્ધાત્મક પરીક્ષાઓ અંગે વાલીઓએ આપેલ પ્રતિચારોના તારણો-**</u> ૧. સ્પર્ધાત્મક પરીક્ષા ઉમેદવારો માટે એક વધારાનો બોજો છે એવુ વાલીઓ માને છે. સ્પર્ધાત્મક પરીક્ષા દ્વારા ઉમેદવારની પસંદગીમાં જે ભ્રષ્ટાચાર થાય છે તે બંધ થશે એવુ માને છે. ૨. સ્પર્ધાત્મક પરીક્ષા દ્વારા ઉમેદવારનો નોકરી પ્રત્યેનો રસ ઉડી જાય એવું લાગે છે. સ્પર્ધાત્મક પરીક્ષા સરકારને બેકારીનો જવાબ આપવા માટેની એક બચાવ પ્રયુક્તિ છે એવું જણાઈ આવે છે. ૩. મોટા ભાગના વાલીઓ એવુ માને છે કે સ્પર્ધાત્મક પરીક્ષા પાસ કરવાથી જે પ્રમાણપત્ર મળે છે તેની પ્રમાણભૂતતા આજીવન હોવી જોઈએ.

**સંશોધનના ફલિતાર્થો-** ૧. સ્પર્ધાત્મક પરીક્ષાઓની OMR SHEET/જવાબવહીની કાર્બન કોપી વિદ્યાર્થીને આપવી જોઈએ. સ્પર્ધાત્મક પરીક્ષા હોવી જરૂરી છે કારણ કે તેના દ્વારા ગુણવત્તા યુક્ત ઉમેદવારની પસંદગી થઈ શકશે. ૨. સ્પર્ધાત્મક પરીક્ષાઓ દર વર્ષે અને નિયમિત સમયે લેવાવી જોઈએ. સ્પર્ધાત્મક પરીક્ષા શિક્ષક પસંદગીની પ્રક્રિયા જરૂરી છે. સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉત્તીર્ણ થવું જરૂરી છે કારણ કે શિક્ષણ ક્ષેત્રે મેળવેલી ડિગ્રી અપૂરતી છે.

**ચાવીરૂપ શબ્દો-** સ્પર્ધાત્મક પરીક્ષા, વલણ

<u>**૯. સંશોધકનું નામ- ચૌહાણ પ્રતીક્ષા એચ.**</u>

**કોલેજનું નામ-** શ્રીમતી આર.કે.ડી.ખણુંસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુર

**માર્ગદર્શકનું નામ** -ડૉ. સી. એમ. ત્રિવેદી

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી -** 2023-25/ H.N.G.U, Patan/ M.Ed

**સમસ્યા શીર્ષક - (ગુજરાતી/અંગ્રેજી)**

ઉચ્ચત્તર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની અધ્યયન શૈલીનો અભ્યાસ

A Study on Style of Higher Secondary School Students of Chhapi Village

**સંશોધનનું ક્ષેત્ર-** શૈક્ષણિક મનોવિજ્ઞાન

**સંશોધનના હેતુઓ-** ૧. ઉચ્ચત્તર માધ્યમિક શાળા વિદ્યાર્થીઓની અધ્યયન શૈલીનો અભ્યાસ કરવો. ૨. ઉચ્ચત્તર માધ્યમિક શાળા વિદ્યાર્થીઓની અધ્યયન શૈલીનો જાતિયતાના સંદર્ભે અભ્યાસ કરવો. ૩. ઉચ્ચત્તર માધ્યમિક શાળા વિદ્યાર્થીઓની અધ્યયન શૈલીનો વિસ્તારના સંદર્ભે અભ્યાસ કરવો. ૪. ઉચ્ચત્તર માધ્યમિક શાળા વિદ્યાર્થીઓની અધ્યયન શૈલીનો ધોરણના સંદર્ભે અભ્યાસ કરવો.

**સંશોધનના પ્રશ્નો-** ૧. અધ્યયન શૈલીના અભ્યાસથી ઉચ્ચત્તર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ પર દ્રશ્ય, શ્રાવ્ય અને ક્રિયાત્મક શૈલીની શું અસર થશે? ૨. અધ્યયન શૈલીના અભ્યાસથી ઉચ્ચત્તર માધ્યમિક શાળાના

ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ પર દ્રશ્ય, શ્રાવ્ય અને ક્રિયાત્મક શૈલીની શું અસર થશે? ૩. અધ્યયન શૈલી અભ્યાસથી ઉચ્ચત્તર માધ્યમિક શાળાના ધોરણ ૧૧ ના કુમારો અને કન્યાઓ પર દ્રશ્ય, શ્રાવ્ય અને ક્રિયાત્મક શૈલીની શું અસર થશે? ૪. અધ્યયન શૈલીના અભ્યાસથી ઉચ્ચત્તર માધ્યમિક શાળાના ધો-૧૨ ના કુમારો અને કન્યાઓ પર દ્રશ્ય, શ્રાવ્ય અને ક્રિયાત્મક શૈલીની શું અસર થશે?

**સંશોધનના ચલ-** સ્વતંત્ર ચલ- જાતિ, વિસ્તાર પરતંત્ર ચલ- અધ્યયન શૈલી અંકુશિત ચલ- ધોરણ, માધ્યમ

**સંશોધનનો પ્રકાર-** વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** સર્વેક્ષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો-** વડગામ તાલુકાની ગુજરાતી માધ્યમની એક માત્ર ગ્રામ્ય વિસ્તારની ઉચ્ચત્તર માધ્યમિક શાળાના ધોરણ-11 અને 12 માં અભ્યાસ કરતાં કુલ- 200 વિદ્યાર્થીઓને યાદચ્છિક નમૂના પસંદગીથી પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ-** ડૉ. એ. એન પરમાર રચિત અધ્યયન શૈલી સંશોધનિકા

**પૃથક્કરણની રીત-** સાદી ટકાવારી

**સંશોધન તારણો –** ૧. દ્રશ્ય અધ્યેતામાં ૧૩ (૫.૬%) વિદ્યાર્થીઓ સંગીતને નજર સમક્ષ જુએ છે. શ્રાવ્ય અધ્યેતામાં ૧૩૬ (૬૮%) વિદ્યાર્થી સંગીતના તાલે સાંભળે છે. ૨. ક્રિયાત્મક અધ્યેતામાં ૫૧ (૫.૨૫) વિદ્યાર્થીઓ સંગીત સાથે ઝૂમવા અને નાચવા લાગે છે. દ્રશ્ય અધ્યેતામાં ૧૧૪ (૫૭%) વિદ્યાર્થીઓ ફોન કે વાતચીત દ્વારા શિક્ષકો, નિષ્ણાતો સાથે વાત કરીને ઉકેલ મેળવે છે. ક્રિયાત્મક અધ્યેતામાં ૪૬ (૨૩%) વિદ્યાર્થીઓ ઉકેલ માટે પોતાના મનમાં બધા મુદ્દા ગોઠવી લે છે. દ્રશ્ય અધ્યેતામાં ૯૬ (૪.૪૮%) વિદ્યાર્થીઓ મ્યુઝિયમમાં પ્રદશનની વસ્તુઓ નિહાળે છે અને સૂચનો વાંચે છે.

**સંશોધનના ફલિતાર્થ-** ૧. વિદ્યાર્થીઓની અધ્યયનશૈલી ઓળખી એ પ્રમાણે અધ્યયન કરવાથી વધુ સારી રીતે મેળવી શકાય. ૨. દ્રશ્ય શ્રાવ્ય અને ક્રિયાત્મક અધ્યયન શૈલી ધરાવતા અત્યતાને તેમની અધ્યયન શૈલી પ્રમાણે અધ્યયન કરાવવાથી વધુ સારા પરિણામો મેળવી શકાય. ૩. પ્રસ્તુત સંશોધનમાં જાણવા મળ્યું કે શ્રાવ્ય અધ્યયન શૈલી ધરાવતી કન્યાઓ કુમારો કરતા વધુ અસરકારક રીતે શીખે છે માટે કન્યાઓને શ્રાવ્ય પ્રવૃત્તિ દ્વારા અધ્યયન માટે પ્રોત્સાહિત કરી શકાય. ૪. પ્રસ્તુત સંશોધનના પરિણામો જોતા આચાર્યશ્રી સંચાલકશ્રી અને શિક્ષણવિભાગ શાળાઓ માટે વિદ્યાર્થીઓની અધ્યયન શૈલી અનુસાર અધ્યયન ઉપકરણોની વ્યવસ્થા અને વર્ગોની સાધન સામગ્રીથી સજ્જ બનાવી શકે. ૫. જો શાળામાં એક થી વધુ વર્ગો હોય તો આચાર્યશ્રી વિદ્યાર્થીઓની અધ્યયન શૈલી અનુસાર વર્ગોમાં વહેંચણી કરી શકે. ૬. શાળાઓએ વર્ગોના નામ એબીસીની જગ્યાએ દ્રશ્ય અધ્યયન શૈલી શ્રાવ્ય અધ્યન શૈલી અને ક્રિયાત્મક અવ્યય શૈલીના વર્ગોના નામ આપી અને બેસવાની વ્યવસ્થા કરી શકાય છે.

**ચાવીરૂપ શબ્દો-** અધ્યયન શૈલી, ટેકનોલોજી

**<u>૧૦. સંશોધકનું નામ: ડામોર સોનલબેન ભેમાભાઈ</u>**

**કોલેજનું નામ -** શ્રીમતી આર.કે.ડી. ખણુંસિયા એમ. એડ્. કોલેજ, પાલનપુર

**માર્ગદર્શકનું નામ –** ડો. પી.બી. પટેલ

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી -** 2023-25/ H.N.G.U, Patan/ M.Ed

**સમસ્યા શીર્ષક - (ગુજરાતી/અંગ્રેજી)**

મોબાઈલના ઉપયોગથી વિદ્યાર્થીઓની જીવનશૈલી પર પડતી અસરનો અભ્યાસ.

A Study of Effect of Use of Mobile on Lifestyle of the Students.

**સંશોધનનું ક્ષેત્ર –** શૈક્ષણિક ટેકનોલોજી

**સંશોધનના હેતુઓ –** ૧. મોબાઈલના ઉપયોગથી વિદ્યાર્થીઓની જીવનશૈલી પર પડતી અસરો જાણવા પ્રશ્નાવલિની રચના કરવી. ૨. મોબાઈલના ઉપયોગથી વિદ્યાર્થીઓની જીવનશૈલીના પાસાઓ બોલી, આચાર-વિચાર, શિષ્ટાચાર, પહેરવેશ, ટેવો જેવી અસરોનો અભ્યાસ કરવો. ૩. મોબાઈલના ઉપયોગથી વિદ્યાર્થીઓના રીત-રિવાજ, અંધશ્રધ્ધા, વિશિષ્ટ દિવસોની ઉજવણી વગેરે પડતી અસરનો અભ્યાસ કરવો.

**સંશોધન પ્રશ્નો/ઉત્કલ્પનાઓ –** ૧. મોબાઈલના ઉપયોગથી વિદ્યાર્થીઓના જીવનશૈલી પર પડતી અસરો જાણવા રચેલ ઉપકરણ અસરકારક નીવડશે ? ૨. મોબાઈલના ઉપયોગથી વિદ્યાર્થીઓની ભાષા પર શું અસર હશે ? ૩. મોબાઈલના ઉપયોગથી વિદ્યાર્થીઓની આચાર-વિચાર પર શું અસર હશે? ૪. મોબાઈલના ઉપયોગથી વિદ્યાર્થીઓની શિષ્ટાચાર પર શું અસર હશે ? ૫. મોબાઈલના ઉપયોગથી વિદ્યાર્થીઓની પહેરવેશ પર શું અસર હશે ?મોબાઈલના ઉપયોગથી વિદ્યાર્થીઓની ટેવો પર શું અસર હશે ? ૬. મોબાઈલના ઉપયોગથી વિદ્યાર્થીઓની રીત-રિવાજ પર શું અસર હશે ? ૭. મોબાઈલના ઉપયોગથી વિદ્યાર્થીઓ વિશિષ્ટ દિવસોની ઉજવણી કઈ રીતે કરતા હશે?

**સંશોધનમાં સમાવિષ્ટ ચલ** - સ્વતંત્ર ચલ - મોબાઈલ પરતંત્ર ચલ - જીવનશૈલી

**સંશોધનના પ્રકાર –** વ્યવહારિક સંશોધન

**સંશોધન પદ્ધતિ –** સર્વેક્ષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂના –** પ્રસ્તુત સંશોધન બનાસકાંઠા જિલ્લાના પાલનપુર શહેરના ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા ધોરણ- ૧૧ અને ૧૨ ના વિદ્યાર્થીઓને વ્યાપવિશ્વ તરીકે લેવામાં આવેલ છે. પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં નમૂનો શાળામાંથી ૧૦૦ વિદ્યાર્થીઓને પસંદ કર્યા હતા. આમ, કુલ ૫૦૦ વિદ્યાર્થીઓ પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ** - સ્વરચિત પ્રશ્નાવલિ

**માહિતીની પૃથકકરણની રીત** - સાદી ટકાવારી

**સંશોધનના તારણો – ભાષા અંગેના તારણો –** ૧. મોબાઈલના ઉપયોગના કારણે વિદ્યાર્થીઓ પોતાની જીવનશૈલીમાં અંગ્રેજી ભાષાનો ઉપયોગ કરવા લાગ્યા છે. ૨. મોબાઈલના ઉપયોગના કારણે વિદ્યાર્થીઓ શુધ્ધ ભાષા બોલવા લાગ્યા છે. ૩. મોબાઈલના ઉપયોગના કારણે વિદ્યાર્થીઓ સારા અને ખરાબ જેવા ટૂંકા શબ્દો વાપરવા લાગ્યા છે.

**આચાર વિચાર અંગેના તારણો –** ૧. મોબાઈલમાં વપરાતા સારા વિચારો વિદ્યાર્થીઓ પોતાના જીવનમાં અમલમાં મૂકવા લાગ્યા છે. ૨. મોબાઈલમાં જોયા પ્રમાણે વિદ્યાર્થીઓ પોતાના જન્મ દિવસની પાર્ટી મનાવા લાગ્યા છે. ૩. આધુનિક સ્કૂલો અને કોલેજમાં ઉજવતા "ડે' જોઈને વિદ્યાર્થીને શાળાનો ગણવેશ પહેરવો ગમતો નથી. ૪. મોબાઈલના ઉપયોગના કારણે વિદ્યાર્થીઓ પશ્ચિમી સંસ્કૃતિનું અનુકરણ વધુ કરવા મંડયા છે. **શિષ્ટાચાર અંગેના તારણો –** ૧. મોબાઈલના ઉપયોગના કારણે સંયુકત કુટુંબની જગ્યાએ વિભકત કુટુંબમાં રહેવાનું વધુ પસંદ કરવા લાગ્યા છે. ૨. વિદ્યાર્થીઓ ઘરનું કામકાજ કરતાં મોબાઈલમાં સમય પસાર કરવાનું પસંદ કરે છે અને કયારેક ગૃહકાર્ય કરવાનું ટાળે છે. **3.** મોબાઈલમાં જોયા પ્રમાણે મમ્મી-પપ્પાને પગે લાગવાને બદલે ગળે મળવાનું પસંદ ઓછું કરે છે. **પહેરવેશ અંગેના તારણો –** ૧. મોબાઈલના ઉપયોગના કારણે વિદ્યાર્થીઓ અભિનેતા કે અભિનેત્રીના જોવા કપડાં પહેરવાનું વધુ પસંદ કરે છે. ૨. મોબાઈલના ઉપયોગના કારણે વિદ્યાર્થીઓ ફિલ્મી કલાકાર જોવા કપડાં, બુટ-ચંપલ, બોલવાની – ચાલવાની વગેરે આદિ બાબત જોઈને જીવનશૈલીમાં પરિવર્તન લાવે છે. **ટેવો અંગેના તારણો –** ૧. મોબાઈલના કારણે અમુક વિદ્યાર્થીઓ નશીલા પદાર્થનું સેવન કરતા થયા છે. ૨. મોબાઈલમાં જોવા મળતાં સંગીત કાર્યક્રમ સાંભળીને

ગીત ગાવા લાગ્યા છે. **રીત-રિવાજ અંગેના તારણો –** ૧. મોબાઈલ જોવાથી વિદ્યાર્થીઓ જૂન રીત-રિવાજોની જગ્યાએ આધુનિક અને મોબાઈલમાં બતાવ્યા પ્રમાણે રીત-રિવાજો પળતા થયા છે. ૨. મોબાઈલ નિહાળીને વિદ્યાર્થીઓ ડ્રાન્સ કરતા અને ડ્રાન્સ પાર્ટી ઉજવતા થાય છે. **અંધશ્રધ્ધા–માન્યતા અંગેના તારણો –** ૧. મોબાઈલના ઉપયોગને કારણે વિદ્યાર્થીઓ અન્ય પર જલ્દી વિશ્વાસ મુકતા નથી. ૨. મોબાઈલના કારણે અમુક બાબતોની વહેમમાં વધારો થાય છે. **ભોજન અંગેના તારણો –** ૧. મોબાઈલના ઉપયોગ પછી વિદ્યાર્થીઓ બહારના નાસ્તો કરતા થાય છે. ૨. મોબાઈલના કારણે વિદ્યાર્થી નવા-નવા ભોજન વિશે માહિતી મેળવે છે. ૩. વિદ્યાર્થીઓ સ્વચ્છ અને ગુણવત્તાયુકત ખોરાક લેવાની પ્રેરણા મળે છે.

**સંશોધનના શૈક્ષણિક ફલિતાર્થો –** ૧. મોબાઈલના ઉપયોગથી વિદ્યાર્થીઓની જીવનશૈલીમાં પરિવર્તન થાય તેવા ડોકયુમેન્ટરી ફિલ્મો કે વિડિયો કિલપો બનાવવી જોઈએ. ૨. મોબાઈલના કારણે મોટાભાગના વિદ્યાર્થીઓની ભાષામાં ફેરફાર થાય તેવી ભાષા પ્રદર્શિત કરવી જોઈએ. ૩. મોબાઈલના ઉપયોગના કારણે પશ્ચિમી સંસ્કૃતિનું જ્ઞાન મેળવે અને પોતાના જ્ઞાનનો વધારો કરે તેવા કાર્યક્રમો હોવા જોઈએ. ૪. મોબાઈલના ઉપયોગથી વિદ્યાર્થીઓ પર હકારાત્મક અસર જોવા મળે છે. પરંતુ જો સતત મોબાઈલના જોવામાં આવે તો તેની વિપરીત અસરો પણ થઈ શકે છે. તેથી વિદ્યાર્થીઓ એ વધારે પડતા નહિ પરંતુ દરરોજ અમુક પ્રકારના કાર્યક્રમો જ જોવા જોઈએ. ૫. વિદ્યાર્થીઓ નવી માન્યતામાં પ્રેરાય તેવા સારા કાર્યક્રમો મોબાઈલ પર પ્રસારિત કરવા જોઈએ. ૬. મોબાઈલ જોવાથી વિદ્યાર્થીઓ શિક્ષણ વિશેની માહિતી મેળવતા થાય અને પોતાનું લક્ષ્ય નક્કી કરે તેવા કાર્યક્રમ હોવા જોઈએ. ૭. મોબાઈલ કાર્યક્રમો વિદ્યાર્થીઓને પ્રેરણા પૂરી પાડે તેવા દર્શાવવા જોઈએ. ૮. વિદ્યાર્થીની જીવનશૈલીના વર્તનમાં પરિવર્તન આવે શ્રેષ્ઠ વિકાસ થાય તેવા કાર્યક્રમો વિદ્યાર્થી ઓએ નિહાળવા જોઈએ.

**ચાવીરૂપ શબ્દો –** જીવનશૈલી, મોબાઈલ

**<u>૧૧. સંશોધકનું નામ- ડેરિયા મિલનકુમાર એસ.</u>**

**કોલેજનું નામ-** શ્રીમતી આર.કે.ડી. ખણુંસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુર

**માર્ગદર્શકનું નામ-** શ્રી સી.જે.રાવલ

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી -** 2023-25/ H.N.G.U, Patan/ M.Ed

**સમસ્યા શીર્ષક - (ગુજરાતી/અંગ્રેજી)**

પાલનપુર તાલુકાના બી.એડ્.ના પ્રશિક્ષણાર્થીઓની ગાણિતિક તર્ક શક્તિનો કેટલાક ચલોના સંદર્ભમાં અભ્યાસ

A Study of the Mathematical Reasoning Ability of Training of B.Ed. with Reference to Contain Variable of Palanpur Taluka

**સંશોધનનું ક્ષેત્ર-** ગણિત શિક્ષણ

**સંશોધનના હેતુઓ-** ૧. પાલનપુર તાલુકાના બી.એડ્.ના પ્રશિક્ષણાર્થીની ગાણિતિક તર્કશકિત જાણવી. ૨. પાલનપુર તાલુકાના બી.એડ્.માં અભ્યાસ કરતા ગ્રામ્ય વિસ્તારના પ્રશિક્ષણાર્થી તથા શહેરી વિસ્તારના પ્રશિક્ષણાર્થીની ગાણિતિક તર્કશક્તિ વચ્ચેનો તફાવત જાણવો. ૩. પાલનપુર તાલુકાના બી.એડ્.ના પ્રશિક્ષણાર્થીની ગાણિતિક તર્કશકિતની જાતિના સંદર્ભમાં તુલના કરવી.

**સંશોધનની ઉત્કલ્પનાઓ-** ૧. પાલનપુર તાલુકાના બી.એડ્. કૉલેજમાં અભ્યાસ કરતા કુમાર અને કન્યાઓએ ગાણિતિક તર્ક કસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહી હોય. ૨. પાલનપુર તાલુકાના બી.એડ્. કૉલેજમાં અભ્યાસ કરતા શહેરી વિસ્તારના કુમાર અને કન્યાઓએ ગાણિતિક તર્ક કસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહી હોય. ૩.પાલનપુર તાલુકાના બી.એડ્.

કૉલેજમાં અભ્યાસ કરતા ગ્રામ્ય વિસ્તારના કુમાર અને કન્યાઓએ ગાણિતિક તર્કકસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહી હોય. ૪. પાલનપુર તાલુકાના બી.એડ્. કૉલેજમાં અભ્યાસ કરતા ગ્રામ્ય વિસ્તારની કન્યાઓ અને શહેરી વિસ્તારની કન્યાઓએ ગાણિતિક તર્કકસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહી હોય.

**સંશોધનના ચલ-** સ્વતંત્ર ચલ- જાતિ, વિસ્તાર પરતંત્ર ચલ- ગાણિતિક તર્કશકિત અંકુશિત ચલ- કૉલેજના પ્રકાર, વિષય, વિસ્તાર, માધ્યમ

**સંશોધનનો પ્રકાર-** વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** સર્વેક્ષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂના-** પાલનપુર તાલુકાની ગુજરાતી માધ્યમની બી.એડ્. કોલેજોમાંથી માતૃશ્રી એસ.એસ. ગોવિંદા બી.એડ્. કોલેજ, પાલનપુર અને લોકનિકેતન બી.એડ્. કોલેજ, રતનપુર એમ બે કોલેજો અભ્યાસ કરતાં પ્રશિક્ષાર્થીઓને સહેતુક રીતે પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ-** ડો. ભાવનાબેન સી. પટેલ રચિત ગાણિતિક તર્કશકિત કસોટી

**પૃથક્કરણની રીત-** મધ્યક, પ્રમાણ વિચલન, પ્રમાણભૂલ અને ટી- કસોટી

**સંશોધનના તારણો-** ૧. પાલનપુર તાલુકાના બી.એડ્.ના પ્રશિક્ષણાર્થીની ગાણિતિક તર્કશકિત સામાન્ય કહી શકાય. ૨. પાલનપુર તાલુકાના બી.એડ્.માં અભ્યાસ કરતા કુમારો ગાણિતિક તર્કશકિતની બાબતમાં કન્યાઓ કરતા ચઢિયાતા છે. ૩. પાલનપુર તાલુકાની બી.એડ્.માં અભ્યાસ કરતી શહેરી વિસ્તારની કન્યાઓની ગાણિતિક તર્કશકિત અને કુમારોની ગાણિતિક તર્કશકિત લગભગ સરખી છે. ૪. પાલનપુર તાલુકાના બી.એડ્.માં અભ્યાસ કરતી ગ્રામ્ય વિસ્તારની કન્યાઓ અને કુમારો ગાણિતિક તર્કશક્તિની બાબતમાં લગભગ સમાન છે. ૫. પાલનપુર તાલુકાની બી.એડ્.માં અભ્યાસ કરતી શહેરી વિસ્તારની કન્યાઓ ગાણિતિક તર્કશક્તિની બાબતમાં ગ્રામ્ય વિસ્તારની કન્યાઓ કરતા ચઢિયાતી છે.

**સંશોધનના ફલિતાર્થો-** ૧. ગાણિતિક તર્કશકિત વિકાસ કાર્યક્રમનો અમલ કરવાથી પ્રશિક્ષણાર્થીની ગાણિતિક તર્કશક્તિમાં વધારો થાય છે. આથી કહી શકાય કે, શિક્ષકોએ પ્રશિક્ષણાર્થીની ગાણિતિક તર્કશકિત વિકાસવવા માટે આવા કાર્યક્રમને શાળામાં સ્થાન આપવું જોઈએ. ૨. ગાણિતિક તર્કશકિત વિકાસ કાર્યક્રમનું આયોજન પૂર્વક અમલીકરણ પ્રાથમિક શાળાના પ્રશિક્ષણાર્થી માટે અત્યંત આવકાર્ય છે. ૩. શિક્ષકોએ પ્રશિક્ષણાર્થીની ગાણિતિક તર્કશકિત અનુસાર કારકીર્દી અંગે માર્ગદર્શન પૂરૂં પાડવું જોઈએ. શાળાના આચાર્યએ ગાણિતિક તર્કશકિતમાં નિષ્ણાંત એવી વ્યકિતઓનો સંપર્ક સાધી વર્ષ દરમિયાન એકાદ-બે વખત તેમનું વ્યાખ્યાન ગોઠવવું જોઈએ. ૪. જેથી પ્રશિક્ષણાર્થી ગાણિતિક તર્કશકિત બાબતનો પરિચય કેળવી શકે. વાલીઓએ પણ પોતાના બાળકોમાં ગાણિતિક તર્કશકિતનો વિકાસ થાય તે માટે યોગ્ય સાહિત્ય પૂરૂં પાડવું જોઈએ તેમજ ઘરમાં પણ યોગ્ય વાતાવરણ પૂરૂં પાડવું જોઈએ.દરેક શાળાના જે-તે વિષયના વિષય શિક્ષકોએ ગાણિતિક તર્કશકિત કસોટીનો ઉપયોગ કરી બાળકોને તેમનામાં રહેલી વિશેષ યોગ્યતાથી માહિતગાર કરવા જોઈએ. ૫. અન્ય વિષયો જેવા કે, વિજ્ઞાન, અંગ્રેજી, ભૂમિતિ, ભાષાઓ વગેરે ઉપયોગી વિષયોની પણ અભિયોગ્યતા કસોટી રચી બાળકોની અભિયોગ્યતા ચકાસવી જોઈએ. ૬. આ રીતે પ્રયોજકે જે અભ્યાસ કાર્ય હાથ ધર્યુ હતુ તે અહીં પૂર્ણ થાય છે. શૈક્ષણિક સંશોધન એતો નિરંતર ચાલતી પ્રક્રિયા છે. તેથી આ કાર્યના અનુસંધાને હજુ પણ કેટલાક અભ્યાસો હાથ ધરી શકાય.જેમના કેટલાક શકય સંશોધનો અહીં રજૂ કરેલ છે.

**ચાવીરૂપ શબ્દો-** ગાણિતિક તર્કશક્તિ

**<u>૧૨. સંશોધકનું નામ – ધ્રાંગી જગદીશકુમાર પી.</u>**

**કોલેજનું નામ-** શ્રીમતી આર.કે.ડી.ખણુંસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુર

**માર્ગદર્શકનું નામ-** શ્રી પી. કે. પંચોલી

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી -** 2023-25/ H.N.G.U, Patan/ M.Ed

**સમસ્યા શીર્ષક - (ગુજરાતી/અંગ્રેજી)**

પાલનપુર તાલુકાની પ્રાથમિક શાળાના શિક્ષકોમાં કમ્પ્યૂટર જાણકારીનો અભ્યાસ

A Study on Computer Knowledge of Primary School Teachers in Palanpur Taluka

**સંશોધનનું ક્ષેત્ર-** પ્રાથમિક શિક્ષણ

**સંશોધનના હેતુઓ-** ૧. પ્રાથમિક શાળાના શિક્ષકોને કમ્પ્યૂટર વિષયક જાણકારી માટેની કસોટીની રચના કરવી. ૨. ગ્રામ્ય વિસ્તારની પ્રાથમિક શાળાના શિક્ષક અને શિક્ષિકાઓમાં કમ્પ્યૂટર વિષયક જાણકારી તપાસવી. ૩. શહેરી વિસ્તારની પ્રાથમિક શાળાના શિક્ષક અને શિક્ષિકાઓમાં કમ્પ્યૂટર વિષયક જાણકારી તપાસવી. ૪. ગ્રામ્ય અને શહેરી વિસ્તારની પ્રાથમિક શાળાના શિક્ષક અને શિક્ષિકાઓમાં કમ્પ્યૂટર વિષયક જાણકારી તપાસવી.

**સંશોધનની ઉત્કલ્પનાઓ-** ૧. ગ્રામ્ય વિસ્તારની પ્રાથમિક શાળાના શિક્ષક અને શિક્ષિકાઓમાં કમ્પ્યૂટર વિષયક જાણકારીની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહિ હોય. ૨. શહેરી વિસ્તારની પ્રાથમિક શાળાના શિક્ષક અને શિક્ષિકાઓમાં કમ્પ્યૂટર વિષયક જાણકારીની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહિ હોય. ૩. ગ્રામ્ય અને શહેરી વિસ્તારની પ્રાથમિક શાળાના શિક્ષક અને શિક્ષિકાઓમાં કમ્પ્યૂટર વિષયક જાણકારીની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહિ હોય.

**સંશોધનના ચલ-** સ્વતંત્ર ચલ- પ્રાથમિક શાળાના શિક્ષક અને શિક્ષિકાઓ  પરતંત્ર ચલ- પ્રાથમિક શાળાના શિક્ષકોમાં કમ્પ્યૂટર વિષયક જાણકારીના પ્રાપ્તાંકો

**સંશોધનનો પ્રકાર-** વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** સર્વેક્ષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમુનો-** બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકાની પ્રાથમિક શાળાના કુલ-100 શિક્ષકોને યાદચ્છિક નમૂના પદ્ધતિથી પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ-** સ્વ-રચિત પ્રશ્નાવલિ

**પૃથક્કરણની રીત-** સરાસરી, પ્રમાણ વિચલન, પ્રમાણભૂલ અને ટી-કસોટી

**સંશોધનના તારણો-** ૧. ગ્રામ્ય વિસ્તારની પ્રાથમિક શાળાનાં શિક્ષકો કરતાં શિક્ષિકાઓમાં કમ્પ્યૂટર વિષયની જાણકારી વધુ છે. ૨. શહેરી વિસ્તારની પ્રાથમિક શાળાનાં શિક્ષકો અને શિક્ષિકાઓની કમ્પ્યૂટર વિષયની જાણકારી સમાન છે. ૩. ગ્રામ્ય વિસ્તારની પ્રાથમિક શાળાનાં શિક્ષકો કરતાં શહેરી વિસ્તારની પ્રાથમિક શાળાનાં શિક્ષકોમાં કમ્પ્યૂટર વિષયની જાણકારી વધુ છે. ૪. ગ્રામ્ય વિસ્તારની પ્રાથમિક શાળાની શિક્ષિકાઓ કરતાં શહેરી વિસ્તારની પ્રાથમિક શાળાની શિક્ષિકાઓમાં કમ્પ્યૂટર વિષયની જાણકારી વધુ છે.

**સંશોધનના ફલિતાર્થ-** પ્રાથમિક શાળાના તમામ શિક્ષકોમાં કમ્પ્યૂટર વિષયક જાણકારી ઓછા વતા પ્રમાણમાં જોવા મળી હતી. તેથી શિક્ષકોમાં કમ્પ્યૂટર વિષયક જાણકારીમાં વધારો થાય તેવી તાલીમ તેમજ તે અંગેનું જ્ઞાન મળે તે માટે વર્કશોપ યોજવા જોઈએ.

**<u>૧૩. સંશોધકનું નામ- ફાગુદરિયા કિરણકુમાર જે.</u>**

**કોલેજનું નામ-** શ્રીમતી આર.કે.ડી. ખણુંસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુર

**માર્ગદર્શકનું નામ-** ડૉ. જે. એલ. બારડ

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી -** 2023-25/ H.N.G.U, Patan/ M.Ed

**સમસ્યા શીર્ષક - (ગુજરાતી/અંગ્રેજી)**

પાલનપુર તાલુકાના બી.એડ્.ના પ્રશિક્ષણાર્થીઓની સમસ્યાઓનો અભ્યાસ
A Study of Problem of the B.Ed. Trainees of the Palanpur Taluka

**સંશોધનનું ક્ષેત્ર-** શિક્ષક-પ્રશિક્ષણ

**સંશોધનના હેતુઓ-** ૧. પ્રશિક્ષણાર્થીઓની સમસ્યાઓ જાણવા પ્રશ્નાવલિની રચના કરવી. ૨. બી.એડ્.ના પ્રશિક્ષણાર્થીઓની વ્યકિતગત સમસ્યાઓનો અભ્યાસ કરવો. ૩. બી.એડ્.ના પ્રશિક્ષણાર્થીઓની શૈક્ષણિક સમસ્યાઓનો અભ્યાસ કરવો. ૪. બી.એડ્.ના પ્રશિક્ષણાર્થીઓની સામાજિક સમસ્યાઓનો અભ્યાસ કરવો. ૫. બી.એડ્.ના પ્રશિક્ષણાર્થીઓની આર્થિક સમસ્યાઓનો અભ્યાસ કરવો. ૬. બી.એડ્.ના પ્રશિક્ષાણાર્થીઓની પરિવારને લગતી સમસ્યાનો અભ્યાસ કરવો.7.બી.એડ્.ના પ્રશિક્ષાણાર્થીઓની રહેઠાણને લગતી સમસ્યાનો અભ્યાસ કરવો.

**સંશોધનના પ્રશ્નો-** ૧.પાલનપુર તાલુકાના બી.એડ્.ના પ્રશિક્ષણાર્થીઓની વ્યકિતગત સમસ્યાઓ શું હશે? ૨.પાલનપુર તાલુકાના બી.એડ્.ના પ્રશિક્ષણાર્થીઓની શૈક્ષણિક સમસ્યાઓ શું હશે? ૩. પાલનપુર તાલુકાના બી.એડ્.ના પ્રશિક્ષણાર્થીઓની સામાજિક સમસ્યાઓ શું હશે? ૪. પાલનપુર તાલુકાના બી.એડ્.ના પ્રશિક્ષણાર્થીઓની આર્થિક સમસ્યાઓ શું હશે? ૫.પાલનપુર તાલુકાના બી.એડ્.ના પ્રશિક્ષણાર્થીઓની પરિવારને લગતી સમસ્યાઓ શું હશે ? ૬.પાલનપુર તાલુકાના બી.એડ્.ના પ્રશિક્ષણાર્થીઓની રહેઠાણને લગતી સમસ્યાઓ શું હશે?

**સંશોધનના ચલ-** ------------------

**સંશોધનનો પ્રકાર-** વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** સર્વેક્ષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂના-** પાલનપુર તાલુકાની કુલ બી.એડ્. કોલેજો માંથી ૫ બી.એડ્. કોલેજમાં અભ્યાસ કરતાં કુલ- 400 પ્રશિક્ષણાર્થીઓને યાદચ્છિક નમૂના પસંદગીથી પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ-** સ્વ-રચિત પ્રશ્નાવલિ

**પૃથક્કરણની રીત-** સાદી ટકાવારી

**સંશોધનના તારણો - <u>બી.એડ્.ના પ્રશિક્ષણાર્થીઓને મૂંઝવતી રહેઠાણને લગતી સમસ્યાઓ</u>-** ૧ .બી.એડ્.ના પ્રશિક્ષણાર્થીઓની સૌથી વધુ મૂંઝવતી રહેઠાણને લગતી સમસ્યાઓ નીચે મુજબ જોવા મળી હતી. તાલીમ દરમિયાન હોસ્ટેલમાં રહેવું પડે છે. તેવું લગભગ ૮૦% પ્રશિક્ષણાર્થીઓ માને છે. ૨. ૭૨.૭૨% પ્રશિક્ષણાર્થીઓના મકાન તાલીમી કોલેજથી દૂર છે. લગભગ ૫૯.૦૯% પ્રશિક્ષણાર્થીઓને વાંચવા માટે અલગ રૂમની વ્યવસ્થા નથી. બી.એડ્.ના પ્રશિક્ષણાર્થીઓની સૌથી ઓછી મૂંઝવતી રહેઠાણને લગતી સમસ્યાઓ નીચે મુજબ જોવા મળી હતી. બી.એડ્.ના ૧.૮૧% પ્રશિક્ષણાર્થીઓ પાસે રહેવા માટે મકાન નથી. **<u>બી.એડ્.ના પ્રશિક્ષણાર્થીઓની મૂંઝવતી આર્થિક સમસ્યાઓ-</u>** ૧. બી.એડ્.ના પ્રશિક્ષણાર્થીઓની સૌથી વધુ મૂંઝવતી આર્થિક સમસ્યાઓ નીચે મુજબ જોવા મળી હતી. લગભગ ૬૫.૭૫% પ્રશિક્ષણાર્થીઓના વાલીની આવક ઓછી છે. ૪૮.૪૮% પ્રશિક્ષણાર્થીઓના ઘરમાં વધારે સભ્ય હોવાથી પૈસાની સમસ્યા ઉદ્દભવે છે. ૨. બી.એડ્.ના પ્રશિક્ષણાર્થીઓની સૌથી ઓછી મૂંઝવતી આર્થિક સમસ્યાઓ નીચે મુજબ જોવા મળી હતી. લગભગ ૫.૪૫% પ્રશિક્ષણાર્થીઓ બેંકમાંથી લોન લઈને અભ્યાસ કરે છે.**<u>બી.એડ્.ના પ્રશિક્ષણાર્થીઓની સૌથી વધુ મૂંઝવતી વ્યક્તિગત સમસ્યાઓ</u>-** ૧. લગભગ ૪૫.૭૫% પ્રશિક્ષણાર્થીઓને તાલીમ દરમિયાન શિક્ષકો તરફથી યોગ્ય સહકાર ન મળતા હતાશ થઈ જાય છે. ૪૦.૯૦% પ્રશિક્ષણાર્થીઓ માને છે કે મોડા સુધી પાઠ આયોજન કરવાથી કોલેજમાં દિવસે ઉંઘ આવે છે. બી.એડ્.ના પ્રશિક્ષણાર્થીઓની સૌથી ઓછી મૂંઝવતી વ્યકિતગત સમસ્યાઓ નીચે મુજબ જોવા મળી હતી. ૧.૫૧% પ્રશિક્ષણાર્થીઓ એવા છે કે જેઓ ટયુશન

કરાવતા હોવાથી તૈયારીમાં તકલીફ પડે છે. **<u>બી.એડ્.ના પ્રશિક્ષણાર્થીઓને મૂંઝવતી પરિવારને લગતી સમસ્યાઓ</u>**- બી.એડ્.ના પ્રશિક્ષણાર્થીઓને સૌથી વધુ મૂંઝવતી પરિવારને લગતી સમસ્યાઓ નીચે મુજબ હતી. લગભગ ૪૫.૪૫% પ્રશિક્ષણાર્થીઓના પરિવારમાં સભ્યોની સંખ્યા વધારે છે. બી.એડ્.ના પ્રશિક્ષણાર્થીઓની સૌથી ઓછી મૂંઝવતી પરિવારને લગતી સમસ્યાઓ નીચે મુજબ હતી. ૩.૯૩% પ્રશિક્ષણાર્થીઓના પિતા હયાત નથી. ૫.૭૫% પ્રશિક્ષણાર્થીઓની પત્નિ અને બાળકો ઘરે હોવાથી ચિંતા અનુભવે છે.

**સંશોધનના ફલિતાર્થો-** ૧. પ્રશિક્ષણાર્થીઓના મકાન તાલીમી કોલેજથી દૂર હોવાથી તેઓને હોસ્ટેલમાં રહેવું પડે છે. તેથી હોસ્ટેલમાં પ્રશિક્ષણાર્થીઓને બધીજ સુવિધા પ્રાપ્ત થઈ શકે તેવી વ્યવસ્થા કરવી જોઈએ. ૨. ઘણાં પ્રશિક્ષણાર્થીઓના વાલીની આવક ઓછી છે અને તાલીમ દરમિયાન ખાસ કરીને શહેરમાં આવેલી બી.એડ્. કોલેજોમાં પ્રશિક્ષણાર્થીઓને શિક્ષણકાર્ય માટે જુદી જુદી શાળાઓમાં જવું પડતું હોવાથી ખર્ચ વધુ આવે છે. તો આ માટે શક્ય એટલી નજીકની શાળાઓમાં પાઠો ગોઠવવામાં આવે તો ખર્ચ થોડો ઘટાડી શકાય. ૩.તાલીમી કોલેજમાં શિક્ષકો દ્વારા પ્રશિક્ષણાર્થીઓને યોગ્ય સહકાર આપવો જોઈએ અને જરૂર પડયે પ્રશિક્ષણાર્થીઓનો ઉત્સાહ વધે તેવું માર્ગદર્શન પણ આપવું જોઈએ.

**ચાવીરૂપ શબ્દો-** બી.એડ્.ના પ્રશિક્ષણાર્થી

**<u>૧૪. સંશોધકનું નામ- ગમાર હર્ષાબેન એન.</u>**

**કોલેજનું નામ-** શ્રીમતી આર.કે.ડી.ખણુંસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુર

**માર્ગદર્શકનું નામ** -ડૉ. સી. એમ. ત્રિવેદી

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી -** 2023-25/ H.N.G.U, Patan/ M.Ed

**સમસ્યા શીર્ષક - (ગુજરાતી/અંગ્રેજી)**

ધોરણ-10 ના હિન્દી વિષયના પાઠ્યપુસ્તકમાંથી નિષ્પન્ન થતાં મૂલ્યોનો અભ્યાસ
A Study of Values to Be Derived From Textbook in Hindi Subject of Standard 10th

**સંશોધનનું ક્ષેત્ર**- શિક્ષણનું તત્વજ્ઞાન

**સંશોધનના હેતુઓ-** ૧. ધોરણ-10 ના હિન્દી વિષયના પાઠ્યપુસ્તકમાં પદ્ય વિભાગમાંથી નિષ્પન્ન થતાં મૂલ્યો તારવવા અને તેમના પ્રકાર દર્શાવવા. ૨. ધોરણ-10 ના હિન્દી વિષયના પાઠ્યપુસ્તકમાં ગદ્ય વિભાગમાંથી નિષ્પન્ન થતાં મૂલ્યો તારવવા અને તેમના પ્રકાર દર્શાવવા. ૩. ધોરણ-10 નાં હિન્દી વિષયના પાઠ્યપુસ્તકમાં આવરાયેલા છે તેમજ વર્ણસ્પર્શી રહી ગયેલ છે તે તપાસવું.

**સંશોધનનાં પ્રશ્નો-** ૧. ધોરણ-10 ના હિન્દી વિષયનાં પાઠ્યપુસ્તકમાં પદ્ય વિભાગની કૃતિઓમાં ક્યાં-ક્યાં મૂલ્યો સમાવિષ્ટ છે અને તેમનો કયો પ્રકાર છે? ૨. ધોરણ-10 ના હિન્દી વિષયનાં પાઠ્યપુસ્તકમાં ગદ્ય વિભાગની કૃતિઓમાં ક્યાં-ક્યાં મૂલ્યો સમાવિષ્ટ છે અને તેમનો કયો પ્રકાર છે? ૩. ધોરણ-10 ના હિન્દી વિષયનાં સમગ્ર પાઠ્યપુસ્તકમાં ક્યાં-ક્યાં મૂલ્યો સમાવિષ્ટ છે? ૪. ધોરણ-10 ના હિન્દી વિષયનાં સમગ્ર પાઠ્યપુસ્તકમાં ક્યાં-ક્યાં મૂલ્યો વર્ણસ્પર્શી રહ્યાં છે?

**સંશોધનનો પ્રકાર-** ગુણાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**- વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો-** ગુજરાત રાજ્યની ગુજરાતી માધ્યમની માધ્યમિક શાળાના ધોરણ-10 ના હિન્દી વિષયના ૨૦૧૯ શૈક્ષણિક વર્ષથી અમલમાં મૂકાયેલ પાઠ્યપુસ્તકમાં માત્ર મૂલ્ય સંબંધિત અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો. નમૂના તરીકે પાઠ્યપુસ્તકના પદ્ય વિભાગની કુલ કૃતિઓ (16) અને ગદ્ય વિભાગની કુલ કૃતિઓ (17) નો સમાવેશ કરવામાં આવ્યો હતો.

**ઉપકરણ-** કૃતિ પૃથક્કરણ પત્ર

**પૃથક્કરણની રીત-** ગુણાત્મક સંશોધન

**સંશોધનના તારણો-** ૧. ધોરણ-10 ના હિન્દી પાઠ્યપુસ્તકના ગદ્ય વિભાગમાં વ્યક્તિગત મૂલ્યો, સામાજિક મૂલ્યો, સાંસ્કૃતિક મૂલ્યો, આર્થિક મૂલ્યો, નૈતિક મૂલ્યો અને આધ્યાત્મિક મૂલ્યો જોવા મળ્યા છે, રાષ્ટ્રીય મૂલ્યો જોવા મળ્યા નથી. ૨. પ્રસ્તુત પદ્યવિભાગમાંથી વ્યક્તિગત મૂલ્યના આધારે નિષ્પન્ન થતાં મૂલ્યોમાં શ્રમનું ગૌરવ, ઉદ્યમશીલતા, કર્તવ્ય પરાયણતા, વૈજ્ઞાનિક દ્રષ્ટિબિંદુ, વ્યક્તિ  સન્માન, જુસ્સો, સખત મહેનત, ઈન્દ્રિયો પરનો કાબૂ અને સહનશક્તિ એમ નવ (9) મૂલ્યો જોવા મળે છે. જેમાં જુસ્સાના મૂલ્યો સૌથી વધુ જોવા મળે છે. ૩. પ્રસ્તુત પદ્યવિભાગમાંથી સામાજિક મૂલ્યના આધારે નિષ્પન્ન થતાં મૂલ્યોમાં સહકાર, સ્ત્રીઓનો સામાજિક દરજ્જો, સામાજિક ન્યાય, બંધુત્વ, લોકસેવા, કરુણા અને ક્ષમા એમ સાત (7) મૂલ્યો જોવા મળે છે. જેમાં કરુણાના મૂલ્યો સૌથી વધુ જોવા મળે છે. ૪. પ્રસ્તુત પદ્યવિભાગમાંથી સાંસ્કૃતિક મૂલ્યના આધારે નિષ્પન્ન થતાં મૂલ્યોમાં સત્ય, બ્રહ્મચર્ય, ધાર્મિક સહિષ્ણુતા એમ ત્રણ (3) મૂલ્યો જોવા મળે છે. જેમાં ત્રણે મૂલ્યો સરખા સ્વરૂપે સૌથી વધુ જોવા મળે છે. ૫. પ્રસ્તુત પદ્યવિભાગમાંથી આર્થિક મૂલ્યને આધારે નિષ્પન્ન થતાં મૂલ્યોમાં ધન ઉપાર્જન અને શોષણવિહીન અર્થવ્યવસ્થા એમ બે (2) મૂલ્યો જોવા મળે છે. જેમાં બન્ને મૂલ્યો સરખા સ્વરૂપે જોવા મળે છે. ૬. પ્રસ્તુત પદ્યવિભાગમાંથી નૈતિક મૂલ્યને આધારે નિષ્પન્ન થતાં મૂલ્યોમાં પ્રમાણિકતા, માનવતા, નૈતિક હિંમત, અન્યની લાગણીનો સ્વીકાર અને નિખાલસતા એમ પાંચ (5) મૂલ્યો જોવા મળે છે. જેમાં માનવતાના મૂલ્યો સૌથી વધુ જોવા મળે છે. ૭. પ્રસ્તુત પદ્યવિભાગમાંથી આધ્યાત્મિક મૂલ્યને આધારે નિષ્પન્ન થતાં મૂલ્યોમાં પ્રભુપ્રેમ, બ્રહ્મનિષ્ઠા, પ્રકૃતિચિત્રણ, આનંદ, તપશ્ચર્યા, ધાર્મિકતા, આધ્યાત્મિક ડહાપણ એમ સાત (7) મૂલ્યો જોવા મળે છે. જેમાં પ્રકૃતિચિત્રણના મૂલ્યો સૌથી વધુ જોવા મળે છે. ૮. ધોરણ-10 ના હિન્દી પાઠ્યપુસ્તકના ગદ્યવિભાગમાં વ્યક્તિગત મૂલ્યો, સામાજિક મૂલ્યો, સાંસ્કૃતિક મૂલ્યો, આર્થિક મૂલ્યો, રાષ્ટ્રીય મૂલ્યો, નૈતિક મૂલ્યો અને આધ્યાત્મિક મૂલ્યો જોવા મળે છે. ૯. પ્રસ્તુત ગદ્યવિભાગમાંથી વ્યક્તિગત મૂલ્યના આધારે નિષ્પન્ન થતાં મૂલ્યોમાં શ્રમનું ગૌરવ, ઉદ્યમશીલતા, કર્તવ્ય પરાયણતા, વૈજ્ઞાનિક દ્રષ્ટિબિંદુ, વ્યક્તિ સન્માન, જુસ્સો, સખત મહેનત, ઈન્દ્રિય પરનો કાબૂ અને સહનશક્તિ એમ નવ (9) મૂલ્યો જોવા મળે છે. જેમાં જુસ્સાના મૂલ્યો સૌથી વધુ જોવા મળે છે.10.પ્રસ્તુત ગદ્યવિભાગમાંથી સામાજિક મૂલ્યના આધારે નિષ્પન્ન થતા મૂલ્યોમાં સહકાર, સ્ત્રીઓનો સામાજિક દરજ્જો, સામાજિક ન્યાય, બંધુત્વ, લોકસેવા, કરુણા ક્ષમા એમ સાત (7) મૂલ્યો જોવા મળે છે. જેમાં કરુણાના મૂલ્યો સૌથી વધુ જોવા મળે છે.

**સંશોધનના ફલિતાર્થ-** ૧. ધોરણ-10 ના હિન્દી પાઠ્યપુસ્તકના પદ્યવિભાગમાં વ્યક્તિગત મૂલ્યો, સામાજિક મૂલ્યો, સાંસ્કૃતિક મૂલ્યો, આર્થિક મૂલ્યો, નૈતિક મૂલ્યો અને આધ્યાત્મિક મૂલ્યો  જોવા મળ્યા છે. જ્યારે રાષ્ટ્રીય મૂલ્યો જોવા મળ્યા નથી. આ પરિણામ દર્શાવે છે, કે ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ ધોરણ-10 ના હિન્દી પાઠ્યપુસ્તકના નવનિર્માણમાં રાષ્ટ્રીય મૂલ્યોનો સમાવેશ કરવો જોઈએ જેથી વિદ્યાર્થીઓ રાષ્ટ્રીય મૂલ્યો વિશે જાણી શકે. ૨. ધોરણ-10 ના હિન્દી પાઠ્યપુસ્તકના ગદ્યવિભાગમાં વ્યક્તિગત મૂલ્યો, સામાજિક મૂલ્યો, સાંસ્કૃતિક મૂલ્યો, આર્થિક મૂલ્યો, રાષ્ટ્રીય મૂલ્યો, નૈતિક મૂલ્યો અને આધ્યાત્મિક મૂલ્યો જોવા મળે છે. આ પરિણામ દર્શાવે છે કે હિન્દીનું અધ્યાપન  કાર્ય કરતાં શિક્ષકોએ કૃતિ અધ્યાપન કાર્ય દરમિયાન કયા મૂલ્યો કેવી રીતે આવરાયેલા છે તે વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કરવું જોઈએ. ૩. પ્રસ્તુત અભ્યાસના સમગ્ર પાઠ્યપુસ્તકમાં વ્યક્તિગત મૂલ્યો, સામાજિક મૂલ્યો, સાંસ્કૃતિક મૂલ્યો, આર્થિક મૂલ્યો, રાષ્ટ્રીય મૂલ્યો, નૈતિક મૂલ્યો અને આધ્યાત્મિક મૂલ્યો આમ સાત (7) મૂલ્યો જોવા મળે છે. જેમાં વ્યક્તિગત મૂલ્યો સૌથી વધુ પ્રમાણમાં જોવા મળે છે અને આર્થિક મૂલ્યો સૌથી ઓછા જોવા મળે છે. આ પરિણામ દર્શાવે છે કે ધોરણ-10 ના હિન્દીના પાઠ્યપુસ્તકમાં આર્થિક મૂલ્યોને લગતી કૃતિઓ પણ વધારવી જોઈએ. ૪. ધોરણ-10 ના

હિન્દીના સમગ્ર પાઠ્યપુસ્તકમાં દક્ષા જોષીના મત પ્રમાણે નક્કી કરવામાં આવેલા મૂલ્યોમાંથી નિષ્પન થતાં મૂલ્યો પૈકી પેટા મૂલ્યોમાં સ્વશિસ્ત અપરિગ્રહ, અસ્પૃશ્યતા નિવારણ, સર્વધર્મ સમભાવ, આર્જવ અને પર્યાવરણની જાળવણી એમ છ (6) મૂલ્યો વણસ્પર્શી રહી ગયેલ જોવા મળે છે. આ પરિણામ દર્શાવે છે કે પેટા મૂલ્યોનો સમાવેશ ધોરણ-10 ના હિન્દીના પાઠ્યપુસ્તકમાં કરવો જોઈએ જેથી શિક્ષકો અધ્યાપનકાર્ય દરમિયાન આ મૂલ્યોની પરિચિત થાય તેમજ વિદ્યાર્થીઓમાં આ રહી ગયેલ મૂલ્યોનો વિકાસ કરવામાં સક્ષમ બને.

**ચાવીરૂપ શબ્દો**- મૂલ્યો, વર્ણ

**<u>૧૫. સંશોધકનું નામ- ગમાર વિક્રમભાઈ એન.</u>**

**કોલેજનું નામ-** શ્રીમતી આર.કે.ડી. ખણુંસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુર

**માર્ગદર્શકનું નામ-** ડૉ. જે. એલ. બારડ

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી -** 2023-25/ H.N.G.U, Patan/ M.Ed

**સમસ્યા શીર્ષક - (ગુજરાતી/અંગ્રેજી)**

થરાદ તાલુકાના અનુસૂચિત જાતિની છાત્રાલયમાં નિવાસ કરતાં વિદ્યાર્થીઓની ભૌતિક અને શૈક્ષણિક સમસ્યાનો અભ્યાસ

A Study of Physical and Educational Problems of Scheduled Caste Hostel Students of Tharad Taluka

**સંશોધનનું ક્ષેત્ર-** અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને લઘુમતિ માટેનું શિક્ષણ

**સંશોધનના હેતુઓ-** ૧. અનુસૂચિત જાતિની છાત્રાલયમાં નિવાસ કરતા વિદ્યાર્થીઓની ભૌતિક સમસ્યાઓની માહિતી મેળવવા માટે પ્રશ્નાવલિની રચના કરવી. ૨. અનુસૂચિત જાતિની છાત્રાલયમાં નિવાસ કરતા વિદ્યાર્થીઓની શૈક્ષણિક સમસ્યાઓ જાણવી. ૩. અનુસૂચિત જાતિની છાત્રાલયમાં નિવાસ કરતા વિદ્યાર્થીઓની સામાજિક સમસ્યાઓ જાણવી. ૪. અનુસૂચિત જાતિની છાત્રાલયમાં નિવાસ કરતા વિદ્યાર્થીઓની સ્વાસ્થ્યને લગતી સમસ્યાઓ જાણવી.

**સંશોધનના પ્રશ્નો-** ૧. થરાદ તાલુકાની અનુસૂચિત જાતિની છાત્રાલયમાં નિવાસ કરતા વિદ્યાર્થીઓની ભૌતિક સુવિધા સંબંધિત સમસ્યાઓ કઈ હશે? ૨. થરાદ તાલુકાની અનુસૂચિત જાતિની છાત્રાલયમાં નિવાસ કરતા વિદ્યાર્થીઓની શૈક્ષણિક સમસ્યાઓ કઈ હશે? ૩. થરાદ તાલુકાની અનુસૂચિત જાતિની છાત્રાલયમાં નિવાસ કરતા વિદ્યાર્થીઓની સામાજિક સમસ્યાઓ કઈ હશે? ૪. થરાદ તાલુકાની અનુસૂચિત જાતિની છાત્રાલયમાં નિવાસ કરતા વિદ્યાર્થીઓની સ્વાસ્થ્ય સંબંધી સમસ્યાઓ કઈ હશે?

**સંશોધનના ચલ-** ------------

**સંશોધનનો પ્રકાર-** વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** સર્વેક્ષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂના-** થરાદ તાલુકાની અનુસૂચિત જાતિની છાત્રાલયમાં નિવાસ કરતા વિદ્યાર્થીઓમાંથી ઝૂમખા નમૂના પસંદગીની પદ્ધતિથી કુલ- 200 વિદ્યાર્થીઓને પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ-** સ્વ-રચિત પ્રશ્નાવલિ

**પૃથક્કરણની રીત-** સાદી ટકાવારી

**સંશોધનના તારણો-** **<u>ભૌતિકતા સમસ્યાઓ અંગેના તારણો-</u>** ૧૦૦ (૧૦૦,૦૦%) વિદ્યાર્થીઓ માટે પૂરતા વર્ગખંડની વ્યવસ્થા છે. ૧૯૫(૯૨.૫૦%) વિદ્યાર્થીઓ માટે પીવા માટે પાણીની પૂરતી સગવડ છે જયારે ૧૫ (૭.૫૦%) વિદ્યાર્થીઓના મતે પીવાના પાણીની પૂરતી સગવડ નથી. ૧૯૩ (૯૬,૦૦%) વિદ્યાર્થીઓ માટે પુસ્તકાલયની સગવડ છે, જયારે ૭(૪.૦૦%) વિદ્યાર્થીઓ માટે પુસ્તકાલયની સગવડ નથી. ૧૬૫ (૮૨.૫૦%)

વિદ્યાર્થીઓ માટે ભૌતિક સુવિધા હોવાના કારણે અભ્યાસ પર અસર પડે છે. જયારે ૩૫ (૧૭.૫૦%) વિદ્યાર્થીઓ માટે ભૌતિક સુવિધા હોવાના કારણે અભ્યાસ પર અસર પડતી નથી. **<u>શૈક્ષણિક સમસ્યાઓ અંગેના તારણો-</u>** ૧૪૦ (૭૦.૦૦%) વિદ્યાર્થીને અભ્યાસ માટે પુરતી સામગ્રી મળી રહે છે, જયારે ૬૦(૩૦,૦૦%) વિદ્યાર્થીઓને પુરતી સામગ્રી મળતી નથી. ૧૩ (૬.૫૦%) વિદ્યાર્થીઓને વાચન લેખન માટે તફલીફ પડે છે. જયારે ૧૮૭ (૯૩.૫૦%) વિદ્યાર્થીઓને વાંચન લેખન માટે તફલીફ પડતી નથી. ૧૯૫ (૯૭.૫૦%) વિદ્યાર્થીઓને અભ્યાસ માટે પુરતા પ્રમાણમાં શિક્ષકોનું માર્ગદર્શન મળી રહે છે, જયારે ૦૫ (૨.૫૦%) વિદ્યાર્થીઓને અભ્યાસ માટે પુરતા પ્રમાણમાં શિક્ષકોનું માર્ગદર્શન મળતું નથી. **<u>આર્થિક સમસ્યાઓ અંગેના તારણો-</u>** ૧૨૭ (૬૩.૫૦%) વિદ્યાર્થીઓ અભ્યાસ માટે પોતાનું કુટુંબ આર્થિક રીતે સદ્ધારતા ધરાવે છે. જયારે ૭૩ (૩૦.૫૦%) વિદ્યાર્થીઓના અભ્યાસ માટે પોતાનું કુટુંબ આર્થિક રીતે સધ્ધરતા ધરાવતું નથી. ૧૮૮ (૯૪,૦૦%) વિદ્યાર્થીને આર્થિક સ્થિતિના કારણે વિદ્યાર્થીઓ અભ્યાસ પર મુશ્કેલી પડે છે, જયારે ૧૨ (૬.૦૦%) વિદ્યાર્થીઓને આર્થિક સ્થિતિના કારણે અભ્યાસ પર મુશ્કેલી પડતી નથી. ૪૪ (૨૨.૦૦%) વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે આર્થિક મદદની જરૂર પડે છે, જયારે ૫૬ (૭૮.૦૦%) વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે આર્થિક મદદની જરૂર પડતી નથી. **<u>સ્વાસ્થ્ય આધારિત સમસ્યાઓ અંગેના તારણો-</u>** ૯૮(૪૯,૦૦%) વિદ્યાર્થીઓને સ્વાસ્થ્યના કારણે અભ્યાસ પર અસર થાય છે, જયારે ૧૦૨ (૫૧.૦૦%) વિદ્યાર્થીઓને સ્વાસ્થ્યના કારણે અભ્યાસ પર અસર પડતી નથી. ૧૫૩(૭૮.૫૦%) વિદ્યાર્થીઓને છાત્રાલયમાં પ્રાથમિક સારવારની સુવિધા છે જયારે ૪૩ (૨૧.૫૦%) વિદ્યાર્થીઓને છાત્રાલયમાં પ્રાથમિક સારવાર માટે પુરતા પ્રમાણમાં સુવિધા નથી. ૨૦૦ (૧૦૦.૦૦%) વિદ્યાર્થીઓ સ્વાસ્થ્યસંબંધી સમસ્યાના કારણે ગેરહાજર રહે છે. **<u>સામાજિકતા આધારિત સમસ્યાઓ અંગેના તારણો-</u>** ૯ (૪.૫૦%) વિદ્યાર્થીઓ સમાજ શિક્ષણ પ્રત્યે જાગૃત છે, જયારે ૧૯૧ (૯૫.૫૦%) વિદ્યાર્થીઓ સમાજ શિક્ષણ પ્રત્યે જાગૃત નથી. ૧૬૨ (૮૧.૦૦%) વિદ્યાર્થીઓ શિક્ષણના ભોગે સામાજિક કાર્યોમાં ભાગ લેવો પડે છે. જયારે ૩૮ (૧૯.૦૦%) વિદ્યાર્થીઓ શિક્ષણના ભોગે સામાજિક કાર્યમાં ભાગ લેતા નથી. ૧૭૩(૮૬.૫૦%) વિદ્યાર્થી પરિણામના બદલા રૂપમાં સમાજ તરફથી કોઈ પ્રોત્સાહન ભેટ આપવામાં આવે છે. જયારે ૨૭ (૧૩.૫૦%) વિદ્યાર્થીઓ પરિણામના બદલા રૂપમાં કોઈ પ્રોત્સાહન ભેટ આપવામાં આવતી નથી. ૧૪૭(૭૩.૫૦%) વિદ્યાર્થીઓને સમાજના રૂઢિગત રીવાજોના કારણે અભ્યાસમાં અસર પડે છે. જયારે ૫૩ (૨૬.૫૦%) વિદ્યાર્થીઓને સમાજના રૂઢિગત રીવાજોના કારણે અભ્યાસમાં અસર પડતી નથી. **<u>સંશોધનના ફલિતાર્થો- શિક્ષકોને ભલામણો-</u>** અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને સમયસર શિષ્યવૃતિ અપાવવી જોઈએ. શિક્ષકોએ અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને અભ્યાસ માટે પૂરતી સામગ્રી મળી રહે તે માટે સગવડ કરવી જોઈએ.શિક્ષકોએ અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને પૂરતાં પ્રમાણમાં માર્ગદર્શન આપવું જોઈએ. શિક્ષકોએ નિયમિત રહીને અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવવો જોઈએ. દરેક શિક્ષકે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓના વાલીઓનો સંપર્ક સાધી વ્યક્તિગત ચર્ચા વિચારણા કરવી જોઈએ. **<u>સરકારશ્રીને ભલામણો-</u>** અનુસૂચિત જાતિની છાત્રાલયમાં નિવાસ કરતા વિદ્યાર્થીઓને નડતી સમસ્યાઓને જાણી તેને દૂર કરવા પ્રયત્ન કરવો જોઈએ. અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ સમયસર આપવી જોઈએ. અનુસૂચિત જાતિના છાત્રાલયોની વ્યવસ્થા શાળા/કોલેજનું અંતર ઘટે તે માટે પ્રયાસ કરવા જોઈએ. અનુસુચિત જાતિની છાત્રાલયોમાં ભૌતિક સુવિધાઓ વધે તે માટેના પ્રયાસો કરવા જોઈએ. અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓના સારા સ્વાસ્થ્ય માટે જરૂરિયાત મુજબ કેમ્પો યોજવા જોઈએ. સરકાર દ્વારા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે વિવિધ યોજનાઓ અંગે જાગૃતતા લાવવા માટેના કાર્યક્રમો યોજવા જોઈએ.

**ચાવીરૂપ શબ્દો-** અનુસૂચિત જાતિ, છાત્રાલય, ભૌતિક અને શૈક્ષણિક સમસ્યા

**<u>૧૬. સંશોધકનું નામ- ગાયકવાડ વેદિકાબેન સી.</u>**

**કોલેજનું નામ-** શ્રીમતી આર.કે.ડી. ખણુંસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુર

**માર્ગદર્શકનું નામ-** ડૉ. પી. બી. પટેલ

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી -** 2023-25/ H.N.G.U, Patan/ M.Ed

**સમસ્યા શીર્ષક - (ગુજરાતી/અંગ્રેજી)**

તરુણ વિદ્યાર્થીઓની સાંવેગિક બુદ્ધિનો અભ્યાસ.

A Study of Emotional Intelligence of Adolescent Students.

**સંશોધનનું ક્ષેત્ર-** શૈક્ષણિક માપન અને મૂલ્યાંકન

**સંશોધનના હેતુઓ-** ૧. શહેરી અને ગ્રામીણ વિસ્તારના તરુણ વિદ્યાર્થીઓની સાંવેગિક બુદ્ધિનું માપન કરવું. ૨. શહેરી વિસ્તારના તરુણ કુમાર અને કન્યાઓની સાંવેગિક બુદ્ધિની તુલના કરવી. ૩. ગ્રામીણ વિસ્તારના તરુણ કુમાર અને કન્યાઓની સાંવેગિક બુદ્ધિની તુલના કરવી.

**સંશોધનની ઉત્કલ્પનાઓ-** ૧. શહેરી અને ગ્રામીણ વિસ્તારના તરુણ વિદ્યાર્થીઓની સાંવેગિક બદ્ધિના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહી હોય. ૨. તરુણ કુમાર અને કન્યાઓની સાંવેગિક બુદ્ધિના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહી હોય. ૩. શહેરી વિસ્તારના તરુણ કુમાર અને કન્યાઓની સાંવેગિક બુદ્ધિના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહી હોય. ૪. ગ્રામીણ વિસ્તારના તરુણ કુમાર અને કન્યાઓની સાંવેગિક બુદ્ધિના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહી હોય. ૫. શહેરી વિસ્તારના તરુણ કુમાર અને ગ્રામીણ વિસ્તારના તરુણ કુમારની સાંવેગિક બુદ્ધિના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય. ૬. શહેરી વિસ્તારની તરુણ કન્યા અને ગ્રામીણ વિસ્તારની તરુણ કન્યાઓની સાંવેગિક બુદ્ધિના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહી હોય. ૭. શહેરી વિસ્તારના તરુણ કુમાર અને ગ્રામીણ વિસ્તારની તરુણ કન્યાઓની સાંવેગિક બુદ્ધિના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહી હોય. ૮. શહેરી વિસ્તારની તરુણ કન્યા અને ગ્રામીણ વિસ્તારના તરુણ કુમારોની સાંવેગિક બુદ્ધિના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહી હોય.

**સંશોધનના ચલ-** સ્વતંત્ર ચલ- જાતીયતા, વિસ્તાર  પરતંત્ર ચલ- સાંવેગિક બુદ્ધિ  અંકુશિત ચલ – ધોરણ

**સંશોધનનો પ્રકાર-** વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ પૈકી સર્વેક્ષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂના-** પાલનપુર તાલુકાની ગુજરાતી માધ્યમની ઉચ્ચત્તર માધ્યમિક શાળાના સામાન્ય પ્રવાહમાં અભ્યાસ કરતાં કુલ- 400 વિદ્યાર્થીઓને યાદૃછીક નમૂના પસંદગીથી પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ-** ડૉ. લતાકુમારી ડી. શર્મા રચિત સાંવેગિક બુદ્ધિ માપદંડ

**પૃથક્કરણની રીત-** સરાસરી, પ્રમાણ વિચલન, વિષમતા, કકૂદતા અને ટી- કસોટી

**સંશોધનના તારણો-** ૧. શહેરી અને ગ્રામીણ તરુણ વિદ્યાર્થીઓમાંથી અધિકતર વિદ્યાર્થીઓની સાંવેગિક બુદ્ધિ ઉચ્ચ સ્તરની છે. ૨. શહેરી તરુણ કુમારની સાંવેગિક બુદ્ધિ સ્વ.પ્રેરણા, સામાજિક સભાનતા અને સામાજિક કૌશલ્ય ક્ષેત્રે સમાન જોવા મળે છે.સ્વ સભાનતા અને સ્વ-નિયમન ક્ષેત્રે ઓછી સાંવેગિક બુદ્ધિ જોવા મળે છે. ૩. શહેરી તરુણ કન્યાઓની સાંવેગિક બુદ્ધિ સ્વ.પ્રેરણા, સામાજિક સભાનતા અને સામાજિક કૌશલ્ય ક્ષેત્રે સમાન જોવા મળે છે. સ્વ-સંભાનતા અને સ્વ-નિયમન ક્ષેત્રે શહેરી તરુણ કન્યાઓની સાંવેગિક બુદ્ધિ ઓછી જોવા મળે છે. ૪. ગ્રામીણ કુમારોમાં પણ સ્વ પ્રેરણા, સામાજિક સભાનતા અને સામાજિક કૌશલ્ય ક્ષેત્ર પ્રત્યે સમાન સાંવેગિક બુદ્ધિ ધરાવે છે. અને સ્વ.સભાનતા અને સ્વ નિયમન ક્ષેત્રે ઓછી સાંવેગિક બુદ્ધિ ધરાવે છે.

૫. ગ્રામીણ કન્યાઓમાં પણ સ્વ પ્રેરણા, સામાજિક સભાનતા અને સામાજિક કૌશલ્ય ક્ષેત્ર પ્રત્યે સમાન સાંવેગિક બુદ્ધિ ધરાવે છે. સ્વ-સભાનતા અને સ્વ-નિયમન ક્ષેત્ર ઓછી સાંવેગિક બુદ્ધિ ધરાવે છે.કુલ કુમાર અને કન્યાઓ સમાન સાંવેગિક બુદ્ધિ ધરાવે છે. ૬. શહેરી વિદ્યાર્થીઓ ગ્રામીણ વિદ્યાર્થીઓ કરતાં ઊંચી સાંવેગિક બુદ્ધિ ધરાવે છે. શહેરી કુમાર અને શહેરી કન્યા સમાન સાંવેગિક બુદ્ધિ ધરાવે છે. ૭. ગ્રામીણ કુમાર અને ગ્રામીણ કન્યા સમાન સાંવેગિક બુદ્ધિ ધરાવે છે. શહેરી કુમારો ગ્રામીણ કુમારો કરતાં ઊંચી સાંવેગિક બુદ્ધિ ધરાવે છે. શહેરી કન્યા અને ગ્રામીણ કન્યાઓ સમાન સાંવેગિક બુદ્ધિ ધરાવે છે. શહેરી કુમાર અને ગ્રામીણ કન્યાઓ સમાન સાંવેગિક બુદ્ધિ ધરાવે છે. શહેરી કન્યાઓ ગ્રામીણ કુમાર કરતાં ઊંચી સાંવેગિક બુદ્ધિ ધરાવે છે.

**સંશોધનના ફલિતાર્થો-** ૧. વિદ્યાર્થીઓ પોતાની લાગણી અને ઈચ્છાઓ ઉપર નિયંત્રણ મૂકી શકશે. શિક્ષક પોતાના અધ્યાપન કાર્યમાં પોતાના વિદ્યાર્થીઓની સાંવેગિક બુદ્ધિને ધ્યાનમાં રાખીને અધ્યાયન કાર્ય કરશે. ૨. વાલીઓને પોતાના બાળકોની લાગણીઓ અને ઈચ્છાઓને જાણવામાં ઉપયોગી બનશે. વિદ્યાર્થીઓ પોતાના સંવેગોને જાણી પોતાના પર નિયંત્રણ કરી શકશે. ૩.વિદ્યાર્થીઓ બીજાના સંવેગો જાણી તેમની સાથે કેવું વર્તન કરવું તે જાણી શકશે.

**ચાવીરૂપ શબ્દો-** સાંવેગિક બુદ્ધિ

**<u>૧૭. સંશોધકનું નામ- ગોસ્વામી મેધાબેન એન.</u>**

**કોલેજનું નામ-** શ્રીમતી આર.કે.ડી.ખણુંસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુર

**માર્ગદર્શકનું નામ** -શ્રી સી. જે. રાવલ

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી -** 2023-25/ H.N.G.U, Patan/ M.Ed

**સમસ્યા શીર્ષક - (ગુજરાતી/અંગ્રેજી)**

પાલનપુર તાલુકાની માધ્યમિક શાળાનાં ધો-૭ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓના ગણિત વિષય પરત્વેના વલણોનો અભ્યાસ

A Study of Attitude of Secondary School Students Studying In Standard- 9 of Palanpur Taluka towards the Subject of Mathematics

**સંશોધનનું ક્ષેત્ર-** શિક્ષણનું મનોવિજ્ઞાન

**સંશોધનના હેતુઓ-** ૧. પાલનપુર તાલુકાની માધ્યમિક શાળાના ધો-૭ ના વિદ્યાર્થીઓના ગણિત વિષય પ્રત્યેના વલણોની ચકાસણી કરવી. ૨. ધો-૭ ના વિદ્યાર્થીઓના ગણિત પ્રત્યેના વલણોનું સર્વેક્ષણ કરવા માટે વલણ માપદંડની રચના કરવી. ૩. ધો-૭ ના સમગ્ર જૂથના વિદ્યાર્થીઓના ગણિત વિષય પ્રત્યેના વલણોના તફાવતની સાર્થકતા તપાસવી. ૪. ધો-૭ ના છોકરાઓ અને છોકરીઓના ગણિત વિષય પ્રત્યેના વલણોના તફાવતની સાર્થકતા તપાસવી.

**સંશોધનની ઉત્કલ્પનાઓ-** ૧. પાલનપુર તાલુકાની માધ્યમિક શાળાઓમાં આભ્યાસ કરતાં ધો-૭ ના સમગ્ર જૂથના વિદ્યાર્થીઓના ગણિત વિષય પ્રત્યેના વલણોના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહિ હોય. ૨. પાલનપુર તાલુકાની માધ્યમિક શાળાઓમાં આભ્યાસ કરતાં ધો-૭ ના છોકરાઓ અને છોકરીઓના ગણિત વિષય પ્રત્યેના વલણોના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહિ હોય.

**સંશોધનના ચલ-** સ્વતંત્ર ચલ- જાતીયતા પરતંત્ર ચલ- વલણ

**સંશોધનનો પ્રકાર-** વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** સર્વેક્ષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમુનો-** બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકાની માધ્યમિક શાળાના ધો-9 માં અભ્યાસ કરતાં કુલ-200 વિદ્યાર્થીઓને ઝૂમખાં નમૂના પદ્ધતિથી પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ-** સ્વ-રચિત વલણ માપદંડ

**પૃથક્કરણની રીત-** સરાસરી, પ્રમાણ વિચલન, પ્રમાણભૂલ અને ટી-કસોટી

**સંશોધનના તારણો-** ૧. સમગ્ર માધ્યમિક શાળામાં ધો-9 માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓનું ગણિત વિષય પ્રત્યેનું વલણ મહદઅંશે હકારાત્મક છે. પરંતુ થોડાક વિદ્યાર્થીઓમાં ગણિત વિષય પ્રત્યે નકારાત્મક વલણ જોવા મળે છે. ૨. .ધો-9 ના છોકરાઓ -103 અને છોકરીઓ -97 ના વલણો સમાન છે.

**સંશોધનના ફલિતાર્થ-** માધ્યમિક શાળાના બાળકોમાં અધ્યન પર વિષય પ્રત્યેના વલણોની અસર જોવા મળે છે.

**ચાવીરૂપ શબ્દો-** રસ-રુચિ

**<u>૧૮. સંશોધકનું નામ- જાદવ વિક્રમાદિત્ય એન.</u>**

**કોલેજનું નામ-** શ્રીમતી આર.કે.ડી.ખણુંસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુર

**માર્ગદર્શકનું નામ** -શ્રી પી. કે. પંચોલી

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી -** 2023-25/ H.N.G.U, Patan/ M.Ed

**સમસ્યા શીર્ષક - (ગુજરાતી/અંગ્રેજી)**

પ્રાથમિક શાળાઓના અધ્યાપન કાર્યમાં કમ્પ્યૂટરનો વિનિયોગ

Use of Computer for Teaching in Primary School

**સંશોધનનું ક્ષેત્ર-** શૈક્ષણિક ટેકનોલોજી

**સંશોધનના હેતુઓ-** ૧. પ્રાથમિક શાળાઓમાં શિક્ષકો દ્વારા થતાં અધ્યાપન કાર્યમાં કમ્પ્યૂટરનો વિનિયોગ જણાવો. ૨. પ્રાથમિક શાળાઓના અધ્યાપન કાર્યમાં કમ્પ્યૂટરના વિનિયોગ પર કમ્પ્યૂટરની તાલીમી અસર તપાસવી. ૩. પ્રાથમિક શાળાઓના અધ્યાપન કાર્યમાં કમ્પ્યૂટરના વિનિયોગ પર જાતીયતા અને વિસ્તારની અસર તપાસવી.

**સંશોધનની ઉત્કલ્પનાઓ-** ૧. કમ્પ્યૂટરની તાલીમ અનુસાર પ્રાથમિક શાળાઓના કમ્પ્યૂટરની તાલીમ લીધેલ હોય તેવા અને કમ્પ્યૂટરની તાલીમ ન લીધેલ હોય તેવા શિક્ષકોના અધ્યાપન કાર્યમાં કમ્પ્યૂટરના વિનિયોગના પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નહિ હોય. ૨. જાતીયતા અનુસાર પૂરુંષ શિક્ષકો અને સ્ત્રી શિક્ષિકાઓની અધ્યાપન કાર્યમાં કમ્પ્યૂટર વિનિયોગના પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નહિ હોય. ૩. વિસ્તાર અનુસાર ગ્રામ્ય અને શહેરી વિસ્તારના શિક્ષકોના અધ્યાપન કાર્યમાં કમ્પ્યૂટર વિનિયોગના પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નહિ હોય.

**સંશોધનના ચલ-** સ્વતંત્ર ચલ- જાતીયતા, વિસ્તાર    પરતંત્ર ચલ- અધ્યાપન કાર્યમાં કમ્પ્યૂટરનો વિનિયોગ

**સંશોધનનો પ્રકાર-** વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** સર્વેક્ષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમુનો-** બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકાની પ્રાથમિક શાળાઓ પૈકી 25 શાળાના કુલ-200 શિક્ષકોને યાદચ્છિક નમૂના પદ્ધતિથી પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ-** સ્વ-રચિત કમ્પ્યૂટર વિનિયોગ માપદંડ

**પૃથક્કરણની રીત-** કાઈ-વર્ગ

**સંશોધનના તારણો-** ૧. પ્રાથમિક શિક્ષકોના અધ્યાપનમાં કમ્પ્યૂટર પ્રત્યે હકારાત્મક ઝોક જોવા મળે છે. ૨. પ્રસ્તુત સંશોધનમાં શિક્ષકો અને શિક્ષિકાઓમાં કમ્પ્યૂટરનો અધ્યાપન કાર્યમાં ઉપયોગ સમાન રીતે જોવા મળે છે. ૩. વિસ્તારની દ્રષ્ટિએ ભૂગોળમાં વિવિધ એકમો શીખવવા, વિજ્ઞાનના પ્રયોગો દર્શાવવા માટે, દેશ વિદેશમાં બનતી ઘટનાઓનું જ્ઞાન આપવા માટે, વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન કરવા માટે અને વિધાનો પ્રત્યે ગ્રામ્ય વિસ્તાર કરતાં શહેરી વિસ્તારના શિક્ષકોમાં કમ્પ્યૂટરના ઉપયોગમાં ભિન્નતા જોવા મળે છે.

**સંશોધનના ફલિતાર્થ-** ૧. ભૂમિતિ શીખવવા માટે શિક્ષકો કમ્પ્યૂટરનો ઉપયોગ વધુમાં વધુ કરે તેવો આગ્રહ રાખવો જોઈએ. ૨. ભૂગોળના વિવિધ એકમો શીખવવા માટે શહેરી વિસ્તારના શિક્ષકો કમ્પ્યૂટરનો ઉપયોગ વધુ કરે તેવો આગ્રહ રાખવો જોઈએ. ૩. વિજ્ઞાનના પ્રયોગ દર્શાવવા માટે શિક્ષકો કમ્પ્યૂટરનો ઉપયોગ પોતાના શિક્ષણ કાર્ય દરમ્યાન યોગ્ય રીતે કરે તે માટે શાળા સંચાલકોએ સજાગ બનવું જોઈએ. ૪. વિદ્યાર્થીઓને કમ્પ્યૂટર દ્વારા શિક્ષણ આપીને તેઓમાં વિવિધ વિષયો પ્રત્યે રસ, રુચિ જાગૃત કરી શકાય તથા અભ્યાસના વિષયવસ્તુને સરળતાથી સમજાવી શકાય છે.

**<u>૧૯. સંશોધકનું નામ- જોષી બિનીશકુમાર ડી.</u>**

**કોલેજનું નામ-** શ્રીમતી આર.કે.ડી. ખણુંસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુર

**માર્ગદર્શકનું નામ-** ડૉ. જે. એલ. બારડ

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી -** 2023-25/ H.N.G.U, Patan/ M.Ed

**સમસ્યા શીર્ષક - (ગુજરાતી/અંગ્રેજી)**

બી.એડ્.ના પ્રશિક્ષણાર્થીઓના ગ્રાહક સુરક્ષા પ્રત્યેના વિચારોનો અભ્યાસ

A Study of Consumer Protection of B.Ed. Trainees

**સંશોધનનું ક્ષેત્ર -** શિક્ષણનું સમાજશાસ્ત્ર

**સંશોધનના હેતુઓ-** ૧. પાલનપુર તાલુકાની બી.એડ્. કોલેજના પ્રશિક્ષણાર્થીઓની ગ્રાહક સુરક્ષા પ્રત્યેની જાગૃતતા તપાસવા માટેની કસોટીની રચના અને અજમાયશ કરવી. ૨. પાલનપુર તાલુકાની બી.એડ્. કોલેજના પ્રશિક્ષણાર્થીઓના ગ્રાહક સુરક્ષા પ્રત્યેના ખ્યાલો તપાસવા. ૩. પાલનપુર તાલુકાની બી.એડ્. કોલેજના પ્રશિક્ષણાર્થીઓની ગ્રાહક સુરક્ષા પ્રત્યેની જાગૃતતાના ખ્યાલો ઉપર જાતીયતાની અસર તપાસવી. ૪. પાલનપુર તાલુકાની બી.એડ્. કોલેજના પ્રશિક્ષણાર્થીઓની ગ્રાહક સુરક્ષા પ્રત્યેની જાગૃતતાના ખ્યાલો ઉપર વિસ્તારની અસર તપાસવી.

**સંશોધનની ઉત્કલ્પનાઓ-** ૧. શહેરી વિસ્તારના કુમારો અને શહેરી વિસ્તારની કન્યાઓમાં ગ્રાહક સુરક્ષા પ્રત્યેની જાગૃતતાના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય. ૨. ગ્રામીણ વિસ્તારના કુમારો અને ગ્રામીણ વિસ્તારની કન્યાઓમાં ગ્રાહક સુરક્ષા પ્રત્યેની જાગૃતતાના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય. ૩. શહેરી વિસ્તારના કુમારો અને ગ્રામીણ વિસ્તારના કુમારોમાં ગ્રાહક સુરક્ષા પ્રત્યેની જાગૃતતાના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થકતફાવત નહીં હોય. ૪. શહેરી વિસ્તારની કન્યાઓ અને ગ્રામીણ વિસ્તારની કન્યાઓમાં ગ્રાહક સુરક્ષા પ્રત્યેની જાગૃતતાના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય. ૫. કુલ શહેરી વિસ્તાર અને કુલ ગ્રામીણ વિસ્તારના પ્રશિક્ષણાર્થીઓમાં ગ્રાહક સુરક્ષા પ્રત્યેની જાગૃતતાના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય. ૬. કુલ કુમારો અને કુલ કન્યાઓમાં ગ્રાહક સુરક્ષા પ્રત્યેની જાગૃતતાના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ-** સ્વતંત્ર ચલ- જાતીયતા, વિસ્તાર      પરતંત્ર ચલ- ગ્રાહક સુરક્ષા પ્રત્યેયની જાગૃતિ

**સંશોધનનો પ્રકાર-** વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ પૈકી સર્વેક્ષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂના-** પાલનપુર તાલુકાની બી.એડ્. કોલેજો પૈકી કુલ ૨ કોલેજમાં અભ્યાસ કરતાં કુલ 200 પ્રશિક્ષણાર્થીઓને સહેતુક નમૂના પસંદગીથી પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ-** સ્વ-રચિત ગ્રાહક સુરક્ષા પ્રત્યેની જાગૃતતા કસોટી

**પૃથક્કરણની રીત-** સરાસરી, પ્રમાણ વિચલન, ક્રાંતિક ગુણોત્તર અને સરાસરીની પ્રમાણભૂલ

**સંશોધનના તારણો-** ૧. શહેરી વિસ્તારના કુમારો અને શહેરી વિસ્તારની કન્યાઓમાં ગ્રાહક સુરક્ષા પ્રત્યેની જાગૃતતા બાબતમાં સાર્થક તફાવત જોવા મળે છે. ૨. અર્થાત શહેરી વિસ્તારના કુમારો કરતાં શહેરી વિસ્તારની કન્યાઓ ગ્રાહક સુરક્ષા પ્રત્યેની જાગૃતતાની બાબતમાં ચઢીયાતી છે. ૩. ગ્રામીણ વિસ્તારના કુમારો અને ગ્રામીણ વિસ્તારની કન્યાઓમાં ગ્રાહક સુરક્ષા પ્રત્યેની જાગૃતતાની બાબતમાં સાર્થક તફાવત જોવા મળે છે. ૪. અર્થાત ગ્રામીણ વિસ્તારના કુમારો કરતાં ગ્રામીણ વિસ્તારની કન્યાઓ ગ્રાહક સુરક્ષા પ્રત્યેની જાગૃતતાની બાબતમાં ચઢીયાતી છે. ૫. શહેરી વિસ્તારના કુમારો અને ગ્રામીણ વિસ્તારના કુમારોમાં ગ્રાહક સુરક્ષા પ્રત્યેની જાગૃતતા અંગેની કસોટીના પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત જોવા મળતો નથી. ૬. અર્થાત શહેરી વિસ્તારના કુમારો અને ગ્રામીણ વિસ્તારના કુમારો ગ્રાહક સુરક્ષા પ્રત્યેની જાગૃતતાની બાબતમાં સમકક્ષ છે. ૭. શહેરી વિસ્તારની કન્યાઓ અને ગ્રામીણ વિસ્તારની કન્યાઓમાં ગ્રાહક સુરક્ષા પ્રત્યેની જાગૃતતા અંગેની કસોટીના પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત જોવા મળતો નથી. ૮. અર્થાત શહેરી વિસ્તારની કન્યાઓ અને ગ્રામીણ વિસ્તારની કન્યાઓ ગ્રાહક સુરક્ષા પ્રત્યેની જાગૃતતાની બાબતમાં સમકક્ષ છે.

**સંશોધનના ફલિતાર્થો-** ૧. પ્રશિક્ષણાર્થીઓમાં કોલેજ કક્ષાએ થી જ ગ્રાહક સુરક્ષાના ખ્યાલ પ્રત્યેની જાગૃતિ કેળવાય તે માટે અભ્યાસક્રમમાં સામાજિક વિજ્ઞાન જેવા વિષયોમાં ગ્રાહક સુરક્ષા અંગેના વધુ પ્રમાણમાં મુદ્દાઓ સમાવિષ્ટ કરવા જોઈએ. ૨. પ્રશિક્ષણાર્થીઓને ગ્રાહક સુરક્ષા ફોરમની રૂબરૂ મુલાકાત કરાવી પ્રત્યક્ષ અનુભવ પુરા પાડી શકાય. ૩. કોલેજ કક્ષાએ ગ્રામીણ વિસ્તારના કુમારો અને કન્યાઓ માટે ખાસ સભાન પ્રયત્નો કરી ગ્રાહક સુરક્ષા અંગેની જાગૃતતાનું સ્તર ઊંચે લાવી શકાય. ૪. કોલેજમાં રાષ્ટ્રીય તથા આંતર રાષ્ટ્રિય ગ્રાહક સુરક્ષા દિનની ઉજવણી કરી તેના ભાગરૂપે પ્રદર્શનો, રેલી, શેરીનાટકો, નિષ્ણાતોના વ્યાખ્યાનો વગેરે યોજી શકાય. ૫. કોલેજોમાં સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ જેવી કે વકૃત્વ સ્પર્ધા, કવીઝ, ચિત્ર સ્પર્ધા વગેરે દ્વારા પ્રશિક્ષણાર્થીઓમાં ગ્રાહક સુરક્ષા અંગેનો ખ્યાલ વિકસાવી શકાય. ૬. કોલેજોમાં બુલેટીન બોર્ડ ઉપર ગ્રાહક સુરક્ષા અંગેના પોસ્ટર મેગેઝીન અને વર્તમાન પત્રોના લેખો મુકીને તથા પ્રાર્થના સભામાં સમયાંતરે ગ્રાહક સુરક્ષા અંગે ચર્ચા પ્રશ્નોત્તરી વ્યાખ્યાનો ગોઠવવા જોઈએ.

**ચાવીરૂપ શબ્દો-** ગ્રાહક સુરક્ષા પ્રત્યેના વિચારો

**૨૦. સંશોધકનું નામ- જોષી ધવલકુમાર ગોવિંદલાલ**

**કોલેજનું નામ -** શ્રીમતી આર.કે.ડી. ખણુંસિયા એમ. એડ્. કોલેજ, પાલનપુર

**માર્ગદર્શકનું નામ –** ડૉ. સી.એમ. ત્રિવેદી

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી -** 2023-25/ H.N.G.U, Patan/ M.Ed

**સમસ્યા શીર્ષક - (ગુજરાતી/અંગ્રેજી)**

ડીસા તાલુકાની પ્રાથમિક શાળાઓમાં ચાલતી સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓનો અભ્યાસ

A study of co-curricular activities in the primary schools of Deesa Taluka

**સંશોધનનું ક્ષેત્ર –** પ્રાથમિક શિક્ષણ

**સંશોધનના હેતુઓ –** ૧. પ્રાથમિક શાળામાં કરવામાં આવતી સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ અંગેની જાણકારી મેળવવી. ૨. પ્રાથમિક શાળામાં ઉપયોગમાં લેવામાં આવતી સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ અંગે વિદ્યાર્થીઓને તાલીમ અપાય છે કે કેમ તે જાણવું. ૩. પ્રાથમિક શાળાઓમાં સહ-અભ્યાસિક પ્રવૃત્તિમાં ભાગલેનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહન અપાય છે કે કેમ તે જાણવું. ૪. પ્રાથમિક શાળાની સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓનું યોગ્ય આયોજન અને સંચાલન થાય છે કે કેમ તેની માહિતી મેળવી આ પ્રવૃત્તિઓ યોગ્ય વાતાવરણમાં યોજાય છે કે કેમ તેની માહિતી મેળવવી. ૫. પ્રાથમિક શાળાઓમાં વિવિધ તહેવારોમાં કઈ કઈ પ્રવૃત્તિઓ યોજવામાં આવે છે તે જાણવું. ૬. પ્રાથમિક શાળાઓમાં થતી સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓના આયોજનમાં પડતી મુશ્કેલીઓ જાણવી.

**સંશોધન પ્રશ્નો/ઉત્કલ્પનાઓ –** ૧. પ્રાથમિક શાળાઓમાં કઇ સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ થતી હશે? ૨. પ્રાથમિક શાળાઓમાં સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને તાલીમ આપતી હશે કે કેમ? ૩. પ્રાથમિક શાળાઓમાં થતી સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓમાં ભાગલેનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવામાં આવે છે કે કેમ? ૪. પ્રાથમિક શાળાઓમાં વિવિધ તહેવારોમાં કઈ સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ કરવામાં આવતી હશે? ૫. પ્રાથમિક શાળાઓમાં થતી સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓના આયોજન માટેના સ્થળ, સમય, રજૂઆત, આયોજન, સંચાલનની સ્થિતિ કેવી હશે? ૬. પ્રાથમિક શાળાઓમાં થતી સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓમાં કોઈ મુશ્કેલી પડતી હશે કે કેમ?

**સંશોધનમાં સમાવિષ્ટ ચલ** ----------

**સંશોધનના પ્રકાર –** વ્યાવહારિક સંશોધન

**સંશોધન પદ્ધતિ –** સર્વેક્ષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂના –** ડીસા તાલુકાની જિલ્લા શિક્ષણ સમિતિ દ્વારા સંચાલિત પ્રાથમિક શાળાઓમાં શૈક્ષણિક વર્ષ 2020-21 દરમિયાન સેવા બજાવતા શિક્ષકો અને આચાર્યોનો ડીસા તાલુકાની કુલ 164 પ્રાથમિક શાળાઓ પૈકી 36 પ્રાથમિક શાળાઓ નમૂના તરીકે પસંદ કરી તેમાં ફરજ બજાવતા આચાર્યો અને શિક્ષકો અનુક્રમે 36 અને 180 નો યાદચ્છિક પદ્ધતિથી નમૂનો પસંદ કરવામાં આવ્યો છે. આમ આચાર્યો અને શિક્ષકો મળી કુલ 216 પાત્રો નમૂનામાં સમાવેશ કરવામાં આવ્યો હતો.

**ઉપકરણ** - સ્વરચિત પ્રશ્નાવલિ અને અભિપ્રાયાવલિ

**માહિતીની પૃથકકરણની રીત** - કાઇવર્ગ મૂલ્ય

**સંશોધનના તારણો – પ્રશ્નાવલિ અંગેના તારણો -** ૧. પ્રાથમિક શાળાઓમાં પ્રાર્થના સંમેલન પ્રવૃત્તિ નિયમિત કરવામાં આવે છે. ૨. મોટાભાગની પ્રાથમિક શાળાઓમાં પ્રાર્થના ખંડની સુવિધા નથી. ૩. મોટાભાગની પ્રાથમિક શાળાઓમાં પ્રાર્થના કાર્યક્રમમાં સંગીતના સાધનોનો ઉપયોગ થાય છે. ૪. મોટાભાગની પ્રાથમિક શાળાઓમાં પ્રાર્થના પ્રવૃત્તિમાં વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. તેમજ પ્રાર્થના કાર્યક્રમ માટે વિદ્યાર્થીઓને તાલીમ અપાય છે. ૫. મોટાભાગની પ્રાથમિક શાળાઓમાં સાંસ્કૃતિક કાર્યક્રમમાં આચાર્યશ્રી પૂરતો સહકાર આપે છે. ૬. મોટાભાગની પ્રાથમિક શાળાઓમાં સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓમાં ભાગ લેવા માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવે છે. ૭. મોટાભાગની પ્રાથમિક શાળાઓમાં સાંસ્કૃતિ કાર્યક્રમ માટે ઉપયોગમાં લઇ શકાય તેવા સાધનો ઉપલબ્ધ છે જયારે અમુક જ પ્રાથમિક શાળાઓમાં સાંસ્કૃતિક કાર્યક્રમ માટે જરૂરી સાધનો ઉપલબ્ધ નથી. ૮. મોટાભાગની પ્રાથમિક શાળાઓમાં બૌદ્ધિક પ્રકારની સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ થાય છે. જેવી કે શ્લોકગાન, નિબંધ લેખન, ભજન, વકતૃત્વ, કાવ્યગાન, કોયડા ઉકેલ, કાવ્ય પઠન, કવીઝ, વિજ્ઞાન મેળાનું આયોજન, લેખન સ્પર્ધા થાય છે. અમુક જ પ્રાથમિક શાળાઓમાં કાવ્યપઠન, કોયડા ઉકેલ કવીઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવતું નથી. ૯. મોટાભાગની પ્રાથમિક શાળાઓમાં ખેલકૂદની પ્રવૃત્તિઓનું આયોજન થાય છે. જેવી કે કબડ્ડી, ખો ખો, 100 મીટર દોડ, વોલીબોલ, વર્ગખંડની રમતો જેવી કે કેરમ, ચેસ, દોરડાકૂદ, સાયકલ સ્પર્ધા, યોગ ક્રિયાઓનું અયોજન થાય છે. અમુક જ પ્રાથમિક શાળાઓમાં ખો ખો, વોલીબોલ, વર્ગખંડની રમતો જેવી કે કેરમ, ચેસ, સાયકલ સ્પર્ધાનું આયોજન

કરવામાં આવતું નથી. ૧૦. મોટાભાગની પ્રાથમિક શાળાઓમાં સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું આયોજન થાય છે. જેવી કે નાટક, નવરાત્રિ પર્વ, રાષ્ટ્રિય પર્વોની ઊજવણી, ધાર્મિક પર્વોની ઊજવણી, ગીત સ્પર્ધા, વાર્ષિકોત્સવ, યુવક મહોત્સવ, વેશભૂષા પ્રવૃત્તિઓનું આયોજન થાય છે. અમુક જ પ્રાથમિક શાળાઓમાં યુવક મહોત્સવની ઊજવણી કરવામાં આવતી નથી. ૧૧. મોટાભાગની પ્રાથમિક શાળાઓમાં સર્જનાત્મક પ્રવૃત્તિઓનું આયોજન થાય છે. જેવી કે વૃક્ષારોપણ, વેસ્ટમાંથી બેસ્ટ (કચરામાંથી કંચન) બનાવવાનો કાર્યક્રમ, ચિત્ર સ્પર્ધા, વર્ગ સુશોભન, રંગોળી સ્પર્ધાનું આયોજન થાય છે. અમુક જ પ્રાથમિક શાળાઓમાં વેસ્ટ માંથી બેસ્ટ (કચરામાંથી કંચન) બનાવવાના કાર્યક્રમ અને રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવતું નથી. ૧૨. મોટાભાગની પ્રાથમિક શાળાઓમાં સામાજિક પ્રવૃત્તિઓનું આયોજન થાય છે. જેવી કે આરોગ્યની ચકાસણી, મહાન વ્યક્તિઓના જન્મદિવસની ઊજવણી, સમાજના અગ્રગણ્ય વ્યક્તિઓના વ્યાખ્યાનો, એઇડ્સ, જાગૃતિ, શહીદ દિનની ઊજવણી, વસ્તી શિક્ષણ, શિક્ષક દિન, સફાઈ અભિયાન, વ્યસન મુક્તિ, સાક્ષરતા અભિયાન થાય છે. અમુક જ પ્રાથમિક શાળાઓમાં વસ્તી શિક્ષણ, સાક્ષરતા અભિયાનનું આયોજન કરવામાં આવતું નથી. વૈકલ્પિક પ્રશ્નોના તારણો – ૧. મોટાભાગની પ્રાથમિક શાળાઓમાં પ્રાર્થના સભાનું આયોજન મેદાનમાં કરવામાં આવે છે. અમુક પ્રાથમિક શાળોઅમાં પ્રાર્થના સભાનું આયોજન ખંડમાં કે મધ્યસ્થ ખંડમાં કરવામાં આવે છે. ૨. મોટાભાગની પ્રાથમિક શાળાઓમાં પ્રાર્થના સભાના કાર્યક્રમ માટે 20 મિનિટનો સમય ફાળવવામાં આવે છે. અમુક પ્રાથમિક શાળાઓમાં પ્રાર્થના સભાના કાર્યક્રમ માટે 30 મિનિટનો સમય ફાળવવામાં આવે છે. ૩. મોટાભાગની પ્રાથમિક શાળાઓમાં વિવિધ સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ મોટેભાગે મેદાનમાં કરવામાં આવે છે. અમુક પ્રાથમિક શાળાઓમાં વિવિધ સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ ખંડમાં કે મધ્યસ્થ ખંડમાં કરવામાં આવે છે. ૪. મોટાભાગની પ્રાથમિક શાળાઓમાં વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવે છે. જેવી કે શ્લોકગાન સ્પર્ધા, ગીત સ્પર્ધા, ભજન સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા, વાચન સ્પર્ધા, લોકગીત સ્પર્ધા, રંગોળી સ્પર્ધા અને અન્ય સ્પર્ધાઓનું આયોજન થાય છે. મોટાભાગની પ્રાથમિક શાળાઓમાં વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવતુ ન હોય તેવું નથી. ૫. મોટાભાગની પ્રાથમિક શાળાઓમાં સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓમાં ભાગ લેવાથી વિદ્યાર્થીઓમાં મૌખિક અભિવ્યક્તિ વિકાસે છે, અભિનય કલા ખીલે છે. વ્યક્તિત્વનો વિકાસ થાય છે. તેમજ અમુક પ્રાથમિક શાળાઓમાં સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓમાં ભાગ લેવાથી વિદ્યાર્થીઓમાં શૈક્ષણિક સિદ્ધિમાં વધારો થાય તેમ જણાવ્યું છે. ૬. મોટાભાગની પ્રાથમિક શાળાઓમાં રમત ગમતની પ્રવૃત્તિઓનું આયોજન અન્ય વિષય શિક્ષકો કરે છે. અમુક પ્રાથમિક શાળાઓમાં રમત ગમતની પ્રવૃત્તિઓનું આયોજન વ્યાયામ શિક્ષક અને આચાર્યશ્રી કરે છે. આચાર્યોના સહ-અભ્યાસિક પ્રવૃત્તિ માટેના અભિપ્રાયો વિશેના તારણો- ૧. મોટાભાગના આચાર્યોના મતે સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓનું આયોજન થવું જોઈએ. ૨. મોટાભાગના આચાર્યોના મતે સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓના આયોજનથી શિક્ષણમાં નબળા વિદ્યાર્થીઓ સબળા થાય છે. ૩. મોટાભાગના આચાર્યોના મત મુજબ સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓથી વિદ્યાર્થીઓમાં રહેલી સુષુપ્ત શક્તિઓનો વિકાસ થાય છે. ૪. મોટાભાગના આચાર્યોના મત મુજબ સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓના અમલીકરણ માટે અલગ શિક્ષકની વ્યવસ્થા હોવી જોઈએ. જયારે અમુક આચાર્યોના મતે અલગ શિક્ષકની વ્યવસ્થાની જરૂર નથી. ૫. મોટાભાગના આચાર્યોના મત મુજબ સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓના કારણે શિક્ષણકાર્યમાં વિક્ષેપ પડતો નથી. જયારે અમુક આચાર્યોના મત મુજબ શિક્ષણકાર્યમાં વિક્ષેપ પડે છે. ૬. મોટાભાગના આચાર્યોના મત મુજબ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગલેનાર વિદ્યાર્થીઓના આત્મવિશ્વાસમાં વધારો થાય છે. ૭. મોટાભાગના આચાર્યોના મત મુજબ ખેલકૂદની પ્રવૃત્તિઓ વિદ્યાર્થીના સર્વાંગી વિકાસ માટો જરૂરી છે. ૮. મોટાભાગના આચાર્યોના મત મુજબ સાંસ્કૃતિક કાર્યક્રમો પાછળ ખર્ચ વધુ પ્રમાણમાં થાય છે. જયારે અમુક જ આચાર્યોના મતે ખર્ચ વધુ પ્રમાણમાં થતું નથી. ૯. મોટાભાગના આચાર્યોના મતે સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ દ્વારા સમયનો વ્યય થતો નથી. ૧૦. મોટાભાગના આચાર્યોના

મતે શાળાના વાતાવરણને મુક્ત બનાવવા માટે સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓનું આયોજન જરૂરી છે. ૧૧. મોટાભાગના આચાર્યો સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓના આયોજનમાં ઉત્સાહ દાખવે છે. ૧૨. મોટાભાગના આચાર્યોના મતે શાળામાં અશિસ્તના પ્રશ્નો સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓથી ઊભાં થતાં નથી. ૧૩. મોટાભાગના આચાર્યોના મતે સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓના કારણે વિદ્યાર્થીઓ શિક્ષક પ્રત્યે આદર કેળવે છે.

**સંશોધનના શૈક્ષણિક ફલિતાર્થો –** ૧. પ્રાથમિક શાળાઓમાં વિવિધ સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓનું આયોજન કરવું જોઇએ. ૨. પ્રાથમિક શાળાઓમાં વિવિધ રાષ્ટ્રિય પર્વોની ઊજવણી થવી જોઈએ. ૩. પ્રાથમિક શાળાઓમાં વિવિધ ધર્મોના પર્વોની ઊજવણી થવી જોઈએ. ૪. વિદ્યાર્થીઓની સુષુપ્ત શક્તિઓને જાણી તેમને યોગ્ય માર્ગદર્શન આપવું જોઇએ. ૫. પ્રાથમિક શાળાઓમાં પ્રાર્થના પ્રવૃત્તિઓનો સમય વધારવો જોઇએ. ૬. સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓની અભિવ્યક્તિ ખિલવી શકાય છે. ૭. સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓમાં રહેલી આંતરિક શક્તિઓને ઉજાગર કરવા માટે જરૂરી છે. ૮. સમાજના અગ્રગણ્ય વ્યક્તિઓને બોલાવી વ્યાખ્યાનો યોજવા જોઇએ. ૯. મહાન વ્યક્તિઓના જન્મ દિવસ ઊજવવાથી વિદ્યાર્થીઓને પ્રેરણા પૂરી પાડી શકાય છે. ૧૦. આચાર્યો અને શિક્ષકોએ શાળામાં સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓનું આયોજન કરવું જોઈએ.

**ચાવીરૂપ શબ્દો –** સહ-અભ્યાસિક પ્રવૃત્તિ, શાળા

**૨૧. સંશોધકનું નામ- જોષી કેતનકુમાર અશ્વિનભાઈ**

**કોલેજનું નામ-** શ્રીમતી આર.કે.ડી.ખણુંસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુર

**માર્ગદર્શકનું નામ -**ડૉ. જે. એલ. બારડ

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી -** 2023-25/ H.N.G.U, Patan/ M.Ed

**સમસ્યા શીર્ષક - (ગુજરાતી/અંગ્રેજી)**

પ્રાથમિક શાળાઓમાં ધોરણ-5 ના શિક્ષકોને અંગ્રેજી વિષયના અધ્યાપનમાં પડતી મુશ્કેલીઓનો અભ્યાસ
A Study of Problems of the Teacher teaching English Std.5 of primary School

**સંશોધનનું ક્ષેત્ર-** ભાષા શિક્ષણ

**સંશોધનના હેતુઓ-** ૧. ધોરણ-5 અંગ્રેજી અધ્યાપન કાર્ય કરતા શિક્ષકોને અભ્યાસક્રમ સંબંધિત નડતી મુશ્કેલીઓનો અભ્યાસ કરવો. ૨. ધોરણ-5 અંગ્રેજી શિક્ષણ કાર્ય કરતા શિક્ષકની સજ્જતા સંબંધિત નડતી મુશ્કેલીઓનો અભ્યાસ કરવો. ૩. ધોરણ-5 અંગ્રેજી અધ્યાપન કાર્ય કરતા શિક્ષકોને વિદ્યાર્થી સંબંધિત નડતી મુશ્કેલીઓનો અભ્યાસ કરવો. ૪. ધોરણ-5 અંગ્રેજી અધ્યાપન કાર્ય કરતા શિક્ષકોને વાલી સંબંધિત નડતી મુશ્કેલીઓનો અભ્યાસ કરવો. ૫. ધોરણ-5 અંગ્રેજી અધ્યાપન કાર્ય કરતા શિક્ષકોને સજ્જતા સંબંધિત નડતી મુશ્કેલીઓનો અભ્યાસ કરવો. ૬. ધોરણ-5 અંગ્રેજી અધ્યાપન કાર્ય કરતા શિક્ષકોને વહીવટ સંબંધિત નડતી મુશ્કેલીઓનો અભ્યાસ કરવો. ૭. ધોરણ-5 અંગ્રેજી અધ્યાપનમાં શિક્ષકોને પડતી મુશ્કેલીઓના નિવારણ માટે જરૂરી સૂચનો સૂચવવાં.

**સંશોધનનાં પ્રશ્નો-** ૧. વિદ્યાર્થીઓ અંગ્રેજી ભાષાનો યોગ્ય રીતે ઉચ્ચાર કરે છે કે નહિ? ૨. વર્ગ બઢતી માટે અંગ્રેજી વિષયમાં પાસ થવું ફરજિયાત ન હોવાથી વિદ્યાર્થીઓ સજાગ રહે છે કે નહિ? ૩. વિદ્યાર્થીઓ અંગ્રેજી લખતી વખતે ભૂલો કરે છે કે નહિ? ૪. શિક્ષકોને અંગ્રેજી અધ્યાપનમાં રસ ન હોવા છતાં પણ શીખવે છે? ૫. વર્ગ શિક્ષણ દરમિયાન શિક્ષણ અંગ્રેજીમાં બાળકો સાથે વાતચીત કરી શકે છે કે નહિ? ૬. શાળામાં અંગ્રેજી શીખવવા માટે પૂરતા પ્રમાણમાં સ્ટાફ છે કે નહિ? ૭. અંગ્રેજી શીખવવા માટે વિદ્યાર્થીઓને ઘરેથી વાલી તરફથી યોગ્ય વાતાવરણ મળે છે કે નહિ? ૮. વાલીઓ પોતાના બાળકને યોગ્ય માર્ગદર્શન આપી શકે છે કે નહિ? ૯. શિક્ષકો અભ્યાસક્રમની બાબતે સજાગ રહે છે કે નહિ? ૧૦. હેતુ અનુસાર અભ્યાસક્રમનું આયોજન

કરવામાં આવે છે કે નહિ? ૧૧. ધોરણ-5 નો અભ્યાસક્રમ વય કક્ષા પ્રમાણે છે કે નહિ? ૧૨. અભ્યાસક્રમમાં વ્યાકરણ લક્ષી માહિતી છે કે નહિ?

**સંશોધનનો પ્રકાર-** વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** સર્વેક્ષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો-** બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકાની જિલ્લા શિક્ષણ સમિતિ દ્વારા સંચાલિત પ્રાથમિક શાળાઓના ધોરણ-5 ના અંગ્રેજી શિક્ષણ કાર્ય કરતા શિક્ષકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.અભ્યાસમાં સમગ્ર વ્યાપવિશ્વના લક્ષણોનું પ્રતિનિધિત્વ ધરાવતો નમૂનો પસંદ કરવામાં આવ્યો હતો.

**ઉપકરણ-** સ્વ-રચિત ઉપકરણ

**પૃથક્કરણની રીત-** કાઈ-વર્ગ

**સંશોધનના તારણો-** **<u>૧. વિદ્યાર્થી સંબંધી મુશ્કેલીઓ</u>:** ૧. વિદ્યાર્થીઓ અંગ્રેજીમાં ભણાવેલા શબ્દો ભૂલી જાય છે. ૨. વિદ્યાર્થીઓ અંગ્રેજી લખવામાં અને વાંચવામાં ભૂલો કરે છે. ૩. વિદ્યાર્થીઓ અંગ્રેજીના વ્યાકરણમાં ભૂલો કરે છે અને વ્યાકરણને સમજી શકતા નથી. **<u>૨. શિક્ષક સંબંધી મુશ્કેલીઓ</u>:** ૧. વર્ગ શિક્ષણ દરમિયાન શિક્ષકો અંગ્રેજી ભાષામાં પ્રત્યાયન કરતા નથી. ૨. શિક્ષકને અન્ય વિષય શીખવવો વધારે સારો લાગતો હોવાથી તે વિષય પર વધારે ધ્યાન આપવું અને તૈયારી કરવી ગમતી નથી. ૩. અંગ્રેજી અભ્યાસક્રમના હેતુઓની જાણકારી શિક્ષકો પાસે નથી. **<u>૩. શાળા તેમજ વાલી સંબંધી મુશ્કેલીઓ;</u>** ૧. શાળામાં અંગ્રેજી શિક્ષણ આપવા માટે પૂરતો સ્ટાફ નથી. 2.અંગ્રેજી વિષયની પૂરતી જાણકારી વાલીઓ પાસે ન હોવાથી તેઓ પોતાના બાળકને યોગ્ય જાણકારીઓ કે માર્ગદર્શન આપી શકતા નથી. ૩. વાલીઓની આર્થિક સ્થિતિ નબળી હોવાથી પોતાના બાળકને યોગ્ય માર્ગદર્શન આપી શકતા નથી. **<u>૪. અભ્યાસક્રમ સંબંધી મુશ્કેલીઓ</u>:** ૧. અભ્યાસક્રમ વિદ્યાર્થીઓની વય કક્ષા અનુસાર રાખવામાં આવ્યો છે. ૨. અન્ય બીજી વધારાની કામગીરીના કારણે અભ્યાસક્રમ પૂરો કરવામાં મુશ્કેલી પડે છે. ૩. અંગ્રેજી વિષયનો અભ્યાસક્રમ વિદ્યાર્થીઓને રસ પડે તેવો નથી. **<u>૫. વહીવટી મુશ્કેલીઓ</u>:** ૧. જિલ્લા શિક્ષણ સમિતિ દ્વારા સંચાલિત પ્રાથમિક શિક્ષણને લગતી મિટીંગનું આયોજન કરવામાં આવતું નથી. **<u>૬. મૂલ્યાંકન સબંધી મુશ્કેલીઓ:</u>** ૧. મૂલ્યાંકન માટે આપવામાં આવેલા સ્વાધ્યાયો વિદ્યાર્થીઓને કઠિન લાગે છે. ૨. અંગ્રેજી વિષયના અસરકારક સતત મૂલ્યાંકન માટે સમયની ફાળવણી પૂરતા પ્રમાણમાં જોવા મળતી નથી. ૩. વિદ્યાર્થીઓની વય કક્ષા અને માનસિક કક્ષાને ધ્યાનમાં રાખીને મૂલ્યાંકન કસોટીની રચના કરવામાં આવતી નથી.

**સંશોધનના ફલિતાર્થ-** **<u>૧. વિદ્યાર્થી સંબંધી મુશ્કેલીઓ</u>:** ૧. વિદ્યાર્થીઓ અંગ્રેજીમાં ભણાવેલા શબ્દો સારી રીતે યાદ રાખી શકે તેવી યુક્તિ કે પ્રયુક્તિનો ઉપયોગ કરવો જોઈએ. ૨. વિદ્યાર્થીઓ અંગ્રેજી લખવામાં અને વાંચવાનો નિયમિત મહાવરો કરાવવો જોઈએ તેમજ આદર્શ વાચન, લેખન તેની સમક્ષ રજૂ કરવું જોઈએ. ૩. વિદ્યાર્થીઓ અંગ્રેજીના વ્યાકરણમાં ભૂલો ન કરે અથવા વ્યાકરણને સમજી શકે તે માટે પ્રયત્નો કરવા જોઈએ. **<u>૨. શિક્ષક સંબંધી મુશ્કેલીઓ:</u>** ૧. વર્ગ શિક્ષણ દરમિયાન શિક્ષકોએ અંગ્રેજી ભાષામાં પ્રત્યાયન કરવું જોઈએ. ૨. શિક્ષકે અન્ય વિષયની સાથે અનુબંધ બાંધી અંગ્રેજી વિષય પ્રત્યે વિદ્યાર્થીઓની અભિરુચિ જળવાઈ રહે તેવો પ્રયત્ન કરવો જોઈએ. ૩. અંગ્રેજી અભ્યાસક્રમના હેતુઓની જાણકારી શિક્ષકોએ રાખવી જોઈએ.

**<u>૩. શાળા તેમજ વાલી સંબંધી મુશ્કેલીઓ</u>:** ૧. શાળામાં અંગ્રેજી શિક્ષણ આપવા માટે પૂરતા સ્ટાફની ભરતી કરવી જોઈએ. ૨. અંગ્રેજી વિષયની પૂરતી જાણકારી વાલીઓને સમયાંતરે શિક્ષકે આપવી જોઈએ જેથી તેઓ પોતાના બાળકોને માર્ગદર્શન આપી શકે. ૩. આર્થિક સ્થિતિ નબળી હોય તેવા વાલીઓને યોગ્ય સહકાર આપવો તેમજ તેમના બાળકો પ્રત્યે વિશેષ કાળજી શિક્ષકોએ લેવી જોઈએ. **<u>૪. અભ્યાસક્રમ સંબંધી મુશ્કેલીઓ</u>:** ૧. અભ્યાસક્રમ વિદ્યાર્થીઓની વયકક્ષા અનુસાર રાખવો જોઈએ. ૨. અન્ય બીજી વધારાની કામગીરી માટે અલગથી સમય ફાળવી અભ્યાસક્રમ પૂરો કરવો જોઈએ. ૩. અંગ્રેજી વિષયનો અભ્યાસક્રમ

વિદ્યાર્થીઓને રસ પડે તે માટે તેમની વય અનુસાર તૈયાર કરવો જોઈએ. **<u>પ.વહીવટી મુશ્કેલીઓ:</u>** ૧. જિલ્લા શિક્ષણ સમિતિ દ્વારા શિક્ષણને લગતી મિટીંગોનું આયોજન કરવુ જોઈએ. ૨. ફરજિયાત વિષય તરીકે વધુ રસ લઈ અંગ્રેજી વિષય તૈયાર કરી બાળકોમાં રસ રુચિ કેળવાય તેવા પ્રયત્નો કરવા જોઈએ. ૩. આચાર્ય તરફથી અંગ્રેજી શિક્ષણ માટે યોગ્ય માર્ગદર્શન આપવું જોઈએ. **<u>૬. મૂલ્યાંકન સબંધી મુશ્કેલીઓ:</u>** ૧. મૂલ્યાંકન માટે કઠિન જણાતા સ્વાધ્યાયો માટે વધુ પ્રવૃત્તિ/પ્રોજેકટ કાર્ય હાથ ધરી સરળ બનાવવા જોઈએ. ૨. અંગ્રેજી વિષયના અસરકારક સતત મૂલ્યાંકન માટે સમયની ફાળવણી પૂરતા પ્રમાણમાં કરવી જોઈએ. ૩. વિદ્યાર્થીઓની વય કક્ષા અને માનસિક કક્ષાને ધ્યાનમાં રાખીને મૂલ્યાંકન કસોટીની રચના કરવી જોઈએ.

**<u>૨૨. સંશોધકનું નામ- કટારીયા વર્ષાબહેન કે.</u>**

**કોલેજનું નામ-** શ્રીમતી આર.કે.ડી. ખણુંસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુર

**માર્ગદર્શકનું નામ-** ડૉ. પી. બી. પટેલ

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી -** 2023-25/ H.N.G.U, Patan/ M.Ed

**સમસ્યા શીર્ષક - (ગુજરાતી/અંગ્રેજી)**

ડીસા તાલુકાની પ્રાથમિક શાળાઓમાં ચાલતી પ્રાર્થના પ્રવૃત્તિઓનો અભ્યાસ

A Study of the Prayer Activities in the Primary Schools of Deesa Taluka

**સંશોધનનું ક્ષેત્ર-** પ્રાથમિક શિક્ષણ

**સંશોધનના હેતુઓ-** ૧. પ્રાથમિક શાળામાં કરવામાં આવતી પ્રાર્થના પ્રવૃત્તિઓ અંગેની જાણકારી મેળવવી. ૨. પ્રાર્થના પ્રવૃત્તિઓ માટેના સ્થળ, સમય, રજૂઆત, આયોજન, વાતાવરણ, સંચાલન વિષે જાણવું. ૩. પ્રાથમિક શાળાઓમાં થતી પ્રાર્થના પ્રવૃત્તિઓના આયોજનમાં પડતી મુશ્કેલીઓ જાણવી અને દૂર કરવાના ઉપાયો સૂચવવા. ૪. શાળાઓમાં થતી વિવિધ પ્રકારની પ્રાર્થનાઓ અને સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ અંગેની જાણકારી મેળવવી.

**સંશોધનના પ્રશ્નો-** ૧. પ્રાર્થના પ્રવૃત્તિના આયોજનમાં કઈ કઈ મુશ્કેલીઓ પડતી હશે? ૨. પ્રાર્થના પ્રવૃત્તિના સ્થળ, વાતાવરણ, રજૂઆત, આયોજન, સંચાલનમાં તફાવત હશે? ૩. પ્રાર્થના કાર્યક્રમમાં વિવિધ પ્રકારની પ્રાર્થનાઓ થતી હશે? ૪. પ્રાર્થના કાર્યક્રમમાં વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ થતી હશે? ૫. પ્રાર્થના પ્રવૃત્તિઓમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવામાં આવે છે? ૬. શિક્ષકોને માટે પ્રાર્થનાની કોઈ સંકલ્પના સ્પષ્ટ હશે?

**સંશોધનના ચલ-** -------------

**સંશોધનનો પ્રકાર-** વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ પૈકી સર્વેક્ષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂના-** ડીસા તાલુકાની પ્રાથમિક શાળાઓ પૈકી કિલ- 20 પ્રાથમિક શાળાઓમાંથી પ્રાર્થના કાર્યક્રમ સાથે જોડાયેલ કુલ- 100 શિક્ષકો અને કુલ- 200 વિદ્યાર્થીઓને નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ-** સ્વ-રચિત પ્રશ્નાવલિ

**પૃથક્કરણની રીત-** સાદી ટકાવારી

**સંશોધનના તારણો-** ૧. મોટાભાગની શાળાઓમાં પ્રાર્થના પ્રવૃત્તિઓના આયોજનમાં કોઈ મુશ્કેલી નડતી નથી. મુશ્કેલીઓ પડતી હોય તેવી શાળાઓનું પ્રમાણ ઓછું છે તેમાં જે મુશ્કેલીઓ પડે છે તે સ્થળ અને સમય અંગેની છે.અન્ય કોઈ મુશ્કેલી પડતી નથી. ૨. મોટાભાગની શાળાઓમાં પ્રાર્થના સમૂહમાં થાય છે. જેમાં મોટાભાગની એટલે કે 50% કરતાં પણ વધુ શાળાઓમાં પ્રાર્થનાનો સમય સમાન જોવા મળ્યો. બધી

જ શાળાઓમાં શૈક્ષણિક સૂચનો આપવામાં આવે છે આ શૈક્ષણિક સૂચનો મોટાભાગની શાળામઓમાં આચાર્યશ્રી આપે છે. ૩. મોટાભાગની શાળાઓમાં તજજ્ઞ બોલાવવામાં આવતા નથી. ભાગ્યે જ કોઈ શાળામાં તજજ્ઞ વ્યક્તિઓને બોલાવવામાં આવે છે. બધી જ શાળાઓમાં પ્રાર્થના દરમિયાન શિસ્તનું પ્રમાણ જાળવવામાં આવે છે. પરંતુ શિક્ષકોના મતે અને ૪૦% જેટલી મતે શિસ્તના ભંગ બદલ શિક્ષા કરવામાં આવતી નથી. ૪. ૭૦% કરતાં પણ વધુ શાળાઓમાં સરસ્વતી વંદનાનો શ્લોક અને ગુરુવંદનના શ્લોક ગવડાવવામાં આવે છે. મોટાભાગની શાળાઓમાં ધૂન અને શાંતિ મંત્ર બોલાવવામાં આવે છે, જે વિદ્યાર્થીઓને ગમે છે તેનું કારણ મન શાંત રહે છે. ૫. મોટાભાગની શાળાઓમાં પ્રાર્થના પ્રવૃત્તિ દરમિયાન ઘડિયા ગાન બોલાવવામાં આવે છે. દરેક શાળાઓમાં પ્રતિજ્ઞાપત્ર બોલવામાં આવે છે આ પ્રતિજ્ઞાપત્ર વિદ્યાર્થીઓ દ્વારા બોલાવવામાં આવે છે. 100% વિદ્યાર્થીઓના મતે અને 100% શિક્ષકોના મતે પ્રાર્થનાને અંતે રાષ્ટ્રગીત બોલાવવામાં આવે છે. ૬. ૪૦% જેટલા વિદ્યાર્થીઓના મતે આચાર્યશ્રી પ્રાર્થનાઓમાં હાજર રહે છે. મોટાભાગની શાળાઓમાં જુદા જુદા પ્રકારની પ્રાર્થનાઓ થાય છે. જેમાં પ્રાર્થના રે પ્રાર્થના એ પ્રાર્થના વિદ્યાર્થીઓને વધારે ગમે છે. મંદિરતારૂ વિશ્વરૂપાળું, સરસ્વતી દેવી તું છે અમારી એ પ્રાર્થનાઓ પણ વિદ્યાર્થીઓને વધુ ગમે છે. મોટાભાગના વિદ્યાર્થીઓને પ્રાર્થના દ્વારા સારા વિચારો, સંસ્કારો મળે છે મન શાંત રહે છે સમૂહભાવના કેળવાય છે અને સુષુપ્ત શક્તિઓનો વિકાસ થાય છે વગેરે શીખવા મળે છે.

**સંશોધનના ફલિતાર્થો-** પ્રાથમિક શાળાઓમાં વિવિધ સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓનું આયોજન કરવું જોઈએ. પ્રાથમિક શાળાઓમાં વિવિધ રાષ્ટ્રીય પર્વોની ઉજવણી થવી જોઈએ.પ્રાથમિક શાળાઓમાં વિવિધ ધર્મોના પર્વોની ઉજવણી થવી જોઈએ. વિદ્યાર્થીઓને સુષુપ્તશક્તિઓને જાણી તેમને યોગ્ય માર્ગદર્શન આપવું જોઈએ. પ્રાથમિક શાળાઓમાં પ્રાર્થના પ્રવૃત્તિઓનો સમય વધારવો જોઈએ.2.સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓની અભિવ્યક્તિ ખીલવી શકાય છે.સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓમાં રહેલી આંતરિક શક્તિઓને ઉજાગર કરવા માટે જરૂરી છે.સમાજના અગ્રગણ્ય વ્યક્તિઓને બોલાવી વ્યાખ્યાનો યોજવા જોઈએ.મહાન વ્યક્તિઓના જન્મદિવસ ઉજવવાથી પ્રેરણા પૂરી પાડી શકાય છે.3.આચાર્ય અને શિક્ષકોએ શાળામાં સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓનું આયોજન કરવું જોઈએ. પ્રાથમિક શાળાઓમાં થતી પ્રાર્થના પ્રવૃત્તિઓની શિક્ષકો દ્વારા તાલીમ આપવી જોઈએ.4.પ્રવૃત્તિઓમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવું જોઈએ. દરેક વિદ્યાર્થી પોતાની રસ-રૂચી પ્રમાણે ભાગ લે તેવા પ્રયત્નો શિક્ષકોએ કરવા જોઈએ.

**ચાવીરૂપ શબ્દો-** પ્રાર્થના પ્રવૃત્તિ

**૨૩. સંશોધકનું નામ- કટેરિયા મહેશભાઈ ડી.**

**કોલેજનું નામ-** શ્રીમતી આર.કે.ડી.ખણુંસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુર

**માર્ગદર્શકનું નામ -** શ્રીમતી આર. જે. પટેલ

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી -** 2023-25/ H.N.G.U, Patan/ M.Ed

**સમસ્યા શીર્ષક - (ગુજરાતી/અંગ્રેજી)**

ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની વર્તન સમસ્યાઓ

Behavioral Problems and intelligence Quotient of Student Studying in Higher Secondary Schools

**સંશોધનનું ક્ષેત્ર-** શૈક્ષણિક મનોવિજ્ઞાન

**સંશોધનના હેતુઓ-** ૧. વિદ્યાર્થી વર્તન સમસ્યા સૂચિની રચના કરવી. ૨. ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની શારીરિક, આર્થિક, માનસિક, સામાજિક ધાર્મિક અને શૈક્ષણિક બાબતોને કારણે થતી વર્તન સમસ્યાઓનો અભ્યાસ કરવો. ૩. ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની

વર્તન સમસ્યાઓનો તેમના જાતિગત તફાવતના સંદર્ભમાં અભ્યાસ કરવો. ૪. ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના બુદ્ધિઆંકનો અભ્યાસ કરવો.

**સંશોધનની ઉત્કલ્પનાઓ-** ૧. ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા કુમારો અને કન્યાઓની શારીરિક આરોગ્ય વિષયક સમસ્યાઓના મધ્યસ્થ પરીક્ષણમાં સાર્થક તફાવત નહીં હોય. ૨. ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા કુમારો અને કન્યાઓની આર્થિક સમસ્યાઓના મધ્યસ્થ પરીક્ષણમાં સાર્થક તફાવત નહીં હોય. ૩. ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા કુમારો અને કન્યાઓની સાંવેગિક વ્યક્તિગત સમસ્યાઓના મધ્યસ્થ પરીક્ષણ સાર્થક તફાવત નહી હોય. ૪. ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા કુમારો અને કન્યાઓની કૌટુંબિક અને સામાજિક સમસ્યાઓના મધ્યસ્થ પરીક્ષણમાં સાર્થક તફાવત નહીં હોય. ૫. ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા કુમારો અને કન્યાઓની કૌટુંબિક અને સામાજિક સમસ્યાઓના મધ્યસ્થ પરીક્ષણમાં સાર્થક તફાવત નહીં હોય. ૬. ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા કુમારો અને કન્યાઓની ધાર્મિક અને નૈતિક સમસ્યાઓના મધ્યસ્થ પરીક્ષણમાં સાર્થક તફાવત નહીં હોય. ૭. ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા કુમારો અને કન્યાઓની શૈક્ષણિક સમસ્યાઓના મધ્યસ્થ પરીક્ષણમાં સાર્થક તફાવત નહીં હોય. ૮. ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા કુમારો અને કન્યાઓની સમગ્ર વર્તન સમસ્યાઓના મધ્યસ્થ પરીક્ષણમાં સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ-** સ્વતંત્ર ચલ- જાતિ પરતંત્ર ચલ- ૧. બુદ્ધિ કસોટીના પ્રાપ્તાંકો ૨. વિદ્યાર્થીઓની વર્તન સમસ્યાઓ

**સંશોધનનો પ્રકાર-** વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** સર્વેક્ષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો-** બનાસકાંઠા જિલ્લાની ગુજરાતી માધ્યમની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં સામાન્ય પ્રવાહમાં અભ્યાસ કરતા કુલ- 500 વિદ્યાર્થીઓને નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ-** વર્તન સમસ્યા સૂચી

**પૃથક્કરણની રીત-** કાઈ-વર્ગ

**સંશોધનના તારણો-** ૧. કુમારો અને કન્યાઓની શારીરિક-આરોગ્ય વિષયક સમસ્યાઓના મધ્યસ્થમાં સાર્થક તફાવત જોવા મળેલ છે. ૨. કુમારો કરતાં કન્યાઓમાં શારીરિક-આરોગ્ય વિષયક સમસ્યાઓ વધુ જોવા મળે છે. ૩. કુમારો અને કન્યાઓની આર્થિક સમસ્યાઓના મધ્યસ્થમાં સાર્થક તફાવત જોવા મળેલ છે. ૪. કન્યાઓ કરતાં કુમારોમાં આર્થિક સમસ્યાઓ વધુ જોવા મળે છે. ૫. કુમારો અને કન્યાઓની સાંવેગિક-વ્યક્તિગત સમસ્યાઓના મધ્યસ્થમાં સાર્થક તફાવત જોવા મળેલ છે. ૬. કન્યાઓની તરફેણમાં છે એટલે કે કુમારોની સરખામણીમાં કન્યાઓમાં સાંવત્રિક-વ્યક્તિગત સમસ્યાઓ વધુ જોવા મળે છે. ૭. કુમારો અને કન્યાઓની કૌટુંબિક-સામાજિક સમસ્યાઓના મધ્યસ્થમાં સાર્થક તફાવત જોવા મળેલ નથી .૮. કુમારો અને કન્યાઓની ધાર્મિક-નૈતિક સમસ્યાઓના મધ્યસ્થમાં સાર્થક તફાવત જોવા મળેલ નથી.

**સંશોધનના ફલિતાર્થ-** પ્રસ્તુત અભ્યાસ ઉચ્ચત્તર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને, તેમના વાલીઓને, શાળાઓને અને શિક્ષકોને ઉપયોગી બની શકશે અને વિદ્યાર્થીઓની સમસ્યાઓનું નિરાકરણ લાવવામાં મદદરૂપ થઈ શકશે તો અભ્યાસક પોતાના કાર્યને સાર્થક સમજશે.

**ચાવીરૂપ શબ્દો-** વર્તન, ઉચ્ચતર માધ્યમિક

**૨૪. સંશોધકનું નામ- ખાનચિયા વિદ્યાબેન જી.**

**કોલેજનું નામ-** શ્રીમતી આર.કે.ડી.ખણુંસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુર

**માર્ગદર્શકનું નામ-** શ્રી પી. કે. પંચોલી

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી -** 2023-25/ H.N.G.U, Patan/ M.Ed

**સમસ્યા શીર્ષક - (ગુજરાતી/અંગ્રેજી)**

ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓનો અંગ્રેજી વિષય પ્રત્યેના રસ ક્ષેત્રોનો અભ્યાસ

A Study on the Areas of Interest of Gujarati Medium Students in the English Subject

**સંશોધનનું ક્ષેત્ર-** ભાષા શિક્ષણ

**સંશોધનના હેતુઓ-** ૧. ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓનો અંગ્રેજી વિષય પ્રત્યે રસ જણાવો. ૨. ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓનો અંગ્રેજી વિષયના વાચન તથા લેખન પ્રેત્યેનો રસનો અભ્યાસ કરવો. ૩. ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓનો અંગ્રેજી વિષય પ્રત્યે રસ જાણવા કસોટીની રચના કરવી. ૪. ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓનો અંગ્રેજી વિષય પ્રત્યેનો રસ જાતિના સંદર્ભમાં જાણવો.

**સંશોધનની ઉત્કલ્પનાઓ-** ૧. ગ્રામ્ય વિસ્તારની પ્રાથમિક શાળાના શિક્ષક અને શિક્ષિકાઓમાં કમ્પ્યૂટર વિષયક જાણકારીની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહિ હોય. ૨. શહેરી વિસ્તારની પ્રાથમિક શાળાના શિક્ષક અને શિક્ષિકાઓમાં કમ્પ્યૂટર વિષયક જાણકારીની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહિ હોય. ૩. ગ્રામ્ય અને શહેરી વિસ્તારની પ્રાથમિક શાળાના શિક્ષક અને શિક્ષિકાઓમાં કમ્પ્યૂટર વિષયક જાણકારીની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહિ હોય.

**સંશોધનના ચલ-** સ્વતંત્ર ચલ- પ્રાથમિક શાળાના શિક્ષક અને શિક્ષિકાઓ પરતંત્ર ચલ- પ્રાથમિક શાળાના શિક્ષકોમાં કમ્પ્યૂટર વિષયક જાણકારીના પ્રાપ્તાંકો

**સંશોધનનો પ્રકાર-** વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** સર્વેક્ષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમુનો-** બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકાની માધ્યમિક શાળાના ધો- 9 માં અભ્યાસ કરતાં કુલ- 100 વિદ્યાર્થીઓને યાદચ્છિક નમૂના પદ્ધતિથી પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ-** સ્વ-રચિત પ્રશ્નાવલિ

**પૃથક્કરણની રીત-** સાદી ટકાવારી

**સંશોધનના તારણો-** ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓને અંગ્રેજી વિષયમાં ખૂબ ઓછો રસ છે. અંગ્રેજી ભાષા અન્ય ભાષા કરતાં અઘરી લાગે છે. અંગ્રેજી રસ ઓછો હોવાને કારણે તેઓને અંગ્રેજીમાં પુસ્તકો વાંચવાનું ફિલ્મો જોવાનું ગમતું નથી. અંગ્રેજીમાં ઓછો રસ હોવાને કારણે તેઓ અંગ્રેજી વ્યાકરણમાં અને સ્પેલિંગમાં ખૂબ ભૂલો કરે છે.

**સંશોધનના ફલિતાર્થ-**

**<u>૨૫. સંશોધકનું નામ- કોદરવી નીશા એમ.</u>**

**કોલેજનું નામ-** શ્રીમતી આર.કે.ડી.ખણુંસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુર

**માર્ગદર્શકનું નામ** -ડૉ. જે. એલ. બારડ

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી -** 2023-25/ H.N.G.U, Patan/ M.Ed

**સમસ્યા શીર્ષક - (ગુજરાતી/અંગ્રેજી)**

માધ્યમિક શાળાના શિક્ષકોની વાંચન રૂચિનો અભ્યાસ

A Study of Reading Interest of Secondary School Teachers

**સંશોધનનું ક્ષેત્ર-** માધ્યમિક શાળા

**સંશોધનના હેતુઓ-** ૧. માધ્યમિક શાળાના શિક્ષકોની વાંચન રૂચિ જાણવા પ્રશ્નાવલીની રચના કરવી. ૨. માધ્યમિક શાળાના શિક્ષકોની વાંચન રૂચિનો જાતિના સંદર્ભમાં અભ્યાસ કરવો. ૩. માધ્યમિક શાળાના શિક્ષકોની વાંચન રૂચિનો વિસ્તારના સંદર્ભમાં અભ્યાસ કરવો. ૪. માધ્યમિક શાળાના શિક્ષકોના વાંચન રૂચિમાં સાહિત્ય વાંચનનો હેતુ અને પ્રકાર તેમજ વિદ્યાર્થીઓને પુસ્તક વાંચન માટે પ્રોત્સાહન અંગે અભ્યાસ કરવો.

**સંશોધનની ઉત્કલ્પનાઓ-** ૧. માધ્યમિક શાળાના શિક્ષકોની વાંચન રૂચિ હેતુ અંગે કોઈ સાર્થક તફાવત નહીં હોય. ૨. ગ્રામ્ય વિસ્તારના અને શહેરી વિસ્તારના શિક્ષકોનો સાહિત્ય વાંચનના હેતુ અને પ્રકાર અંગે કોઈ સાર્થક તફાવત નહીં હોય. ૩. ગ્રામ્ય વિસ્તારની અને શહેરી વિસ્તારની શિક્ષિકાઓને સાહિત્ય વાંચનના હેતુ અને પ્રકાર અંગે કોઈ સાર્થક તફાવત નહીં હોય. ૪. ગ્રામ્ય વિસ્તારના અને શહેરી વિસ્તારના શિક્ષકોનો વિદ્યાથીઓને પુસ્તકો વાંચવા માટે પ્રોત્સાહન આપવા માટે કોઈ સાર્થક તફાવત નહીં હોય. ૫. ગ્રામ્ય વિસ્તારની અને શહેરી વિસ્તારની શિક્ષિકાઓને વિદ્યાથીઓને પુસ્તકો વાંચવા માટે પ્રોત્સાહન આપવા માટે કોઈ સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ-** ------------------

**સંશોધનનો પ્રકાર-** વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** સર્વેક્ષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો-** દાંતા તાલુકાની સરકારી અને અનુદાનિત માધ્યમિક શાળાઓમાં ફરજ બજાવતા શિક્ષકોનો સ્તરીકૃત યાદચ્છિક નમૂના પસંદગીની રીતે કુલ 100 શિક્ષકોને પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ-** પ્રશ્નાવલિની રચના

**પૃથક્કરણની રીત-** શતમાન ગણતરી

**સંશોધનના તારણો-** ૧. જાતીયતાની દષ્ટિએ સ્પષ્ટીકરણ અને જ્ઞાનપ્રાપ્તિના હેતુની દષ્ટિએ થતા વાંચનમાં પૂરૂંષ અને સ્ત્રી શિક્ષકોના વાંચનના હેતુમાં તફાવત છે સ્પષ્ટીકરણના હેતુથી સ્ત્રી શિક્ષકો અન્ય સાહિત્યનું વાંચન કરે છે જયારે પૂરૂંષ શિક્ષકો જ્ઞાન પ્રાપ્તિના હેતુથી અન્ય સાહિત્યનું વાંચન કરે છે. ૨. વિસ્તારની દ્રષ્ટીએ જોતાં શહેરી અને ગ્રામીણ વિસ્તારના શિક્ષકોના અન્ય સાહિત્યના વાંચનના સ્પષ્ટીકરણ અને જ્ઞાનપ્રાપ્તિના હેતુમાં તફાવત જોવા મળે છે શહેરી શિક્ષકો સ્પષ્ટીકરણના હેતુથી અન્ય સાહિત્યનું વાંચન કરે છે, જયારે ગ્રામીણ શિક્ષકો જ્ઞાન પ્રાપ્તિના હેતુથી અન્ય સાહિત્યનું વાંચન કરે છે, જયારે પૂરક જ્ઞાનના હેતુથી થતા વાંચનમાં શહેરી અને ગ્રામીણ શિક્ષકોના વાંચનમાં ખાસ તફાવત જોવા મળતો નથી. ૩. શહેરી અને ગ્રામીણ વિસ્તારમાં પાઠયપુસ્તકના વાંચનના સમયની દષ્ટિએ તફાવત છે. ગ્રામીણ વિસ્તારના શિક્ષકો દર વર્ષે વિષય શીખવવાનો હોય ત્યારે પાઠયપુસ્તકનું વાંચન કરે છે, જયારે શહેરી વિસ્તારમાં પાઠયપુસ્તક નવું આવે ત્યારે તેનું વાંચન કરે છે. ૪. પૂરૂંષ શિક્ષકોની સરખામણીએ સ્ત્રી શિક્ષકો ધાર્મિક પુસ્તકો અને નવલકથાઓનું વાંચન વધારે પ્રમાણમાં કરે છે. ૫. વર્તમાનપત્રો અને સામાયિકોના વાંચનમાં શહેરી શિક્ષકો ગ્રામીણ શિક્ષકો કરતાં આગળ છે. ૬. જાતીયતાની દષ્ટિએ જોતાં પૂરૂંષ શિક્ષકો સ્ત્રી શિક્ષકો કરતાં વધારે ઈતર વાંચન કરે છે.

**સંશોધનના ફલિતાર્થ-** ૧. માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની વિશેષ વાંચનરૂચિ પ્રત્યેની અભિરૂચિનો તુલનાત્મક અભ્યાસ કરવો. ૨. ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકોની વાંચન રૂચિનો અભ્યાસ કરવો. ૩. પ્રાથમિક શાળાઓના શિક્ષકોની વાંચન રૂચિનો અભ્યાસ હાથ ધરવો. ૪. વાંચન રૂચિ વિકસાવવાના કાર્યક્રમની યોજના અને તેની અસરકારકતાનો અભ્યાસ કરવો. ૫. વિદ્યાર્થીઓની વાંચન રૂચિ અને વાંચન ટેવોનો તુલનાત્મક અભ્યાસ કરવો. ૬. માધ્યમિક શાળાના શિક્ષકોની વાંચનરૂચિ અને તેમની શૈક્ષણિક સિદ્ધિનો તુલનાત્મક અભ્યાસ કરવો. ૭. પ્રાથમિક શાળાના

શિક્ષકોની વિશેષ વાંચન રૂચિ અને તેમની શૈક્ષણિક સિદ્ધિનો તુલનાત્મક અભ્યાસ કરવો. ૮. બી.એડ્., એમ.એડ્. કોલેજના તાલીમાર્થીઓની વાંચન રૂચિનો અભ્યાસ કરવો.

**ચાવીરૂપ શબ્દો-** શૈક્ષણિક સિદ્ધિ, વાંચન રૂચિ

**<u>૨૬. સંશોધકનું નામ- મકવાણા આશાબેન એલ.</u>**

**કોલેજનું નામ-** શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુર

**માર્ગદર્શકનું નામ-** ડૉ. સી.એમ. ત્રિવેદી

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી -** 2023-25/ H.N.G.U, Patan/ M.Ed

**સમસ્યા શીર્ષક - (ગુજરાતી/અંગ્રેજી)**

ડીસા તાલુકાના ધોરણ- ૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની હતાશાનો અભ્યાસ

A Study of Frustration among Students of Std.10 of Deesa Taluka

**સંશોધનનું ક્ષેત્ર-** મનોવિજ્ઞાન માપન અને મૂલ્યાંકન

**સંશોધનના હેતુઓ-** ૧. ડીસા તાલુકાના ધોરણ-૧૦ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં જોવા મળતી હતાશા અંગેનો અભ્યાસ કરવો. ૨. ધોરણ-૧૦ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની હતાશાનો જાતિયતાના સંદર્ભમાં અભ્યાસ કરવો. ૩. ધોરણ- ૧૦ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની હતાશાનો વિસ્તારના સંદર્ભમાં અભ્યાસ કરવો.

**સંશોધનની ઉત્કલ્પનાઓ-** ૧. ડીસા તાલુકાના ધોરણ-૧૦ માં અભ્યાસ કરતા કુમારો અને કન્યાઓની હતાશામાં સાર્થક તફાવત નહીં હોય. ૨. ડીસા તાલુકાના ધોરણ-૧૦ માં અભ્યાસ કરતા શહેરી વિસ્તારના અને ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓની હતાશામાં સાર્થક તફાવત નહીં હોય. ૩. ડીસા તાલુકાના ધોરણ-૧૦ માં અભ્યાસ કરતા શહેરી વિસ્તારના કુમારો અને કન્યાઓની હતાશામાં સાર્થક તફાવત નહીં હોય. ૪. ડીસા તાલુકાના ધોરણ-૧૦ ના ગ્રામ્ય વિસ્તારના કુમારો અને કન્યાઓની હતાશામાં સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ- ------------------**

**સંશોધનનો પ્રકાર-** વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ પૈકી સર્વેક્ષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂના-** બનાસકાંઠા જિલ્લામાં આવેલા ડીસા તાલુકાની કુલ માધ્યમિક શાળાઓમાંથી નમૂનારૂપે યાદચ્છિક પદ્ધતિથી ૬ (છ) શાળાઓ પસંદ કરવામાં આવેલી હતી જેમાં ગ્રામીણ શાળામાંથી કુલ ૧૫૦ વિદ્યાર્થીઓ જેમાં ૭૫ કુમાર અને ૭૫ કન્યાઓ તેમજ શહેરની શાળામાંથી કુલ ૧૫૦ વિદ્યાર્થીઓ જેમાં ૭૫ કુમાર અને ૭૫ કન્યાઓની પસંદગી કરવામાં આવી હતી.

**ઉપકરણ-** ડૉ.પલ્લવીબેન પી. પટેલ. દ્વારા પ્રમાણિત કરેલ હતાશા સંશોધિની

**પૃથક્કરણની રીત-** મધ્યક, પ્રમાણ વિચલન, વિચલનની પ્રમાણભૂલ અને ટી-કસોટી

**સંશોધનના તારણો-** ૧. ધોરણ-૧૦ માં અભ્યાસ કરતાં શહેરી વિસ્તારના અને ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ પ્રક્ષેપણ ક્ષેત્રમાં સામાન્યથી વધુ હતાશા ધરાવે છે. જેમાં ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ કરતાં શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓમાં હતાશાનું પ્રમાણ વધારે જોવા મળે છે. ૨. ધોરણ-૧૦માં અભ્યાસ કરતાં શહેરી વિસ્તારના અને ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ પરાગતિમાં ક્ષેત્ર સામાન્યથી વધુ હતાશા ધરાવે છે. જેમાં ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ કરતાં શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓમાં હતાશાનું પ્રમાણ વધારે જોવા મળે છે. ૩. ધોરણ-૧૦ માં શહેરી વિસ્તારમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પ્રક્ષેપણ ક્ષેત્રમાં સામાન્યથી વધુ હતાશા ધરાવે છે. જેમાં કુમારો કરતાં કન્યાઓમાં હતાશાનું પ્રમાણ વધુ જોવા મળ્યું હતું. ૪. ધોરણ-૧૦ માં શહેરી વિસ્તારમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પરાગતિ ક્ષેત્રમાં સામાન્યથી વધુ હતાશા ધરાવે છે, જેમાં કન્યાઓ

કરતાં કુમારોમાં હતાશાનું પ્રમાણ વધુ જોવા મળ્યું હતું. ૫. ધોરણ-૧૦ માં શહેરી વિસ્તારમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ યૌકિતકરણ ક્ષેત્રમાં સામાન્યથી વધુ હતાશા ધરાવે છે જેમાં જેમાં કન્યાઓ કરતાં કુમારોમાં હતાશાનું પ્રમાણ વધુ જોવા મળ્યું હતું. ૬. ડીસા તાલુકાના ધોરણ-૧૦માં ગ્રામ્ય વિસ્તારમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ સામાન્યથી વધુ હતાશા ધરાવે છે. જેમાં કુમારોની હતાશા કરતાં કન્યાઓમાં હતાશાનું પ્રમાણ વધુ જોવા મળે છે.

**સંશોધનના ફલિતાર્થો-** વિવિધ મનોવૈજ્ઞાનિક સંશોધનોએ સિદ્ધ કર્યું છે કે હતાશા પરત્વેનાં વિદ્યાર્થીઓનાં વલણો એ જન્મજાત નથી. પરંતુ વાતાવરણમાંથી પ્રાપ્ત કરે છે. કે શીખે છે. આથી શાળામાં ઘરમાં સ્નેહી સંબંધીઓ તથા મિત્રમંડળમાં એવું વાતાવરણ ઊભુ થવું જોઈએ કે જેથી વિદ્યાર્થીઓના માનસમાં હતાશાજનક પરિસ્થિતી પરત્વે વિધાયક રચનાત્મક વલણ ઉભું થાય જે તેને તેના ભાવિ જીવનમાં વાસ્તવિક સ્વરૂપની હતાશાઓનો સામનો કરવામાં ઉપયોગી નીવડે. વિદ્યાર્થીઓમાં આવતી હતાશા દૂર કરવા અંગે બોધદાયક વાર્તાઓ અને ઉચ્ચ આદર્શ જીવનના પ્રસંગો અવારનવાર રજૂ કરવા.પોતાની અધૂરપો અને નબળાઈઓને સભાન પણે સ્વીકારી શકે અને સબળતાઓ માટે ગૌરવ લઈ શકે તેવી મનોવૃત્તિ કેળવાય તેવા પ્રયત્નો કરવા જોઈએ.

**ચાવીરૂપ શબ્દો-** હતાશા

**<u>૨૭. સંશોધકનું નામ- મકવાણા નરેશજી પી.</u>**

**કોલેજનું નામ-** શ્રીમતી આર.કે.ડી. ખણુંસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુર

**માર્ગદર્શકનું નામ-** ડૉ. પી.બી.પટેલ

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી -** 2023-25/ H.N.G.U, Patan/ M.Ed

**સમસ્યા શીર્ષક - (ગુજરાતી/અંગ્રેજી)**

શાળાકીય શિક્ષણ પ્રણાલીઓ – એક અભ્યાસ

A Study of Schooling Systems

**સંશોધનનું ક્ષેત્ર-** તુલનાત્મક શિક્ષણ

**સંશોધનના હેતુઓ-** ૧. પ્રાચીન અને આધુનિક શાળાકીય પ્રણાલીનો શિક્ષણક્ષેત્રે અભ્યાસ કરવો. ૨. પ્રાચીન અને આધુનિક શાળાકીય પ્રણાલીના સંદર્ભમાં શિક્ષક અને વિદ્યાર્થીઓના દ્રષ્ટિકોણ ચકાસવા અભિપ્રાયાવલિની સંરચના કરવી. ૩. પ્રાચીન અને આધુનિક શાળાકીય પ્રણાલીના સંદર્ભમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોના અભિપ્રાયની તુલના કરવી.

**સંશોધનની ઉત્કલ્પનાઓ-** ૧. પ્રાચીન શાળાકીય શિક્ષણ પ્રણાલી અને આધુનિક શાળાકીય શિક્ષણ પ્રણાલીના વિદ્યાર્થીઓ અને શિક્ષકોના અભિપ્રાય વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ-** સ્વતંત્ર ચલ- પ્રાચીન અને આધુનિક શાળાકીય પ્રણાલી પરતંત્ર ચલ- ગાણિતિક તર્કશકિત અંકુશિત ચલ- શાળા, શાળાનું વાતાવરણ, વિસ્તાર, વિષયવસ્તુ

**સંશોધનનો પ્રકાર-** વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ પૈકી સર્વેક્ષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂના-** દાંતા તાલુકાની શ્રી અંબિકા સંસ્કૃત મહાવિદ્યાલય, અંબાજી તથા જયશ્રી દ્વારકાધિશ સરસ્વતી વિદ્યાલય, મોટાસડા ધોરણ- 11 માં અભ્યાસ કરતા કુલ-100 વિદ્યાર્થીઓ તેમજ તે શાળાના કુલ-20 શિક્ષકોને આકસ્મિક નમૂના પસંદગીથી પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ-** સ્વ-રચિત અભિપ્રાયાવલિ

**પૃથક્કરણની રીત-** કાઈ-વર્ગ

**સંશોધનના તારણો-** વિદ્યાર્થીઓ અને શિક્ષકોના મત મુજબ આધુનિક પ્રણાલીથી ચાલતી શાળામાં સુવિધા વધુ હોય છે તેમજ પ્રાચીન પ્રણાલીથી ચાલતી શાળામાં ઓછી તેથી શિક્ષકોના મત મુજબ પ્રાચીન શાળા વધુ આકર્ષક છે. વિદ્યાર્થીઓ અને શિક્ષકોના મત મુજબ આધુનિક સમયમાં પ્રાચીન વિષયો, ભાષા, વેદોનું જ્ઞાન આપવું યોગ્ય છે.

**સંશોધનના ફલિતાર્થો-** પ્રસ્તુત અભ્યાસમાં અભિપ્રાયાવલિઓની મદદથી પ્રાચીન પ્રણાલીથી ચાલતી શાળા અને આધુનિક પ્રણાલીથી ચાલતી શાળા અંગેના વિદ્યાર્થીઓ અને શિક્ષકોના અભિપ્રાયો મેળવવામાં આવ્યા હતા. આમ અભિપ્રાયાવલિની મદદથી કોઈ પણ સંસ્થા, શળા વિશેના વિદ્યાર્થીઓ, શિક્ષકો, વાલીઓ અને આચાર્યોના અભિપ્રાય મેળવી શકાય છે.

**ચાવીરૂપ શબ્દો-** શિક્ષણ પ્રણાલી

**<u>૨૮. સંશોધકનું નામ- મકવાણા પિન્કીબેન એલ.</u>**

**કોલેજનું નામ-** શ્રીમતી આર.કે.ડી. ખણુંસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુર

**માર્ગદર્શકનું નામ-** ડૉ. પી.બી. પટેલ

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી -** 2023-25/ H.N.G.U, Patan/ M.Ed

**સમસ્યા શીર્ષક - (ગુજરાતી/અંગ્રેજી)**

ડીસા તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની શૈક્ષણિક પ્રવાહ પસંદગીના કારણોનો અભ્યાસ

A Study of the Causes to Select the Educational Stream of Higher Secondary School Students of Deesa Taluka

**સંશોધનનું ક્ષેત્ર-** માર્ગદર્શન અને સલાહદર્શન

**સંશોધનના હેતુઓ-** ૧. ડીસા તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ધોરણ-11 માં અભ્યાસ કરી રહેલા વિદ્યાર્થીઓના પ્રવાહ પસંદગીના કારણોનો અભ્યાસ કરવો. ૨. ડીસા તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓના પ્રવાહ પસંદગીના કારણોનો અભ્યાસ કરવા અભિપ્રાયાવલિની સંરચના કરવી. ૩. ડીસા તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ધોરણ-11 માં અભ્યાસ કરી રહેલા વિદ્યાર્થીઓના પ્રવાહ પસંદગીના કારણો પર શાળા પ્રકારની અસરની તપાસ કરવી. ૪. ડીસા તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ધોરણ-11 માં અભ્યાસ કરી રહેલા વિદ્યાર્થીઓનો પ્રવાહ પસંદગીના કારણો પર જાતિની શૈક્ષણિક પ્રવાહની અસર તપાસ કરવી.

**સંશોધનના પ્રશ્નો-** ૧. ધોરણ-11 માં અનુદાનિત શાળાઓમાં વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા કુમારોના વિજ્ઞાન પ્રવાહ પસંદગીના કારણો કયા હશે? ૨. ધોરણ-11 માં અનુદાનિત શાળાઓમાં વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતી કન્યાઓના વિજ્ઞાન પ્રવાહ પસંદગીઓ કારણો કયાં હશે? ૩. ધોરણ-11 માં અનુદાનિત શાળાઓમાં વાણિજ્ય પ્રવાહમાં અભ્યાસ કરતા કુમારોના વાણિજ્ય પ્રવાહ પસંદગીના કારણો ક્યાં હશે? ૪. ધોરણ-11 માં અનુદાનિત શાળાઓમાં વાણિજ્ય પ્રવાહમાં અભ્યાસ કરતી કન્યાઓના વાણિજ્ય પ્રવાહ પસંદગીના કારણો ક્યાં હશે? ૫. ધોરણ-11 માં અનુદાનિત શાળાઓમાં વિનયન પ્રવાહમાં અભ્યાસ કરતા કુમારોના વિનયન પ્રવાહ પસંદગીના કારણો ક્યાં હશે? ૬. ધોરણ-11 માં અનુદાનિત શાળાઓમાં વિનયન પ્રવાહમાં અભ્યાસ કરતી કન્યાઓના વિનયન પ્રવાહ પસંદગીનાં કારણો ક્યાં હશે? ૭. ધોરણ-11 માં સ્વનિર્ભર શાળાઓમાં વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા કુમારોના વિજ્ઞાન પ્રવાહ પસંદગીના કારણો કયા હશે? ૮. ધોરણ-11 માં સ્વનિર્ભર શાળાઓમાં વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતી કન્યાઓના વિજ્ઞાન પ્રવાહ પસંદગીના કારણો ક્યાં હશે?

**સંશોધનના ચલ-** સ્વતંત્ર ચલ- જાતિ, પ્રવાહ      પરતંત્ર ચલ- શૈક્ષણિક પ્રવાહ

**સંશોધનનો પ્રકાર-** વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ પૈકી સર્વેક્ષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂના-** ડીસા તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓ પૈકી અનુદાન મેળવતી મહારાણા પ્રતાપ હાઈસ્કુલ, ડીસામાંથી 60, શ્રી ઓ.એમ. અગ્રવાલ આદર્શ ઉચ્ચતર માધ્યમિક શાળા, ડીસામાંથી 20, સેન્ટ. ઝેવિયર્સ ઉચ્ચતર માધ્યમિક શાળા, ડીસા માંથી 40 તેમજ સ્વનિર્ભર શાળા એંજલ શાળા, ડીસામાંથી 40 જે વિજ્ઞાન પ્રવાહ, વાણિજ્ય પ્રવાહ, વિનયન પ્રવાહના ધોરણ-11 માં અભ્યાસ કરતા કુલ-160 વિદ્યાર્થીઓને યાદચ્છિક નમૂના પસંદગીથી પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ-** સ્વ- રચિત અભિપ્રાયાવલિ

**પૃથક્કરણની રીત-** સાદી ટકાવારી

**સંશોધનના તારણો-** ૧. વિજ્ઞાન પ્રવાહમાં આગળ અભ્યાસની તક ઉજ્જવળ છે.પ્રાયોગિક કાર્ય કરવાનું ગમે છે.તર્ક શક્તિનો વિકાસ થાય છે. વિજ્ઞાન પ્રવાહ રાખવાથી સમાજમાં ખૂબ પ્રતિષ્ઠા મળે છે. ટેકનિકલ ક્ષેત્રમાં ઉચ્ચ શિક્ષણ મેળવી શકાય છે. ૨.  વિજ્ઞાન પ્રવાહમાં આગળ અભ્યાસની તક ઉજ્જવળ છે. તર્ક શક્તિનો વિકાસ થાય છે. વિજ્ઞાન કે ગણિત શિક્ષક બનવાની તક મળે છે. વિવિધ ક્ષેત્રની જાણકારી પ્રાપ્ત થાય છે. ટેકનિકલ ક્ષેત્રમાં ઉચ્ચ શિક્ષણ મેળવી શકાય છે. ૩. વિજ્ઞાન પ્રવાહમાં આગળ અભ્યાસની તક ઉજ્જવળ છે. તર્ક શક્તિનો વિકાસ થાય છે. વિજ્ઞાન કે ગણિત શિક્ષક બનવાની તક મળે છે.ડોકટર બનવાની તક મળે છે. એન્જિનિયર બનવાની તક મળે છે. ૪. વાણિજય પ્રવાહના અભ્યાસથી સી.એ.નો અભ્યાસ કરી શકાય છે. વાણિજય પ્રવાહ વ્યવસાયની દ્રષ્ટિએ ઉપયોગી છે. ચાર્ટડ એકાઉન્ટ જેવા ઉચ્ચ અભ્યાસ માટે જરૂરી છે. બેંકમાં નોકરી મેળવી શકાય છે. વાણિજય પ્રવાહમાં ઉચ્ચ અભ્યાસની તકો છે. ૫. ગુજરાતી, હિન્દી, સંસ્કૃત અને અંગ્રેજી જેવા વિષયો સરળ હોય છે. વિનયન પ્રવાહમાં બીજા પ્રવાહો કરતા વધારે ગુણ મેળવી શકાય છે.વિનયન પ્રવાહમાં સ્નાતક થવાથી સરળતાથી નોકરી મળી શકે છે. વિનયન પ્રવાહનો અભ્યાસક્રમ સરળ છે. આ અભ્યાસમાં ખર્ચ ઓછો આવે છે.

**સંશોધનના ફલિતાર્થો-** ૧. વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ ટેકનિકલ ક્ષેત્રમાં વધુ નિપુણતા મેળવે તેવી તકો પ્રાપ્ત કરાવવી જોઈએ. ૨.  વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓની તર્ક શક્તિનો વિકાસ થાય તે માટેના કાર્યક્રમોનું આયોજન કરવું જોઈએ. ૩. વિજ્ઞાન પ્રવાહ તરફ વિદ્યાર્થીઓનું આકર્ષણ વધે અને વિદ્યાર્થીઓની ડૉક્ટર, એન્જિનિયર બનવાની ઈચ્છા પૂર્ણ થાય તે માટે વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન અને જ્ઞાન પ્રાપ્ત કરાવવું જોઈએ. ૪. વાણિજ્ય પ્રવાહના વિદ્યાર્થીઓ માટે સ્વતંત્ર ધંધામાં માર્ગદર્શન અને સલાહ સૂચન મળી રહે તેવા કાર્યક્રમોનું આયોજન કરવું જોઈએ. ૫. વિનિમય પ્રવાહના વિદ્યાર્થીઓ પણ ભાષાના વિષયો સિવાયના અન્ય વિષયોનું જ્ઞાન સરળતાથી મેળવી અને સમજી શકે તે માટે નિષ્ણાંત વ્યક્તિઓના પ્રવચનો કે સેમિનાર ગોઠવવા જોઈએ.

**ચાવીરૂપ શબ્દો-** શૈક્ષણિક પ્રવાહ

**<u>૨૯. સંશોધકનું નામ- નાયક મયુરી એસ.</u>**

**કોલેજનું નામ-** શ્રીમતી આર.કે.ડી.ખણુંસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુર

**માર્ગદર્શકનું નામ** -શ્રીમતી આર. જે. પટેલ

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી -** 2023-25/ H.N.G.U, Patan/ M.Ed

**સમસ્યા શીર્ષક - (ગુજરાતી/અંગ્રેજી)**

ધો-9 ના સંસ્કૃત વ્યાકરણના પસંદિત એકમો માટે કમ્પ્યૂટર કૃત અભિક્રમિત અધ્યયન સામગ્રીનું નિર્માણ અને અજમાયશ

Development and Try-Out of Computerised Programmed Learning Material For Selected Units of Sanskrit Grammar of std 9

**સંશોધનનું ક્ષેત્ર-** શૈક્ષણિક ટેક્નોલોજી

**સંશોધનના હેતુઓ-** ૧. ધો-9 ના સંસ્કૃત વ્યાકરણના પસંદિત એકમ માટે કમ્પ્યૂટર કૃત અભિક્રમિત અધ્યયન સામગ્રીનું નિર્માણ કરવું. ૨. ધો-9 ના વિદ્યાર્થીઓની સંસ્કૃત વ્યાકરણ સિદ્ધિ પર કમ્પ્યૂટર કૃત અભિક્રમિત અધ્યયન સામગ્રી અને પરંપરાગ પદ્ધતિની અસરકારકતાનો અભ્યાસ કરવો. ૩. કમ્પ્યૂટર કૃત અભિક્રમિત અધ્યયન પદ્ધતિની અસરકારકતા તપાસવી.

**સંશોધનની ઉત્કલ્પનાઓ-** ધો-9 ના વિદ્યાર્થીઓએ કમ્પ્યૂટર કૃત અભિક્રમિત અધ્યયન સામગ્રી દ્વારા અધ્યયન અને પરંપરાગત પદ્ધતિ દ્વારા અધ્યાપન પામેલ વિદ્યાર્થીઓએ કસોટીમાં મેળવેલા પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ-** સ્વતંત્ર ચલ- અધ્યાપન પદ્ધતિ પરતંત્ર ચલ- સંસ્કૃત વ્યાકરણની સિદ્ધિ અંકુશિત ચલ- ધોરણ, વિષય, એકમ

**સંશોધનનો પ્રકાર-** વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો-** પાલનપુર તાલુકાની ગુજરાતી માધ્યમની શાળામાં ધોરણ નવમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ પૈકી સહેતુક યાદચ્છિક રીતે શ્રીમતી સમુબેન દોલાચંદ લલ્લુભાઈ શાહ માધ્યમિક શાળા, ભાગળ (પીંપળી)માં અભ્યાસ કરતા કુલ 50 વિદ્યાર્થીઓને પસંદ કરવામાં આવ્યા હતા

**ઉપકરણ-** સ્વ રચિત સિદ્ધિ કસોટી

**પૃથક્કરણની રીત-** ટી-કસોટી

**સંશોધનના તારણો –** ૧. ધોરણ નવના વિદ્યાર્થીઓની સંસ્કૃત વ્યાકરણની સિદ્ધિના સંદર્ભમાં કમ્પ્યૂટર કૃત અભિક્રમિત અધ્યયન સામગ્રી પરંપરાગત પદ્ધતિ કરતા ચઢિયાતી હતી.

**સંશોધનના ફલિતાર્થ-** ધોરણ નવના સંસ્કૃત વ્યાકરણના પસંદિત એકમોના અધ્યાપન માટે પરંપરાગત પદ્ધતિ કરતાં કમ્પ્યૂટરકૃત અભિક્રમિત અધ્યયન સામગ્રી વધારે અસરકારક હતી. જયારે કમ્પ્યૂટર કૃત અભિક્રમિત અધ્યયન સામગ્રી અને પરંપરાગત પદ્ધતિની અસરકારકતા પર શાળાની કોઈ અસર જોવા મળી ન હતી.

**ચાવીરૂપ શબ્દો-** સંસ્કૃત, અભિક્રમિત અધ્યયન

**<u>30. સંશોધકનું નામ- નાયક સિદ્ધાર્થ જી.</u>**

**કોલેજનું નામ-** શ્રીમતી આર.કે.ડી. ખણુંસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુર

**માર્ગદર્શકનું નામ-** શ્રી પી.કે.પંચોલી

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી -** 2023-25/ H.N.G.U, Patan/ M.Ed

**સમસ્યા શીર્ષક - (ગુજરાતી/અંગ્રેજી)**

ધોરણ- ૧૨ નાં ઉચ્ચ અને નિમ્ન સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓની ચિંતાનો અભ્યાસ

A Study of Anxiety of High And Low Achieving Students of Std. 12th

**સંશોધનનું ક્ષેત્ર-** શિક્ષણનું મનોવિજ્ઞાન

**સંશોધનના હેતુઓ-** ૧. ધોરણ-૧૨ ના ઉચ્ચ અને નિમ્ન સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓની ચિંતાનો તુલનાત્મક અભ્યાસ કરવો. ૨. ધોરણ- ૧૨ ના ઉચ્ચ અને નિમ્ન સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓની ચિંતા પર જાતીયતાની અસર તપાસવી. ૩. ધોરણ- ૧૨ ના ઉચ્ચ અને નિમ્ન સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓની ચિંતા પર વિસ્તારની અસર તપાસવી.

**સંશોધનની ઉત્કલ્પનાઓ-** ૧. ધોરણ-૧૨ ના ઉચ્ચ અને નિમ્ન સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓની ચિંતા માપદંડ પરના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહિ હોય. ૨. ધોરણ-૧૨ ના ઉચ્ચ સિદ્ધિ ધરાવતા કુમારો અને કન્યાઓની ચિંતા માપદંડ પરના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહિ હોય. ૩. ધોરણ- ૧૨ ના નિમ્ન સિદ્ધિ ધરાવતા કુમારો અને કન્યાઓની ચિંતા માપદંડ પરના પ્રાપ્તાંકની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહિ હોય. ૪. ધોરણ-૧૨ ના ઉચ્ચ સિદ્ધિ ધરાવતા ગ્રામ્ય અને શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓની ચિંતા માપદંડ પરના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહિ હોય. ૫. ધોરણ-૧૨ ના નિમ્ન સિદ્ધિ ધરાવતા ગ્રામ્ય અને શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓની ચિંતા માપદંડ પરના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહિ હોય. ૬. ધોરણ- ૧૨ ના ઉચ્ચ સિદ્ધિ ધરાવતા ગ્રામ્ય વિસ્તારના કુમારો અને કન્યાઓની ચિંતા માપદંડ પરના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહિ હોય. ૭. ધોરણ-૧૨ ના ઉચ્ચ સિદ્ધિ ધરાવતા શહેરી વિસ્તારના કુમારો અને કન્યાઓની ચિંતા માપદંડ પરના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહિ હોય. ૮. ધોરણ- ૧૨ ના નિમ્ન સિદ્ધિ ધરાવતા ગ્રામ્ય વિસ્તારના કુમારો અને કન્યાઓની ચિંતા માપદંડ પરના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહિ હોય. ૯. ધોરણ- ૧૨ ના નિમ્ન સિદ્ધિ ધરાવતા શહેરી વિસ્તારના કુમારો અને કન્યાઓની ચિંતા માપદંડ પરના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

**સંશોધનના ચલ-** સ્વતંત્ર ચલ- જાતિ, વિસ્તાર પરતંત્ર ચલ- સિદ્ધિ

**સંશોધનનો પ્રકાર-** વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ પૈકી સર્વેક્ષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂના-** થરાદ તાલુકામાં આવેલી ગુજરાતી ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ પૈકી ગ્રામ્ય અને શહેરી વિસ્તારની કુલ ૬ શાળામાંથી ધોરણ-૧૨ ના કુલ- ૪૬૯ વિદ્યાર્થીઓ નમૂના તરીકે પસંદ કરવામાં આવેલ છે.

**ઉપકરણ-** ડૉ. કૃષ્ણકાન્ત ગો. દેસાઈ રચિત દેસાઈ પ્રગટ ચિંતા માપદંડ

**પૃથક્કરણની રીત-** સરાસરી, પ્રમાણ વિચલન અને ટી-કસોટી

**સંશોધનના તારણો-** ૧. ધોરણ-૧૨ ના ઉચ્ચ સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓ કરતાં નિમ્ન સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓમાં ચિંતાનું પ્રમાણ વધુ જોવા મળ્યું હતું. ૨. ધોરણ-૧૨ ના ઉચ્ચ સિદ્ધિ ધરાવતા કુમારો અને કન્યાઓમાં ચિંતાનું પ્રમાણ સમાન જોવા મળ્યું હતું. ૩. ધોરણ-૧૨ ના નિમ્ન સિદ્ધિ ધરાવતા કુમારો અને કન્યાઓમાં ચિંતાનું પ્રમાણ સમાન જોવા મળ્યુ હતું. ૪. ધોરણ-૧૨ ના ઉચ્ચ સિદ્ધિ ધરાવતા ગ્રામ્ય અને શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓમાં ચિંતાનું પ્રમાણ સમાન જોવા મળ્યું હતું. ૫. ધોરણ-૧૨ ના નિમ્ન સિદ્ધિ ધરાવતા ગ્રામ્ય અને શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓમાં ચિંતાનું પ્રમાણ સમાન જોવા મળ્યું હતું. ૬. ધોરણ-૧૨ ના ઉચ્ચ સિદ્ધિ ધરાવતા ગ્રામ્ય વિસ્તારના કુમાર અને કન્યાઓમાં ચિંતાનું પ્રમાણ સમાન જોવા મળ્યું હતું. ૭. ધોરણ-૧૨ ના ઉચ્ચ સિદ્ધિ ધરાવતા શહેરી વિસ્તારના કુમાર અને કન્યાઓમાં ચિંતાનું પ્રમાણ સમાન જોવા મળ્યું હતું. ૮. ધોરણ-૧૨ ના નિમ્ન સિદ્ધિ ધરાવતા ગ્રામ્ય વિસ્તારના કુમાર અને કન્યાઓમાં ચિંતાનું પ્રમાણ સમાન જોવા મળ્યું હતું. ૯. ધોરણ-૧૨ ના નિમ્ન સિદ્ધિ ધરાવતા શહેરી વિસ્તારના કુમાર અને કન્યાઓમાં ચિંતાનું પ્રમાણ સમાન જોવા મળ્યું હતું. ૧૦. ધોરણ-૧૨ ના ઉચ્ચ અને નિમ્ન સિદ્ધિ ધરાવતા

વિદ્યાર્થીઓની ચિંતા પર જાતીયતાની કોઈ જ અસર જોવા મળી નહીં. ૧૧. ધોરણ-૧૨ ના ઉચ્ચ અને નિમ્ન સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓની ચિંતા પર વિસ્તારની કોઈ જ અસર જોવા મળી નહીં.

**સંશોધનના ફલિતાર્થો-** ૧. આજની વર્તમાન શિક્ષણ- પ્રણાલીમાં કમ્પ્યૂટર અને વિવિધ ટેકનોલોજીનો ઉપયોગ કરી વૈજ્ઞાનિક ઢબે શિક્ષણ આપવું જોઈએ. ૨. આજની વર્તમાન પરીક્ષા પદ્ધતિમાં સુધારો લાવી વિદ્યાર્થીઓ પરથી પરીક્ષાનું ભારણ ઘટાડવું જોઈએ. ૩. સમાજમાં બાળકની શૈક્ષણિક સિદ્ધિને પ્રાધાન્ય ન આપતા તેના સર્વાંગી વિકાસને પ્રાધાન્ય આપવું જોઈએ. ૪.છોકરીઓની ચિંતા ઘટાડવા વિશેષ કાર્યક્રમોની રચના કરવી જોઈએ. ૫. સમાજમાં વ્યાપેલા જાતિભેદને દૂર કરી છોકરાઓ અને છોકરીઓના શિક્ષણને સમાન પ્રાધાન્ય આપવું જોઈએ. ૬. વિદ્યાર્થીઓ પરથી અભ્યાસક્રમનું ભારણ ઘટાડવું જોઈએ. ૭. વિદ્યાર્થીઓ ચિંતામુકત બની અભ્યાસ કરી શકે તે માટે વાલીઓ અને શિક્ષકોએ યોગ્ય ભૌતિક સુવિધાઓ અને વાતાવરણ પૂરું પાડવું જોઈએ.

**ચાવીરૂપ શબ્દો-** સિદ્ધિ, ચિંતા

**<u>૩૧. સંશોધકનું નામ- પંડ્યા પિયુષકુમાર ડી.</u>**

**કોલેજનું નામ-** શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુર

**માર્ગદર્શકનું નામ-** ડૉ. જે. એલ. બારડ

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી -** 2023-25/ H.N.G.U, Patan/ M.Ed

**સમસ્યા શીર્ષક - (ગુજરાતી/અંગ્રેજી)**

પાલનપુર તાલુકાની ઉચ્ચત્તર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ માટે ભ્રષ્ટાચાર મુકિત સભાનતા કાર્યક્રમની રચના અને અજમાયશ

Construction and Effectiveness of Corruption Eradication Awareness Program for Students of Higher Secondary School in Palanpur Taluka

**સંશોધનનું ક્ષેત્ર-** માર્ગદર્શન અને સલાહદર્શન

**સંશોધનના હેતુઓ-** ૧. ધોરણ-૧૧ ના વિદ્યાર્થીઓ માટે ભ્રષ્ટાચાર મુકિત સભાનતા કાર્યક્રમની સંરચના કરવી. ૨. ધોરણ- ૧૧ ના વિદ્યાર્થીઓ માટે ભ્રષ્ટાચાર સભાનતા માપન (પૂર્વ કસોટી અને ઉત્તર કસોટી)ની સંરચના કરવી. ૩. ભ્રષ્ટાચાર મુકિત સભાનતા કાર્યક્રમની અસરકારકતા ચકાસવી. ૪. ભ્રષ્ટાચાર મુકિત સભાનતા કાર્યક્રમની અસરકારકતા પર જાતિયતાના તફાવતોની અસર તપાસવી.

**સંશોધનની ઉત્કલ્પનાઓ-** ૧. ધોરણ- ૧૧ ના વિદ્યાર્થીઓએ ભ્રષ્ટાચાર મુકિત સભાનતા માપન (પૂર્વ કસોટી) અને ભ્રષ્ટાચાર મુકિત સભાનતા માપન (ઉત્તર કસોટી)માં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય. ૨. ધોરણ- ૧૧ ના કુમાર અને કન્યાઓએ ભ્રષ્ટાચાર મુકિત સભાનતા માપન (પૂર્વ કસોટી) માં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય. ૩. ધોરણ- ૧૧ ના કુમાર અને કન્યાઓએ ભ્રષ્ટાચાર મુકિત સભાનતા માપન (ઉત્તર કસોટી) માં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ-** સ્વતંત્ર ચલ- ભ્રષ્ટાચાર મુકિત કાર્યક્રમ પરતંત્ર ચલ- ભ્રષ્ટાચાર મુકિત સભાનતા કસોટી પરના પ્રાપ્તાંકો અંકુશિત ચલ- ધોરણ, શાળાનું વાતાવરણ, વિષયવસ્તુ પરિવર્તીય ચલ- જાતિ

**સંશોધનનો પ્રકાર-** વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂના-** પાલનપુર તાલુકાના શહેરી વિસ્તારની ઉચ્ચતર માધ્યમિક શાળાઓ પૈકી સહેતુક રીતે શ્રી નૂતન હાઈસ્કૂલ, પાલનપુર ધો-11 માં અભ્યાસ કરતાં કુલ- 50 વિદ્યાર્થીઓને ઝૂમખાં નમૂના પદ્ધતિથી પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ-** સ્વ-રચિત ભ્રષ્ટાચાર મુકિત સભાનતા કાર્યક્રમ તથા સ્વ-રચિત ભ્રષ્ટાચાર સભાનતા માપન (પૂર્વ કસોટી, ઉતર કસોટી)

**પૃથક્કરણની રીત-** સરાસરી, પ્રમાણ વિચલન અને ટી-કસોટી

**સંશોધનના તારણો-** ભ્રષ્ટાચાર મુકિત સભાનતા કાર્યક્રમ અસરકારક રહ્યો હતો. કુમારો, કન્યાઓ કરતાં પહેલેથી જ ભ્રષ્ટાચાર મુકિત સભાનતા વધુ ધરાવતા હતા. કાર્યક્રમની અજમાયશ બાદ કુમાર અને કન્યાઓ સમાન ભ્રષ્ટાચાર મુકિત સભાનતા ધરાવતા જોવા મળ્યા હતા. પ્રાયોગિક જુથનાં વિદ્યાર્થીઓના ઉતરકસોટી અને પૂર્વકસોટીના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે તફાવત જોવા મળ્યો હતો. જે ભ્રષ્ટાચાર મુક્તિ સભાનતા કાર્યક્રમને આભારી હતો.

**સંશોધનના ફલિતાર્થો-** વિદ્યાર્થીઓ માટે તૈયાર કરેલ સમૂહ પ્રવૃત્તિ આધારિત ભ્રષ્ટાચાર મૂકિત સભાનતા કાર્યક્રમ સભાનતા કાર્યક્રમ વધુ અસરકારક રહ્યો હતો. વિદ્યાર્થીઓ પાવર પોઈન્ટ પેઝન્ટેશન આધારિત ભ્રષ્ટાચાર મુક્તિ સભાનતા કાર્યક્રમ સભાનતા કાર્યક્રમ વધુ અસરકારક રહ્યો હતો. વિદ્યાર્થીઓને તજજ્ઞો દ્વારા કલમો અને વિષય વિસ્તૃત સમજ આપવામાં આવી હતી. જેથી વિદ્યાર્થીઓ જાગૃત થયા હતાં તેથી ભ્રષ્ટાચાર મુકિત સમાનતા કાર્યક્રમ વધુ અસરકારક રહ્યો હતો. ધોરણ- ૧૧ ના વિદ્યાર્થીઓને ટ્રાન્સપરંસી દ્વારા ભ્રષ્ટાચારના પ્રકારોની સમજ આપવામાં આવી. તેથી ભ્રષ્ટાચાર મુક્તિ સમાનતા કાર્યક્રમ અસરકારક રહ્યો હતો. આમ ઉપરોકત તારણ અંતગર્ત એવું સુચવી શકાય કે ભ્રષ્ટાચાર મુકિત સભાનતા લાવવા માટે આ કાર્યક્રમનો સમાજના વિવિધ ક્ષેત્રે ઉપયોગ કરી શકાય. તેમજ સમાજમાં ભ્રષ્ટાચાર નાબુદી માટેની માહિતી આપીને લોકોમાં જાગૃતિ લાવી શકાય. તેથી શાળા કક્ષાએ આવા કાર્યક્રમનો અમલ કરવો જોઈએ.

**ચાવીરૂપ શબ્દો-** ભ્રષ્ટાચાર

**<u>૩૨. સંશોધકનું નામ- પારઘી આકાશભાઈ બી.</u>**

**કોલેજનું નામ-** શ્રીમતી આર.કે.ડી.ખણુંસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુર

**માર્ગદર્શકનું નામ-** ડૉ. પી. બી. પટેલ

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી -** 2023-25/ H.N.G.U, Patan/ M.Ed

**સમસ્યા શીર્ષક - (ગુજરાતી/અંગ્રેજી)**

ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની વૈશ્વિક પડકારોની સભાનતાનો અભ્યાસ

A Study of the Students of Higher Secondary Schools about Their Awareness of Universal Challenges

**સંશોધનનું ક્ષેત્ર-** શૈક્ષણિક મનોવિજ્ઞાન

**સંશોધનના હેતુઓ-**૧. ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓમાં ગ્લોબલ વોર્મિંગ અંગેની સભાનતાનો અભ્યાસ કરવો. ૨. ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓમાં બેરોજગારી અંગેની સભાનતાનો અભ્યાસ કરવો. ૩. ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓમાં વસ્તી વધારા અંગેની સભાનતાનો અભ્યાસ કરવો.

**સંશોધનના પ્રશ્નો -**૧. ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓમાં ગ્લોબલ વોર્મિંગ અંગેની સભાનતા કેવી કેવી હશે? ૨. ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓમાં બેરોજગારી અંગેની સભાનતા કેવી કેવી હશે? ૩. ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓમાં વસ્તી વધારા અંગેની સભાનતા કેવી કેવી હશે?

**સંશોધનના ચલ**--------

**સંશોધનનો પ્રકાર-** વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** સર્વેક્ષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમુનો-** બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં કુલ-200 વિદ્યાર્થીઓને યાદચ્છિક નમૂના પદ્ધતિથી પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ-** સ્વ-રચિત સભાનતા માપદંડ

**પૃથક્કરણની રીત-** કાઈ-વર્ગ

**સંશોધનના તારણો-** ગ્લોબલ વોર્મિંગની અસરો અટકાવવા માટે નુકશાન કરતાં જીવાણુંઓ દૂર કરવા જોઈએ અને વધુ વૃક્ષો વાવવા જોઈએ એવું માને છે. બેરોજગારીના કારણે વ્યક્તિ નિરાશા અને હીનતાનો ભોગ બને છે અને ઘણી વાર અપરાધ કે કૌટુંબિક સંબંધો બગાડે છે તેવો વિદ્યાર્થીઓના મંતવ્યો પરથી જાણવા મળેલ છે. વધુ પડતી વસ્તી વિસ્ફોટના કારણે ગરીબીનું પ્રમાણ વધતું જાય છે. તેની અસર વ્યક્તિના રહેઠાણ ઉપર પડતી હોય તેવું તારણ પ્રાપ્ત થયેલ છે.

**સંશોધનના ફલિતાર્થ-** વૈશ્વિક પડકારોએ આજના વિશ્વની એક મોટામાં મોટી સમસ્યા દરેક વ્યક્તિના માથા ઉપર આવીને ઊભેલી છે. આજે સતત વ્યક્તિ પડકારોનો સામનો કરી રહયો છે. કોઈ પણ પડકાર હોય જેવો કે બેરોજગારી હોય કે વસ્તી વધારો હોય કે કુપોષણ હોય, બોમ્બ વિસ્ફોટ હોય અનેક સમસ્યાઓ આજે વ્યક્તિના માટે મોટી સમસ્યા બની ગઈ છે. આ સમસ્યાઓને દૂર કરવા માટે મનુષ્યને જાગૃત કરવો પડશે.

**ચાવીરૂપ શબ્દો-** પડકારો, સમસ્યાઓ

**<u>33. સંશોધકનું નામ- પરાગી અલ્પેશભાઈ બી.</u>**

**કોલેજનું નામ-** શ્રીમતી આર.કે.ડી.ખણુંસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુર

**માર્ગદર્શકનું નામ** - ડૉ. પી. બી. પટેલ

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી** - 2023-25/ H.N.G.U, Patan/ M.Ed

**સમસ્યા શીર્ષક - (ગુજરાતી/અંગ્રેજી)**

ખેડબ્રહ્મા તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની રાષ્ટ્રીય ઐક્ય પરત્વેની સભાનતા

A Study of Awareness about National Integration among Students Studying In Higher Secondary School Of Khed Brahma Taluka

**સંશોધનનું ક્ષેત્ર-** ઉચ્ચતર માધ્યમિક શાળા શિક્ષણ

**સંશોધનના હેતુઓ-** ૧. ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની રાષ્ટ્રીય ઐક્ય સભાનતા જાણવા માટે સભાનતા માપદંડની રચના કરવી. ૨. વિદ્યાર્થીઓની રાષ્ટ્રીય ઐક્ય સભાનતા જાણવી. ૩. વિદ્યાર્થીઓની રાષ્ટ્રીય ઐક્ય સભાનતાનો જાતીયતા અને વિસ્તારના સંદર્ભમાં સભાનતા જાણવી.

**સંશોધનની ઉત્કલ્પનાઓ-** ૧. શહેરી અને ગ્રામીણ વિસ્તારનાં વિદ્યાર્થીઓની રાષ્ટ્રીય ઐક્ય સભાનતા માપદંડ પરનાં પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહિ હોય. ૨. ગ્રામ્ય વિસ્તારના કુમાર અને કન્યાઓની રાષ્ટ્રીય ઐક્ય સભાનતા માપદંડ પરનાં પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહિ હોય. ૩. શહેરી વિસ્તારનાં કુમાર અને કન્યાઓની રાષ્ટ્રીય ઐક્ય સભાનતા માપદંડ પરનાં પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહિ હોય. ૪. ગ્રામીણ અને શહેરી વિસ્તારનાં કુમારોની રાષ્ટ્રીય ઐક્ય સભાનતા માપદંડ પરનાં પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહિ હોય. ૫. શહેરી વિસ્તારની કન્યા અને ગ્રામીણ વિસ્તારની કન્યાઓની રાષ્ટ્રીય ઐક્ય સભાનતા માપદંડ પરનાં પ્રાપ્તાંકોની સરાસરી

વચ્ચે કોઈ સાર્થક તફાવત નહિ હોય. ૬. ગ્રામીણ વિસ્તારનાં કુમાર અને શહેરી વિસ્તારની કન્યાઓની રાષ્ટ્રીય ઐક્ય સમાનતા માપદંડ પરનાં પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહી હોય. ૭. શહેરી કુમાર અને ગ્રામીણ કન્યાઓની રાષ્ટ્રીય ઐક્ય સભાનતા માપદંડ પરનાં પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહિ હોય.

**સંશોધનના ચલ-** સ્વતંત્ર ચલ- જાતીયતા, વિસ્તાર પરતંત્ર ચલ- રાષ્ટ્રીય ઐક્ય માપદંડ પરના પ્રાપ્તાંકો

**સંશોધનનો પ્રકાર-** વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** સર્વેક્ષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો-** ખેડબ્રહ્મા તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં કુલ- 400 વિદ્યાર્થીઓને યાદચ્છિક નમૂના પાત્ર તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ-** રાષ્ટ્રીય ઐક્ય સભાનતા કસોટી

**પૃથક્કરણની રીત-** ટી- કસોટી

**સંશોધનના તારણો-** ૧. વિસ્તારના સંદર્ભમાં શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓ ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ કરતા વધારે રાષ્ટ્રીય ઐક્ય સભાનતા ધરાવતા જોવા મળે છે. ૨. જાતીયતાના સંદર્ભમાં ગ્રામ્ય વિસ્તારની કન્યાઓ ગ્રામ્ય વિસ્તારના કુમારો કરતાં વધારે રાષ્ટ્રીય ઐક્ય સભાના ધરાવતા જોવા મળે છે. ૩. જાતીયતાના સંદર્ભમાં શહેરી વિસ્તારના કુમાર અને કન્યા સમાન રાષ્ટ્રીય ઐક્ય સભાનતા ધરાવે છે તેમ કહી શકાય. ૪. વિસ્તારના સંદર્ભમાં શહેરી વિસ્તારના પરમાર અને ગ્રામ્ય વિસ્તારના કુમાર રાષ્ટ્રીય એક સભાનતા ધરાવે છે. ૫. વિસ્તારના સંદર્ભમાં શહેરી વિસ્તારની કન્યાઓ ગ્રામ્ય વિસ્તારના કુમારો કરતાં વધુ રાષ્ટ્રીય એકે સભાનતા ધરાવતા જોવા મળે છે. ૬. જાતીયતા અને વિસ્તારના સંદર્ભમાં ગ્રામ્ય વિસ્તારની કન્યાઓ અને શહેરી વિસ્તારના કુમારો કરતા વધુ રાષ્ટ્રીય કે સભાનતા જોવા મળે છે.

**સંશોધનના ફલિતાર્થ-** ૧. રાષ્ટ્રીય ઐક્યનો શિક્ષણ આપવા માટે શિક્ષણ સંસ્થાઓમાં ખાસ આ વર્ગો બને અભિસ્થાપન વર્ગોની જોગવાઈ કરવી જોઈએ. ૨. શિક્ષકો વિદ્યાર્થીઓમાં માનવ અધિકારો અને ફરજો વિશે સભાનતા આવે તેવા ખાસ કાર્યક્રમનું આયોજન કરવું જોઈએ. ૩. વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રીય ઐક્યનો સભાનતા લાવવા માટે લાવવા માટે રાજ્ય અને રાષ્ટ્ર કક્ષાએ ખાસ પ્રકારના સેમિનારનું આયોજન વિવિધ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ દ્વારા થવું જોઈએ.

**ચાવીરૂપ શબ્દો-** રાષ્ટ્રીય ઐક્ય

**<u>૩૪. સંશોધકનું નામ- પરમાર અશ્વિનકુમાર એલ.</u>**

**કોલેજનું નામ-** શ્રીમતી આર.કે.ડી.ખણુંસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુર

**માર્ગદર્શકનું નામ** -ડૉ. જે. એલ. બારડ

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી -** 2023-25/ H.N.G.U, Patan/ M.Ed

**સમસ્યા શીર્ષક - (ગુજરાતી/અંગ્રેજી)**

ધોરણ-8 ના વિદ્યાર્થીઓ માટે સંસ્કૃત ભાષા વાંચન સુધારણા કાર્યક્રમની સંરચના અને તેની અસરકારકતા

Structure and Effectiveness of Sanskrit Language Reading Improvement Programme for the Student of Standard-8

**સંશોધનનું ક્ષેત્ર-** ભાષા શિક્ષણ

**સંશોધનના હેતુઓ-** ૧. વિદ્યાર્થીઓના વાંચન દોષો જાણવા માટે નિદાન-પુન: નિદાન કસોટીની રચના કરવી. ૨. વિદ્યાર્થીઓના વાંચનમાં સુધારણા માટે વાંચન સુધારણા કાર્યક્રમની સંરચના કરવી. ૩. વાંચન સુધારણા

કાર્યક્રમની અસરકારકતા તપાસવી. ૪. વાંચન સુધારણા કાર્યક્રમની અસરકારકતા જાતિયતાના સંદર્ભે તપાસવી.

**સંશોધનની ઉત્કલ્પનાઓ-** ૧. નિદાન કસોટી (પૂર્વકસોટી) અને પુનઃનિદાન કસોટી (ઉત્તરકસોટી) પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહિ હોય. ૨. કુમાર અને કન્યાઓએ નિદાન કસોટી પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય. ૩. કુમાર અને કન્યાઓએ પુનઃનિદાન કસોટી પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ-** સ્વતંત્ર ચલ- ઉદ્દીપક- પ્રક્રિયક  પરતંત્ર ચલ- પ્રતિચાર, નીપજ  અંકુશિત ચલ- ધોરણ, માધ્યમ, વિષય

**સંશોધનનો પ્રકાર-** વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો-** પાલનપુર શહેરની પ્રાથમિક શાળાઓના ધોરણ-8 માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પ્રસ્તુત સંશોધનનું વ્યાપવિશ્વ બને છે.આકસ્મિક નમૂના પસંદગીના આધારે શાળાની પસંદગી કરવામાં આવી હતી તથા પસંદ થયેલ શાળામાંથી ધોરણ-8 ના કુલ વિદ્યાર્થીઓમાંથી આકસ્મિક રીતે 30 વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી હતી.

**ઉપકરણ-** વાંચન દોષ નિદાન કસોટી

**પૃથક્કરણની રીત-** ટી- કસોટી

**સંશોધનના તારણો-** ૧. વાંચન સુધારણા કાર્યક્રમને પરિણામે ઉત્તર કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી ઊંચી જોવા મળી હતી. આમ, કાર્યક્રમ અસરકારક રહ્યો હતો. ૨. કુમાર અને કન્યાઓ પર લેવામાં આવેલી નિદાન કસોટી (પૂર્વકસોટી)ના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સમાનતા જોવા મળી હતી. ૩. કુમાર અને કન્યાઓ પર લેવામાં આવેલ પુનઃ નિદાન કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સમાનતા જોવ મળી હતી. તેથી કાર્યક્રમ જાતિયતાની દ્રષ્ટિએ સમાન રહ્યો હતો.

**સંશોધનના ફલિતાર્થ-** ૧. ધોરણ-8 ના વિદ્યાર્થીઓ માટે તૈયાર કરેલ વાંચન સુધારણા કાર્યક્રમ વધુ અસરકારક રહ્યો હતો. જેથી આ કાર્યક્રમનો ભવિષ્યમાં ઉપયોગ કરી શકાય. ૨. વાંચનદોષ સુધારણા માટે આ વાંચન સુધારણા કાર્યક્રમનો શિક્ષણમાં ઉપયોગ કરી શકાય. તેમજ શિક્ષણમાં શુદ્ધ વાંચન અંગેની જાગૃતતા વિકસાવવી ઘણી જ આવશ્યક છે. તેથી શાળા કક્ષાએ આવા કાર્યક્રમોનો અમલ થવો જોઈએ.

**ચાવીરૂપ શબ્દો-** ભાષા વાંચન સુધારણા કાર્યક્રમ

**<u>૩૫. સંશોધકનું નામ- પરમાર ભરતભાઈ ડી.</u>**

**કોલેજનું નામ-** શ્રીમતી આર.કે.ડી.ખણુંસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુર

**માર્ગદર્શકનું નામ** -શ્રીમતી આર. જે. પટેલ

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી -** 2023-25/ H.N.G.U, Patan/ M.Ed

**સમસ્યા શીર્ષક - (ગુજરાતી/અંગ્રેજી)**

વડગામ તાલુકાની ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની રાષ્ટ્રીય ઐકય પરત્વેની સભાનતા

A Study of Awareness about National Integration among Studentsstudying in Higher Secondary Schools of Vadgam Taluka

**સંશોધનનું ક્ષેત્ર-** ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ

**સંશોધનના હેતુઓ-** ૧. ઉચ્ચત્તર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની રાષ્ટ્રીય ઐકય સભાનતાજાણવા માટે સભાનતા માપદંડની રચના કરવી. ૨. વિદ્યાર્થીઓની રાષ્ટ્રીય ઐકય સભાનતા જાણવી.૩. વિદ્યાર્થીઓની રાષ્ટ્રીય ઐકય સભાનતાનો જાતીયતા અને વિસ્તારના સંદર્ભમાં સભાનતા જાણવી.

**સંશોધનની ઉત્કલ્પનાઓ-** ૧. અર્ધશહેરી અને ગ્રામીણ વિસ્તારના વિદ્યાર્થીઓની રાષ્ટ્રીય ઐકય સભાનતા માપદંડ પરના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહી હોય. ૨. ગ્રામ્ય વિસ્તારના કુમાર અને કન્યાઓની રાષ્ટ્રીય ઐકય સભાનતા માપદંડ પરના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહી હોય. ૩. અર્ધશહેરી વિસ્તારના કુમાર અને કન્યાઓની રાષ્ટ્રીય ઐકય સભાનતા માપદંડ પરના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહી હોય. ૪. ગ્રામીણ અને અર્ધશહેરી વિસ્તારના કુમારોની રાષ્ટ્રીય ઐકય સભાનતા માપદંડ પરના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહી હોય. ૫. ગ્રામીણ વિસ્તારના કુમાર અને અર્ધશહેરી વિસ્તારની કન્યાઓની રાષ્ટ્રીય ઐકય સભાનતા માપદંડ પરના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહી હોય. ૬. અર્ધશહેરી કુમાર અને ગ્રામીણ કન્યાઓની રાષ્ટ્રીય ઐકય સભાનતા માપદંડ પરના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહી હોય. ૭. અર્ધશહેરી વિસ્તારની કન્યા અને ગ્રામીણ વિસ્તારની કન્યાઓની રાષ્ટ્રીય ઐકય સભાનતા માપદંડ પરના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહી હોય.

**સંશોધનના ચલ –** સ્વતંત્ર ચલ- જાતીયતા, વિસ્તાર પરતંત્ર ચલ- રાષ્ટ્રીય ઐક્ય માપદંડ પરના પ્રાપ્તાંકો

**સંશોધનનો પ્રકાર-** વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** સર્વેક્ષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો-** વડગામ તાલુકાની ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ પૈકી નમૂના તરીકે વડગામ તાલુકાની ગ્રામ્ય અને અર્ધશહેરી વિસ્તારની 5 શાળાઓ પસંદ કરી તેમાંથી 400 વિદ્યાર્થીઓને યદૃચ્છિક નમૂના પસંદગીથી પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ-** સ્વ રચિત સભાનતા કસોટી

**પૃથક્કરણની રીત-** ટી- કસોટી

**સંશોધનના તારણો-** ૧. વિસ્તારના સંદર્ભમાં અર્ધશહેરી વિસ્તારના વિદ્યાર્થીઓ ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ કરતાં વધારે રાષ્ટ્રીય ઐક્ય સભાનતા ધરાવતા જોવા મળતા હતા. ૨. જાતીયતાના સંદર્ભમાં ગ્રામ્ય વિસ્તારની કન્યાઓ ગ્રામ્ય વિસ્તારના કુમારો કરતાં વધારે રાષ્ટ્રીય ઐકય સભાનતા ધરાવતા જોવા મળતા હતા. ૩. જાતીયતાના સંદર્ભમાં અર્ધશહેરી વિસ્તારના કુમાર અને કન્યા સમાન રાષ્ટ્રીય ઐકય સભાનતા ધરાવે છે તેમ કહી શકાય. ૪. વિસ્તારના સંદર્ભમાં અર્ધશહેરી વિસ્તારના કુમાર અને ગ્રામ્ય વિસ્તારના કુમાર સમાન રાષ્ટ્રીય ઐકય સભાનતા ધરાવે છે તેમ કહી શકાય. ૫. વિસ્તારના સંદર્ભમાં અર્ધશહેરી વિસ્તારની કન્યાઓ ગ્રામીણ વિસ્તારના કુમારો કરતાં વધુ રાષ્ટ્રીય ઐકય સભાનતા ધરાવતા જોવા મળે છે. ૬. જાતીયતાના અને વિસ્તારના સંદર્ભમાં ગ્રામ્ય વિસ્તારની કન્યાઓ અર્ધશહેરી વિસ્તારના કુમારો કરતાં વધુ રાષ્ટ્રીય ઐકય સભાનતા ધરાવતા જોવા મળે છે. ૭. વિસ્તારના સંદર્ભમાં ગ્રામ્ય વિસ્તારની કન્યાઓ અર્ધશહેરી વિસ્તારની કન્યાઓ કરતાં વધુ રાષ્ટ્રીય ઐકય સભાનતા ધરાવતા જોવા મળે છે. ૮. ક્ષેત્ર અનુસાર ગ્રામીણ વિસ્તારના વિદ્યાર્થીઓની રાષ્ટ્રીય ઐકય પ્રત્યેની સભાનતા 33% થી 42% વચ્ચે જોવા મળે છે. ૯. ક્ષેત્ર અનુસાર અર્ધશહેરી વિસ્તારના વિદ્યાર્થીઓની રાષ્ટ્રીય ઐકય પ્રત્યેની સભાનતા 33.85% થી 41.60% ની વચ્ચે જોવા મળી હતી.

**સંશોધનના ફલિતાર્થ-** ૧. વિદ્યાર્થીએ આવતી કાલના નાગરિક હતા માટે કેવા પ્રકારના રાષ્ટ્રનું નિર્માણ કરવું તે વિદ્યાર્થીના હાથમાં છે. ૨. આ ઉત્તરદાયિત્વને વધુ સારી રીતે નિભાવવા વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રીય મૂલ્યોનો વિકાસ થાય તે જરૂરી છે. ૩. માટે વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રીય મૂલ્યોનો આ નિર્ભાવ થાય તે હેતુથી ઉચ્ચત્તર

માધ્યમિક શાળાના અભ્યાસક્રમમાં રાષ્ટ્રીય ઐકયને ખાસ સ્થાન આપવું જોઈએ. ૪. રાષ્ટ્રીય ઐકયનું શિક્ષણ આપવા માટે શિક્ષણ સંસ્થાઓએ ખાસ આ વર્ગો માટે અભિસ્થાપન વર્ગોની જોગવાઈ કરવી જોઈએ. ૫. શિક્ષકો વિદ્યાર્થીઓમાં માનવ અધિકારો અને ફરજો વિશે સભાનતા આવે તેવા ખાસ કાર્યક્રમોનું આયોજન સરકારે કરવું જોઈએ. ૬. વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રીય ઐકય સભાનતા લાવવા માટે રાજય અને રાષ્ટ્ર કક્ષાએ ખાસ પ્રકારના સેમિનારોનું આયોજન વિવિધ ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ દ્વારા થવું જોઈએ. ૭. શિક્ષકો પોતાના વિદ્યાર્થીઓ રાષ્ટ્રીય ઐકય અંગે કેટલા અજાણ હતા તે જાણી શકશે અને વિદ્યાર્થીઓમાં સભાનતા કેળવી શકશે. ૮. વર્તમાન યુગમાં આંતકવાદ, હુલ્લડ, કરફયુ વગેરે વધારે પ્રમાણમાં જોવા મળતું હોવાથી રાષ્ટ્રીય ઐકયના વિષયને શિક્ષણકાર્યમાં સામેલ કરી શકાય.

**ચાવીરૂપ શબ્દો-** રાષ્ટ્રીય ઐકય

**<u>૩૬. સંશોધકનું નામ- પરમાર ભેમાભાઈ આર.</u>**

**કોલેજનું નામ-** શ્રીમતી આર.કે.ડી.ખણુંસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુર

**માર્ગદર્શકનું નામ-** શ્રી પી. કે. પંચોલી

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી -** 2023-25/ H.N.G.U, Patan/ M.Ed

**સમસ્યા શીર્ષક - (ગુજરાતી/અંગ્રેજી)**

ધોરણ-10 ના સામાજિક વિજ્ઞાન વિષયના ભારતઃકૃષિ એકમ પરના વર્કકાર્ડ સાહિત્યની સંરચના અને તેની અસરકારકતા

Effectiveness and Making Work Card Literature on Indian Agriculture Unit of the Std.10th Social Science

**સંશોધનનું ક્ષેત્ર-** શૈક્ષણિક ટેક્નોલોજી

**સંશોધનના હેતુઓ-** ૧. ધોરણ-10 ના સામાજિક વિજ્ઞાન વિષયના ભારતઃકૃષિ એકમ માટે વર્કકાર્ડ સાહિત્યની સંરચના કરવી. ૨. ધોરણ-10 ના સામાજિક વિજ્ઞાન વિષયના ભારતઃકૃષિ એકમ માટે શિક્ષક નિર્મિત કસોટીની રચના કરવી. ૩. ધોરણ-10 ના સામાજિક વિજ્ઞાન વિષયના ભારતઃકૃષિ એકમનું પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથમાં અનુક્રમે વર્કકાર્ડ પદ્ધતિ અને વ્યાખ્યાન પદ્ધતિ દ્વારા શિક્ષણ કાર્ય કરવું. ૪. ધોરણ-10 ના સામાજિક વિજ્ઞાન વિષયના ભારતઃકૃષિ એકમના વર્કકાર્ડ પદ્ધતિ અને વ્યાખ્યાન પદ્ધતિ દ્વારા શિક્ષણને પરિણામે વિદ્યાર્થીઓની સિદ્ધિમાં જોવા મળતો તફાવત જાણવો.

**સંશોધનની ઉત્કલ્પનાઓ-** ૧. નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓ અને પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓએ ધોરણ-10 ના સામાજિક વિજ્ઞાન વિષયના ભારતઃકૃષિ એકમ પર રચેલી ઉત્તર કસોટીમાં મેળવેલા પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહિ હોય.

**સંશોધનના ચલ-** સ્વતંત્ર ચલ- વર્ક- કાર્ડ પદ્ધતિ, વ્યાખ્યાન પદ્ધતિ પરતંત્ર ચલ- શૈક્ષણિક સિદ્ધિ નિયંત્રિત ચલ- ધોરણ , વિષય, માધ્યમ, પ્રયોગકાર્યનો સમયગાળો, એકમ

**સંશોધનનો પ્રકાર-** વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો-** પાલનપુર તાલુકાની ગુજરાતી માધ્યમની માધ્યમિક શાળાઓના ધોરણ- 10 માં અભ્યાસ કરતા કુલ-62 વિદ્યાર્થીઓને યાદચ્છિક નમૂના પદ્ધતિથી પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ-** શિક્ષક રચિત કસોટી

**પૃથક્કરણની રીત-** ટી-કસોટી

**સંશોધનના તારણો-** ૧. ધોરણ- 10 ના વિદ્યાર્થીઓના સામાજિક વિજ્ઞાન વિષયના શિક્ષણ માટે વર્કકાર્ડ પદ્ધતિ અસરકારક હતી. વર્કકાર્ડ પદ્ધતિ વડે અધ્યયન પામેલ વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ વ્યાખ્યાન પદ્ધતિ દ્વારા

અધ્યાપન કરાવેલ વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ કરતાં ઊંચી જોવા મળી હતી. ૨. સમગ્ર રીતે જોતાં પ્રસ્તુત અભ્યાસ પરથી એ તારણ કાઢી શકાય કે વ્યાખ્યાન પદ્ધતિ કરતાં વર્કકાર્ડ પદ્ધતિ વધુ અસરકારક હતી.

**સંશોધનના ફલિતાર્થ-** ૧. ધોરણ- 10 ના સામાજિક વિજ્ઞાન વિષયના ભારતઃ કૃષિ એકમના અધ્યાપન માટે વર્કકાર્ડ પદ્ધતિ એ વ્યાખ્યાન પદ્ધતિ કરતાં વધુ અસરકારક હતી. આથી કહી શકાય કે વર્કકાર્ડ પદ્ધતિથી અધ્યાપન કરાવવામાં આવે તો શૈક્ષણિક સિદ્ધિમાં સુધારો લાવી શકાય છે. ૨. વિષય શિક્ષકની ગેરહાજરીમાં અન્ય શિક્ષક કે આચાર્યશ્રી સાહિત્ય દ્વારા શિક્ષણ કાર્ય કરાવી શકે છે. ૩. શિક્ષણ કાર્યમાં વિવિધતા લાવવા માટે વ્યાખ્યાન પદ્ધતિના વિકલ્પ તરીકે વર્કકાર્ડ પદ્ધતિનો ઉપયોગ ભારતઃકૃષિ એકમ શીખવા કરી શકાય. ૪. પાઠયપુસ્તકમાં અઘરા અને જટિલ રજૂઆત ધરાવતા એકમો માટે વર્કકાર્ડ તૈયાર કરી સરળતાથી અને અસરકારક રીતે સ્વ-અધ્યયન કરાવી શકાય. ૫. વર્કકાર્ડ પદ્ધતિનો ઉપયોગ કરવાથી વિદ્યાર્થીઓને નવીન અનુભવો પૂરા પાડી તેમનો કંટાળો દૂર કરી શકાય છે. ૬. વિદ્યાર્થીઓને તેમની સ્વગતિએ, પોતાની અનુકૂળતાએ અધ્યાપન કરાવી શકાય છે. ૭. વર્કકાર્ડ પદ્ધતિનો ઉપયોગ કરી વિદ્યાર્થીઓના વાલીઓ પણ એકમનું અધ્યાપન કરાવી શકે છે. ૮. વર્કકાર્ડ પદ્ધતિનો ઉપયોગ કરી અભ્યાસક્રમને ઝડપથી પૂરો કરી શકાય છે.

**ચાવીરૂપ શબ્દો**- સામાજિક વિજ્ઞાન, વર્ક-કાર્ડ પદ્ધતિ, 'ભારતઃકૃષિ'

**<u>૩૭. સંશોધકનું નામ- પરમાર નીશા વી.</u>**

**કોલેજનું નામ-** શ્રીમતી આર.કે.ડી.ખણુંસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુર

**માર્ગદર્શકનું નામ** -ડૉ. સી. એમ. ત્રિવેદી

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી -** 2023-25/ H.N.G.U, Patan/ M.Ed

**સમસ્યા શીર્ષક - (ગુજરાતી/અંગ્રેજી)**

ધોરણ- 7 ના આદિવાસી વિદ્યાર્થીઓ માટે આદિવાસી તળપદી શબ્દ સમજ કાર્યક્રમની અસરકારકતા

Effectiveness of Tribal native word understanding Programme for the Triable students of standard 7

**સંશોધનનું ક્ષેત્ર-** ભાષા શિક્ષણ

**સંશોધનના હેતુઓ-** ૧. ધોરણ-7 માં અભ્યાસ કરતા આદિવાસી વિદ્યાર્થીઓ માટે આદિવાસી તળપદી શબ્દ સમજ કાર્યક્રમની સંરચના કરવી. ૨. ધોરણ- 7 માં અભ્યાસ કરતા આદિવાસી વિદ્યાર્થીઓ માટે આદિવાસી તળપદી શબ્દ સમજ કાર્યક્રમની અસરકારકતા ચકાસવા માટે આદિવાસી તળપદી શબ્દ સમજ કસોટીની સંરચના કરવી. ૩. આદિવાસી તળપદી શબ્દ સમજ કાર્યક્રમની અસરકારકતા ચકાસવી.

**સંશોધનની ઉત્કલ્પનાઓ-** ૧. ધોરણ- 7 માં અભ્યાસ કરતા પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓ માટે રચેલા આદિવાસી તળપદી શબ્દ સમજ કસોટી પર મેળવેલા પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ-** સ્વતંત્ર ચલ- 'આદિવાસી તળપદી શબ્દ સમજ કાર્યક્રમ' પરતંત્ર ચલ- આદિવાસી તળપદી શબ્દ સમજ અંકુશિત ચલ- ધોરણ, વિષય, એકમ

**સંશોધનનો પ્રકાર-** વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ**- પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો-** ખેડબ્રહ્મા તાલુકાની ઉચ્ચ પ્રાથમિક શાળાઓ પૈકી શ્રી કંથપુરા પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા ધોરણ- 7 ના કુલ- 50 વિદ્યાર્થીઓને આકસ્મિક રીતે પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ**- એકમ કસોટીની રચના

**પૃથક્કરણની રીત-** ટી-કસોટી

**સંશોધનના તારણો-** આદિવાસી તળપદી શબ્દ સમજ કાર્યક્રમને પરિણામે પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓએ મેળવેલા પ્રાપ્તાંકોની સરાસરી ઊંચી જોવા મળી હતી. આમ, કાર્યક્રમ અસરકારક રહ્યો હતો.

**સંશોધનના ફલિતાર્થ-** ધોરણ- 7 ના વિદ્યાર્થીઓ માટે તૈયાર કરેલ આદિવાસી તળપદી શબ્દ સમજ કાર્યક્રમ વધુ અસરકારક હતો. જેથી આ કાર્યક્રમનો ભવિષ્યમાં ઉપયોગ કરી શકાય.આદિવાસી તળપદી શબ્દ સમજ કાર્યક્રમનો શિક્ષણમાં ઉપયોગ કરી શકાય. તેમજ શિક્ષણમાં તે અંગેની જાગૃતતા વિકસાવવી ઘણી જ આવશ્યક છે. તેથી શાળા કક્ષાએ આવા કાર્યક્રમોનો અમલ થવો જોઈએ.

**ચાવીરૂપ શબ્દો-** આદિવાસી, તળપદી શબ્દ

**<u>૩૮. સંશોધકનું નામ- પરમાર થાવરાભાઈ વી.</u>**

**કોલેજનું નામ-** શ્રીમતી આર.કે.ડી.ખણુંસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુર

**માર્ગદર્શકનું નામ -**ડૉ. જે. એલ. બારડ

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી -** 2023-25/ H.N.G.U, Patan/ M.Ed

**સમસ્યા શીર્ષક - (ગુજરાતી/અંગ્રેજી)**

માધ્યમિક કક્ષાએ સામાજિક વિજ્ઞાન વિષયમાં જૂથ અધ્યાપન પદ્ધતિના સ્વરૂપોનો તુલનાત્મક અભ્યાસ

A Comparative Study of Types of Team Teaching in Social Science Subject at Secondary Level

**સંશોધનનું ક્ષેત્ર-** તુલનાત્મક શિક્ષણ

**સંશોધનના હેતુઓ:** ૧. સામાજિક વિજ્ઞાન વિષયમાં પસંદિત એકમોના સંદર્ભમાં નિષ્ણાત શિક્ષક જૂથ અધ્યાપન કાર્યક્રમની સંરચના કરવી. ૨. સામાજિક વિજ્ઞાન વિષયમાં પસંદિત એકમોના સંદર્ભમાં સમાન શિક્ષક જૂથ અધ્યાપન કાર્યક્રમની સંરચના કરવી. ૩. સામાજિક વિજ્ઞાન વિષયમાં પસંદિત એકમોના સંદર્ભમાં એકમ સિદ્ધિ કસોટીની સંરચના કરવી. ૪. સામાજિક વિજ્ઞાન વિષયમાં પસંદિત એકમોના સંદર્ભમાં નિષ્ણાત શિક્ષક જૂથ અધ્યાપન પદ્ધતિ અને સમાન શિક્ષક જૂથ અધ્યાપન પદ્ધતિની તુલના કરવી.

**સંશોધનની ઉત્કલ્પનાઓ-** નિષ્ણાત શિક્ષક જૂથ અધ્યાપન પદ્ધતિ દ્વારા અને સમાન શિક્ષક જૂથ અધ્યાપન પદ્ધતિ દ્વારા અધ્યાપન કરતા વિદ્યાર્થીઓની સિદ્ધિ કસોટીના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ-** સ્વતંત્ર ચલ- જૂથ અધ્યાપન પદ્ધતિ પરતંત્ર ચલ- શૈક્ષણિક સિદ્ધિ અંકુશિત ચલ- ધોરણ, વિષય, વિસ્તાર, વિષયવસ્તુ આંતરવર્તી ચલ- વિષય પ્રત્યે રસ અને ઉત્સાહ, વિદ્યાર્થીઓના વ્યક્તિગત તફાવત, ધ્યાન કેન્દ્રિત કરવાની ક્ષમતા જૂથ વચ્ચેની આંતરક્રિયા

**સંશોધનનો પ્રકાર-** વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો-** બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકાની ગુજરાતી માધ્યમની શાળાઓ પૈકી અર્બુદા વિદ્યાલય, ડીસા માં ધો- 9 માં અભ્યાસ કરતાં કુલ- 76 વિદ્યાર્થીઓને નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ-** એકમ કસોટી

**પૃથક્કરણની રીત-** ટી- કસોટી

**સંશોધનના તારણો-** પ્રસ્તુત સંશોધનમાં ધો-9 ના સામાજીક વિજ્ઞાન વિષયમાં જૂથ અધ્યાપન પદ્ધતિના સ્વરૂપો 10(1) નિષ્ણાત શિક્ષક જૂથ અધ્યાપન પદ્ધતિ અને (2) સમાન શિક્ષક જૂથ અધ્યાપન પદ્ધતિનો તુલનાત્મક અભ્યાસ કરવામાં આવ્યો હતો. તેમાં બંન્ને પદ્ધતિ સમાન રીતે અસરકારક પુરવાર થઈ હતી.

**સંશોધનનાં ફલિતાર્થો-** પ્રસ્તુત અભ્યાસના મળેલા તારણો પરથી કહી શકાય કે, વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ ઉંચી લાવવા માટે નિષ્ણાત શિક્ષક જૂથ અધ્યાપન પદ્ધતિ અને સમાન શિક્ષક જૂથ અધ્યાપન પદ્ધતિ બંન્નેમાંથી ગમે તે પદ્ધતિનો ઉપયોગ કરી શકે છે. કારણ કે બંન્ને પદ્ધતિઓ સમાન રીતે યોગ્ય છે.- શાળાના આચાર્યોએ પણ નિષ્ણાત શિક્ષક અને સમાન શિક્ષક જૂથ તૈયાર થાય તે માટે શાળાના શિક્ષકોને તાલીમ આપવાની વ્યવસ્થા કરવી જોઈએ.શૈક્ષણિક સંસ્થાઓ તથા ગુજરાત રાજય શિક્ષણ વિભાગે નિષ્ણાતો પાસે વિવિધ ધોરણોના વિષયવસ્તુને અનુરૂપ આવા કાર્યક્રમની સંરચના કરવી જોઈએ
**ચાવીરૂપ શબ્દો-** સામાજિક વિજ્ઞાન, જૂથ અધ્યાપન પદ્ધતિ

**<u>૩૯. સંશોધકનું નામ – પટેલ અસવંતી ભરતભાઈ</u>**

**કોલેજનું નામ -** શ્રીમતી આર.કે.ડી. ખણુંસિયા એમ. એડ્. કોલેજ, પાલનપુર
**માર્ગદર્શકનું નામ –** ડો. પી.બી. પટેલ
**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી -** 2023-25/ H.N.G.U, Patan/ M.Ed
**સમસ્યા શીર્ષક - (ગુજરાતી/અંગ્રેજી)**
સુપર 30 ફિલ્મનો શૈક્ષણિક દ્રષ્ટિકોણ
Educational Perspective of the Movie 'Super 30'

**સંશોધનનું ક્ષેત્ર -** શૈક્ષણિક ટેક્નોલોજી
**સંશોધનના હેતુઓ –** ૧. સુપર 30 ફિલ્મના વિષયવસ્તુનું પૃથક્કરણ કરવું. ૨. સુપર 30 ફિલ્મમાંથી રજુ થતું શિક્ષણદર્શન તપાસવું. ૩. સુપર 30 ફિલ્મમાં વ્યકત થતી ગુરુત્વ અને શિષ્યત્વની ભૂમિકા તપાસવી. ૨. સુપર 30 ફિલ્મમાં વ્યકત થતી શિક્ષણ પદ્ધતિ તપાસવી.
**સંશોધન પ્રશ્નો/ઉત્કલ્પનાઓ –**
**સંશોધનમાં સમાવિષ્ટ ચલ –** સ્વતંત્ર ચલ – માધ્યમ પરતંત્ર ચલ – વ્યક્તિત્વ
**સંશોધનના પ્રકાર –** વ્યવહારિક સંશોધન
**સંશોધન પદ્ધતિ –** સર્વેક્ષણ પદ્ધતિ
**વ્યાપવિશ્વ અને નમૂના –** પ્રસ્તુત અભ્યાસમાં વ્યાપવિશ્વમાં બનાસકાંઠા જિલ્લાની બી.એડ્. કોલેજમાં અભ્યાસ કરતા પ્રશિક્ષણાર્થીઓનો સમાવેશ વ્યાપવિશ્વમાં કરવામાં આવેલ છે. પ્રસ્તુત સંશોધનમાં સુપર 30 ફિલ્મમાં વ્યક્ત થયેલી શૈક્ષણિક પાસાંઓની નમૂના તરીકે સમાવેશ કરેલ છે. યાદચ્છિક રીતે જેણે સુપર 30 ફિલ્મ જોઇ હોય તેવા બનાસકાંઠા જિલ્લાની 5 કોલેજોમાંથી પ્રત્યેકમાંથી 9 પ્રશિક્ષણાર્થીઓ એમ કુલ 45 પ્રશિક્ષણાર્થીઓને નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.
**ઉપકરણ -** પ્રસ્તુત સંશોધનમાં સુપર 30 ફિલ્મની સી.ડી.નો એક ઉપકરણ તરીકે ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત 45 પ્રશિક્ષણાર્થીઓનો આ ફિલ્મ વિશેના મંતવ્યો જાણવા માટે સ્વરચિત મુલાકાત પત્રકનો ઉપકરણ તરીકે ઉપયોગ કરવામાં આવ્યો હતો.
**માહિતીની પૃથકકરણની રીત -** હેતુઓને અનુરૂપ માહિતી મેળવી ફોટોગ્રાફ અને સંવાદ બંનેનો ઉપયોગ કરી પૃથક્કરણ કરેલ છે. ત્યારબાદ મુલાકાતપત્રકને આધારે 45 પ્રશિક્ષણાર્થીઓની સુપર 30 ફિલ્મ વિશેના મંતવ્યો જાણી તેમણે આપેલા પ્રતિચારોના આધારે ગુણાત્મક માહિતીનું વર્ગીકરણ કરી આપેલા પ્રતિચારોનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું.
**સંશોધનના તારણો –** ૧. આ ફિલ્મનો ઉદ્દેશ વ્યક્તિમાં રહેલા આત્મવિશ્વાસને જગાડવો તેમજ કોઇપર નિર્ભર ન રહેવાનો સંદેશ મળે છે. ૨. શિક્ષણને અસર કરતી સમસ્યાનો નિર્દેશ કરે છે. ૩. શિક્ષણના વ્યાપારીકરણની ગરીબ પરીવારના વિદ્યાર્થીઓ પર થતી વિપરીત અસરો જણાવે છે. ૪. ટેકનોલોજીના પરિવર્તન અંગે સભાનતા

લાવવા પ્રેરે છે અને બદલાતી ટેકનોલોજી  સાથે કદમ મિલાવવા પ્રેરે છે. ૫. પ્રેકિટકલ શિક્ષણનો નિર્દેશ કરે છે અને ગોખણપટ્ટીનો વિરોધ કરે છે. ૬. વૈચારિક ક્ષમતાના વિકાસમાટે વિચાર પ્રેરક પ્રશ્નો દ્વારા વિચારતા કરે છે. ૭. વિદ્યાર્થીઓમાં અંગ્રેજીભાષામાં બોલવાનો ડર દૂર કરવા નવો અભિગમ અપનાવે છે. ૮. લોકોમાં શિક્ષણ પ્રત્યેની જાગૃતિ લાવવાના તરફ અંગુલી નિર્દેશ કરે છે. ૯. આ ફિલ્મ પ્રવર્તમાન વ્યાપારી ધોરણે ચાલતી શૈક્ષણિક સંસ્થાઓ પર સીધો કટાક્ષ કરે છે. ૧૦. વિદ્યાર્થીઓને જે ક્ષેત્રમાં રસ હોય તે ક્ષેત્રમાં આગળ અભ્યાસ કરવાની દરેક વિદ્યાર્થીને તક મળવી જોઇએ. ૧૧. સર્વાંગી વિકાસ કરવા તરફ નિર્દેશ કરે છે. ૧૨. વિદ્યાર્થીઓને મુસિબતોથી ભરપુર જીવનમાં તેનો સામનો કરવા હંમેશા તૈયાર રહેવા તરફ નિર્દેશ કરે છે. ૧૩. શૈક્ષણિક સંસ્થાઓ, સરકાર, સમાજે વિદ્યાર્થીઓના અભ્યાસ વિદેશ પ્રવાસ માટે યોગ્ય યોગદાન આપવું જોઈએ. ૧૪. પ્રશિક્ષણાર્થીઓએ આપેલા પ્રતિચારોમાં હકારાત્મક પ્રતિચારોનું પ્રમાણ વધારે જોવા મળ્યું હતું જે દર્શાવે છે કે સુપર 30 ફિલ્મનો શૈક્ષણિક દ્રષ્ટિકોણ યોગ્ય છે.

**સંશોધનના શૈક્ષણિક ફલિતાર્થો –** ૧. વિદ્યાર્થીઓમાં અને અધ્યાપકોમાં શૈક્ષણિક સભાનતા અંગેની જાગૃતિ લાવશે. ૨. પ્રસ્તુત સંશોધન આવી શૈક્ષણિક ફિલ્મો વિદ્યાર્થીઓને બતાવી હકારાત્મક ગુણો ખીલવવા પ્રેરશે. ૩. પ્રસ્તુત સંશોધન શૈક્ષણિક સંસ્થાઓમાં રહેલી ખામીઓને દૂર કરવા ઉપયોગી બનશે. ૪. પ્રસ્તુત સંશોધન થકી તમામ વર્ગના વિદ્યાર્થીઓને શિક્ષણમાટે સમાન તકો પ્રાપ્ત થશે. ૫. પ્રસ્તુત અભ્યાસ થકી પ્રેકિટકલ શિક્ષણને વધુ મહત્ત્વ આપશે. ૬. આ ફિલ્મ પ્રવર્તમાન વ્યાપારી ધોરણે ચાલતી શૈક્ષણિક સંસ્થાઓ પર સીધો કટાક્ષ કરે છે. ૭. વિદ્યાર્થીઓને જે ક્ષેત્રમાં રસ હોય તે ક્ષેત્રમાં આગળ અભ્યાસ કરવાની દરેક વિદ્યાર્થીને તક મળવી જોઇએ. ૮. વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ કરવા તરફ નિર્દેશ કરે છે. ૯. વિદ્યાર્થીઓને મુસિબતોથી ભરપુર જીવનમાં તેનો સામનો કરવા હંમેશા તૈયાર રહેવા તરફ નિર્દેશ કરે છે. ૧૦. શૈક્ષણિક સંસ્થાઓ, સરકાર, સમાજે વિદ્યાર્થીઓના અભ્યાસ વિદેશ પ્રવાસ માટે યોગ્ય યોગદાન આપવું જોઈએ. ૧૧. પ્રશિક્ષણાર્થીઓએ આપેલા પ્રતિચારોમાં હકારાત્મક પ્રતિચારોનું પ્રમાણ વધારે જોવા મળ્યું હતું જે દર્શાવે છે કે સુપર 30 ફિલ્મનો શૈક્ષણિક દ્રષ્ટિકોણ યોગ્ય છે. ૧૨. પ્રસ્તુત સંશોધન વિદ્યાર્થીઓને જે ક્ષેત્રમાં રસ હોય તે ક્ષેત્રમાં આગળ વધવા માટે વિશાળ તકો પ્રાપ્ત થશે. ૧૩ વિદ્યાર્થીઓમાં અંગ્રેજી ભાષા બોલવા કે અભિવ્યક્ત થવા નો ડર દૂર થશે.

**ચાવીરૂપ શબ્દો –** સભાનત, જાગૃતિ

**<u>૪૦. સંશોધકનું નામ – પટેલ ઉષાબહેન ઉજમાંભાઈ</u>**

**કોલેજનું નામ -** શ્રીમતી આર.કે.ડી. ખણુંસિયા એમ. એડ્. કોલેજ, પાલનપુર

**માર્ગદર્શકનું નામ –** આર. જે. પટેલ

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી -** 2023-25/ H.N.G.U, Patan/ M.Ed

**સમસ્યા શીર્ષક - (ગુજરાતી/અંગ્રેજી)**

પાલનપુર તાલુકાની ગુજરાતી માધ્યમ અને અંગ્રેજી માધ્યમની માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓના વ્યકિતત્વનો તુલનાત્મક અભ્યાસ.

A Comparative Study of Personality of the Students of Gujarati Medium and English Medium Secondary Schools of Palanpur Taluka.

**સંશોધનનું ક્ષેત્ર –** માધ્યમિક શાળાઓ

**સંશોધનના હેતુઓ –** ૧. ગુજરાતી માધ્યમ અને અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓના વ્યકિતત્વના પ્રાપ્તાંકોની તુલના કરવી. ૨. ગુજરાતી માધ્યમ અને અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓના વ્યકિતત્વના પ્રાપ્તાંકોની લિંગ (જાતીયતા)ના સંદર્ભમાં તુલના કરવી. ૩. ગુજરાતી માધ્યમ અને અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓના વ્યકિતત્વના પ્રાપ્તાંકોની કક્ષા (ધોરણ)ના સંદર્ભમાં તુલના કરવી.

**સંશોધન પ્રશ્નો/ઉત્કલ્પનાઓ –** ૧. ગુજરાતી માધ્યમ અને અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓએ વ્યકિતત્વ માપન સંશોધનિકા પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય. ૨. ગુજરાતી માધ્યમ અને અંગ્રેજી માધ્યમના કુમારોએ વ્યકિતત્વ માપન સંશોધનિકા પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય. ૩. ગુજરાતી માધ્યમ અને અંગ્રેજી માધ્યમની કન્યાઓએ વ્યક્તિત્વ માપન સંશોધનિકા પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય. ૪. ગુજરાતી માધ્યમ અને અંગ્રેજી માધ્યમના ધો-૯ ના વિદ્યાર્થીઓએ વ્યક્તિત્વ માપન સંશોધનિકા પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય. ૫. ગુજરાતી માધ્યમ અને અંગ્રેજી માધ્યમના ધો-૧૦ ના વિદ્યાર્થીઓએ વ્યક્તિત્વ માપન સંશોધનિકા પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય. ૬. ગુજરાતી માધ્યમના ધોરણ-૯ અને ધોરણ-૧૦ ના વિદ્યાર્થીઓએ વ્યક્તિત્વ માપન સંશોધનિકા પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય. ૭. અંગ્રેજી માધ્યમના ધોરણ-૯ અને ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓએ વ્યક્તિત્વ માપન સંશોધનિકા પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનમાં સમાવિષ્ટ ચલ –** સ્વતંત્ર ચલ – માધ્યમ પરતંત્ર ચલ – વ્યક્તિત્વ

**સંશોધનના પ્રકાર –** વ્યવહારિક સંશોધન

**સંશોધન પદ્ધતિ –** સર્વેક્ષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂના –** પ્રસ્તુત સંશોધનમાં વ્યાપવિશ્વ તરીકે પાલનપુર તાલુકાની ગ્રાન્ટ-ઈન-એડ અને સેલ્ફ ફાઈનાન્સ ગુજરાતી માધ્યમ અને અંગ્રેજી માધ્યમની ગુજરાત રાજય માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગરની માન્યતા ધરાવતી અને ટ્રસ્ટ સંચાલિત ચાર માધ્યમિક શાળાઓમાં વર્ષ ૨૦૨૩-૨૫ માં અભ્યાસ કરતા કુલ ૪૦૦ વિદ્યાર્થીઓનો સમાવેશ કરેલો છે.

**ઉપકરણ** - વ્યક્તિગત પસંદગી પત્રક

**માહિતીની પૃથકકરણની રીત** - ક્રાંતિક ગુણોતર (સી.આર)

**સંશોધનના તારણો –** ૧. પાલનપુર તાલુકાની ગુજરાતી માધ્યમ અને અંગ્રેજી માધ્યમની માધ્યમિક શાળામાં વ્યક્તિગત પસંદગી પત્રકના 'આદર કરવો' ચલમાં ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવે છે. જયારે સિદ્ધિ અને વ્યવસ્તા ચલમાં ૦.૦૫ કક્ષાએ ઉત્કલ્પનાનો સ્વીકાર કરવામાં આવે છે. બાકીના બાર (૧૨) ચલો માટે ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી. ગુજરાતી માધ્યમ કરતાં અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓ બધા ચલોમાં અગ્રેસર જોવા મળે છે. ૨. પાલનપુર તાલુકાની ગુજરાતી માધ્યમ અને અંગ્રેજી માધ્યમની માધ્યમિક શાળામાં વ્યક્તિગત પસંદગી પત્રકના સિદ્ધિ, આદર કરવો, વ્યવસ્થા, પ્રદર્શન સ્વાયતતા, સંલગ્નતા, મદદ, પ્રભુત્વ, અવમાન, પરિવર્તન, સહનશીલતા, વિજાતિય કામવૃતિ અને આક્રમકતા ચલમાં ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવે છે. જયારે આંતરિક સમજ અને બીજાઓની કાળજી લેવી, ચલમાં ૦.૦૧ કક્ષાએ ઉત્કલ્પનાનો સ્વીકાર કરવામાં આવે છે. જયારે પ્રભુત્વ અને અવમાન જેવા ચલોમાં કોઈ સાર્થક તફાવત જોવા મળતો નથી. ૩. પાલનપુર તાલુકાની ગુજરાતી માધ્યમ અને અંગ્રેજી માધ્યમની માધ્યમિક શાળામાં વ્યક્તિગત પસંદગી પત્રકના સિદ્ધિ, પ્રદર્શન સ્વાયતતા,,પ્રભુત્વ, અવમાન, પરિવર્તન, સહનશીલતા, અને આક્રમકતા ચલમાં ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવે છે. જયારે આંતરિક સમજ અને બીજાઓની કાળજી લેવી, ચલમાં ૦.૦૧ કક્ષાએ ઉત્કલ્પનાનો સ્વીકાર કરવામાં આવે છે. જયારે વ્યવસ્થા સંલગ્નતા જેવા ચલમાં ઉત્કલ્પના ૦.૦૫ કક્ષાએ સાર્થક છે.જયારે આદર કરવો મદદ બીજાઓની કાળજી લેવી, વિજાતિય કામવૃતિ જેવા ચલમાં સાર્થક તફાવત જોવા મળતો નથી. પ્રભુત્વ સિવાય અન્ય તમામ ચલોમાં અંગ્રેજી માધ્યમના કુમારો અગ્રેસર માલુમ પડે છે. ૪. પાલનપુર તાલુકાની ગુજરાતી માધ્યમ અને અંગ્રેજી માધ્યમની માધ્યમિક શાળામાં વ્યક્તિગત પસંદગી પત્રકના આ ઉત્કલ્પનાના અનુસંધાનમાં સિદ્ધિ ,

આદર કરવો, વ્યવસ્થા, પ્રદર્શન સ્વાયતતા, સંલગ્નતા, મદદ, પ્રભુત્વ, અવમાન, પરિવર્તન, સહનશીલતા, વિજાતિય કામવૃતિ અને આક્રમકતા ચલમાં આંતરિક સમજ અને બીજાઓની કાળજી લેવી, વગેરે જેવા ચલોમાં કોઈ સાર્થક તફાવત જોવા મળતો નથી. ૫. પાલનપુર તાલુકાની ગુજરાતી માધ્યમ અને અંગ્રેજી માધ્યમની માધ્યમિક શાળામાં વ્યક્તિગત પસંદગી પત્રકના આ ઉત્કલ્પનાના અનુસંધાનમાં સિદ્ધિ, આદર કરવો, પ્રદર્શન સ્વાયતતા, સંલગ્નતા, મદદ, પ્રભુત્વ, અવમાન, પરિવર્તન, સહનશીલતા, વિજાતીય કામવૃતિ અને આક્રમકતા ચલમાં ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવે છે. જયારે આંતરિક સમજ અને બીજાઓની કાળજી લેવી, ચલમાં ૦.૦૫ કક્ષાએ ઉત્કલ્પનાનો સ્વીકાર કરવામાં આવે છે.સિધ્ધી, આદર કરવો, પ્રદર્શન, સંલગ્નતા, આંતરિક સમજ, મદદ, પ્રભુત્વ, બિજાઓની કાળજી લેવી, પરીવર્તન સહનશીલતા જેવા ચલોના સંદર્ભમાં ૦.૦૧ કક્ષાએ સાર્થક છે.જયારે વ્યવસ્થા, સ્વાયતતા, વિજાતીય કામવૃતિ, આક્રમકતા જેવા ચલોના સંદર્ભમાં કોઈ સાર્થક તફાવત જોવા મળતો નથી. ૬. પાલનપુર તાલુકાની ગુજરાતી માધ્યમ અને અંગ્રેજી માધ્યમની માધ્યમિક શાળામાં વ્યક્તિગત પસંદગી પત્રકના આ ઉત્કલ્પનાના અનુસંધાનમાં સિદ્ધિ, આદર કરવો, વ્યવસ્થા, પ્રદર્શન, સંલગ્નતા, મદદ,, અવમાન, પરિવર્તન, સહનશીલતા અને વિજાતીય કામવૃતિ ચલમાં ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવે છે. જયારે આંતરિક સમજ અને બીજાઓની કાળજી લેવી, ચલમાં ૦.૦૫ કક્ષાએ ઉત્કલ્પનાનો સ્વીકાર કરવામાં આવે છે. સ્વાયતતા, પ્રભુત્વ, બીજાઓની કાળજી લેવી, આક્રમકતા જેવા ચલોના સંદર્ભમાં કોઈ સાર્થક તફાવત જોવા મળતો નથી.

**સંશોધનના શૈક્ષણિક ફલિતાર્થો –** ૧. ગુજરાતી માધ્યમ કરતાં અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓ બધા ચલોમાં અગ્રેસર જોવા મળે છે. ૨. પ્રભુત્વ સિવાય અન્ય તમામ ચલોમાં અંગ્રેજી માધ્યમના કુમારો અગ્રેસર માલુમ પડે છે.

**ચાવીરૂપ શબ્દો –** વ્યક્તિત્વ, સિદ્ધિ

**<u>૪૧. સંશોધકનું નામ - પટેલ વિદ્યાબેન બી.</u>**

**કોલેજનું નામ-** શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુર

**માર્ગદર્શકનું નામ-** શ્રી પી. કે. પંચોલી

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી -** 2023-25/ H.N.G.U, Patan/ M.Ed

**સમસ્યા શીર્ષક - (ગુજરાતી/અંગ્રેજી)**

બીએડ. કોલેજના અભ્યાસક્રમમાં આંતરિક મૂલ્યાંકનથી થતી અસરો અંગે અધ્યાપકો અને પ્રશિક્ષણાર્થીઓના અભિપ્રાયોનો અભ્યાસ

A Study of opinion of Teacher’s and Trainees on the Effect of Internal evaluation in B.Ed. Course

**સંશોધનનું ક્ષેત્ર-** શિક્ષક-પ્રશિક્ષણ

**સંશોધનના હેતુઓ-** ૧. બી.એડ્. કોલેજના અધ્યાપકોના આંતરિક મૂલ્યાંકન અંગેના અભિપ્રાયો જાણવા અભિપ્રાયાવલિની સંરચના કરવી. ૨. બી.એડ્. કોલેજના પ્રશિક્ષણાર્થીઓના આંતરિક મૂલ્યાંકન અંગેના અભિપ્રાયો જાણવા અભિપ્રાયાવલિની સંરચના કરવી.

**સંશોધનના પ્રશ્નો-** ૧. બી.એડ્. કોલેજના પ્રશિક્ષણાર્થીઓના આંતરિક મૂલ્યાંકનના અભિપ્રાયો માટે રચેલ અભિપ્રાયાવલિ ઉપકરણ તરીકે અસરકારક નીવડશે? ૨. બી.એડ્. કોલેજના અધ્યાપકોના આંતરિક મૂલ્યાંકનના અભિપ્રાયો માટે રચેલ અભિપ્રાયાવલિ ઉપકરણ તરીકે અસરકારક નિવડશે? ૩. બી.એડ્. કોલેજના પ્રશિક્ષણાર્થીઓને આંતરિક મૂલ્યાંકન દરમિયાન વર્ગખંડ શિક્ષણ કાર્યમાં કેવા પ્રકારની મુશ્કેલીઓ અનુભવાતી હશે? ૪. બી.એડ્. કોલેજના અધ્યાપકોને આંતરિક મૂલ્યાંકન દરમિયાન વર્ગખંડ શિક્ષણ કાર્યમાં

કેવા પ્રકારની મુશ્કેલી અનુભવાતી હશે? ૫. બી.એડ્. કોલેજના પ્રશિક્ષણાર્થીઓને આંતરિક મૂલ્યાંકન દરમિયાન વર્ગખંડ બહારના શિક્ષણ કાર્યમાં કેવા પ્રકારની મુશ્કેલીઓ અનુભવાતી હશે? ૬. બી.એડ્. કોલેજના અધ્યાપકોને આંતરિક મૂલ્યાંકન દરમિયાન વર્ગખંડ બહારના શિક્ષણ કાર્યમાં કેવા પ્રકારની મુશ્કેલીઓ અનુભવાતી હશે? ૭. બી.એડ્. કોલેજના પ્રશિક્ષણાર્થીઓને સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ માટે પડતી માનસિક તકલીફો કઈ કઈ હશે? ૮. બી.એડ્. કોલેજના અધ્યાપકોને સહઅભ્યાસિક પ્રવૃત્તિઓમાં પડતી માનસિક તકલીફો કઈ કઈ હશે? ૯. બી.એડ્. કોલેજના પ્રશિક્ષણાર્થીઓને ઈન્ટર્નશીપ દરમ્યાન પડતી આર્થિક મુશ્કેલીઓ કઈ કઈ હશે? ૧૦. બી.એડ્. કોલેજના અધ્યાપકોને ઈન્ટર્નશીપ દરમ્યાન પડતી આર્થિક મુશ્કેલીઓ કઈ કઈ હશે?

**સંશોધનના ચલ-** ----------

**સંશોધનનો પ્રકાર-** વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ પૈકી સર્વેક્ષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂના-** બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકાની સ્વ-નિર્ભર બી.એડ્. કોલેજો પૈકી માતૃશ્રી એસ.એસ. ગોવિંદા બી.એડ્. કોલેજ, પાલનપુરના કુલ- 5 અધ્યાપકો અને કુલ- 78 પ્રશિક્ષણાર્થીઓને યાદચ્છિક નમૂના પસંદગીથી પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ-** સ્વ-રચિત અભિપ્રાયાવલિ

**પૃથક્કરણની રીત-** સાદી ટકાવારી

**સંશોધનના તારણો-** ૧. અધ્યાપકોની અભિપ્રાયાવલિના પરિણામ પરથી તારણ મળે છે કે પ્રશિક્ષણાર્થીઓ સમગ્ર મૂલ્યાંકનની બાબતમાં ઓછો રસ ધરાવતા જોવા મળે છે અને સૌથી વધુ કાર્ય શિક્ષણની બાબતમાં અભિરૂચિ ધરાવે છે. ૨. પ્રશિક્ષણાર્થીઓની અભિપ્રાયાવલિના પરિણામ પરથી કહી શકાય છે કે પ્રશિક્ષણાર્થીઓ સમગ્ર મૂલ્યાંકનની બાબતમાં ઓછો રસ ધરાવે છે અને શિક્ષણકાર્યના ક્ષેત્રમાં વધુ રસ ધરાવે છે. ૩. આંતરિક મૂલ્યાંકનનું પરિણામમાં ગુણાંકન ન હોવા છતાં પ્રશિક્ષણાર્થીઓની આંતરિક મૂલ્યાંકનની પ્રવૃત્તિઓમાં તેમનું હકારાત્મક વલણ જોવા મળે છે. ૪. અધ્યાપકોના મતે પ્રશિક્ષણાર્થીઓ સંસ્થા તરફથી સોંપાયેલા કાર્યો કરવામાં મનમાની કરે છે. ૫. પ્રશિક્ષણાર્થીઓના મતે આંતરિક મૂલ્યાંકનનું ગુણાંકન નોકરી મેળવવામાં ન થતા નોકરીના ક્ષેત્રમાં સારું વાતાવરણ જોવા મળે છે. ૬. આંતરિક મૂલ્યાંકનનું ગુણાંકન ન હોવાથી પ્રશિક્ષણાર્થીઓ માનસિક ચિંતા મુક્ત રહે છે. આંતરિક મૂલ્યાંકનનું ગુણાંકન ન હોવાથી કોલેજોમાં પણ સહકાર યુક્ત વાતાવરણ જોવા મળે છે. પ્રશિક્ષણાર્થીઓ વર્તમાન મૂલ્યાંકન પદ્ધતિથી સંતુષ્ટ જોવા મળે છે.

**સંશોધનના ફલિતાર્થો-** પ્રસ્તુત અભ્યાસમાં અભિપ્રાયાવલિ દ્વારા મળેલ તારણો પરથી કહી શકાય કે પ્રશિક્ષણાર્થીઓ આંતરિક મૂલ્યાંકનનું ગુણાંકનમાં સ્થાન ન હોવાથી અમુક પ્રવૃત્તિઓમાં સમજાવવું જોઈએ અને માત્ર આ પ્રવૃતિઓને ગુણાંકનના સંદર્ભમાં ન મુલવતાં પ્રશિક્ષણાર્થીઓની આવડતો, ક્ષમતાઓ અને કૌશલ્યોના વિકાસ માટે પણ મહત્વ બતાવી આવી પ્રવૃત્તિઓમાં પ્રશિક્ષણાર્થીઓની રસ અને અભિરૂચિ વધે તેવા પ્રયત્નો કરવા જોઈએ. પ્રસ્તુત અભ્યાસમાં બી.એડ્. કોલેજ આંતરિક મૂલ્યાંકનથી થતી અસરો અંગેના અભિપ્રાયો મેળવવામાં આવ્યા. જે હકારાત્મક જોવા મળ્યા છે તેથી શાળા કોલેજ કક્ષાઓએ નવી અમલમાં આવતી પદ્ધતિઓ કે પરિવર્તનો અંગે અભિપ્રાયોનો અભ્યાસ કરવો જોઈએ જેથી નવી પદ્ધતિઓ કે પરિવર્તનોની સફળતાનો ખ્યાલ આવે છે.

**ચાવીરૂપ શબ્દો-** આંતરિક મૂલ્યાંકન

**<u>૪૨. સંશોધકનું નામ- પટેલ યશોદાબેન બી.</u>**

**કોલેજનું નામ-** શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુર

**માર્ગદર્શકનું નામ-** શ્રીમતિ આર. જે. પટેલ

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી -** 2023-25/ H.N.G.U, Patan/ M.Ed

**સમસ્યા શીર્ષક - (ગુજરાતી/અંગ્રેજી)**

ધોરણ- 9 ના વિદ્યાર્થીઓની અંગ્રેજી વાંચન અર્થગ્રહણ ક્ષમતાનો અભ્યાસ

A Study of English Reading Comprehension Ability of Students of Std. 9

**સંશોધનનું ક્ષેત્ર-** માધ્યમિક શિક્ષણ

**સંશોધનના હેતુઓ-** ૧. ધોરણ- 9 ના વિદ્યાર્થીઓની અંગ્રેજી વાંચન અને અર્થગ્રહણ ક્ષમતાની ચકાસણી કરવા સંશોધન ઉપકરણની રચના કરવી. ૨. ધોરણ- 9 ના વિદ્યાર્થીઓની અંગ્રેજી વાંચન અર્થગ્રહણ ક્ષમતા જાણવી. ૩. ધોરણ- 9 માં ભણતા છોકરાઓ અને છોકરીઓમાં અંગ્રેજી વાંચન અર્થગ્રહણ ક્ષમતા તપાસવી. ૪. અંગ્રેજી માધ્યમમાં ભણતા વિદ્યાર્થીઓ અને ગુજરાતી માધ્યમમાં ભણતા વિદ્યાર્થીઓમાં અંગ્રેજી વાંચન ક્ષમતાની તપાસ કરવી. ૫. વાલીની શૈક્ષણિક પરિસ્થિતિના સંદર્ભમાં અંગ્રેજી માધ્યમનાં બાળકોની અંગ્રેજી વાંચન અર્થગ્રહણ ક્ષમતા તપાસવી.

**સંશોધનની ઉત્કલ્પનાઓ-** ૧. અંગ્રેજી માધ્યમ અને ગુજરાતી માધ્યમમાં ભણતા વિદ્યાર્થીઓના અંગ્રેજી વાંચન અર્થગ્રહણ ક્ષમતા વચ્ચે તફાવત નહીં હોય. ૨. ધોરણ- 9 માં અંગ્રેજી માધ્યમમાં ભણતાં છોકરાઓ અને છોકરીઓ વચ્ચે અંગ્રેજી વાંચન અર્થગ્રહણ ક્ષમતામાં તફાવત નહીં હોય. ૩. ધોરણ- 9 માં ગુજરાતી માધ્યમમાં ભણતાં છોકરાઓ અને છોકરીઓ વચ્ચે અંગ્રેજી વાંચન અર્થગ્રહણ ક્ષમતામાં તફાવત નહીં હોય. ૪. વાલીની શૈક્ષણિક પરિસ્થિતિના સંદર્ભમાં અંગ્રેજી માધ્યમનાં બાળકોના વાંચન અર્થગ્રહણ ક્ષમતા કાર્ય પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય. ૫. વાલીની શૈક્ષણિક પરિસ્થિતિના સંદર્ભમાં ગુજરાતી માધ્યમનાં બાળકોના વાંચન અર્થગ્રહણ ક્ષમતા કાર્ય પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ-** સ્વતંત્ર ચલ- જાતિયતા, માધ્યમ      પરતંત્ર ચલ- વાંચનની ક્ષમતામાં તફાવત

**સંશોધનનો પ્રકાર-** વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ પૈકી સર્વેક્ષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂના-** પ્રસ્તુત અભ્યાસનું વ્યાપવિશ્વ પાલનપુર તાલુકાની GSEB બોર્ડ સાથે સંકળાયેલ ગુજરાતી અને અંગ્રેજી માધ્યમની શાળાઓ પૈકી પાલનપુર શહેરની શ્રી એમ. બી. કરણાવત હાઈસ્કૂલ, પાલનપુર (ગુજરાતી માધ્યમ) અને શ્રી બી. કે. કે. પી. એસ. એમ. મા અને ઉ. મા. શાળા, પાલનપુર (અંગ્રેજી માધ્યમ) ધોરણ-9 ના 102 વિદ્યાર્થીઓ પૈકી 83 છોકરાઓ અને 19 છોકરીઓને નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ-** સ્વ-રચિત શિક્ષક રચિત કસોટી

**પૃથક્કરણની રીત-** સરાસરી, પ્રમાણ વિચલન અને ટી- કસોટી

**સંશોધનના તારણો-** ૧. વિદ્યાર્થીઓની અંગ્રેજી વાંચન અર્થગ્રહણ ક્ષમતા સારી જણાઈ હતી. ૨. ધોરણ-9ના વિદ્યાર્થીઓની અંગ્રેજી વાંચન અર્થગ્રહણ ક્ષમતા પર જાતીયતાની અસર માત્ર અંગ્રેજી માધ્યમનાં વિદ્યાર્થીઓમાં જ જોવા મળી હતી. જેમાં છોકરાઓની અંગ્રેજી વાંચન અર્થગ્રહણ ક્ષમતા કરતાં છોકરીઓની અંગ્રેજી વાંચન અર્થગ્રહણ ક્ષમતા ઊંચી જોવા મળી હતી.

**સંશોધનના ફલિતાર્થો-** ૧. નિદર્શમાં સમાવિષ્ટ ધોરણ-9 ના મોટાભાગના વિદ્યાર્થીઓની અંગ્રેજી વાંચન અર્થગ્રહણ ક્ષમતા મધ્યમ કક્ષાની જોવા મળી હતી. આથી, વિદ્યાર્થીઓમાં વિવિધ અર્થગ્રહણ કૌશલ્ય અંગેની તાલીમ આપવી જેથી વિદ્યાર્થીઓની અર્થગ્રહણ ક્ષમતા વિકસી શકે. ૨. અંગ્રેજી માધ્યમની છોકરીઓની

અંગ્રેજી વાંચન અર્થગ્રહણ ક્ષમતા કરતાં છોકરાઓની અંગ્રેજી વાંચન અર્થગ્રહણ ક્ષમતા નીચી જોવા મળી હતી. આથી, છોકરાઓનાં અંગ્રેજી વાંચન અર્થગ્રહણ ક્ષમતાના સંદર્ભમાં સવિશેષ સભાન બનાવી તેઓની અર્થગ્રહણ ક્ષમતા ઊંચી લાવવા માટેના પ્રયાસો હાથ ધરવા જોઈએ.૩.ઉપર્યુકત શૈક્ષણિક ફલિતાર્થો પરથી જાણી શકાય છે કે, વિદ્યાર્થીઓની અંગ્રેજી વાંચન અર્થગ્રહણ ક્ષમતા પર જાતીયતાની અસર જોવા મળે છે. આથી, અંગ્રેજી માધ્યમના શાળાના શિક્ષકો વિવિધ કસોટીઓનું આયોજન કરતી વખતે આ ચલોને લક્ષમાં લેવા જોઈએ.

**ચાવીરૂપ શબ્દો-** અર્થગ્રહણ

**૪૩. સંશોધકનું નામ- પુનડીયા જશોદાબેન ગંગારામભાઈ**

**કોલેજનું નામ -** શ્રીમતી આર.કે.ડી. ખણુંસિયા એમ. એડ્. કોલેજ, પાલનપુર

**માર્ગદર્શકનું નામ –** પ્રો. સી. જે. રાવલ

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી -** 2023-25/ H.N.G.U, Patan/ M.Ed

**સમસ્યા શીર્ષક - (ગુજરાતી/અંગ્રેજી)**

બી.એડ્.ના તાલીમાર્થીઓની બુદ્ધિનો તેમની આધ્યાત્મિક બુદ્ધિ અને સાંવેગિક બુદ્ધિના સંદર્ભમાં અભ્યાસ

A Study of Intelligence of B.Ed. Trainees in Context to Their Spiritual and Emotional Intelligence

**સંશોધનનું ક્ષેત્ર –** શૈક્ષણિક મનોવિજ્ઞાન

**સંશોધનના હેતુઓ –** ૧. બી.એડ્.ના તાલીમાર્થીઓની બુદ્ધિ કક્ષા નિર્ધારિત કરવી. ૨. બી.એડ્.ના તાલીમાર્થીઓની આધ્યાત્મિક બુદ્ધિ કક્ષા નિર્ધારિત કરવી. ૩. બી.એડ્.ના તાલીમાર્થીઓની સાંવેગિક બુદ્ધિ કક્ષા નિર્ધારિત કરવી. ૪. બી.એડ્.ના તાલીમાર્થીઓની બુદ્ધિ પર તેમની જાતિની અસર તપાસવી. ૫. બી. એડ્.ના તાલીમાર્થીઓની આધ્યાત્મિક બુદ્ધિ પર તેમની જાતિની અસર તપાસવી. ૬. બી.એડ્.ના તાલીમાર્થીઓની સાંવેગિક બુદ્ધિ પર તેમની જાતિની અસર તપાસવી. ૭. બી.એડ્.ના તાલીમાર્થીઓની બુદ્ધિ અને આધ્યાત્મિક બુદ્ધિની સરખામણી કરવી. ૮. બી.એડ્.ના તાલીમાર્થીઓની બુદ્ધિ અને સાંવેગિક બુદ્ધિની સરખામણી કરવી.

**સંશોધન પ્રશ્નો/ઉત્કલ્પનાઓ –** ૧. છોકરાઓ અને છોકરીઓની બુદ્ધિ કસોટીના સરાસરી પ્રાપ્તાંકોમાં કોઈ સાર્થક તફાવત નહીં હોય. ૨. છોકરાઓ અને છોકરીઓની આધ્યાત્મિક બુદ્ધિ કસોટીના સરાસરી પ્રાપ્તાંકોમાં કોઈ સાર્થક તફાવત નહીં હોય. ૩. છોકરાઓ અને છોકરીઓની સાંવેગિક બુદ્ધિ કસોટીના સરાસરી પ્રાપ્તાંકોમાં કોઈ સાર્થક તફાવત નહીં હોય. ૪. ઉચ્ચ અને મધ્યમ આધ્યાત્મિક બુદ્ધિ ધરાવતા તાલીમાર્થીઓની બુદ્ધિ કસોટીના સરાસરી પ્રાપ્તાંકોમાં કોઈ સાર્થક તફાવત નહીં હોય. ૫. મધ્યમ અને નિમ્ન આધ્યાત્મિક બુદ્ધિ ધરાવતા તાલીમાર્થીઓની બુદ્ધિ કસોટીના સરાસરી પ્રાપ્તાંકોમાં કોઈ સાર્થક તફાવત નહીં હોય. ૬. ઉચ્ચ અને નિમ્ન આધ્યાત્મિક બુદ્ધિ ધરાવતા તાલીમાર્થીઓની બુદ્ધિ કસોટીના સરાસરી પ્રાપ્તાંકોમાં કોઈ સાર્થક તફાવત નહીં હોય. ૭. ઉચ્ચ અને મધ્યમ સાંવેગિક બુદ્ધિ ધરાવતા તાલીમાર્થીઓની બુદ્ધિ કસોટીના સરાસરી પ્રાપ્તાંકોમાં કોઈ સાર્થક તફાવત નહીં હોય. ૮. મધ્યમ અને નિમ્ન સાંવેગિક વૃદ્ધિ ધરાવતા તાલીમાર્થીઓની બુદ્ધિ કસોટીના સરાસરી પ્રાપ્તાંકોમાં કોઈ સાર્થક તફાવત નહીં હોય. ૯. ઉચ્ચ અને નિમ્ન સાંવેગિક બુદ્ધિ ધરાવતા તાલીમાર્થીઓની બુદ્ધિ કસોટીના સરાસરી પ્રાપ્તાંકોમાં કોઈ સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનમાં સમાવિષ્ટ ચલ** - સ્વતંત્ર ચલ- જાતિ, આધ્યાત્મિક બુદ્ધિ અને સાંવેગિક બુદ્ધિ પરતંત્ર ચલ - બુદ્ધિ

**સંશોધનના પ્રકાર –** વ્યવહારિક સંશોધન

**સંશોધન પદ્ધતિ –** સર્વેક્ષણ

**વ્યાપવિશ્વ અને નમૂના –** પ્રસ્તુત સંશોધનના વ્યાપવિશ્વમાં બનાસકાંઠા જિલ્લાની બી.એડ્. કોલેજમાં વર્ષ 2023-25 માં તાલીમ લેતા તાલીમાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. પ્રસ્તુત સંશોધનમાં નમુના તરીકે ડો. આર.કે.પટેલ & ડો. કે. કે. પટેલ બી.એડ્. કોલેજ, હડાદના કુલ 110 તાલીમાર્થીઓ તેમજ શ્રી ઉમિયા બી. એડ્. કોલેજ, પાલનપુરના 110 તાલીમાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

**ઉપકરણ -** બુદ્ધિના માપન માટે - ડૉ. કે.જી.દેસાઈ રચિત અને પ્રમાણિત દેસાઈ શાબ્દિક-અશાબ્દિક સમૂહ બુદ્ધિ કસોટી સાંવેગિક બુદ્ધિ માપન માટે ડૉ. એસ.કે. મંગલ અને શુભ્રા મંગલ રચિત અને પ્રમાણિત મંગલ સાંવેગિક બુદ્ધિ માપદંડ આધ્યાત્મિક બુદ્ધિ માપન માટે ડૉ. પથિક ડી. બારોટ રચિત અને પ્રમાણિત આધ્યાત્મિક બુદ્ધિ માપદંડ

**માહિતીની પૃથકકરણની રીત -** અભ્યાસકે પસંદ કરેલ જુદા જુદા ચલોના સંદર્ભમાં વર્ગીકરણ કરેલ માહિતીના પ્રાપ્તાંકોના આધારે ટકાવારી, સરાસરી પ્રમાણિત વિચલન, સરાસરી પ્રમાણભૂલ અને શૂન્ય ઉત્કલ્પના અને ચકાસવા માટે ક્રાંતિક ગુણોત્તરની ગણતરી કરવામાં આવી હતી. અભ્યાસની સમગ્ર ગણતરીઓ કોમ્પ્યુટરમાં માઈક્રોસોફ્ટ એક્સેલ પ્રોગ્રામના માધ્યમથી કરવામાં આવી હતી.

**સંશોધનના તારણો –** ૧. સમગ્ર નિદર્શના મહત્તમ તાલીમાર્થીઓમાં ઉચ્ચ આધ્યાત્મિક બુદ્ધિ કક્ષા જોવા મળી હતી. ૨. સમગ્ર નિદર્શના મહત્તમ તાલીમાર્થીઓ મધ્યમ કક્ષાની સાંવેગિક બુદ્ધિ ધરાવે છે તેવું જોવા મળ્યું હતું. ૩. બી.એડ્.કક્ષાએ તાલીમ લેતા તાલીમાર્થીઓમાં છોકરીઓ કરતા છોકરાઓ વધુ ઉચ્ચ કક્ષાની બુદ્ધિ ધરાવતા હતા. આમ બી. એડ્.ના તાલીમાર્થીઓની બુદ્ધિ પર જાતિની અસર જોવા મળી હતી. ૪. બી.એડ્.કક્ષાએ તાલીમ લેતા તાલીમાર્થીઓમાં છોકરાઓ કરતા છોકરીઓ વધુ ઉચ્ચકક્ષાની આધ્યાત્મિક બુદ્ધિ ધરાવતી હતી. આમ, બી.એડ્.ના તાલીમાર્થીઓની આધ્યાત્મિક બુદ્ધિ પર જાતિની અસર જોવા મળી હતી. ૫. બી.એડ્.કક્ષાએ તાલીમ લેતા તાલીમાર્થીઓમાં છોકરાઓ કરતા છોકરીઓ વધુ ઉચ્ચકક્ષાની સાંવેગિક બુદ્ધિ ધરાવતી હતી. આમ, બી.એડ્.ના તાલીમાર્થીઓને સાંવેગિક બુદ્ધિ પર જાતિની અસર જોવા મળી હતી. ૬. બી.એડ્.ના તાલીમાર્થીઓમાં ઉચ્ચ આધ્યાત્મિક બુદ્ધિ ધરાવતા તાલીમાર્થીઓ કરતા મધ્યમ આધ્યાત્મિક બુદ્ધિ ધરાવતા તાલીમાર્થીઓ વધુ બુદ્ધિ ધરાવે છે.આમ,બી.એડ્.ના તાલીમાર્થીઓની બુદ્ધિ પર આધ્યાત્મિક બુદ્ધિની અસર જોવા મળી હતી. ૭. બીએડ્.ના તાલીમાર્થીઓમાં નિમ્ન આધ્યાત્મિક બુદ્ધિ ધરાવતા તાલીમાર્થીઓ કરતા મધ્યમ આધ્યાત્મિક બુદ્ધિ ધરાવતા તાલીમાર્થીઓ વધુ બુદ્ધિ ધરાવે છે. આમ,બી.એડ્.ના તાલીમાર્થીઓની બુદ્ધિ પર આધ્યાત્મિક બુદ્ધિની અસર જોવા મળી હતી. ૮. બી.એડ્.ના તાલીમાર્થીઓમાં નિમ્ન આધ્યાત્મિક બુદ્ધિ ધરાવતા તાલીમાર્થીઓ કરતા ઉચ્ચ આધ્યાત્મિક બુદ્ધિ ધરાવતા તાલીમાર્થીઓ વધુ બુદ્ધિ ધરાવે છે. આમ, બી. એડ્.ના તાલીમાર્થીઓની બુદ્ધિ પર આધ્યાત્મિક બુદ્ધિની અસર જોવા મળી હતી. ૮. બી.એડ્.ના તાલીમાર્થીઓમાં ઉચ્ચ સાંવેગિક બુદ્ધિ ધરાવતા તાલીમાર્થીઓ કરતા મધ્યમ સાંવેગીક બુદ્ધિ ધરાવતા તાલીમાર્થીઓ વધુ બુદ્ધિ ધરાવે છે. આમ,બી.એડ્.ના તાલીમાર્થીઓની બુદ્ધિ પર સાંવેગિક બુદ્ધિની અસર જોવા મળી હતી. ૯. બી. એડ્.ના તાલીમાર્થીઓમાં નિમ્ન સાંવેગિક બુદ્ધિ ધરાવતા તાલીમાર્થીઓ કરતા મધ્યમ સાંવેગિક બુદ્ધિ ધરાવતા તાલીમાર્થીઓ વધુ બુદ્ધિ ધરાવે છે.આમ,બી.એડ્.ના તાલીમાર્થીઓની બુદ્ધિ પર સાંવેગિક બુદ્ધિની અસર જોવા મળી હતી. ૧૦. બી.એડ્.ના તાલીમાર્થીઓમાં નિમ્ન સાંવેગિક બુદ્ધિ ધરાવતા તાલીમાર્થીઓ કરતા ઉચ્ચ સાંવેગિક બુદ્ધિ ધરાવતા તાલીમાર્થીઓ વધુ બુદ્ધિ ધરાવે છે.આમ,બી.એડ્.ના તાલીમાર્થીઓની બુદ્ધિ પર સાંવેગિક બુદ્ધિની અસર જોવા મળી હતી.

**સંશોધનના શૈક્ષણિક ફલિતાર્થો –** ૧. તાલીમાર્થીઓની બુદ્ધિ કક્ષા જાણી, તેમની બુદ્ધિ કક્ષા વધારવાના ઉપાયો હાથ ધરવામાં સરળતા રહેશે. ૨. તાલીમાર્થીઓ પોતાની લાગણી અને ઈચ્છાઓ પર નિયંત્રણ મૂકી શકશે. ૩. તાલીમાર્થીઓની બુદ્ધિ અને સાંવેગિક બુદ્ધિને ધ્યાનમાં રાખી અધ્યાપન કાર્ય કરવામાં આવશે. ૪. તાલીમાર્થીઓ બીજાના સંવેગો જાણી તેમની સાથે કેવી રીતે વર્તન કરવું તે જાણી શકાશે. ૫. તાલીમાર્થીઓ

આધ્યાત્મિક રૂપથી કેટલા બુદ્ધિશાળી છે તે જાણી શકાશે. ૬. યોગ્ય આધ્યાત્મિકતા નો વિકાસ કરી ઉત્તમ અને આદર્શ શિક્ષકનું નિર્માણ કરી શકાશે.

**ચાવીરૂપ શબ્દો –** બુદ્ધિ, ઈચ્છા-લાગણી

**૪૪. સંશોધકનું નામ- પુનડીયા પાયલબેન શંકરભાઈ**

**કોલેજનું નામ** - શ્રીમતી આર.કે.ડી. ખણુંસિયા એમ. એડ્. કોલેજ, પાલનપુર

**માર્ગદર્શકનું નામ –** પ્રો. પી. કે. પંચોલી

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી** - 2023-25/ H.N.G.U, Patan/ M.Ed

**સમસ્યા શીર્ષક - (ગુજરાતી/અંગ્રેજી)**

શૈક્ષણિક સિદ્ધિ પર ગૃહકાર્યની અસરનો અભ્યાસ

Study on the Effect of Homework on Educational Achievement

**સંશોધનનું ક્ષેત્ર –** શૈક્ષણિક મનોવિજ્ઞાન

**સંશોધનના હેતુઓ –** ૧. ધોરણ-9 ના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધ પર ગૃહકાર્યની અસરનો અભ્યાસ કરવો. ૨. ધોરણ-9 ના કુમારો પૈકી પ્રાયોગિક જૂથના કુમારો અને નિયંત્રિત જૂથના કુમારોના સિદ્ધિ સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા ચકાસવી. ૩. ધોરણ-9 ની કન્યાઓ પૈકી પ્રાયોગિક જૂથની કન્યાઓ અને નિયંત્રિત જૂથની કન્યાઓના સિદ્ધિ સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા ચકાસવી. ૪. ધોરણ-9 ના વિદ્યાર્થીઓના પ્રાયોગિક જૂથને અને નિયંત્રિત જૂથના પાત્રોના સિદ્ધિ સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા ચકાસવી.

**સંશોધન પ્રશ્નો/ઉત્કલ્પનાઓ –** ૧. પૂર્વકસોટી પર પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના કુમારોના સિદ્ધિ સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય. ૨. પૂર્વકસોટી પર પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથની કન્યાઓના સિદ્ધિ સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય. ૩. પૂર્વકસોટી પર પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના પાત્રોના સિદ્ધિ સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય. ૪. ઉત્તરકસોટી પર પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના કુમારોના સિદ્ધિ સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય. ૫. ઉત્તરકસોટી પર પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથની કન્યાઓના સિદ્ધિ સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય. ૬. ઉત્તરકસોટી પર પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના પાત્રોના સિદ્ધિ સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

**સંશોધનમાં સમાવિષ્ટ ચલ** - સ્વતંત્ર ચલ – જાતીયતા, વિસ્તાર પરતંત્ર ચલ - શૈક્ષણિક સિદ્ધી પર ગૃહકાર્યની અસર

**સંશોધનના પ્રકાર** –વ્યવહારિક

**સંશોધન પદ્ધતિ** - પ્રાયોગિક

**વ્યાપવિશ્વ અને નમૂના –** પ્રસ્તુત અભ્યાસના વ્યાપવિશ્વ તરીક દાંતા તાલુકાના વર્ષ ૨૦૨૪ ના શૈક્ષણિક વર્ષ દરમિયાન ધોરણ-9માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પસંદ કરવામાં આવ્યા હતા. પ્રસ્તુત અભ્યાસમાં વ્યાપવિશ્વમાં આવેલી શાળાઓમાંથી સહેતુક શ્રી મદનસિંહજી વિદ્યાલય, ગંગવામાં અભ્યાસ કરતા ધોરણ-9ના 50 વિદ્યાર્થીઓની પસંદ કરવામાં આવી હતી.

**ઉપકરણ -------**

**માહિતીની પૃથકકરણની રીત** -

**સંશોધનના તારણો –** ૧. પૂર્વ કસોટીના આધારે પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના કુમારોની શૈક્ષણિક સિદ્ધિ પર ગૃહકાર્યની અસર સમાન હતી. ૨. પૂર્વ કસોટીના આધારે પ્રાયોગિક જૂથની કન્યા અને નિયંત્રિત

જૂથની કન્યાઓની શૈક્ષણિક સિદ્ધિ પર ગૃહકાર્યની અસરમાં ભિન્નતા જોવા મળી હતી. ૩. પૂર્વ કસોટીના આધારે પ્રાયોગિક જૂથના પાત્રો અને નિયંત્રિત જૂથના પાત્રોની શૈક્ષણિક સિદ્ધિ પર ગૃહકાર્યની અસરમાં ભિન્નતા જોવા મળી હતી. ૪. ઉત્તર કસોટીના આધારે પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના કુમારોની શૈક્ષણિક સિદ્ધિ પર ગૃહકાર્યની અસર સમાન હતી. ૫. ઉત્તર કસોટીના આધારે પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના કુમારોની શૈક્ષણિક સિદ્ધિ પર ગૃહકાર્યની અસર સમાન હતી. ૬. ઉત્તર કસોટીના આધારે પ્રાયોગિક જૂથની કન્યા અને નિયંત્રિત જૂથની કન્યાઓની શૈક્ષણિક સિદ્ધિ પર ગૃહકાર્યની અસર સમાન હતી. ૭. ઉત્તર કસોટીના આધારે પ્રાયોગિક જૂથના પાત્રો અને નિયંત્રિત જૂથના પાત્રોની શૈક્ષણિક સિદ્ધિ પર ગૃહકાર્યની અસરમાં ભિન્નતા જોવા મળી હતી.

**સંશોધનના શૈક્ષણિક ફલિતાર્થો –** ૧. ધોરણ-9 ના કુમારો જૂથના વિદ્યાર્થીઓમાં પ્રાયોગિક જૂથના કુમારોની શૈક્ષણિક સિદ્ધિ પર ગૃહકાર્યની અસર નિયંત્રિત જૂથના કુમારો કરતા વધુ જોવા મળી હતી. પ્રાયોગિક જૂથના કુમારોની શૈક્ષણિક સિદ્ધિ વધે તેવા પ્રયાસો હાથ ધરવા જોઈએ. ૨. ધોરણ-9ના કન્યાઓના જૂથના વિદ્યાર્થીઓમાં પ્રાયોગિક જૂથની કન્યાઓની શૈક્ષણિક સિદ્ધિ પર ગૃહકાર્યની અસર નિયંત્રિત જૂથનો અભ્યાસ કરતા વધુ જોવા મળી હતી. પ્રાયોગિક જૂથની કન્યાઓની શૈક્ષણિક સિદ્ધિ વધે તેવા પ્રયાસ હાથ ધરવા જોઈએ. ૩. ધોરણ-9ના કન્યાઓના જૂથના વિદ્યાર્થીઓમાં પ્રાયોગિક જૂથના પાત્રોની શૈક્ષણિક સિદ્ધિ પર ગૃહકાર્યની અસર પ્રાયોગિક જૂથના પાત્રો કરતા વધુ જોવા મળી હતી. પ્રાયોગિક જૂથના પાત્રોની શૈક્ષણિક સિદ્ધિ વધે તેવા પ્રયાસ હાથ ધરવા જોઈએ.

**ચાવીરૂપ શબ્દો –** શૈક્ષણિક સિદ્ધિ, ગૃહકાર્ય

**<u>૪૫. સંશોધકનું નામ- રાઠોડ કેયુરીબેન જી.</u>**

**કોલેજનું નામ-** શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુર

**માર્ગદર્શકનું નામ-** ડૉ. જે. એલ. બારડ

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી -** 2023-25/ H.N.G.U, Patan/ M.Ed

**સમસ્યા શીર્ષક - (ગુજરાતી/અંગ્રેજી)**

બી.એડ્.ના પ્રશિક્ષણાર્થીઓ માટે બહુમાધ્યમ સ્ત્રી-ભૃણહત્યા જાગૃતિ કાર્યક્રમની સંરચના અને તેની અસરકારકતા

Construction and Effectiveness of Multimedia Female Insecticide Awareness Program for B.Ed. Trainees

**સંશોધનનું ક્ષેત્ર-** શારીરિક અને સ્વાસ્થ્ય શિક્ષણ

**સંશોધનના હેતુઓ-** ૧. બી.એડ્.ના પ્રશિક્ષણાર્થીઓ માટે બહુમાધ્યમ આધારિત સ્ત્રી-ભૃણ હત્યા કાર્યક્રમની સંરચના કરવી. ૨. બી.એડ્.ના પ્રશિક્ષણાર્થીઓ માટે સ્ત્રી-ભૃણ હત્યા જાગૃતિ તપાસવા માટે સ્ત્રી-ભૃણ જાગૃતિ પૂર્વ કસોટીની સંરચના કરવી. ૩. બી.એડ્.ના પ્રશિક્ષણાર્થીઓમાં સ્ત્રી-ભૃણ હત્યા જાગૃતિ કાર્યક્રમની અસરકારકતા ચકાસવી.

**સંશોધનની ઉત્કલ્પનાઓ-** ૧. પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના પ્રશિક્ષણાર્થીઓએ સ્ત્રીભૃણ હત્યા જાગૃતિ આધારિત પૂર્વ કસોટી પર મેળવેલ પ્રાપ્તાંકની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય. ૨. પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના પ્રશિક્ષણાર્થીઓએ સ્ત્રીભૃણ હત્યા જાગૃતિ આધારિત ઉત્તર કસોટીના મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહી હોય. ૩. પ્રાયોગિક જૂથના પ્રશિક્ષણાર્થીઓએ પૂર્વ કસોટી અને ઉત્તર કસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહી હોય. ૪. નિયંત્રિત જૂથના

પ્રશિક્ષણાર્થીઓએ પૂર્વ કસોટી અને ઉત્તર કસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ-** સ્વતંત્ર ચલ- સ્ત્રી-ભૃણ હત્યા જાગૃતિ કાર્યક્રમ પરતંત્ર ચલ- સ્ત્રી-ભૃણ હત્યા જાગૃતિ કાર્યક્રમ પરના પ્રાપ્તાંક અંકુશિત ચલ- ધોરણ-બી.એડ્. માધ્યમ-ગુજરાતી, એકમ-સ્ત્રી-ભૃણ હત્યા, વિસ્તાર-શહેરી, પ્રયોગનો-સમયગાળો આંતરવર્તી ચલો- જૂથના પાત્રો વચ્ચેની આંતરક્રિયા, પ્રશિક્ષણાર્થીઓના વ્યતિગત તફાવત, પ્રશિક્ષણાર્થીઓની અધ્યયન ક્ષમતા

**સંશોધનનો પ્રકાર-** વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂના-** પાલનપુર તાલુકાના શહેરી વિસ્તારની બી.એડ્. કોલેજો પૈકી શ્રી સ્વામીનારાયણ બી.એડ્. કોલેજ, પાલનપુરમાં અભ્યાસ કરતાં કુલ- 60 પ્રશિક્ષણાર્થીઓને લેવામાં આવ્યા હતા.

**ઉપકરણ-** સ્વ-રચિત કસોટી

**પૃથક્કરણની રીત-** ટી-કસોટી

**સંશોધનના તારણો-** બી.એડ્.ના પ્રશિક્ષણાર્થીઓ માટે રચવામાં આવેલ બહુમાધ્યમ સ્ત્રી-ભૃણ હત્યા જાગૃતિ કાર્યક્રમ અસરકારક રહ્યો હતો. બહુમાધ્યમ સ્ત્રી-ભૃણ હત્યા જાગૃતિ કાર્યક્રમને પરિણામે પ્રાયોગિક જૂથના ઉત્તર કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી ઉંચી જોવા મળી હતી. આમ કાર્યક્રમ અસરકારક રહ્યો હતો. પ્રાયોગિક જૂથના પ્રશિક્ષણાર્થીઓના ઉત્તર કસોટી અને પૂર્વ કસોટીના પ્રાપ્તાકોની સરાસરીઓ વચ્ચે મોટો તફાવત જોવા મળ્યો હતો જે બહુમાધ્યમ સ્ત્રી-ભૃણ હત્યા જાગૃતિ કાર્યક્રમને આભારી હતી. નિયંત્રિત જૂથના પ્રશિક્ષણાર્થીઓના પૂર્વ કસોટી અને ઉત્તર કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સમાનતા જોવા મળી હતી.

**સંશોધનના ફલિતાર્થો-** પ્રશિક્ષણાર્થીઓ સ્ત્રી-ભૃણ હત્યા જેવા સામાજિક દૂષણથી સભાન બની શકશે. પ્રશિક્ષણાર્થીઓ આ દૂષણની નકારાત્મક અસરો વિશે જાણી શક્યા હતા. તેમજ સ્ત્રી-ભૃણ હત્યા કઈ રીતે અટકાવી શકાય તે જાણી શકશે. પ્રશિક્ષણાર્થીઓમાં સ્ત્રી-ભૃણ હત્યા ગ્રસ્ત સ્ત્રીઓ પ્રત્યે અવ્યવહારૂં વર્તનમાં સમાનતા કેળવી શકયા હતા અને તેઓ સ્વીકાર કરવા પ્રેરી શકાશે. વિકસતા જતા સમાજમાં સ્ત્રી-ભૃણ હત્યા જાગૃતિ અને સશક્ત યુવા વર્ગ ઊભું કરવામાં સહાયતા મળી શકશે.

**ચાવીરૂપ શબ્દો-** બહુમાધ્યમ, સ્ત્રી-ભૃણહત્યા

**<u>૪૬. સંશોધકનું નામ- રાવલ નીકીતાબેન ભરતભાઈ</u>**

**કોલેજનું નામ -** શ્રીમતી આર.કે.ડી. ખણુંસિયા એમ. એડ્. કોલેજ, પાલનપુર

**માર્ગદર્શકનું નામ -** પ્રો. સી. જે. રાવલ

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી -** 2023-25/ H.N.G.U, Patan/ M.Ed

**સમસ્યા શીર્ષક - (ગુજરાતી/અંગ્રેજી)**

ધોરણ-૧૨ ના નામાનાં મૂળતત્વો વિષયના ભાગીદારીના હિસાબો એકમના અધ્યાપન માટે કમ્પ્યૂટર આસિસ્ટેડ ઈન્સ્ટ્રકશન (CAI ) કાર્યક્રમની સંરચના અને અસરકારકતા.

Construction and Effectiveness of Computer Assisted Instruction Programme for the Teaching of Partnership Account of Elements of Account Subject of Std.12.

**સંશોધનનું ક્ષેત્ર –** શૈક્ષણિક ટેકનોલોજી

**સંશોધનના હેતુઓ –** ૧. ધોરણ-૧૨ ના વિદ્યાર્થીઓને નામાનાં મૂળતત્વો વિષયના ' ભાગીદારીના હિસાબો ' એકમ શીખવવા માટે CAI કાર્યક્રમ તૈયાર કરવો. ૨. કમ્પ્યૂટર આસિસ્ટેડ ઈન્સ્ટ્રકશન (CAI) કાર્યક્રમ અને વ્યાખ્યાન પદ્ધતિની અજમાયશ કરવી. ૩. CAI કાર્યક્રમ અને વ્યાખ્યાન પદ્ધતિની વિદ્યાર્થીઓની શૈક્ષણિક

સિદ્ધિના સંદર્ભમાં અસરકારકતા તપાસવા માટે ભાગીદારીના હિસાબો પર શૈક્ષણિક સિદ્ધિ કસોટીની રચના કરવી. ૪. કમ્પ્યૂટર આસિસ્ટેડ ઈન્સ્ટ્રક્શન કાર્યક્રમ અંગે વિદ્યાર્થીઓના અભિપ્રાયો માટે અભિપ્રાયાવલિની રચના કરવી.

**સંશોધન પ્રશ્નો/ઉત્કલ્પનાઓ –** ૧. પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિકસોટીમાં મેળવેલા પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય. ૨. પ્રાયોગિક જૂથનાં કુમાર અને કન્યાઓએ શૈક્ષણિક સિદ્ધિકસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરીમાં કોઈ સાર્થક તફાવત નહીં હોય. ૩. નિયંત્રિત જૂથનાં કુમાર અને કન્યાઓએ શૈક્ષણિક સિદ્ધિકસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરીમાં કોઈ સાર્થક તફાવત નહીં હોય. ૪. પ્રાયોગિક જૂથના અને નિયંત્રિત જૂથના કુમારોની શૈક્ષણિક સિદ્ધિકસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય. ૫. પ્રાયોગિક જૂથની કન્યાઓ અને નિયંત્રિત જૂથની કન્યાઓએ શૈક્ષણિક સિદ્ધિકસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનમાં સમાવિષ્ટ ચલ** - સ્વતંત્ર ચલ કમ્પ્યૂટર આસિસ્ટેડ ઈન્સ્ટ્રક્શન - અધ્યાપન પદ્ધતિ,
વ્યાખ્યાન પદ્ધતિ

પરતંત્ર ચલ શૈક્ષણિક સિદ્ધિ

**સંશોધનના પ્રકાર –** વ્યવહારિક સંશોધન

**સંશોધન પદ્ધતિ –** પ્રાયોગિક પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂના –** પ્રસ્તુત સંશોધનના વ્યાપવિશ્વ તરીકે બનાસકાંઠા જિલ્લાનાં પાલનપુર તાલુકાના ધોરણ-૧૨ માં વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન કોમર્સ પ્રવાહમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને પસંદ કરવામાં આવ્યા હતા. માહિતીની પ્રાપ્તિ માટે તથા કાર્યક્રમની અજમાયશ માટે પાલનપુર તાલુકાની હેતુપૂર્વક નમૂના પદ્ધતિથી વિનય વિદ્યામંદિર & શ્રીમતી આઈ.ડી.એફ. ચૌધરી ઉ.મા. વિભાગ, ટાકરવાડા શાળા પસંદ કરવામાં આવેલ હતી. જેમાં ૬૦ વિદ્યાર્થીઓ પસંદ કરી બે સમાન જૂથ પાડવામાં આવ્યા હતા.

**ઉપકરણ** - પ્રસ્તુત સંશોધનમાં CAI કાર્યક્રમની રચના કરવામાં આવી હતી તથા કાર્યક્રમની અસરકારકતા ચકાસવા માટે એકમ આધારિત શૈક્ષણિક સિદ્ધિ કસોટીની રચના કરવામાં આવી હતી. CAI કાર્યક્રમ અંગે વિદ્યાર્થીઓના અભિપ્રાયો મેળવવા માટે અભિપ્રાયાવલિની રચના કરવામાં આવી હતી.

**માહિતીની પૃથકકરણની રીત** - ટકાવારી

**સંશોધનના તારણો –** ૧. શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં વ્યાખ્યાન પદ્ધતિ કરતાં CAI કાર્યક્રમની ધનાત્મક અસર જોવા મળી હતી. ૨. CAI કાર્યક્રમ કુમાર અને કન્યાઓની શૈક્ષણિક સિદ્ધિ વધારવામાં સમાન અસરકારક જોવા મળ્યો હતો. ૩. વ્યાખ્યાન પધ્ધતિ કુમાર અને કન્યાઓની શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં સમાન અસરકારક જોવા મળી હતી ૪. શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં CAI કાર્યક્રમએ વ્યાખ્યાન પધ્ધતિની તુલનામાં કુમારોમાં વધુ અસરકારક જોવા મળી હતી. ૫. શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં CAI કાર્યક્રમએ વ્યાખ્યાન પધ્ધતિની તુલનામાં કન્યાઓમાં વધુ અસરકારક જોવા મળી હતી. ૬. અન્ય પદ્ધતિ કરતાં CAI દ્વારા શિક્ષણ આપવામાં આવે તો વિદ્યાર્થીઓને વધુ ગમે છે. તેથી તે પસંદગીને પાત્ર છે.

**સંશોધનના શૈક્ષણિક ફલિતાર્થો –** ૧. શિક્ષકોએ CAI પદ્ધતિથી શિક્ષણકાર્ય કરવું જોઈએ. ૨. શિક્ષણ વિષયવસ્તુના મુદ્દાઓમાં એકથી વધુ ઉદાહરણો લઈ શકે છે. ૩. વર્ગખંડમાં શિક્ષણને કા.પા. કાર્યમાંથી છૂટકારો મળે છે. તથા બીજી વખત શીખવતી વખતે બીજી વખતે કા.પા. કાર્ય કરવું પડશે નહીં. ૪. વિદ્યાર્થી શાળામાં ગેરહાજર રહે તો કમ્પ્યૂટર સી.ડી.ની મદદથી જાતે અભ્યાસ કરી શકાશે. ૫. કમ્પ્યૂટર આસિસ્ટેડ ઈન્સ્ટ્રક્શનની લીધે વિદ્યાર્થીઓમાં સ્વ-અધ્યયન ટેવનો વિકાસ જોવા મળશે.

**ચાવીરૂપ શબ્દો –** CAI, વિદ્યાર્થીઓ

<u>**૪૭. સંશોધકનું નામ- શેરપુરા મયુરીબેન આર.**</u>

**કોલેજનું નામ-** શ્રીમતી આર.કે.ડી. ખણુંસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુર

**માર્ગદર્શકનું નામ-** ડૉ. પી. બી. પટેલ

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી -** 2023-25/ H.N.G.U, Patan/ M.Ed

**સમસ્યા શીર્ષક - (ગુજરાતી/અંગ્રેજી)**

પાલનપુર તાલુકામાં વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતાં વિધાર્થીઓમાં પ્રવર્તમાન અંધશ્રદ્ધાનો અભ્યાસ
A Study of Superstition among Students of Science Stream in Palanpur Block

**સંશોધનનું ક્ષેત્ર-** માર્ગદર્શન અને સલાહ

**સંશોધનના હેતુઓ-** ૧. વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતાં વિધાર્થીઓ માટે ઉપકરણ (અભિપ્રાયાવલિ) ની સંરચના કરવી. ૨. પાલનપુર તાલુકામાં વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતાં વિધાર્થીઓમાં પ્રવર્તમાન અંધશ્રદ્ધાનો અભ્યાસ કરવો. ૩. પાલનપુર તાલુકામાં વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતાં છોકરા અને છોકરીઓમાં પ્રવર્તમાન અંધશ્રદ્ધાનો અભ્યાસ કરવો. ૪. પાલનપુર તાલુકામાં વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતાં વિધાર્થીઓમાં કઈ જાતિમાં અંધશ્રદ્ધા વધુ જોવા મળી તેનો અભ્યાસ કરવો.

**સંશોધનના પ્રશ્નો-** ૧. અંધશ્રદ્ધા એટલે શું? ૨. અંધશ્રદ્ધા પ્રત્યે વિદ્યાર્થીઓનો શો વિચાર છે? ૩. જુદી- જુદી અંધશ્રદ્ધા વિશે છોકરીઓ અને છોકરાઓના અભિપ્રાયો શું છે?

**સંશોધનના ચલ-** ------------------

**સંશોધનનો પ્રકાર-** વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ પૈકી સર્વેક્ષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂના-** બનાસકાંઠા જિલ્લાની પાલનપુર તાલુકાની ઉચ્ચત્તર માધ્યમિક ગ્રાન્ટેડ શાળાઓ માંથી કુલ ચાર શાળાની પસંદગી કરી જેમાં પ્રવર્તમાન વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતાં ધોરણ- 11 અને ધોરણ- 12 ના કુલ-150 વિધાર્થીઓને યાદચ્છિક નમૂના તરીકે પસંદગી કરવામાં આવી હતી.

**ઉપકરણ-** સ્વ-રચિત અભિપ્રાયાવલિ

**પૃથક્કરણની રીત-** સાદી ટકાવારી અને કાઈ-વર્ગ

**સંશોધનના તારણો-** ૧. વારને લગતી અંધશ્રદ્ધામાં સામાન્ય રીતે જોતા 10.33% વિધાર્થીઓ સંપૂર્ણ સહમત. 16.66% વિધાર્થીઓ સહમત, 31.66% વિધાર્થીઓ અસહમત, 15.88% વિધાર્થીઓ તટસ્થ તેમજ 25.44% સંપૂર્ણ અસહમત વિધાર્થીઓ છે. આથી કહી શકાય કે વારને લગતી અંધશ્રદ્ધામાં વિધાર્થીઓ વધુ પ્રમાણમાં સંપૂર્ણ અસહમત છે. તેથી વારને લગતી અંધશ્રદ્ધાનું ઓછું પ્રમાણ વિદ્યાર્થીઓમાં જોવા મળેલ છે. ૨. તહેવારને લગતી અંધશ્રદ્ધામાં સામાન્ય રીતે છોકરાઓમાં જોતા 11.55% સંપૂર્ણ સહમત, 24.44% સહમત, 18.22% અસહમત, 24.88% તટસ્થ તેમજ 20.88% સંપૂર્ણ અસહમત છે. આથી કહી શકાય કે વિધાન નંબર - 2, 12 અને 13 જેમાં છોકરાઓ છોકરીઓ કરતાં વધુ પ્રમાણમાં અંધશ્રદ્ધા ધરાવે છે. ૩. પશુ-પક્ષીને લગતી અંધશ્રદ્ધામાં સામાન્ય રીતે છોકરાઓમાં જોતા 7% સંપૂર્ણ સહમત, 7% સહમત, 214 અસહમત, 32.66% તટસ્થ તેમજ 32.33% સંપૂર્ણ અસહમત છે. આથી કહી શકાય કે વિધાન નંબર- 14, 19, 31 અને ૩૨ જેમાં છોકરાઓ અને છોકરીઓ બન્નેમાં આ વિધાન પ્રત્યે સામ્યતા ધરાવે છે. ૪. વિધાને લગતી અંધશ્રદ્ધામાં સામાન્ય રીતે જોતા છોકરીઓમાં જોતાં 14% સંપૂર્ણ સહમત, 23.66% સહમત, 19.66% અસહમત, 25.33% તટસ્થ તેમજ ૨૨% સંપૂર્ણ અસહમત છે. આથી કહી શકાય કે વિધાન નંબર-16, 37, 40 અને 36 જેમાં છોકરીઓમાં પ્રમાણ વધુ જોવા મળે છે. ૫. વ્યવસાયને લગતી અંધશ્રદ્ધામાં સામાન્ય રીતે જોતા 6.66% વિધાર્થીઓ સંપૂર્ણ સહમત, 126 વિધાર્થીઓ સહમત, 10% વિધાર્થીઓ અસહમત, 42%

વિધાર્થીઓ તટસ્થ તેમજ 29.33% સંપૂર્ણ અસહમત વિધાર્થીઓ છે. આથી કહી શકાય કે વ્યવસાયને લગતી અંધશ્રદ્ધામાં વિધાર્થીઓ વધુ પ્રમાણમાં તટસ્થ છે. તેથી વ્યવસાયને લગતી અંધશ્રદ્ધાનું ઓછું પ્રમાણ વિધાર્થીઓમાં જોવા મળેલ છે.6.દેવી-દેવતાને લગતી અંધશ્રદ્ધામાં સામાન્ય રીતે જોતા છોકરીઓમાં જોતાં 14.22% સંપૂર્ણ સહમત, 12.88% સહમત, 13.77% અસહમત, 32.44% તટસ્થ તેમજ 26.66% સંપૂર્ણ અસહમત છે. આથી કહી શકાય કે વિધાન નંબર- 1, 28 અને 30 જેમાં છોકરીઓ અને છોકરાઓમાં સામ્યતા જોવા મળે છે. આ ઉપરાંત છોકરીઓ છોકરાઓ કરતાં વધુ પ્રમાણમાં તટસ્થ છે.

**સંશોધનના ફલિતાર્થો-** રાષ્ટ્રના ઝડપી વિકાસ માટે શિક્ષણએ પાયાની જરૂરીયાત છે. દેશના વિકાસમાં શિક્ષણનું મહત્વ ખૂબ જ રહ્યું છે. આજના આધુનિક યુગમાં શિક્ષણ ક્ષેત્રે જે વૈચારિક ક્રાંતિ આવવી જોઈએ તે આવી નથી. સમાજનો કેટલોક વર્ગરૂઢિ ચુસ્તતા અંધશ્રદ્ધા, વહેમ વગેરેમાં માને છે તેના કારણે રાષ્ટ્રના વિકાસ રૂંધાય છે. વહેમમાં માનનારા લોકો નવા વિચારો, નવી પધ્ધતિઓ, પરિવર્તનોનો વિરોધ કરે છે. સમાજના લોકોમાં પ્રવર્તતી અંધશ્રદ્ધાને જો દૂર કરવી હોય તો અંધશ્રદ્ધા અંગેની માન્યતાઓનો અભ્યાસ કરવો જરૂરી છે. શિક્ષણમાં પરિવર્તન લાવવા માટે વિધાર્થીઓમાં વૈચારિક ક્રાંતિ લાવવી જરૂરી છે. આ ક્રાંતિ લાવવાનું કામ શિક્ષક જ સારા પ્રમાણમાં કરી શકે. પરંતુ આજના આધુનિક યુગના શિક્ષકોમાં પણ અંધશ્રદ્ધા, ખોટી માન્યતાઓ વગેરેમાં માને છે તથા બાળકોને પણ તે બાબતમાં માનતા કરવા માટે ઉત્પ્રેરીત કરે છે. તેમાં ખાસ કરીને શિક્ષણ ક્ષેત્રે મહત્વની ભૂમિકા ભજવી રહેલા એવા શિક્ષકોની અંધશ્રદ્ધા અંગેના ખ્યાલોનો તુલનાત્મક અભ્યાસ કરવો જરૂરી બને છે. જેના કારણે શિક્ષણમાં સમૂળી ક્રાંતિ લાવી શકાય.

**ચાવીરૂપ શબ્દો-** અંધશ્રધ્ધા

**<u>૪૮. સંશોધકનું નામ- સોલંકી પ્રહ્લાદભાઈ હીરાભાઈ</u>**

**કોલેજનું નામ -** શ્રીમતી આર.કે.ડી. ખણુંસિયા એમ. એડ્. કોલેજ, પાલનપુર

**માર્ગદર્શકનું નામ –** પ્રો. આર. જે. પટેલ

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી -** 2023-25/ H.N.G.U, Patan/ M.Ed

**સમસ્યા શીર્ષક - (ગુજરાતી/અંગ્રેજી)**

બી.એડ્.ના પ્રશિક્ષણાર્થીઓ માટે " રકતદાન ' સભાનતા કાર્યક્રમની રચના અને તેની અસરકારકતા.
Construction and Effectiveness of Blood Donation Awareness Programme for B.Ed. Trainees.

**સંશોધનનું ક્ષેત્ર –** શિક્ષણનું સમાજશાસ્ત્ર

**સંશોધનના હેતુઓ –** ૧. બી. એડ્.ના પ્રશિક્ષણાર્થીઓ માટે આધારિત રકતદાન સભાનતા કાર્યક્રમની સંરચના કરવી. ૨. બી.એડ્.ના પ્રશિક્ષણાર્થીઓ માટે રકતદાન સભાનતા માટે રકતદાન જાગૃતિ કસોટીની સંરચના કરવી. ૩. પ્રશિક્ષણાર્થીઓમાં રક્તદાન સભાનતા કાર્યક્રમની અસરકારકતા ચકાસવી.

**સંશોધન પ્રશ્નો/ઉત્કલ્પનાઓ –** ૧. પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના પ્રશિક્ષણાર્થીઓએ રકતદાન સભાનતા પૂર્વ કસોટી પર મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય. ૨. પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના પ્રશિક્ષણાર્થીઓએ રકતદાન સભાનતા ઉતર કસોટીના મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય. ૩. પ્રાયોગિક જૂથના પ્રશિક્ષણાર્થીઓએ પૂર્વ કસોટી અને ઉતર કસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય. ૪. નિયંત્રિત જૂથના પ્રશિક્ષણાર્થીઓએ પૂર્વ કસોટી અને ઉતરકસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થકતા તફાવત નહીં હોય.

**સંશોધનમાં સમાવિષ્ટ ચલ - સ્વતંત્ર ચલ -** રકતદાન સભાનતા કાર્યક્રમ કક્ષા-૧ – અમલીકરણ, કક્ષા - ૨ - અમલીકરણ નહિ **પરતંત્ર ચલ –** રકતદાન સભાનતા કસોટી પરના પ્રાપ્તાંક

**સંશોધનના પ્રકાર –** વ્યવહારિક

**સંશોધન પદ્ધતિ –** સર્વેક્ષણ

**વ્યાપવિશ્વ અને નમૂના –** પ્રસ્તુત સંશોધન પાલનપુર તાલુકાના શહેરી વિસ્તારની બી.એડ્. કોલેજમાં વર્ષ ૨૦૨૩-૨૫ માં અભ્યાસ કરતાં બી.એડ્.ના પ્રશિક્ષણાર્થીઓ માટે હાથ ધરવામાં આવ્યું હતું. સંશોધક પોતાના સંશોધન અભ્યાસ માટે કુલ ૭૦ પ્રશિક્ષણાર્થીઓનો નમૂનો લેવાનું નક્કી કર્યું હતું આ માટે બી.એડ્ના ૧૦૦ પ્રશિક્ષણાર્થીઓમાંથી આકસ્મિક ચિઠ્ઠી દ્વારા ૭૦ પ્રશિક્ષણાર્થીઓને નમૂના તરીકે પસંદ કર્યા હતા. જેમા ૩૫ પ્રશિક્ષણાર્થીઓને પ્રાયોગિક જૂથ તરીકે અને બીજા ૩૫ પ્રશિક્ષણાર્થીઓને નિયત્રિત જૂથ તરીકે પસંદ કર્યા હતા.

**ઉપકરણ** - સ્વ-રચિત કસોટી

**માહિતીની પૃથકકરણની રીત** - t- કસોટી

**સંશોધનના તારણો –** ૧. બી.એડ્ના પ્રશિક્ષણાર્થીઓ માટે રચવામાં આવેલ રકતદાન સભાનતા કાર્યક્રમ અસરકારક રહ્યો હતો. ૨. રકતદાન સભાનતા કાર્યક્રમને પરિણામે પ્રાયોગિક જૂથના ઉત્તર કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી ઉચી જોવા મળી હતી. આમ કાર્યક્રમ અસરકારક રહ્યો હતો. ૩. પ્રાયોગિક જૂથના પ્રશિક્ષણાર્થીઓના ઉત્તર કસોટી અને પૂર્વકસોટીના પ્રાપ્તાકોની સરાસરીઓ વચ્ચે મોટો તફાવત જોવા મળ્યો હતો જે બહુમાધ્યમ રકતદાન સભાનતા કાર્યક્રમને આભારી હતી. ૪. નિયંત્રિત જૂથના પ્રશિક્ષણાર્થીઓના પૂર્વ કસોટી અને ઉત્તર કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સમાનતા જોવા મળી હતી.

**સંશોધનના શૈક્ષણિક ફલિતાર્થો –** અભ્યાસના તારણો પરથી નીચે મુજબના શૈક્ષણિક ફલિતાર્થો સૂચવી શકાય. બી.એડ્. પ્રશિક્ષણાર્થીઓ માટે તૈયાર કરેલ બહુમાધ્યમ રકતદાન સભાનતા કાર્યક્રમ વધુ અસરકારક રહ્યો હતો.

**ચાવીરૂપ શબ્દો –** સભાનતા, રક્તદાન

**<u>૪૯. સંશોધકનું નામ- સુંઢિયા રિહેનકુમાર એસ.</u>**

**કોલેજનું નામ-** શ્રીમતી આર.કે.ડી.ખણુંસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુર

**માર્ગદર્શકનું નામ** -શ્રીમતી આર. જે. પટેલ

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી -** 2023-25/ H.N.G.U, Patan/ M.Ed

**સમસ્યા શીર્ષક - (ગુજરાતી/અંગ્રેજી)**

ધોરણ-10 ના વિજ્ઞાન અને ટેક્નોલૉજી વિષયના પસંદિત એકમ પર મોડ્યૂલ શિક્ષણ પદ્ધતિની અસરકારકતા
Effectiveness of Module Teaching Method on Selected Unit of the Subject Science and Technology in Standard10

**સંશોધનનું ક્ષેત્ર-** માધ્યમિક શિક્ષણ

**સંશોધનના હેતુઓ-** ૧. વિજ્ઞાન અને ટેક્નોલૉજી વિષયના પસંદિત એકમ પર મોડ્યૂલની રચના કરવી. ૨. તૈયાર કરેલ મોડ્યૂલની વિધાર્થીઓ પર અજમાયશ કરવી. ૩. મોડ્યૂલ શિક્ષણ પદ્ધતિ અને વ્યાખ્યાન પદ્ધતિની તુલના કરવી. ૪. મોડ્યૂલ શિક્ષણ પદ્ધતિ દ્વારા વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પર થતી અસર તપાસવી. ૫. મોડ્યૂલ શિક્ષણ પદ્ધતિ દ્વારા વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પર જાતિયતાના સંદર્ભમાં અસર તપાસવી. ૬. મોડ્યૂલ શિક્ષણ પદ્ધતિ અંગે વિદ્યાર્થીઓના અભિપ્રાયો જાણવા.

**સંશોધનની ઉત્કલ્પના-** ૧. પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓએ સિદ્ધિ કસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય. ૨. પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના કુમારોએ સિદ્ધિ કસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય. ૩. પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથની કન્યાઓએ સિદ્ધિ કસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

૪. પ્રાયોગિક જૂથના કુમારો અને કન્યાઓએ સિદ્ધિ કસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય. ૫. નિયંત્રિત જૂથના કુમારો અને કન્યાઓએ સિદ્ધિ કસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**સંશોધનના ચલ-** સ્વતંત્ર ચલ- શિક્ષણ પદ્ધતિ પરતંત્ર ચલ- શૈક્ષણિક સિદ્ધિ, અંકુશિત ચલ- વિષય, ધોરણ, માધ્યમ, એકમ આંતરવર્તી ચલ- જૂથો વચ્ચે થતી આંતરક્રિયા વિષય પ્રત્યે રસ, વિદ્યાર્થીઓના વ્યક્તિગત તફાવતો, પ્રયોગનું નવીનીકરણ,અધ્યાપન ક્ષમતા પરિવર્તક ચલ- જાતિયતા

**સંશોધનનો પ્રકાર-** વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** પ્રાયોગિક સંશોધન પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂનો-** સિદ્ધપુર તાલુકાની માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ પૈકી નમુના તરીકે પ્રકાશ વિદ્યાલય અને શ્રી સી. એસ. પટેલ સિધ્ધપુરા ઉચ્ચતર માધ્યમિક શાળા, બિલીયા પ્રાયોગિક જૂથનાં- 30 અને નિયમિત જૂથનાં- 30 એમ કુલ 60 વિદ્યાર્થીઓ પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ-** સિદ્ધિ કસોટી

**પૃથક્કરણની રીત-** ટી-કસોટી

**સંશોધનના તારણો-** ૧. મોડ્યૂલ શિક્ષણ પદ્ધતિએ વ્યાખ્યાન પદ્ધતિ કરતાં ધો-10 ના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં વધુ અસરકારક હતી. ૨. મોડ્યૂલ શિક્ષણ પદ્ધતિ દ્વારા અધ્યયન કાર્ય કુમારો કરતાં કન્યાઓમાં વધુ અસરકારક રહ્યું હતું. ૩. વ્યાખ્યાન પદ્ધતિ દ્વારા અધ્યયન કાર્ય કુમારો કરતાં કન્યાઓમાં વધુ અસરકારક રહ્યું હતું. ૪. કન્યાઓના સંદર્ભમાં વ્યાખ્યાન પદ્ધતિ કરતાં મોડ્યૂલ શિક્ષણ પદ્ધતિ વધુ અસરકારક રહ્યું હતું .

**સંશોધનના ફલિતાર્થ-** ૧. પ્રસ્તુત સંશોધન હાથ ધરાયેલા પ્રયોગને અંતે મળેલા તારણોને આધારે કહી શકાય કે ધો-10 ના વિજ્ઞાન અને ટેક્નોલૉજી વિષયના પસંદિત એકમો માટે તૈયાર કરેલ મોડ્યૂલ કાર્યક્રમ વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં અસરકારક રહ્યો હતો. ૨. વર્ગ શિક્ષણમાં વ્યાખ્યાન પદ્ધતિ કરતાં નવીનતા ધરાવતો મોડ્યૂલ કાર્યક્રમ વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ અનુભવ પૂરો પડે તે પ્રકારનું આયોજન કરવું જોઈએ. ૩. શાળાઓમાં વર્ગ શિક્ષણ દરમિયાન વિવિધ એકમો માટે મોડ્યૂલ શિક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરી શકાય તે માટે શાળા સંચાલકોએ જરૂરી સુવિધાઓ પૂરી પાડવી જોઈએ. ૪. શિક્ષકોએ વિવિધ એકમો પર મોડ્યૂલ કાર્યક્રમની રચના કરવા માટે વિજ્ઞાન અને ટેકનોલૉજી વિષયના મંડળોની રચના કરવી જોઈએ. ઉપરાંત તેમને તાલીમ પણ આપવી જોઈએ. ૫. પાઠ્યપુસ્તકના જટિલ રજૂઆત ધરાવતા એકમો માટે મોડ્યૂલ કાર્યક્રમ તૈયાર કરી તેનો વર્ગ શિક્ષણમાં ઉપયોગ કરી શકાય .

**ચાવીરૂપ શબ્દો-** શિક્ષણ પદ્ધતિ, મોડ્યૂલ શિક્ષણ

**<u>૫૦. સંશોધકનું નામ- વણિક હિરલબેન આર.</u>**

**કોલેજનું નામ-** શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુર

**માર્ગદર્શકનું નામ-** શ્રીમતિ આર. જે. પટેલ

**વર્ષ/યુનિવર્સિટી/ડિગ્રી -** 2023-25/ H.N.G.U, Patan/ M.Ed

**સમસ્યા શીર્ષક - (ગુજરાતી/અંગ્રેજી)**

ગ્રામીણ અને શહેરી વિસ્તારના નાગરિકોના કન્યા કેળવણી પ્રત્યેના મંતવ્યોનો તુલનાત્મક અભ્યાસ

A Comparative Study of opinion of Rural and Urban citizen about woman education

**સંશોધનનું ક્ષેત્ર-** કન્યા અને સ્ત્રીઓ માટેનું શિક્ષણ.

**સંશોધનના હેતુઓ-** ૧. ગ્રામીણ અને શહેરી વિસ્તારના નાગરિકોના કન્યા કેળવણી પ્રત્યેના મંતવ્યો જાણવા. ૨. કન્યા કેળવણી અંગેના ગરિકોના મંતવ્યો જાણવા ઉપકરણની રચના કરવી. ૩. કન્યા કેળવણી પ્રત્યેના નાગરિકોના મંતવ્યો વિસ્તારના સંદર્ભમાં જાણવા. ૪. કન્યાકેળવણીપ્રત્યેના નાગરિકોના મંતવ્યો જાતીયતાના સંદર્ભમાં જાણવા.

**સંશોધનના પ્રશ્નો-** ૧. કન્યા કેળવણી પ્રત્યેના ગરિકોના મંતવ્યો શું હશે? ૨. કન્યા કેળવણી પ્રત્યે વિસ્તારની દ્રષ્ટિએ નાગરિકોના મંતવ્યો શું હશે? ૩. કન્યા કેળવણી પ્રત્યે જાતીયતાની દ્રષ્ટિએ નાગરિકોના મંતવ્યો શું હશે?

**સંશોધનના ચલ-** સ્વતંત્ર ચલ- જાતિયતા, વિસ્તાર પરતંત્ર ચલ- કન્યા કેળવણી પ્રત્યેના નાગરિકોના મંતવ્યો

**સંશોધનનો પ્રકાર-** વ્યવહારિક પૈકી સંખ્યાત્મક સંશોધન

**સંશોધનની પદ્ધતિ-** વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ પૈકી સર્વેક્ષણ પદ્ધતિ

**વ્યાપવિશ્વ અને નમૂના-** બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકાના ગ્રામીણ અને શહેરી વિસ્તારના ૩૦ થી ૫૦ વર્ષની વય જૂથના કુલ ૩૦૦ નાગરિકોને સહેતુક નમૂના પસંદગીથી પસંદ કરવામાં આવ્યા હતા.

**ઉપકરણ-** સ્વ-રચિત અભિપ્રાયાવલિ

**પૃથક્કરણની રીત-** કાઈ-વર્ગ

**સંશોધનના તારણો-** ૧. કન્યાઓને કેળવણી આપવાથી સ્વનિર્ભર બને છે. કન્યાઓ અને કુમારોને અભ્યાસ માટે સમાન તક આપવી જોઈએ. સમાજના વિકાસ માટે કેળવણી પામેલ સ્ત્રી મહત્વનો ભાગ ભજવે છે.કન્યા કેળવણી માટે સરકાર દ્વારા લેવામાં આવતાં પગલાં પૂરતાં છે. ૨. કન્યાઓ ઘરકામમાં મહત્વનો ભાગ ભજવતી હોવાથી તેના માટે શિક્ષણ અગત્યનું નથી. શિક્ષિત નારી પોતાના અધિકારો પરત્વે જાગૃત રહે છે. શિક્ષિત સ્ત્રીઓ વહેમો,અંધશ્રધ્ધા અને કુરિવાજોનો ભોગ બનતી નથી.શિક્ષિત સ્ત્રી સમાજમાં જાગૃતિ લાવે છે.કન્યાઓને શિક્ષણ આપવાથી તે કુટુંબ માટે આર્થિક રીતે મદદરૂપ નીવડે છે. ૩. પ્રાથમિક શાળાઓમાં ખાસ કરીને કન્યાઓ હોય ત્યાં શિક્ષિકાઓની નિમણૂંક કરવી જોઈએ જેથી તે કન્યાઓને સારી રીતે સમજી શકે. ૪. કન્યાઓ માટે અલાયદી આરોગ્ય સુવિધાઓ અને ભૌતિક સુવિદ્યાઓ હોવી જોઈએ. પૂરુંષ અને સ્ત્રીઓને સમાન દરજ્જો આપવા માટે કન્યા કેળવણી જરૂરી છે. કન્યાઓને કેળવણી આપવાથી કુટુંબનું કદ નાનું થશે ત્યારે વસ્તીવૃદ્ધિમાં ઘટાડો થશે અને તંદુરસ્ત બાળકોનો વિકાસ થશે. ૫. શિક્ષણ સ્ત્રીઓની અનુકૂલન ક્ષમતામાં વધારો કરે છે. સ્ત્રીઓને શિક્ષણ આપવાથી તે જાહેર પ્રવૃત્તિઓમાં ભાગ લેતી થાય છે.ઘર બહારની પ્રવૃત્તિઓમાં ભાગ લેવાને કારણે સ્ત્રીઓને પોતાની શક્તિઓ અને પોતાનું વ્યક્તિત્વ, કાર્ય દક્ષતા વગેરે વ્યકત કરવાની તક મળે છે. શિક્ષિત સ્ત્રીઓ તરફ પૂરુંષોમાન અને આદર પૂર્વક વર્તે છે.

**સંશોધનના ફલિતાર્થો-** ૧. કન્યાઓ વધુ શિક્ષણ લેતી થાય તે માટે શાળાઓમાં શિક્ષિકાઓની નિમણૂંક કરવી જોઈએ. કન્યા કેળવણીના વિકાસ માટે સરકાર દ્વારા વિવિધ કાર્યક્રમોની રચના થવી જોઈએ. ૨. કન્યાઓને કેળવણી આપવાથી સ્ત્રી-ભૃણ હત્યા, દહેજ પ્રથા, અંધશ્રધ્ધા, વહેમો વગેરે કુરિવાજોથી બચાવી શકાય છે. અભણ કન્યાઓને ભણાવવા માટે સરકાર દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન થવું જોઈએ. ૩. કન્યાઓ માટે શાળામાં વિવિધ ભૌતિક સુવિધાઓ તેમજ આરોગ્ય સુવિધાઓ હોવી જોઈએ અને અલગ રૂમની વ્યવસ્થા પણ હોવી જોઈએ. ૪. કન્યાઓને કેળવણી આપવાથી વસ્તી વૃદ્ધિમાં ઘટાડો થાય છે. કન્યાઓને કેળવણી આપવા માટે વિવિધ કાર્યકમો દ્વારા વાલીઓને જાગૃત કરવા જોઈએ. કન્યાઓને શિક્ષણ આપવા માટે નાગરિકોએ જાગૃત થવું જોઈએ.

**ચાવીરૂપ શબ્દો-** કન્યા કેળવણી

# શ્રીમતી આર. કે. ડી. ખણુંસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુર

## સંપાદક મંડળ

### માર્ગદર્શક અધ્યાપકશ્રીઓ



ડો. પિનાક્ષીબેન બી. પટેલ



ડો. છાયાબેન એમ. ત્રિવેદી



શ્રી પિયુષકુમાર કે. પંચોલી



શ્રી જયંતિભાઈ વી. પટેલ



ડો. જ્યોત્સનાબેન એલ. બારડ



શ્રીમતી રાજુબેન જે. પટેલ



શ્રી ચેતનકુમાર જે. રાવલ

*We want the education by which character is formed, strength of mind is increased, the intellect is expanded, and by which one can stand on one's own feet.*

- ***Swami Vivekananda***

**Publisher:-**

Shri BKKPSM TRUST, Karnavat School Campus, Gobri Road, Palanpur-385001, Dist. – Banaskantha (Gujarat)